પ્યાર બડો કે પૈસો.

લખનાર

રૂસતમજી હોરમસજી મીસતરી,

ગ્નાનવર્ધકના અધિપતી; દુશમનદારાબ, ટૉમી અને હેરી,

ગુલબાનુ વગેરેના કરતા.

"Love is Heaven and Heaven is Love."

પ્રગટ કરનારા,

ડી. લક્ષમીદાસની કું૦,

ચોપડી વેચનારા તથા પ્રગટ કરનારા,

પારસી બજાર સ્ટ્રીટ કોટ, મુંબઇ.

૧૮૯૭.

મુંબઇ મધ્યે :
"જનરલ પ્રીંટીંગ પ્રેસમાં" છાપ્યું છે.

૬૫૫૯

મરનાર

બેહનો

બચુબાઈ અને કુંવરબાઈ

ની

ભલી યાદને

આ

મારૂં પુસ્તક

તેમના

અકાલ મરણના ગમથી

દુઃખી દીલે

અર્પણ કર્યું છે.

ર. હો. બી.

દીબાચો.

એક સણગારેલા કે બીન સણગારેલા ઓરડામાં દાખલ થવા માટે જેમ એક દરવાજો અવશ્ય હોય છે, તેમ એક પુસ્તક માંહે ધ્યાન દાખલ કરવા પેહલાં લખનારને તે વારતા લખવાનું શું કારણ મળ્યું, અથવા લખનારને તે વારતા વિષે શો ખુલાસો કરવો છે, યાને વારતાનો દીબાસો શો છે, તે વાંચવું અતી ઉપયોગી બીના છે. જેમ એક તરફી સાંભળીને મત બાંધનાર ઘણો ખરો ભુલાવો ખાય છે, તેમ દીબાચો વગર વારતા વાંચી જનાર લખનારની મતલબ સમજી શકતો નથી.

સાધારણ રીતે લોકો બોલે છે કે આજે તો બા પૈસો બધાંથી મોટો છે. હવે જો કે સપાટી ઉપરથી તપાસ લેતા એ ખરૂં છે તો પણ ભીતરથી તપાસતાં એવા ઘણા નિકળી આવશે જેઓને પૈસા કરતાં કોઇ બીજી ચીજ ઉપર મક્કમ અને ચીવત શોખ હશે, અને તેઓ તે શોખ પોતાના જીવના જોખમે પણ પોષશે.

અતરે આ પુસ્તકમાં એક કુંવારી છોકરીને પૈસા તરફ વલણ ઉતપન્ન કરી, પાછળથી તેણીના દિલમાં પ્યાર ઉતપન્ન કરી, પૈસા અને પ્યાર વચ્ચે ઝઘડો ચાલવા દઇ, તેમાંથી પૈસો જે ફકત આ દુન્યાનો વતની છે તેના ઉપર, પ્યાર જે બન્ને જેહાનનો વસનાર છે, તેને સરસાઇ આપી, વારતાની શરૂઆત અને આખેરી વચ્ચે બીજા બનાવોને હસ્તી આપી, આ વારતાને લાંબી બનાવી, તેમાં વાંચનારની ઉલટ તાજી રાખવાનો દરેક પ્રયત્ન કરયો છે, અને ઉમેદ રાખુ છું કે તેથી વાંચનારને આ વારતા પુરી કરવા આગમજ હાથમાંથી બાજુ મુકવા ગમશે નહીં.

આ વારતામાં ક્રિસ્ચન નામ જાણી જોઇને આપ્યાં છે. પારસીઓની ટુંક વસતીમાં હજી સુધી એક પણ મરનાર પોતાના કુટુંબ

પરિવાર સિવાય બીજા કોઇને પણ પોતાની દોલત પોતાના મનના કાંટા પ્રમાણે આપી ગયો હોય એવી વાત તવારીખ રૂપે અથવા તો ખાનગી રેકરડથી નોંધાઇ નથી. તેમજ હિંદુસ્તાનની બીજી કોઇપણ પ્રજા પોતાના નજદીકના અથવા દૂરના વંશજો સિવાય પારકાને દોલત આપી જાય એમ તેઓની કેળવણી તરફ અને તેમના અસલી વિચારનો ખ્યાલ કરતાં બનવું મુશ્કેલ જણાય છે, અને તેથી ક્રિશ્ચન નામ જાણી જોઇને વાપરવામાં આવ્યાં છે.

આપણે બોલ્યે ને આપણે સમજ્યે, આપણે લખ્યે ને આપણેજ વાંચીને સમજ્યે, તો પછી બોલવા લખવાની મતલબ ઉંધી વળે, માટે અમારૂં અકના મત એવું છે કે કાંઇપણ લખવું તો વાંચનારનો જેમ બને તેમ મોટો ભાગ સમજી શકે; તોજ લખેલું ગણાય, નહીં કર લખવાની નેમ ઉંધી વળે, અને એ અમારા ધારણને વળગી અમે અમારા પુસ્તકમાં જેમ બને તેમ જાણીતા શબ્દો વાપરવાની સંભાળ લીધી છે, તેથી કોઇ કોઇ જેઓ બસ પોતાની વાખવાખા જણાવવા તાણી તોડીને ભાષામાં અઘરા બોલ ઘુસાડે છે. એવી કોશેશ અમે બીલકુલ કીધી નથી, અને તેથી અમારા આખા પુસ્તકમાં ટુંકા અને સાદા વાકયો દીઠામાં આવશે. મગર ભાષા સાદી અને સેહલ ઉપરાંત જેમ બને તેમ શુધ્ધ રાખી છે અને જેમ આજકાલના ઇંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં રચનારા ઇંગ્રેજી ઢબની ગુજરાતી લખે છે તેવી ગુજરાતી આ પુસ્તકમાં ઘુસવા દીધી નથી અને આશા છે કે સમજુ વાંચનારને આ અમારી સેહલ સરલ અને બનતાં સુધી શુધ્ધ ભાષા પસંદ પડશે.

એટલું છતાં, એક માનવીના હાથની લખેલી કોનાએ ફરેસ્તાઇ સંપુર્ણતા ધરાવે એમ તો કહી શકાયજ નહી, તેથી આ વારતામાં કાંઇ નજરચુક રહી ગઇ હોય તો વાંચનાર કદરદાનીથી માફ કરશે, એવી આશા છે.

રૂ. હો. મીસતરી.

કર્તા.

સાંકળિયું.

૬૫૫૯

પ્યાર બડો કે પૈસો.

પ્રકરણ ૧.

કાગજ.

ઇંગ્રેજ બજારમાં એક ફરંગણ એક ચીતારાની દુકાન આગલ ઉભી હતી. તેણીના હાથમાં એક કાગજ હતું. કાગજની તરફ જોઇને દુકાનનાં પાટીઆં ઉપર નજર કીધી. બન્ને ઉપરનાં નામ એકસરખાં મલ્યાં. પાટીઆ ઉપર "જોન ડી સુઝા" કરીને હતું. ફરંગણ અંદર દાખલ થઇ, એક ફરંગી બેઠેલો હતો તેના હાથમાં કાગજ આપીને તુરતજ ચાલી ગઇ.

એ ચીતારો એક સબી ચીતારતો પોતાની દુકાનમાં એકલોજ બેઠેલો હતો. હાલ તે સબીને હાથ લગાડતો હતો નહીં, ફક્ત તેની સામે જોઇ મનમાં ગીત બબડયા કરતો હતો. કાગજ આપીને પેલી ફરંગણ એટલી તો ઝડપમાં ત્યાંથી પોબારા માપી ગઇ, અને ચીતારો પણ પોતાના ખાનગી વિચારમાં બેઠેલો હોવાથી, કોણે આપ્યું, કયાંથી લાવી, કાંઇ પુછ્યા વીના કાગજની ઉપરના સરનામાં તરફ ટીકતો હતો. કાગજનો સાર અજાયબ જેવો હતો તે નીચે પ્રમાણે :—

"મી૦ જોન ડી સુઝા મેહરબાની કરીને, આ સાથે બીડેલી નોટના બદલામાં કાગજ સીસાપેન લઇને ગાયવાડીમાં નંબર ૪૫ વાલાં ઘરમાં આવશો તો ઉપકાર થશે, હાલ તુરત કાગજ ઉપર આછો ચેહેરો પાડી, પાછલથી ચીત્ર પુરૂં કરી આપશો તો ચાલશે. આવી

ઝડપમાં અને આવી અચબુચ રીતે બોલાવવાનું કારણ મી૦ સુઝા તમે આવશો ત્યારે વધારે સેહલાઇથી સમજી શકશો.

"જો મી૦ સુઝા નહીં આવવાના હોય તો મેહેરબાની કરીને ના કેહેવાડશો તો મેહેરબાની."

આ કાગજમાં ખણુખણુ કરતી નવી કોરી સો રૂપીઆની નોટ બીડેલી હતી, અને કાગજ ઉપર સહીની જગ્યે 'ડી. પરેરા' કરીને ખુલ્લા હરફે બીલારૂં ચીતરેલું હતું.

"અજાયબ જેવું છે! કોઇને કાંઇ ઘણીજ ઉતાવળ હશે. જાવું કે નહીં જાવું? મેહનતનું દામ પણ ઠીક છે પણ—" આ પ્રમાણે સુઝા ચીતારો મન સાથે બડબડવા લાગ્યો. પણ તેના 'પણ' પછીના શબ્દો શા હતા તે તે બોલ્યો ને તેણેજ સાંભળ્યા.

"બપોરે ત્રણ વાગતે, હજી બે કલાક છે. એક વાગતે બોલાવ્યો હોત તો સારૂં." એમ બોલતો તે જે ચીત્ર પાડતો હતો તેની તરફ ટીકવા લાગ્યો.

તે ચીત્ર તરફ ટીકતો બેઠેલો હતો તે વારે તેનો ચેહેરો ઉદાસી દેખાડી રહયો હતો, પણ તેના ચેહરામાં બેશક તે ચીત્રમાં જે મોહું ને જે શરીર પાડેલું હતું તેનાં ખરાં બોખાં તરફ તે દીલસોજી અને દયા ધરાવતો હોય એમ તેના મોઢાપરથી દીસતું હતું. તેના ચેહરા ઉપરથી કોઇ બંધો ને દુન્યા ખાયેલ હોય તે સમજી જાય કે સુઝા કાકા આ ચીત્રમાં બેઠેલી છોકરી ઉપર મોહી પડેલા છે.

ચીતારાનો શોખ હમેશાં ઉમદા રહે છે. ફુલો અને પક્ષીઓ તરફ તે સાધારણ માણસો કરતાં જુદીજ નજરથી જોયછે. ચીતારાનું દીલ હમેશાં નરમ હોય છે. તેનામાં દયા અને પ્રેમ પહેલાં હોયછે, પણ તેથી તેનામાં મરદને છાજતી હિંમત અને જોર નથી હોતુ એમ નહીં માનવું.

આપણો સુઝો ચીતારો મરદને છાજતું ઉંચુ કદ, અને મોટી મુછો ધરાવે છે. અને તેની આંખોમાં અજબ કાલાશ છે.

પોતે પાડેલું ચીત્ર તેને પોતાને ગમતું નથી. પોતે તે પાડી શકયો નથી તેટલા માટે, અથવા તો તેમાં હજી કાંઇ ખોડ તેને દીસતી હતી તેને માટે કે શાને માટે, તેને તે ચીત્ર પસંદ નહીં હતું તે આપણે કહી શકતા નથી. અમે ધારયે છીએ જે તે ચીત્રમાં જેટલી ખુબસુરતી દેખાડવી જોઇએ તેટલી ખુબસુરતી તે દેખાડી શકયો હતો નહીં, તેથી તે દલગીર હતો. તે છતાં તે બીજા કોઇ પણ જોનારને જરૂર પસંદ પડવી જોઇએ એમ અત્રે ખાસ ભાર મુકીને કહેવું જોઇએ. આ ચીત્ર ફકત જોન ડી. સુઝાને ગમતું હતું નહીં, અને તેનું કારણ તેના નીચલા શબ્દોથી સમજી શકાય એમ છે:—

"ચીત્ર ખુબસુરત છે પણ એ ખ્યાલી છે. પણ એ મોઢાંને જોઇને શું કરૂં! એ મોઢું ધરાવનારને હું કયારે જોઇશ? એક ખ્યાલી ખુબસુરતી અને એક ખરી ખુબસુરતીમાં ઘણો ફરક રહે છે. આતો ફકત સ્વપ્નાની ખુબસુરતી છે. ખરે, ખ્યાલી ખુબસુરતી ઉપર ગીતો ગાઇ શકાએ, પણ ખરી ખુબસુરતીને તો ચાહી શકાએ. અફસોસ! આ મોંહ ધરાવનાર ખરી ખુબસુરતી કયાં છે? હું જોઇશ એવી મને આશા નથી."

એમ કહી અઢી વાગતે કાગજ પેનસીલ લઇ તે ત્રામમાં બેઠો ને ગામવાડી તરફ ચાલ્યો.

પ્રકરણ ૨

એક અજાયબ સાહસકર્મ.

ઘરનું નંબર ૪૫ હતું. આ ગાયવાડીમાં તેણે કોઇ દાહાડે પગ મુકયો ન હતો, પણ તે કયાં આવી છે તે જાણતો હતો.

તેણે ઘર શોધી કાહડયું. આ ઘર ભાગીને ખડયા ખડખડ જેવું થઇ રહેલું હતું. સાથે લાગ્યું તે જુનું ખાખ હતું, તે છતાં તે પોતાના મોટાં કદથી દબદબાતમાં ઉભું રહેલું હતું. તે ઘરમાં એકવાર જાહોજલાલ મચી રહી હતી એમ સ્પષ્ટ લાગતું હતું.

તે પોતે ચીતારો હતો એટલે આ ઘર તેની નજરમાં એક અસલના ખંડેર તરીકે બહુ પસંદ પડયું.

આ ઘર આગલ એક ઘરગતુ ગાડી ઉભેલી હતી તે ઉપર ધ્યાંન આપતાં તે ખુશી થયો, કારણ કે એક ખંડેરના સાદા દેખાવમાં આ એક સરસ ઉમેરો હતો.

ઘરમાં ઉપર જતાં તેને એક અઘોર ફરંગણુ જેવી કોઇ મલી, જેણીએ તેને જોતાંને વાર ડોકું ધુણાવી અંદર આવવા કહયું. ઉંબરમાં પગ પડતાં ઘડીઆલમાં ત્રણનો ટકોરો પડયો.

"ટાઇમસર આવ્યો છું" એમ તે મનમાં બોલ્યો.

જે મોટા ઓરડામાં તે દાખલ થયો તેમાં અંધારૂં હતું, અને સામાનની જાત હતી નહીં. જમીન ઉપર ધુળ થોડી હતી નહીં. બારીઓ ઘણી હતી પણ તે સઘલી બંધબસ હતી. ઓરડામાંથી વળી એક બીજો દાદર હતો ત્યાંથી ઉપર ચઢવા તેને ઇસારત કરવામાં આવી.

"મી૰ ડી. પરેરા ઉપર રહે છે?"

પેલી બુઢી જાણે કાંઇ સાંભળતી નહીં હોય એમ ફકત તે
નેં દાદર તરફ આંગલી દેખાડી ઉપર જવા કહયું.

"શું આ ફરંગણ મુગી છે ?" તે મનમાં વીચાર કરવા લા-
ગ્યો, "કદાચ હોયબી." ચીતારાની અજાયબી ઘણી ઉસકેરાવા
લાગી. તે ઉપર ગયો ને એમ તેમ નજર ફેરવવા લાગ્યો.

તે પાછો ઉતરવા જતો હતો પણ તેને વિચાર આવ્યો કે
મને રૂપીઆ આગલથી મોકલ્યા તેથી તેમાં કોઇ પણ પ્રકારની
મશકેરી તો હોયજ નહીં.

પેલી ફરંગણે પાછલ આવીને એક ઓરડાનું બારણું બંધ
હતું તે ઉઘાડયું. પેલાને અંદર દાખલ થવા કહયું ને તેની પાછલ
બારણું બંધ કીધું.

"અહીં બધું અજાયબ જેવું છે" પેલો મનમાં બડબડવા લા
ગ્યો, પણ હવે તેનો પાછા ફરવાનો વિચાર તદન નાબુદ થયો.

આ નવો ઓરડો એક સાધારણ ઓરડા જેવો હતો. આ
ઓરડામાં ઉજરડું એટલું હતું કે તેની આંખમાંથી પાણી ની-
કળવા માંડયું, પણ તેની આંખો એક ઘણીજ એશકી ઓરત ઉપર
પડી. તેણી કોચ ઉપર હાથ ટેકવી કોચ આગલ ઉભેલી હતી.

બીજી પળે તેની સુધ્ધ ઠેકાણે આવી. બીજીજ પળે તે જોઇ
શકયો કે તે બીછાના ઉપર એક ઓરત મરણ પામેલી હતી, અને
પેલી એશકી ઓરત તેણીના શરીર ઉપર ફુલો પાંથરવામાં રોકા-
યલી હતી. કેટલાંક ફુલો ભોંય ઉપર વીખરાઇ પડેલાં હતાં. મર-
નારના પગ અને માથાં આગલ મીનબતીના દીવા સળગાવેલા
હતા. આ સઘલો દેખાવ એક ચીતારાની આંખને તમારા મારા ક-
રતાં વધારે ખેંચાણ કરનારો અને તેના મનને કાંઇ નવું શીખ-
વનારા લાગે તેમાં કાંઇ શક નહીં.

આ દેખાવ એક પીકચરમાં પાડેલો હોય એમ તેની નજરે લાગવાથી તે તે દેખાવ જોતો ઉભો રહયો હતો, તેટલામાં પેલી ઓરત ફરી, અને એક મરદને જોતાંને વાર ચાલતી અટકી, પણ તે ચીતારાએ તેણીને મલવાની કે વાત કરવાની દરકાર ન કીધાથી, બીજીજ પળે તેણી તે ઓરડામાંથી ચાલી ગઇ.

ચીતારાએ આથી પોતાના વિચારમાંથી ફારગ થઇ તેણીની પછવાડે જવાનું મન કીધું, પણ મોડું થઇ ગયું. ઉંબર આગલ જાય તેટલાં નીચેથી ગાડી ચાલી ગઇ તેનો અવાજ સંભળાયો.
આ પણ એક અજાયબ વાત! આ જતી રહેનાર ઓરતનું નામ તે નહીં જાણતો હતો, પણ તે તેને નજરે ઓળખતો હતો. તેણે તેણીને એકવાર એક મેલાવડામાં દીઠી હતી, અને તેણીના ચેહરાની સંપુર્ણતા જોઇ તે ચેહરો પોતાના મન ઉપર ત્યાં ને ત્યાં એટલો ઠસાવી રાખ્યો હતો, જે તેની ઉપરથી તેણે એક ખ્યાલી પીકચર પાડયું હતું, અને તે પીકચર તે બીજું નહીં, પણ જેના વિષે આપણે આગલ વાંચી ગયા છીએ તેજ તે પીકચર હતું.

પેલી બુઢી ફરંગણ કયાં છે, તેને મલવાનો વિચાર કરતો હતો તેટલામાં તેની નજર પેલા સંગેમરમર જેવા સફેદ પુતલાં જેવા આકાર ઉપર પડવાથી તેનું બધું ધ્યાન તેમાં રોકાઇ ગયું, અને તે વિચારમાં ગરક થઇ ઉભો.

આ મુવેલી બાનુની સબી ચીતારી લેવા તેને બોલાવ્યો હતો? એમજ હોય તો તે વિચાર કરવા લાગ્યો કે આના જેવું ઘાટઘટમવાલું કોઠું, અને આના જેવા પ્રમાણમાં ઘડેલા ચેહરાના ભાગો, એટલા તો અભ્યાસ કરવા લાયક છે જે એવું મેં કોઇ પણ પીકચરમાં પાડેલું દીઠું નથી. કેવી ગાલની વલાણ, કેવી ઠુમકલી હાઠી, કેવું અણીઆલું નાક, કેવી આંખો મનહર ચેહરો, આ ચેહરો કે,

વો ખેંચાણ કરનારો છે! હજી એના મોઢા ઉપર રૂવાની કેટલી બધી છે! એ મરણ પામી હોય તોં જીવતી ઓરતોમાંની એકે એ-નાથી ચઢે એમ મને લાગતું નથી.

તેણીનું માથું એક સફેદ રંગના રેસમી તકીઆ ઉપર પડેલુ હતું, અને તેની ઉપર તેણીના સુવાલા સફાઇદાર બાલ ઉડીને પ-ડેલા હતા. થોડા બાલ તેણીની છાતી ઉપર પડેલા હતા. તેણીનો સઘલો દેખાવ તો એવો હતો કે કોઇ એમ નહીં કહે જે તેણી મ-રણ પામેલી છે, પણ તેણી આંખ મીચીને હીલ્યા ચાલ્યા વીના લાકડાંની માફક પડેલી હતી તેથી તેણી મરણ પામેલી હતી એમજ દીસતું હતું. તેણી મરણ પામી છે એવા વિચારથી ખરેખર તેને જબરી નિરાસી ઉપજી.

અત્યાર સુધી તેણે સઘલી ઓરતોને જોવામાં પોતાની નજર વાપરી હતી, પણ આ મરણ પામેલી ઓરતને તે પોતાના દીલથી જોવા લાગ્યો. પ્યાર જેવો જુસ્સો તેનામાં ઉસ્કેરાયો, પણ તે પ્યાર એક મરણ પામેલા મુડદાને માટે હતો.

પોતાની બેવકુફાઇ ઉપર પોતાનું ધ્યાન ખેંચાવાથી તે મનમાં શરમાવા લાગ્યો અને પોતે પાછલ હટીને પેલી અઘોર ફરંગણ કયાં છે તે જોવા લાગ્યો. ઓરડાના એક છેડે તેણી એક ખુરસી ઉ-પર બેઠેલી હતી. તેણીના હાથ ઉપર માથું ટેકવેલું હતું, અને તેણી મુગી મંતર જેવી બેઠેલી હતી.

"મી૦ ડી. પરેરા કયાં છે? તે શું હાજર નથી? હું પુછું છું કે જે ધણીએ મને ચીઠી લખીને બોલાવ્યો તે કયાં છે?"

પણ પેલી કાંઇ બોલી નહીં. અને બોલી તે સમજી શકાય નહીં–તે કાંઇ બબડી ખરી, પણ તેની બોલી તે તે સમજી શકયો નહીં.

આ અઘોર ઓરતની હાજરીથી ચીતારાની અજાયબીમાં ઘણોજ ઉમેરો થયો.

"તમને પોરટુગીઝ બોલી નથી આવડતી?"

તેણી મનમાં હસી. પણ જાણે તેનું પુછ્યું સમજી શકી નહીં હોય એવી લાગી.

"ગોવાનીસ બોલી પણ નથી આવડતી?" તેણે પુછ્યું.

વળી તેણી હસી, પણ કાંઇ સમજી શકી નહીં.

તેને બીજી જેટલી બોલી આવડતી હતી તેટલી બધી અજમાવી જોઈ, પણ કાંઇ ફાયદો નહીં.

"પરેરા, પરેરા" પણ પરેરા હોય ક્યાં જે આવે. પરેરા પરેરા બોલ તેણી સમજી શકી. તે ઉપરથી તેણીએ રસ્તા તરફ હાથ કીધો, પછી પોતાની તરફ આંગલી કીધી, પછી તેના કાગજ ઉપર હાથ મુકી કાંઇ બોલી, અને પછી પેલાં મુડદાં આગલ લઇ ગઇ.

આ મુગા બેહરાંનો ફારસ સમજી શકાય એવો હતો, મતલબ કે આ મરનારની સબી ચીતારવાજ તેને બોલાવામાં આવ્યો હતો.

પેલી ઓરતે તેને ખુરસી ટેબલ લાવી આપી અને બેસવા ફરમાવ્યું ને ત્યાંથી ચાલી ગઇ.

તેણે કાગજ ઉપર થોડી વારમાં આબેહુબ ચીતાર પાડયો. જેમ બાલ હતા તેમજ પીકચરમાં પણ પાડયા. આખું પેનસીલનું પીકચર એવું ફક્કડ હતું કે જાણે જોયાજ કરીએ.

પણ તેને વિચાર આવ્યા વિના રહે વારૂ, કે આ છોકરી કોણ છે. ડી પરેરા કોણ, અને આ બુઢી ઓરત કોણ? આ છોકરી મરણ કેમ પામી, અને તેણીને શું દુઃખ હતું? મોઢાં ઉપરથી તો તેણીને કાંઇપણ દુઃખ હોય એમ લાગતું હતું નહીં. આ સબી કોણ પડાવતું હતું?

બધાં જાણી જોઇને તેનાથી દુર રહેતાં હતાં કે ઘરમાં કોઇ બીજું હતુંજ નહીં. તેટલામાં વળી જે બાનું ત્યાંથી ચાલી ગઇ હતી તેનો ચેહરો તેની મનની નજર આગલ આવી ઉભો. તેણી આ મરનાર બાનું તરફ કેવી દયા અને કેવી માયાથી ફુલ પાથરતી ઉભી હતી તે દેખાવ તેને યાદ આવ્યો.

તેની પેનસીલમાં જીવ, આશા, અને પ્યાર, સઘલું ચીતારવામાં આવ્યાં હતાં—તે એટલો પોતાનાં કામમાં ગુંટાયલો હતો કે કોઇ ઓરડાનું બારણું ઉઘાડીને આવત તો તેનો અ ગાજ કોઇપણ સાંભળત નહીં. સઘલું શાંત હતું.

તેટલામાં પેલી મુવેલી બાનુંએ અરધું અંગ ઉંચકીને પાછું માથું તકીઆપર નાખી દીધું—અને વળી પાછી શાંત પડી.

ચીતારાનું ધ્યાન સબી પાડવામાંજ હતુ તોપણ હવે ઓરડામાં કોઇ માણુસ ઉંઘતું હોય તેનો અવાજ સંભળાવા લાગ્યો, અને ફુંફારાના અવાજથી ચીતારાનું ધ્યાન ખેંચાયું. પેહલાં તેણે ઓરડામાં એમ તેમ નજર કીધી તો ત્યાં કોઇ હતું નહીં, પછી પેલી સ્ત્રી તરફ નજર કીધી તો તેણીની છાતી ઉંચકાતી હતી.

ચીતરાની અજાયબી જોઇ પેલી બુઢી પણ હસવા લાગી—પેલો ચીતારો તુરત ઉઠીને કોચ આગલ ગયો.

તેણીના મોં ઉપર ગેહલાબી રંગ વધતો ગયો. તેણીના હોઠ ઉપર રતાશ વધ્યો. તેણીના હાથ ઉપર ગરમી જણાઇ. તેણી હાલવા લાગી. તેણીએ કોર મરડી, અને ઉંડાણથી દમ ખેંચ્યો.

"ઓ ખુદા, એ જીવતી છે! ઓ કોઇ આવો, કોઇ ડાકટરને બોલાવો. મદદ! મદદ! મદદ!"

પેલી બુઢી ત્યાંજ ઉભી હતી. તેણીની આગલ જઇને તે ચીતારો તેણીને કહેવા લાગ્યો કે આ તો સ્ત્રી જીવતીછે. પણ તેણી સમજી કે નહી તે કોણ જાણે. પાછી પીઠ ફેરવી ત્યારે પેલી બાનુંએ આંખ ઉઘાડી—અને ચીતારાની આંખ સાથે તેણીની આંખ મલી.

પ્રકરણ ૩.

મોટાઇનો છેડો.

જીંદગીની કેટલીક પળો સ્વપ્ના સમાન લાગેછે તેમ ડી સુઝાને આ પળો લાગી. ચીતારો અજાયબીમાં ગરક થઇ પોતાની પળો કાઢવા લાગ્યો. તેના મનથી આ જાણે સ્વપ્નોજ હતો, પણ જ્યારે પેલી સુંદરીએ પોતાના હાથે પોતાના શરીર ઉપરથી ફુલો ખસેડ્યાં અને હાથ પગ હીલવવા લાગી ત્યારે તે સ્વપ્નો કેમ હોય એમ તેને વીચાર આવવા લાગ્યો. આ છોકરી જીવતી હોત તો કેવું સારૂં એવું તેણે ઇચ્છયું હતું, અને તેની એ ઇચ્છા પાર પડી, ત્યારે આ બનાવથી તેની અજાયબી વધી, અને એ સુંદરી ઉઠીને જે બોલ બોલી તેથી તેની અજાયબીમાં કરોડો ગણો ઉમેરો થયો.

"જીવતી! હું જીવતી! ત્યારે તેં મને ઠગી!" એમ કહી તેણી પેલા બુઢાં બોખાં તરફ ટીકવા લાગી.

"એનેટા" તેણીએ નામ દઇને પુછયું, પણ તે અંગ્રેજી સિવાય કોઇ એવી બોલી હતી જે ડી સુઝા સમજી શકયો નહીં. પેલી ચાકરડીએ તેણીને કાંઈ ઝડપમાં બે ચાર વાકય કહયાં. તે સાંભલી પેલી સુંદરી આંખે હાથ દઇ ડચકાં ખાઇ રડવા લાગી થોડી પળમાં તેણીએ આસું લુછી નાખ્યાં, અને ડી સુઝા જેના મનમાં આ અજાયબ જેવા સંજોગોથી તહરેવાર શંકા અને અટકલો આવ જાવ કરતી હતી, અને જે આ સુંદરી તરફ એક પુતલાં પેઠે ટીકતો પથ્થર માફક હાલ્યા ચાલ્યા વગર ઉભો હતો, તેની તરફ નજર કીધી. અલબતાં આ નજરમાં આ ચીતારા તરફ સારી લાગણી પ્રગટ માલમ પડતી હતી, પણ તેણીના દેખાવમાં કુદરતે

શરમ અને દલગીરી બન્ને મિશ્ર કરી તેણીના દેખાવને વધારે ખેંચાણ કરનારો બનાવ્યો હતો.

"તમે જીવતાં છો. ઘણું સારૂં કે તમે ઠગાયાં. તમારો મોજ શોખનો વખત છે, મરવાનો વખત નથી. હું તમને જીવતાં જોઇ અત્યંત ખુશી છું, જો કે હું તમને ઓળખતો નથી."

"અને હું પણ તમને ઓળખતી નથી. હું નાદાન છું પણ દુનિઆમાં મારૂં કાંઇ રહયું નથી. હું મરી જાત તો ઠીક. હું શા વાસ્તે જીવી? મને શા વાસ્તે ઠગી?"

ચીતારાનો દેખાવ ચીતારી લેવા જોગ હતો. તેની અજાયબીનો પારજ નહીં. મુવેલી જાણીને ઉત્પન થયલા પ્યારે વધારે મજબુત રૂપ પકડ્યું. હવે ત્યાં ઉભું રહેવું કે ચાલી જવું તે તેને સુજ પડયુ નહીં.

"અરે મને ઠગવાજ માગતી હોત તો મને દાટવાની આ સઘલી તૈયારી શા માટે?" એ પ્રમાણે તેણી અજાયબ થઇને બોલી.

"અને મને પણ તમને દાટવાની અગાઉ તમારો ચેહરો પાડી લેવા માટે બોલાવવામાં આવ્યો હતો. ડી. પરેરા કયાં છે, તે કોણ છે?

તેણીએ પોતાનું પીકચર હાથમાં લઇ ઘણું નીહાલીને જોયુ પણ સવાલના જવાબમાં બોલી,

"હું કાંઇ સમજતી નથી. હું તો એટલું જાણું છું કે હવે મારી કંગાલ હાલત પાછી શરૂ થઇ."

જેમ જેમ તેણી દલગીરી ભરેલા શબ્દો બોલતી હતી, અને જેમ જેમ તેણી મનમાં મુંઝાતી હતી તેમ તેમ ડી સુઝાનો જીવ બળીને ખાખ થતો હતો.

"આ ઘરમાં કોઈ તમારા મિત્ર નથી ? એમ કહી તે દરવાજા આગળ ઘરમાં કોઇને નીચે ઉપરથી બોલાવવા જતો હતો ત્યારે તેણીએ તેનો હાથ પકડીને કહયું.

"તમે જાવો તે અગાઉ તમે મારી હાલતથી વાકેફ થાવો. તમે કદાચ મારે માટે બહુ હલકું મત લઇ જશો."

"મને કહો તમારા જેવી એક જુવાન, ખુબસુરત છોકરીએ પોતાના જીવ ઉપર શા માટે કરવું જોઇએ ?"

"અફસોસ! મારી હાલત બહુ કંગાલ થઇ પડી. મારૂં કોઇ સગુ વાહલું નહીં મલે. હું ભુખમરો અને ગરીબાઇમાં રહેવા કરતાં મરવું બેહતર સમજુ છું. મારૂં નામ મેરી મારૂં પાછલથી ફેરવેલું નામ જેની હું ડાકટર ફરગાટોની છોકરી.—"

"ડાકટર ફરગાટો !"

"હા, મારા બાવાજી ડાકટર હતા. મારાં માયજી તો વરસો થયાં ખાટલે પડેલાં હતાં. બન્ને જણુ થોડા મહીનાને અંતરે મરણ પામ્યાં. બાવાજી અચંબુચા મરી ગયા. તેમની પાસે શું હતું તે કાંઇ કહી ગયા નહીં. થોડુંઘણું મારી પાસે હતું તે વેચીને મેં ખાધું. હું ઘરમાં અસલથી એકલી મારા મનના ફાંટાએ ઉધરેલી અને મોટાઇમાં દાહડા કાઢેલા વાસ્તે મારાથી ગરીબાઇનાં સંકટ ખમાયાં નહીં. વળી મારા મનમાં પૈસાવાલો મોબાદાર શખ્સ પરણવાની ઉમેદ હતી તે ધુળ સાથ મલી."

"પણ તમે આપઘાત કીધો એ તો દોજખમાં જવાનું કામ કીધું. પરમેશ્વર કેમ એ સહન કરી શકે. તમારા ધર્મમાં આપઘાત કરવા ફરમાવ્યું છે?"

"ધર્મ શું તે હું સમજતી નથી. મને ધર્મ શીખવવાની કોઇએ કાલજી રાખી હતી નહીં. આહ! તમે કેવા ભલા છો. હું પણ તમારા જેવી ભલી હોત તો કેવુ સારૂં !"

"દલગીર ના થા. હજી તું ઊગતું ઝાડ છે. તારી ડાલી ઉપર ફુલો ઉગશે અને તારી મુરાદ બર આવશે, અને હજી તારે વાસ્તે સુખ ઘણું હશે."

"ખોદા! કરે ને હોય. મને કોઇ મિત્રની જરૂર છે. મને એકાદ સલાહકારની જરૂર છે".

ડી સુઝા ચીતારા તો ત્યાં કલાકોના કલાકો ઠસ્યા. આવી હાલતમાં પડેલી, આવો ગમ કરતી અને આવા વિલાપમાં બેઠેલી છોકરીને મુકીને કેમ ચાલી જાય, વારૂ ?

"આ એનેટા હજી મને ચાહેછ. મને લાગેછે કે મને ઝેરને બદલે કાંઇ બીજુજ પીવાડયું, અને તેથી હું થોડીવાર મરણ પામી હોતું તેમ લાગી."

"ઠીક થયું. એનેટાએ ડાહાપણ વાપરયું" ચીતારાએ જવાબ આપ્યો.

વાત કરતાં રાતના દસ વાગ્યા. પેલા ચીતારાને ઘર જવાનું સુઝ પડે નહીં પણ મેરીએ પોતેજ કહયું.

"આપણે ઘણી વાર વાત કીધી છે. તમને છુટા પાડવા મને ગમતું નથી, પણ ફિકર નહીં તમે જાવો."

ચીતારો તેણીની તરફ ઘણીજ પ્યાર ભરેલી નજરથી જોતો હતો. તેનો દેખાવ ખુલ્લે ખુલ્લો એક માશુકની, હાજરીમાં ઉભા રહેલા આશકને મલતો હતો. મેરીએ તેનો દેખાવ ઘણી બારીકાઇથી જોયો હતો, પણ સ્ત્રીના કુદરતી ગુણ માફક તેણીએ તેના પ્યારના બદલામાં વળતો પ્યાર એકદમ દેખાડવાનું મોકુફ રાખ્યું.

ચીતારો ઘર જવા દરવાજા સુધી ગયો, પણ બીજીજ પળે તેના મનમાં આવી ગયું કે હજી મેરીની વાત અધુરી છે, કારણ કે તેને કોણે ચીઠી લખી ને તેને ચીતાર પાડવા બોલાવવાની મતલબ

શી, તે કોની મતલબ, અને તે મિત્ર કે દુશમન તરફથી હશે, એ સઘળી વાતનો ખુલાસો મેરીએ કર્યો ન હતો. તે સાંભળ્યા વિના તેની રાત ઉંઘ વગર પસાર થાય, માટે તેનો ખુલાસો મેલવવા તે ઉંબર ઉપરથી પાછો ફરયો.

પ્રકરણ ૪.

એક હઠીલો આશક.

"પણ તમે મને બધો ખુલાસો કીધો નથી. આ સબી પાડેલી છે તે ફાડી નાખું કે જેણે પડાવી છે તેને સ્વાધીન કરૂં."

"જેણે પડાવી છે તેને! તે કોણ તે હું ઓળખતી નથી, એ કોણે પડાવ્યું અને તમને કોણ બોલાવવા આવ્યું હતું?" તેણીએ ચીતારાને નીરદોષ ચેહરે પુછ્યું.

તેણે જવાબ આપવા કરતાં પોતાના ગજવામાંથી તેને મલેલું કાગજ કાહાડીને મેરીના હાથમાં આપ્યું ને તેણીએ વાંચયું.

"ડી પરેરા, હું કોઇને ઓળખતી નથી. મારા મનથી એ એક છુપો ભેદ છે."

આ જવાબથી ડી સુઝાના મનમાં તહરેવાર વેહમો ઉત્પન થયા. તેણીના મનની ખુશાલી તદન નાબુદ થઇ, તેની જગ્યે સઘલી ગમગીની આવી ઉભી. મેરી તેને હાથતાલી આપી ઉડાવતી તો નહીં હોય? નહીં. કારણ કે તેણીના જવાબ આપવાની ઢબમાં કાંઇ લુચ્ચાઇ કે બેવફાઇ હતી નહીં.

"પણ હું અહીં આવ્યો ત્યારે એક કોઇ મોટાં ઘરની ઇસ્કી બાનુ તમારા શરીર ઉપર ફુલ ગોઠવતી હતી. આ બધાં ફુલ તમે

જુવોછો તે બધાં ફુલો તેણીને ગોઠવતાં મેં દીઠી તે કોણું? તેણી પૈસાવાલી હતી અને વળી સાથે બહુજ ખુબસુરત હતી. તે તમારી ઓળખીતી હોવી જોઇએ, નહીં તો તમારી એટલી કાલજી રાખે નહીં."

"હું કાંઇ કહી શક્તી નથી કે તે કોણ? પણ હું અટકળ કરી શકું—"

અટકળ પણ બસ છે.

"પણ હું ખાતરીથી કહી શકીશ નહીં. એક બાનું મારી માતા હતી ત્યારે માતાને મલવા આવતી હતી. હું તેવારે કોઇની દરકાર કરતી ન હતી તેમ તેની પણ મને દરકાર ન હતી. મેં કોઇ વખત મારી માતાને પુછ્યું નહીં કે એ કોણ છે, પણ મારી માતાના મરણ પછીં તે મારી છુપી ખબર રાખતી હતી તે હોય કે કદાચ બીજી કોઇ હોય; પણ સબર કરો હું એનેટાને પુછું."

એમ કહી તેણીએ એનેટાને પુછ્યું તેમના વચ્ચે થોડી મીનીટ વાત ચાલી તેટલીવાર ડી સુઝાના પેટમાં તળે ઉપર થઇ ગયું. પ્રસંગ એવો હતો કે વિચાર પણ કરવો સુઝ પડે નહીં.

"મેં કહયું તેજ બાનુ નહીં હોય. પેહલાં તેણી મને મલવા આવી હતી, પણ જ્યારે તેણીએ મને મરણ પામેલી દીઠી, ત્યારે એનેટાને કાંઇ ઇંગ્રેજીમાં કહયું, જે એનેટા તો કાંઇ સમજી નહી પણ તેણી થોડીક મીનીટમાં પાછી ફરી ત્યારે સાથે ફુલ લેતી આવી, અને તેણીએ તે મારાં દીલ ઉપર ગોઠવ્યાં હતાં. હજી કાંઇ વધારે પુછવું છે?"

"હા, આ મીનબતી કોણ લાવ્યું? આ મુડદાંની પેટી પણ બહુ મોંઘી છે. અહીં આટલો બધો ખરચ કીધો છે તે કોણે કીધો?"

"તમે પુછોછો તે ખરૂં. હું પણ એ જાણવા માગુંછું." એમ કહી તેણીએ એનેટાને તેની બોલીમાં પુછવા માંડયું.

ડી સુઝાની નજર મેરી ઉપરથી એનેટા ઉપર અને એનેટા ઉપરથી મેરી ઉપર ફર્યા કીધી. તેમને વાત કરતાં ઘણી મિનીટ લાગી.

"બોલો, બોલો મને કહી દો. એ શું કહે છે?"

"આજ ત્રણ મહિના થયા એક જુવાનીઓ મને ચાહે છે અને મારી પુઠે લાગ્યોછે. એનેટાને તે પસંદ નથી, અને હું ધારૂંછું કે હું જોવું તો હું પણ પસંદ કરૂં નહીં. એનેટા કહેછે કે તે મને દરરોજ મળીને આગ્રહ કરતો હતો કે તારી બાઇ આગલ લઇ જા, પણ તેણી કહેછે કે હું તેને દરરોજ ઉડાવ્યા કરતી હતી. મેં જ્યારે ઝેર ખાધું અને હું ઉંઘમાં પડી ત્યારે તે એકદમ માલ ઉપર ચઢી આવ્યો અને મને મુવેલી જોઇ બહુ દલગીર થઇ ગયો, પણ જતી વખતે મારી સબી પડાવી લેવાનો વિચાર કરી એનેટાને ચીઠી આપી મોકલાવી. એનેટા કહેછે કે હું ચીઠી આપી આવી હતી. હું ગરીબ છું પણ એવા અજાણ્યાને મારો પ્યાર આપીશ નહીં. એનેટા કહેછે કે તમારે માટે હું જાણુતી હતી કે તમે કાંઇ મરી નથી ગયાં અને વખતે સબી પાડવામાં આવે તેટલાં તમે હુસ્યાર થશો, પણ તે કહેછે કે તમે સારાં માણુસ છો તેથી તમને બોલાવવામાં કશી અડચણ દીઠી નહીં. મેહરબાની કરીને મારી સબી તેના હાથમાં આપશો નહીં."

"તેને આપું! અરે, તેને દેખાડું પણ નહીં! એક રખડતા રઝળતા માણુસને તમારી સબી દેખાડું! હું એ સબી ફાડી નાખું.!"

"નહી નહી સબર કરો." એમ કહી મેરીએ તેનો હાથ પકડયો ને તેને સબી ફાડવા દીધી નહી.

"તે બહુ નુકસાનકારક માણસ છે એમ કહેછે. જો તેની સાંથે ઠગબાજી ચલાવી છે એમ તેને માલમ પડશે તો તે વેર લીધા વગર જંપીને બેસશે નહીં. મારો વિચાર છે જે હવે અહીંથી બીજે ઠેકાણે જઇને રહુ કે તે મને મુવેલી માનીને મારો પીછો છોડી દે."

"તું બીકણ છે."

"બીકણ છું કારણ કે ઓરત છું." મેરીએ જવાબ દીધો.

"વારૂ ઠીક છે. તમને ખુશી રાખું છું." ચીતારો બોલ્યો.

"આહ! તમારો કેટલો ઉપકાર થયોછે! તમારી દયાનો હું કયારે બદલો વાળીશ!"

"તું નીરાંતે ઉંઘી જા એટલે બદલો મલેલો ગણીશ" એમ કહીને સુઝા ચીતારો તેણીને શેકહેન્ડ કરી તેજ હાથ ઉપર એક બોસો લએ તેટલા દાદર ઉપર એક શખ્સ ચઢયો તેને તેણે પુછયું.

"તમે કોણ છો? અને તમારૂં અહીં કામ શું છે?"

પ્રકરણ ૫.

વધુ અજાયબી.

તેને જોઇને મેરી ચીસ પાડી ઉઠી. દરવાજામાં આવીને એક જેવા નહીં ગમે એવો શખ્સ આવી ઉભો.

"કાંઇ નવું જુનું થશે ખરૂં?" ચીતારો વિચાર કરવા લાગ્યો, અને એવી રીતે ઉભો કે જેથી તે શખ્સ મેરી આગલ આવી શકે નહીં.

પણ એટલી સાવચેતીની જરૂર હતી નહીં. એનેટા તુરત તેનો હાથ પકડીને નીચે લઇ ગઇ, અને તેને સમજાવીને કાઢયો.

મેરીનું બદન તદન ધ્રુજતું હતું અને તેણીના પગ થરથર થતા હતાં.

"અજાયબ છે, કોચ તરફ તેણે બીલકુલ નજર કીધી નથી. મને લાગેછે કે એનેટા તમે ધારોછો એટલી વફાદાર નથી. તેણીએ તેને કહેલું લાગે છે કે તમે પાછાં હુસ્યાર થશો."

"મુગા રહો! મુગા રહો! પેલી આવી. હું એટલી ગભરાટમાં છું કે એને હાલ છેડવા માગતી નથી. મને પણ કાંઇ સમજ પડતિ નથી."

એનેટા અને મેરી વચ્ચે કાંઇક થોડી વાતચીત થઇ. વાત થઇ રહયા પછી મેરીનો દેખાવ તદન બદલાઇ ગયો. તેણીનો સાદ તદન ફેરવઇ ગયો.

"બસ બસ, મને હવે સુઇ જવું છે. વધારે વાત કરવા માંગતી નથી, ગમે તો કાલે."

"કાલે આવું. કાલે બપોરે ત્રણ વાગતે જરૂર આવીશ. પણ હું તને આવા જોખમમાં એકલી મુકી કેમ જાવું?"

"ફિકર નહીં ફિકર નહીં. બારણાની અંદરથી સાંકળ દઇને સુઇશું એટલે ફિકર નહીં."

તેણીના બોલવાપર વિશ્વાસ મેલીને તે ત્યાંથી ગયો. રસ્તામાં ઉતરીને જોય છે તો પેલોજ શખ્સ થોડાંક પગલાં આગલ ચાલતો હતો. ડી સુઝા તેની પછવાડે ઝડપમાં ચાલવા લાગ્યો. તેનો મતલબ તેને પકડી પાડીને ખુલાસો મેલવવાની હતી. પણ જેમ જેમ ચીતારો ઝડપમાં ચાલ્યો, તેમ તેમ પેલો શખ્સ પણ ઝડપમાં ચાલ્યો, અને ગલીના નાકે આવીને એક ખાલી વિકટોરિઆ ઉભેલી હતી તેમાં બેસીને હંકારી ગયો.

"એક કરતાં એક વાત અજાયબી ભરેલી છે. એનેટા કોઇ સેતાન લાગેછે," ચીતારો રસ્તે ચાલતાં વીચાર કરેછે.

"ચાલો સારૂં થયું કે તે ચાલી ગયો. હું ઓળખું નહીં ને તેને મને પુછવાનો હક શો છે? ખુદાને ખબર એ કોણ છે. પણ એ પોતે ડી પરેરા હશે કે? ઠીક છે, કાલ પડે ત્યાંસુધી સબર પકડવી" એમ મનને સમજાવી તે ઘર જઇ સુઇ ગયો. આખી રાત તેને ઉંઘ આવી એમ કહું તો કોઇ માનશે નહીં. સહવારે દુકાન ઉઘાડીને ત્યાં તેને કામ કીધું એમ કહીએ તો તે પણ કોઇના ધ્યાનમાં ઉતરશે નહીં, કારણ કે એવા ભરમ ભરેલા સંજોગો વચ્ચે આગલો દિવસ પસાર કીધો હતો કે તેનો વિચાર તેના મનમાંથી એક દિવસમાં નીકળી જાય એ બહુ મહાલ કામ હતું.

દુકાનમાં તે બે ચીત્રો તરફ વારા ફરતી જોયા કરતો હતો. એક તો જે તેણે ખ્યાલી ચીતાર્યું હતું તે અને જે બાનું મેરીના શરિર ઉપર ફુલ પાંથરતી હતી તેનું, અને બીજું ચીત્ર મેરીનું તેણે કાગજ ઉપર દોર્યું હતું તે.

બીજે દિવસે બરાબર ત્રણ વાગતે તે ગાયવાડીમાં નંબર ૪૫ વાળા ઘરમાં ચઢયો.

એક છોકરી નીચે ઉભેલી હતી.

"મેરી ઉપર છે કે?"

તેણી કાંઇ સમજી નહીં, પણ તે દાદર ઉપર ચઢવા જતો હતો તેટલામાં તેનો હાથ પકડીને ડોકું ધુણાવી ના કહેતી હોય કે મેરી નથી તેમ કહેવા લાગી, પણ સુઝા તે બરાબર સમજ્યો નહીં હોય તેમ હાથ ઝટકાવીને ઉપર ચઢી ગયો.

જઇને જોય છે તો ઓરડો તદન ખાલી હતો

"ઓ ખુદા! ત્યારે તેણી મારા હાથમાથી ગઇ!" એમ બોલતો તે ઓરડામાં એમથી તેમ ઘેલો ગાંડો થઇ ફરવા લાગ્યો કે જેથી કાંઇ નીશાની અથવા ચીઠી મલે જે ઉપરથી જણાય કે તેણીને

ફરીથી મળવાની આશા છે કે નહીં. પણ તેને કાંઇ મળ્યું નહીં. કદાચ ડી પરેરાની ચુંગાલમાંથી બચવા તેણીએ રહેઠાણ બદલ્યું હશે. કોઇ ખબર આપી શકે કે મેરી કયાં ગઇ છે એવી ઉમેદમાં તે બધા માલેમાલ ફરીને ખબર પુછવા લાગ્યો પણ કોઇને ખબર ન હતી કે તેણી કયાં ગઇ.

પ્રકરણ ૬.

પોલીસની મેહનતનો હલાડો.

ઘરમાં બીજાં ભાડુતો રહેતાં હતાં તેઓને પુછવાથી કાંઇ માલમ પડયું નહીં કે મેરી કયાં ગઇ. તેમાંના એકે કહયું તે નિચે પ્રમાણે હતું:—

"આજે સહવારે એક ગાડું આવ્યું તેમાં સામાન ભરાતાં જોયો, ત્યારે અમે ધાર્યું કે એ મરી ગઇ ને તેથી સામાન લઇ જતાં હશે; પણ પછી એક વિકટોરિઆ આવી તેમાં એ પોતે ને એની ચાકરડી બેસીને હંકારાવી ગયાં. અમે તાજુબ થયા કે એ મરી ગઇ અને જીવતી કેમ થઇ."

ડી સુઝા એક ચીતારો હતો, તે ચીતાર પાડવામાં હુસ્યાર હતો, પણ આ મુશકેલીમાં શું કરવું તેમાં તે હુસ્યારી દેખાડી શકયો નહીં. અત્યાર સુધી તેની જીંદગી પાણીના રેળા માફક વચમાં કાંઇ પણ નડતર નડયા વગર પસાર થઇ હતી. પ્યારનો ઝટકો તેને આગલ લાગ્યો ન હતો, પણ હવે આ બનાવથી તેના ચેનમાં ખલલ થઇ અને તેની નીરાંત ગઇ. તે પોતાની દુકાનમાં જઇ હાથ જોડી વિચારમાં બેઠો.

દુકાનમાં બેઠો બેઠો વિચાર કરેછે જે તેણી રાજી ખુશીથી એકલી ગઇ છે એટલે કાંઇ નહીં. પેલો પરેરા સાથે ન હતો એટલે બસ.

આવા વિચારમાં તે બેઠો હતો તેટલામાં એક દુન્યાનો ખાધેલ દોસ્ત તેને મલવા આવ્યો. આ દોસ્ત વકીલનો મેનેજર હોવાથી ડી સુઝાએ વિચાર્યું કે આ બાબદમાં શું કરવું તે એને પુછી જોવું, પણ દોસ્તને આ ભરમ ભરેલી વાત ખુલ્લે ખુલ્લી જણાવવા વગર તેને ફકત એટલુંજ પુછ્યું, કે એક ચોક્કસ જણ, જેની સાથે મને લાગતું વલગતું છે, તે એકદમ ગુમ થઇ ગયું છે, વાસ્તે તેનો પતો કેમ મેલવવો.

"જાહેર ખબર આપ, અને પોલીસની મદદ લે." પેલાએ ટુંકી સલાહ આપી, અને તે થોડી વારમાં ત્યાંથી ચાલી ગયો.

ચીતારાને એકાએક ધ્યાન આવી ગયું કે મારો એક મિત્ર છુપી પોલીસના અમલદારનો ઓધો ભોગવે છે, તેને જઇને મલીને એ છોકરીનો પત્તો મેલવું.

પોલીસ સ્ટેશનપર જઇ તેને પોતાનો કાર્ડ અંદર મોકલ્યો. રોડરીગીસ જે તે અમલદારનું નામ હતું તે ઘણા કામમાં હતો તેથી ડી સુઝાને ઘણીવાર રાહ જોતો બેસી રહેવું પડયું. તેટલીવાર ચીતારો મનમાં તહરેવાર ખ્યાલોથી પોતાનું મગજ ભરતો હતો.

રોડરીગીસ બાહાર આવ્યો અને ચીતારો અને છુપી પોલીસનો અમલદાર એ બન્ને અસલ દોસ્તો એક બીજાને ઘણા માનથી ભેટયા. ચીતારો અને પોલીસનો અમલદાર એ બન્ને કવચીત સાથે મલે છે.

"તમેજમને ભુલી તો ગયા નથી?" ચીતારાએ પુછ્યું.

"હું તો નથી ભુલી ગયો, પણ બેઅદબી માફ છે, તમે તો મને તદન ભુલી જવાનો ઇરાદો રાખતા હતા."

રોડરીગીસ સમજુ હતો. તે સમજતો હતો કે પોલીસમાં રહયા પછી સારા માણસો તેઓની સોડમાં ઝાઝાં આવતાં નથી. તેઓ બીહે છે કે કોઇ વખતે રખેને દોસ્તદારના હાથેજ બંધાઇ જઇએ.

"ઠીક મારૂં કાંઇ કામ પડયું હશે ત્યાંસુધી તમે આવો નહીં, બોલો, શી મુશકેલી છે? કાંઇ પીડામાં આવી પડયા છો? બોલો હું તમારી સેવામાં હાજર છું."

રોડરીગીસની બોલવાની ઢબપરથી દેખાતું હતું કે તે અંતઃકરણથી અને પ્રમાણિક નિષ્ઠાથી ડી સુઝાને મદદનો હાથ લંબાવવા તૈયાર હતો.

ડી સુઝાએ તેની આગલ બધી વાત કહેવાનો વિચાર રાખ્યો.

"મારે એક જુવાન છોકરીનો પતો મેલવવો છે તેણી ગુમ થઇ ગઇ છે."

રોડરીગીસ આ સાંભળી ચોંકયો પણ બીજીજ પળે પોતાના મનનું સમતોલપણું સાચવી શકયો.

"તમે સાંભળીને ચોંકયા કેમ?" ચીતારાએ પુછયું.

"હું ચોંક્યો? નહીં નહીં. તમે તમારી વાત ચલાવો" રોડરીગીસે જવાબ દીધો. મેં તે છોકરીને ફકત એકજવાર દીઠી છે. અને એવા અજાયબી ભરેલા સંજોગે મે તેણીને દીઠી કે હાલ તેણી કયાં છે અને કોની સાથે છે તે જાણવા મારૂં મન થાય છે. અને તે વગર મનને કરાર નથી. તેણીએ મને પોતાનું નામ મેરી ફરગાટી આપ્યું હતું પણ પાછલથી તેણીએ મને પોતાનું નામ જેની કરી કહયું, પણ પાછલું નામ આખું કહયું નહી તેથી હું તે જાણતો નથી."

"જેની ! જેની ! અફસોસ આખું નામ નહીં જાણતા !" એમ પોલીસ અમલદારે બોલી હાથપર હાથ અફાળ્યો.

ડી સુઝાએ ત્યાર પછી તેની આગલ બધી વાત વીગતવારે કહી સંભળાવી. વાત સાંભળી લીધા પછી રોડરીગીસ બહુ ગંભીર દેખાવે બોલ્યો,

"ફક્ત આખું નામ તમને કહ્યું હોત તો બહુ સારૂ થાત. એ બનાવ બહુ અજાયબ જેવો છે."

"પણ તેણી કયાં હશે ?"

"તે તો શોધી કાહડવું જોઇએ, પણ—"

"પણ શું ? બોલો બોલો રોડરીગીસ, પણ શું ?"

પણ પોલીસ અમલદારે જવાબ આપ્યો નહીં. તે ડી સુઝા તરફ બહુ વિચાર કરતો ટીકીને પછી તે બોલ્યો "એકવાર હજીતો જોઇ તેટલાં એ છોકરી વિષે તમને એટલીબધી કાલજી કેમ ?"

"ખરૂં છે. એક વખતની મુલાકાતમાં એટલી દીલસોજી નહી ઉસકેરાય, પણ એ છોકરીનો દેખાવ જાતે ઘણો દયા ઉપજાવનારો અને આકર્ષણ શક્તિથી ભરપુર હતો. તેણી નીરદોષપણું અને ખુબસુરતીનો જાણે દરીઓ હતી.

"પણ ડી સુઝા તું કહે છે તેવી એક છોકરી વિષે હમણાજ અમને ખબર મલી છે કે તેણી મરણ પામેલી મલી આવી છે."

"નહીં નહીં, તે હું કહું છું તે છોકરી નહીં હશે." ડી સુઝાએ જવાબ આપ્યો.

"પણ તેણીના ગજવામાંથી રૂમાલ નીકલ્યો તે ઉપર જેની રોજર્સ નામ છે."

"પણ તેણીતો મેરી ફરગાટીના નામે વધારે જાણીતી છે."

"લંબાણુ ભાંજગડ શા માટે કરીએ, ચાલો મારી સાથે હું તમને દેખાડું. તમે જોશો તો માલમ પડશે કે એ છોકરી કે બીજી."

ડી સુઝાનું અંગ માંહેથી કપાવા લાગ્યું. રખેને તે છોકરી મરણ પામી હોય. અફસોસ! હાય અફસોસ કરતો રોડરીગીસ સાથે લઇ ગયો ત્યાં તે ગયો, પણ જ્યારે તેણીનું મોં જોયું ત્યારે ડી સુઝાનો ચેહરો ખીલી નીકળ્યો અને તેણે છાતી બાહાર કાઢી જવાબ આપ્યો "નહીં, એ છોકરી નહીં."

"અજાયબ છે કે બન્નેનાં નામ જેની છે!"

તેઓ પોલીસ સ્ટેશન ઉપર પાછા ફર્યા તેટલામાં એક માસ્ટરણ ખબર આપવા આવી કે "એક જેની રોજશ નામની છોકરી સ્કુલમાંથી જતી રહી છે."

"તેની ઉમર શી? કેવો દેખાવ છે?"

"જુવાન, માંજરા ડોળા, ને સોનેરી બાલ ને, ગોરી" પેલી ઓરતે જવાબ દીધોને બોલી, "બીચારી માબાપ વગરની હતી અને અમારી સ્કુલની એક માસ્ટરણને ત્યાં રહેતી હતી."

"અજાયબ છે! પણ પેલી મરણ પામેલી છોકરી કાંઇ ઘણી ગોરી નથી ને તેના બાલ કાળા ભમર જેવા છે." અમલદાર બોલ્યો.

નહીં, નહીં, એતો સોનેરી બાલને ગોરી અપ્સરા જેવી છે. અરે! બીચારીનું કોઇ રડનાર નથી તેથી મને બહુ લાગે છે!" માસ્ટરણ બોલી.

'અજાયબ! ઘણુંજ અજાયબ! આજે ચોપડામાં બે તરફથી બે જેની રોજશ માટે ખબર નોંધાઇ છે." અમલદાર બોલ્યો.

એટલામાં રોડરીગીસને અંદરથી બોલાવવામાં આવ્યો. તે પોતાની સાથે સુઝાને અંદર લેતો ગયો. ત્યાં આજુબાજુ સીપાઇ

કૉનસ્ટેબલો બેઠેલા હતા અને ત્યાં, એક બુઝોર્ગ ખ્રીસ્તી કાંઇ કહેવા આવ્યો હતો તે સાંભળવા અગાઉ હાજર રહેલા સર્વને કમીશનરે ભેગા કીધા હતાં.

તે ગ્રહસ્થે નિચે પ્રમાણે પોલીસને ખબર આપી:—

"હું ગાયવાડીમાં રહું છું. આસરે મહિના દિવસની વાત ઉપર રાત્રે એક વાગતે હું જાગતો હતો. મને ઉંઘ બીલકુલ આવતી નથી. હું તેથી અગાસી ઉપર ઉભો રહીને હવા ખોરતો હતો. તેટલામાં રસ્તે બેજણ ઉભા રહીને વાત કરતાં હતાં. સઘળું શાંત હોવાને લીધે મારા કાન ઉપર તેઓની વાતના નિચલા શબ્દો પડયા:—

'પણ જો કોઇ બીજી જેની રૉજર્શ મારી અગાઉ ફાવી ગઇ તો ?' એક બોલી.

'નહીં નહીં તોરે તે માટે ફિકર રાખવી નહીં.' બીજો બોલ્યો.

'એટલે તમે શું કરશો ?'

'આજથી એક મહિનામાં જેટલી જેની રૉજર્સ મુંબઇમાં હશે તેટલીનો કચડઘાણ નિકળી જશે. હું મારૂં કામ કરી લઇશ પણ તને મેં કહ્યું છે તેમ તું કરજે'

"જ્યારે મેં એ પ્રમાણે વાત સાંભળી ત્યારે મને કાંઇ ઘણો સંદેહ આવ્યો નહીં. પણ ગઇ કાલે ન્યુસપેપરમાં વાંચ્યું કે એક જેની રૉજર્સનું અચાનુક મરણ નિપજ્યું ત્યારે મને એ વાત પાછી ધ્યાનમાં આવી, અને મેં વિચાર કીધો કે મારે પોલીસને ખબર આપવી જોઇએ, જેથી પોલીસ સંભાળમાં રહે તો બીચારી કોઇ બીજી જેની રૉજર્સનો જીવ જતો અટકે."

"એ શું સાંભળું છે!" ચીતારો બોલ્યો. પોલીસના અમલદારોને આ ખબર સોના મોહર જેવી હતી. આ આધારે

તેનો કાંઇપણ મુદ્દો ફળશે એવી આશા તેમના દીલમાં દાખલ થઇ.

ચીતારો ત્યાર પછી પોતાને ઘરે ગયો, જ્યાં આખો વખત આ ગુચવણ ભરેલા બનાવ સાથે જેની રૉજસને યાદ કરતો બીછાનાપર પડી રહયો.

પ્રકરણ ૭.

જેની રૉજસ વિષે છુપો ભેદ.

પોલીસ ઇનસ્પેકટર પાસે રીપોર્ટ આવ્યો હતો તે રીપોર્ટનો સાર નિચે એકદમ આપી દઇએ છીએઃ—

"આખા મુંબઇમાં ત્રીસ રૉજસ નામના ખ્રીસ્તીઓ છે. તે-માંના ત્રણ ઠેકાણે જેની નામની છોકરી છે, તે બહુજ નાની વયની છે. બીજી બે જુવાન છોકરી છે. બીજી બે તેના કરતાં મોટી છે તેઓ પરણેલી અને બચ્ચાં છોકરાંવાલી છે અને તેઓને જુવાન છોકરીઓમાં ગણી ન શકાય.

"જે જેની મરણ પામી તે છોકરીને દુઃખ કાંઇ હતું નહી. તે છોકરીએ આસરે વીસએક દાહડાની વાત ઉપર સ્કુલેથી પાછી ફરીને પોતાની માને કહયું હતું કે કોઇએક શખ્સ, જે દેખાવે તદન ગ્રહસ્થ આદમી જેવો લાગે છે, તે રસ્તે મને દરરોજ મલ્યા કરે છે, ને મારી તરફ જોયા કરે છે, અને મારી સાથે વાત કરવાને ઘણો આતુર હોય તેમ દીસે છે-અલબતાં તેની વર્તણુકમાં કાંઇ પણ એબભરેલું નથી, તે છતાં તે મને મલવા માંગતો હોય અને મારી સાથે કાંઇ ચોકકસ બાબદપર વાત કરવા માંગતો હોય તેમ

લાગે છે. જો કે મને તેને જોઇને બીહક લાગતી નથી, તે છતાં હું હવેથી એકલી સ્કુલે જઇશ નહીં. તેની માએ પણ બીજે દિવસથી તેણીને બાહાર એકલી જવા દીધી નહી.

"થોડા દાહડા પછી તેની માંદી પડી ને તાવ લાગુ પડી તેથી તે મરણ પામી. તેણીના મરણ પામવાં પછી બે કલાકે કોઇ એક ગ્રહસ્થ આવીને તેણીને માટે પુછપરછ કરવા લાગ્યો કે જેની કયાં છે? ઘરમાંથી સગાંવાહલાંઓએ કહયું કે તેણી બે કલાક થયા મરણ પામી છે. તે સાંભલી તે ત્યાંથી તુરત ચાલી ગયો, પણ આયાએ તેને ઓલખ્યો કે જે ગ્રસસ્થ જેનીને સ્કુલે જતાં મલતો હતો તેજ તે હતો."

"પેલી સ્કુલ માસ્ટરણને મલી પોલીસે વધારે ખબર મેલવી તે નિચે પ્રમાણે હતી:—

"અમારે ત્યાંથી ગુમ થયલી જેની બીજી છોકરીઓ સાથે ઘણું સારૂ રાખતી હતી, પણ અમારી સાથે ઘણી મીઠી રહેતી હતી, અને અમને ઉડાવતી હતી. બીજી છોકરીઓ આગલ તેણીએ વાત કીધી હતી કે મારી ઉપર એક જુવાન ગ્રહસ્થ પ્યારમાં પડયો છે, અને તે મારે માટે એટલો હેરાન અને પરેશાન છે જે તેને જો હું નહીં ચાહુ તો ખુદાની ગુનેહગાર ઠરૂં. બીજી છોકરીઓએ તેણીને છુપા પ્યાર પત્રો અને આશકીઓ લખતાં દીઠી હતી. અમારો શક તો એ છે કે તેણી પોતાના આશક સાથે નાહસી ગઇ છે"

એ જાહેર રિપોર્ટ હતો. ખાનગી બાતમીમાં એક બીજી સ્કુલ માસ્ટરણે પોતાનો વિચાર નિચે પ્રમાણે જણાવ્યો હતો:—

"હું નહીં ધારતી કે જેની પોતાના આશક સાથે નાહસી ગઇ હોય. એવું કશું છેજ નહીં. મને યાદ છે જે આ સ્કુલના ઇનામના મેલાવડામાં મારી પાસે એક ગ્રહસ્થે જાણવા માગ્યું કે

આ સ્કુલમાં કોઇ જેની રૉજર્સ નામની છોકરી છે ? મેં હા કહીને જેનીને દેખાડી તે પળથી તે તે છોકરી ઉપર અતીશ્ય વાહલ દેખાડવા લાગ્યો; પણ તે પ્યારમાં પડેલો હોય એમ મને દીસતું હતું નહીં, કારણ કે તેની વાતચીતમાં ગ્રહસ્થાઇ, સાલેસાઇ અને અંદાજો હતાં."

"ત્રીજી અને અચાનુચ મરણ પામેલી જેની વિષે ખબર કાઢતાં માલમ પડયું કે તેણી એકલી રહેતી હતી, અને દુકાનદારી કરતી હતી. તેને ઓલખનારાં સરવેનું મત એ હતું કે તેણી આબરૂદાર જુવાન સ્ત્રી હતી, પણ બીમાર ચાલતી હતી, અને નાતવાનીથી તેનું મરણ નિપજયું હશે, કે કદાચ નિચલું કાગજ મલવે ઘભરાઇને મરણ પામી હોય. આ કાગજ તેણીના ઘરનાંથી પોલીસને હાથ લાગ્યું હતું. તે કાગજ નિચે પ્રમાણે હતું:—

મિસ જેની રૉજર્સ,

એક ખરા દોસ્ત તરીકે હું તમને ચેતવણી આપુંછું. તમને બીલકુલ ખબર નથી કે તમારા એક દુશમને તમારો જાન લેવાનો ઇરાદો રાખ્યો છે. તે દુશમન અસાધારણ બુધ્ધી ધરાવે છે એટલે જે પોતે ચાહે તે કરી શકે છે. તે તમારી ઉપર અતીશ્ય પ્યારમાં છે કે તમારે માટે અતીશ્ય ધિક્કાર ધરાવે છે તે મારાથી કહી શકાતું નથી. થોડી વારમાં કોઇ ગ્રહસ્થ દેખાવનો શખ્સ તમારી મુલાકાતે આવશે, જે તમારી સાથે મીઠી મીઠી વાત બહુ નરમાસથી કરશે, પણ તે તમને અંતઃકરણથી મારવાના ઇરાદાથી આવશે. આવે ત્યારે તમે તેને ઓલખી શકો માટે હું તમને જણાવુંછું જે તે ઉંચો છે, અને કાલા ભમર જેવા બાલ અને લાંબી મુછો ધરાવે છે. વાત કરવામાં બહુ સભ્યતા દેખાડે છે એવો એક ગ્રહસ્થ તમને મલવા આવે તો ત્યાં ઉભું રહેવું નહીં, તેમાં તમારી સલામતી છે.

હું છું એક તમારૂં ભલું ચાહનાર.

"આ કાગજ તેણીના મરણની એક સેજ અગાઉ કોઇ ઘાની લઇ આવ્યો હતો તે તેણીની ઘરવાલીએ લઇને જયારે તેણી દુકાનેથી સાંજે પાછી ફરી ત્યારે આપ્યું હતું. તે વાંચીને તેણી બહુ ચિંતાતુર થઇ હતી અને બીજે દિવસે મરણ પામી હતી, અને તે ઉપરથી માનવાને કારણછે જે તેણી હેબત ખાઇને મરણ પામી હતી"

"ખબર કાઢવાપરથી માલમ પડયું કે તેણી મરણ પામી પછી ત્રણ કલાકે એક અજાણ્યો શખ્સ તેણીને માટે પુછતો આવ્યો હતો, અને જયારે તેને કહેવામાં આવ્યું કે તેણી મરણ પામી છે, ત્યારે તે એટલો તો અજાયબ થયો કે આગલ ઉભેલાં સર્વે જણને તે અજાયબ થયો એમ લાગ્યું. તેનું નામ તેણે કહયું નહીં, પણ તે ઉંચો જેવો, સારા દેખાવનો હતો, અને તેના બાલ કાલા ભમર જેવા અને તેની મુછો મોટી મોટી હતી, તેમજ તે બહુ સાલેસ લાગતો હતો."

આ સઘળા રીપોર્ટપરથી પોલીસ એવાં અનુમાન ઉપર આવી કે જે છુપા ગ્રહસ્થ વિષે દરેક રિપોર્ટમાં ઇસારો છે તે એકજ છે અને તેનો દરેક કામમાં હાથ હોવો જોઇએ.

ડિટેકટિવોને એ ગ્રહસ્થની ખોલ કરવાનું સોંપવામાં આવ્યું.

પ્રકરણ ૮.

રોડરીગીસ.

ડી સુઝા પોતાની દુકાનમાં હવે ધ્યાન આપતો હતો નહીં. ચીતાર પાડતાં પાડતાં તે વિચારમાં ને વિચારમાં એક હાથમાં પેનસીલ લઇ અને બીજો હાથ માથે દઇને બેસતો, તેમાં કલાકના કલાક નિકલી જતા હતા.

ઉપલા બનાવને ત્રીજે દિવસે તે પોતાના એજ વિચારમાં બેઠો હતો, અને પોતાની માશુકની અચચુચ જુદાઇનો વીલાપ કરતો હતો તેટલામાં રોડરીગીસ દુકાનમાં દાખલ થયો. તે હજી દાખલ નહીં થાય એટલામાં તો ડી સુઝાએ તેને એક પછી એક બધામલીને પાંચ સવાલો પુછ્યા. કેમ કાંઇ પતો! જેનીનો શું પતો! પરેરા મલ્યો? કેમ કાંઇ નવા સમાચાર? કાંઇ વધુ ખુલાસો?

"અરે બાપુ, કાંઇ ખુલાસોબી નહીં, ને કાંઇ પતોબી નહી. વીસ વીસ ડિટેકટિવો એ બાબદની તપાસ કરે છે. ધિરજ ધરો. અમારા જેવી ધિરજ તમારાથી નહી ધરાય. લાવો મને ઉતાવળ છે, પેલી સબી તમે ચીતારી છે તે જરા જોવા દેવો, અને તમને અડચણ નહી હોય તો એ હું મારી પાસે રાખું."

"બેલાશક, બેલાશક, પણ જુવો, એમાં બેઠેલી બાનુ કેવી ખુબસુરત અને કેવી ફરેસ્તા સમાન છે! વાસ્તે એ સબી બધા ડિટેકટિવના હાથમાં ના આપતા! કોઇ કેવો બદમાસ ને કોઇ કેવો. મને એ સબી કોઇના હાથમાં મેલવા ગમતી નથી, પણ તમને હું ના પાડી શકતો નથી."

"વારૂ તમે પેલા ડી પરેરા, જે. તમે કહોછ કે પેહેલે દાહાડે આવીને ચાલી ગયો, તેજ પરેરા હશે, તે વારૂ કેવો હતો? તેની ચીઠી બી મને આપો."

"ઊંચો,* મોટી મોટી મુછો, દેખાવમાં અલબતાં ગ્રહસ્થ પણ કાંઇ ચેહરો એવો નહી હતો જેથી વધારે ખેંચાણ થાય."

"અહીં વળી જરા મતફેર છે. ફિકર નહીં. પણ તમે તેને એકવાર દીઠો છે એટલે તેના ચેહરાનો કાંઇ ખ્યાલ કાગજ ઉપર ચીતાર પાંડીને આપી શકશો તો સારૂં."

ડી સુઝા ચીતારાએ એકવાર એક માણસને દીઠું તો તેની ગેરહાજરીમાં તેનો ચેહરો આબેહુબ પાડી શકતો હતો. એકવાર

દીઠેલું માણુસ એવું તો તેની નજરમાં રમી રહેતું હતું કે તેનો પચીસ દિવસ પછી પાડેલો ચેહરો સામા ધણીને પુરતો ખ્યાલ આપી શકતો હતો. આ પ્રમાણે કહેવાતા પરેરાનો ચેહરો પાડવામાં ડી સુઝા રોકાયલો હતો તેટલી વાર રોડરીગીસ, જે પણ ડી સુઝાથી ઉતરતો ચીતારો હતો, પણ જે ચીત્રકલામાં કાંઇક માહીતગાર હતો, તે જેનીના પીકચરમાથી પોતાની નોટબુકમાં ચીત્ર પાડી લેવામાં રોકાયલો હતો!

જેનીનું અને પરેરાનું ચીત્ર ગજવાંમાં મેલીને રોડરીગીસે પોતાના મિત્ર ડી સુઝાને શેકહેન્ડ કીધી અને કહયું, મને એજ કામ સંબંધી જવું જરૂર છે વાસ્તે વધુ વાર બેસી શકતો નથી.

"લઓ આ પરેરાનું કાગજ, અને જલદી જાઓ, જાઓ, જેમ બને તેમ ખબર કે પતો મલે તો મારા જીવને કરાર થાય."

ડી સુઝા ચીતારો જાણે કે રોડરીગીસ કયારે પટે ને જઇને શોધ ખોલમાં મંડે, પણ ડિટેકટિવ દાદાઓ અજબ થંડા રહેછે. તે ભવાં ચઢાવી નંખ કરડતો દરવાજામાં ઉભો અને વિચાર કરે છે તેટલાં જે બાનુની ખ્યાલી સબી ડી સુઝાએ પાડી હતી તે સબી ઉપર નજર પડતાં તે બોલ્યો,

"ઓહો, એ લુસી પીન્ટોની સબી તમે ઘણી ફકડ પાડોછે!"

"એ લુસી પીન્ટો કે કોણ તે હું નહીં જાણુંછ. મી૰ આલબુકર્કને ત્યાં મેલાવડો હતો ત્યાં મેં એ બાનુને દીઠી હતી. મને તેણીનો ચેહરો ચીત્ર પાડવા લાયક જણાયો તેથી મેં ધ્યાનમાં રાખીને એ પાડી લીધો છે."

"હશે, એને હું ઓળખુ છું. એ મી૰ પીન્ટો વકીલની છોકરી લુસી છે."

"તમે એને ઓળખોછો?"

"હા, હું જાણું છું સાહેબ, મહેરબાન."

જરે ઉભા રહેવો. જ્યારે તમે એને ઓળખોછો ત્યારે તો આ આપણી બાબદમાં એ બાનુનો પણ કાંઇક ભાગ છે. ત્રણ વાગતે પેહલે દાહડે હું જેનીને ત્યાં ગયો હતો તેવારે મેં એજ બાનુને જેનીના દેખાતા મુવેલાં શરિર ઉપર ફુલ પાંથરતી દીઠી હતી."

"ત્યારે જેની એ લુસીની સગીવાહલી થતી હશે."

"તે તો કોણ જાણે. એ બાનુ તરફ હું અજાયબીથી ટીકતો ઉભો હતો તેટલામાં તો તેણી ચાલી ગઇ."

"પણ જેની સાથે તમે વાત કીધી તે વારે તેણીની આગલ આ બાનુ સંબંધી કાંઇ વાત કીધી હતી કે નહીં."

"હા, કીધી હતી. પુછ્યું હતું, પણ જેનીએ કહયું કે હું તે કોણ તે ઓળખતી નથી. કદાચ મારાં માયજીની સહી હોય તો કોણ જાણે.' એમ તેણીએ કહયું હતું."

"ઠીક છે એ વાત તમે મને કહી રાખીછે તો સારૂં. કેટલીક બાર નજીવી બાબદો ઉપરથી મોટા કેસનો પતો મલી શકે છે, વાસ્તે કોઇપણ નજીવી બાબદ હોય તે મને કહયા વિના રેહેવું નહીં."

"તમારા રિપોર્ટ પ્રમાણે સઘલી જેનીઓ પરેરાનો ભોગ થઇ પડી છે," થીતારો બોલ્યો.

"હા, તેમજ લાગે છે. પણ અમે થોડી બાબદોને આધારે કદી એક વાત ખરી માનતા નથી, વાસ્તે જ્યાંસુધી દરેક રીતે ચોક્કસ બાતમી મલે નહીં, ત્યાંસુધી અમે કોઇપણ અનુમાન ઉપર આવીશું નહીં."

"પણ મને તો લાગે છે જે, એ પરેરા ફક્ત જેની ઉરફે મેરી ફરગાટીની પછવાડે લાગ્યો છે અને બધી જેનીઓની પછવાડે લાગવાને તેની પાસે કારણ શું હોય તે આપણે સમજી શકતા નથી! તે એક જેની સાથે પ્યારમાં હોય ને તેની પછવાડે ભમતો ફરે. બધી સાથે તો તે નહીં પરણવાનો હોય કે બધીઓ પાછલ રખડે, ને તેને બધીઓને મારી નાખવાની મતલબની શો હોય? નહીં! એતો મારાં ધ્યાનમાં નહીં આવતું. કદાચ કાગનું બેસવું ને તાડનું પડવું હોય. એમ ઘણીવાર સંજોગ થઇ પડે છે."

"કાંઇ હમણા કહેવાય નહીં. જોઇશું, થોડો ઘણો ભરમ હાથ લાગેલો દીસે છે, પણ અમારો નિયમ હોય છે જે અમે અધુરી બાબદ હોઠની બાહાર જવા દઇએ નહીં. વાસ્તે હાલ તો હું જાવું છું. સાહેબ મહેરબાન."

પ્રકરણ ૯.

સ્કુલવાલી જેની રૉજસ.

ડિટેકટિવનું મત એ હતું કે જે જેની રૉજસ સ્કુલમાંથી નાહસી ગઇ તે પરેરા સાથે નાહસી ગઇ હોય નહીં, અને ડિટેકટિવની આ તર્ક ખરી પડી.

મિસ જેની જે માસ્ટરણને ત્યાં ખાતી પીતી હતી, તેની તરફથી પોલીસ અમલદાર રોડરીગીસ ઉપર એક કાગજ આવ્યું કે જેની આજ રોજે પાછી ફરી છે, અને જો પોલીસને કાંઇપણ તેણીને પુછવાપરથી કરવી હોય તો મારે ઘરે આવજો, જ્યાં હું જેની સાથે તમને મુલાકત કરાવીશ.

આ કામને માટે રોડરીગીસે એક બુઢા ડિટેકટિવને પસંદ કીધો, જેણે દેશ ખાઈને દરવાજા ગાંઠે બાંધ્યા હતા.

તે પેહલાં જઈને સ્કુલ માસ્ટરણને મળ્યો, જેણીની સાથે થોડી-વાર વાત કરયા પછી તેણીએ એક ઓરડો દેખાડ્યો જ્યાં જેની બેસીને વાંચતી હતી.

“આ જેની રૅાજરસ, તમને વાત કરવી હોય તો સુખેથી વાત કરો” એમ કહીને તેણી ઓરડામાંથી ચાલી ગઈ. અને બુઢા ડિટે-કટિવ દાદા અને જેની રૅાજર્સ એકલાં પડયાં.

“તમે કોણ?” એમ કહી તેણીનો રંગીલો અને કોકટખોરો ચેહરો ગભરાટમાં બદલાઈ ગયો.

“બીહશો નહીં. એક તો હું તમારૂં ભલું ચાહનાર છું, અને વળી બીજું એ કે હું બુઢો છું અને દુન્યાનો પુખ્ત અનુભવ મેલવી ચુકયો છું, અને તેથી બીનઅનુભવીઓ તરફ દયા અને માયાથી જોનાર છું.”

જેની જે ગભરાટમાં ઉભી થઈ હતી અને તેણી ત્યાંથી જતી રહેવા માંગતી હોય એમ લાગતી હતી. તેણી બોલી,

“પણ હું તમને ઓળખતી નથી. હું તમારૂં નામ પણ જાણતી નથી. અને તમે મારી ઉપર દયા શા માટે કરવા આવ્યા છો?”

તેણીનું હૈયું ભરાઈ આવ્યું, અને ગમે તે કહો, પણ અબલા જાતી હોવાથી ઝાઝું બોલી શકી નહી.

“હું દયા દેખાડું છું તેનું કારણ એ કે માણસને મોટામાં મોટું દુઃખ વીશ્વાસઘાતથી ઉત્પન થાય છે, અને તેવું દુઃખ તમને ઉત્પન થયું છે. ઉભાં રહો, જાવો ના, બેસી જાઓ મને ઘણી વાત કરવી છે.”

ડિટેક્ટિવ દાદા એક બાપ સમાન પ્યાર દેખાડી ઘણા નરમાસથી વાત કરતા હતા તેથી ધિરજ પકડીને જેની બેઠી.

"તમને તેણે મોકલ્યા છે શું ? શું તે પસ્તાયો શુ ?" તેણી બોલી ઉઠી.

તેણી દુન્યાદારીથી અંજાણી હોવાથી એમ સમજી કે તે શખ્સે પસ્તાઇને આ ગ્રહસ્થને પેગામ આપી મોકલ્યો હશે.

"નહીં નહીં ! મેં સજ્જડ ભૂલ કીધી છે. બનશે નહીં. ! મને જવા દો" તેણી બોલી.

આ છોકરી ઝાઝી ખુબસુરત હતી નહી. અલબતાં તેણીનો બાંધો અને તોડ અને લટકો કાંઇક ખેંચાણ કરનારાં હતા. સામટી રીતે તેણીનો દેખાવ ઠીક હતો.

ડિટેક્ટિવ દાદાને તેણીને સમજાવીને બેસાડતાં બહુ મુશકેલી પડી.

તે ડિટેક્ટિવ કાંઇ આજકાલનો નવો ન હતો એટલે તેને શીખવવો પડયો નહીં.

"બાનુ, હું મુગો બેઠો છું કારણ કે હું જવાબ આપું તો તમે દલગીર થશો. હું તમે જેને વિષે બોલો છો તેની તરફથી આવ્યો નથી પણ જો તે તમને ફરીથી મલે તો તેને પુછી લેજો કે જેની રૅાજર્સ નામની કેટલી છોકરીની પછવાડે લાગી રહયો, અને હજી કેટલી બાકી છે, અને પોલીસમાં ઘસડાશે ત્યારે બધી મલીને તેઓની કેટલી સંખ્યા થશે."

"એ તમે શું બોલો છો ?" જેની આ સાંભલી ચોંકી ઉઠી.

ડિટેક્ટિવે અચ્છી ઢબથી આ છોકરીની જીગ્નાસા ઉત્પન કીધી. તેણી હવે વધારે વાત કરવા અને વધારે ખુલાસો મેલવવા તત્પર થઇ.

"તમે કોણ છો ?"

"હું છુપી પોલીસનો અમલદાર છું. પોલીસમાં મારો જનમારો ગયો છે. હું તમને કહું છું જે તે શખ્સ લુચ્ચો છે. એવા એક લુચ્ચા શખ્સના હાથમાંથી તમે સેહજ બચી ગયાં છો."

"બાપરે!" એમ કહી જેનીનો ચેહરો તહરેવાર રંગરૂપ પકડવા લાગ્યો. અને તેણી ડિટેકટિવ દાદા તરફ ડોળા રાખીને ટીકી ટીકીને જોવા લાગી.

"નહીં નહીં! લુચ્ચો તો નહીં લાગતો હતો. કદાચ તમારી ભૂલ હશે. મને સતર વરસ છે પણ હું એટલી ભોટ નથી કે સારાં અને લુચ્ચાં માણસો ઓળખી નહીં શકું," જેની બોલી ઉઠી.

"તે શખ્સનું નામ શું?"

"તમે નામ ના પુછો."

ડિટેકટિવને કાંઇ પૂછવું પડે? નામ નહીં કહે તો નહીં. બીજી તાલતલાવટથી નામ જાણીશું એમ વિચાર કરીને તેણે પોતાનુ કામ આગલ ચલાવ્યું.

"જુવો બાનું, વાંચો આ હેવાલ. એક શખ્સ જે જેનીરૉજસ નામની છોકરી પાછલ લાગ્યો હતો તેને વિષે એ છે. જેઓએ તેને દીઠો હતો તેઓ કહેછે કે તે ઉંચો અને મોટી મુછોવાલો, વાત કરવામાં બહુ સભ્યતા દેખાડે છે, ઉમરે તે ત્રીસ વરસનો લાગેછે, દેખાવે ઘણો રૂપવાલો નથી, તોપણ ઘાટઘટમ ઠીક છે, અને તે એવા મકકમ મગજનો અને દૃઢ સ્વભાવનો છે, જે બાહારથી લુચ્ચો છે એવો કદીપણ લાગતો નથી. એ ગ્રહસ્થ સાહેબનું નામ અમને પણ હજી ખબર નથી."

ડિટેકટિવે તે કાગજ વાળીને ગજવામાં મેલ્યું, અને બીજું કાઢયું. જેની તેની તરફ ટગર ટગર જોયાજ કરતી હતી.

"આ કાગજમાં બીજો હેવાલ છે. બીજી જેની રૅાજસ નાંમની છોકરી જેની બીચારી એક દુકાનમાં વેચવા ઉપર હતી, તે ઘણી ગરીબ અને આબરૂદાર હતી, તેના સંબંધમાં એવાજ દેખાવનો અને એવાજ વર્ણનનો એક ગ્રહસ્થ પાછલ લાગ્યો, જેથી તેની ઘભરાટમાં ધાસ્તી ખાઇને મરણ પામી." ડિટેકટિવ પોતાની કરામત આ પ્રમાણે આગલ ચલાવતો હતો.

"તમે કોઇ એવા હેવાલને મલતો ગ્રહસ્થ જોયોછે?" એમ કહી ડિટેકટિવ જેની તરફ જોવા લાગ્યો.

"મને પુછો ના. તમારા બોલવાપરથી હું ગભરાટમાં પડી છું. અને અજાયબ થઇછું. જેની રૅાજસના નામમાં એવું તે શું છે જે બધી એ નામની છોકરી પાછલ તે લાગ્યો છે! નહીં, નહીં, મને નહીં લાગતું કે એ બધું સાચું હોય. તમે મને એમ હમબગ કરવા તો નથી આવ્યા?"

"તમારી માસ્ટરણ મને સારીપેઠે ઓળખેછે. તમારાં સગાવાહલાંઓએ તમને એ માનવંત બાનુનાં હાથમાં સોપ્યાં છે, અને તમે ધારોછો કે હું જુડો હોવું અને તમને ખાલી હમબગ કરવા આવ્યો હોવું, તો એ બાનુ મને તમારી સાથે એકલો વાત કરવા દએ?"

"ત્યારે શું હું પણ એક લુચ્ચાનો ભોગ થઇ પડી હતી કે? બસ, હું મારાં કુઇને ગામ હવે જતી રહું!" એમ આ જેની, ગભરાટમાં શું કરવું તેનો વિચાર સુઝ ન પડવાથી છેવટે મુંબઇથી જતી રહેવાનો વિચાર કરવા લાગી.

ડિટેકટિવે જોઇ લીધું કે આટલી વાતથી જેનીનો જીવ ફરતો હતો, તેથી તેણે આસ્તે આસ્તે અને ધિરજ આપી આપીને વાત કરવા માંડી.

"ફિકર કાંઇ નથી. ફક્ત. તમે જો અમને તેનું નામ નિશાન આપો તો તેને અમે બરાબર ફેજે પુગાડયે."

"આહા ! ખચ્ચીત તેને સજા થવી જોઇએ."

"ત્યારે અમે જે પુછયે તે ખરેખરૂં કહો તો તેમ બને. નહીં તો કેમ બને ?"

"પણ તમે મને પોલીસમાં બોલાવો અને મને બધા જોય તો મારી આબરૂ જાય. નહી બા હું કાંઇ પોલીસમાં આવું નહીં."

"બીલકુલ નહીં, તમને પોલીસમાં આવવાની કાંઇ જરૂર નથી. હું તમને વચન આપું છું જે બનતા સુધી આ વાત જાહેરમાં આવે તેમાં તમારૂં નામ નિશાન છુપાવવામાં આવશે."

"અરે હું શું જાણું કે તે લુચ્ચો છે! હજી પણ હું ધારૂં છું કે આમાં કાંઇ ભૂલ છે. તે માણસ તો ઘણુંજ આબરૂવાળું લાગતું હતું. તે મારી ઉપર ઘણીજ મીઠી નજરથી જોતો હતો અને તેમાં તેની મતલબ બુરી હોય એમ હજી મને લાગતું નથી. જ્યારે મને આ ચીઠી મલી ત્યારે તેની ઉપર ભરૂસો મેલીને હું તેને મલવા ગઇ. આ કાગજ મલવા અગાઉ મારી અને તેની વચ્ચે કાંઇ વાતચીત કે મુલાકાત થઇ ન હતી. ફક્ત અમે એક બીજાં ઉપર દૂરથી નજર કરતાં હતાં તેજ."

કાગજમાં નિચે પ્રમાણે લખેલું હતું:—

"વાહલી અને ખુબસુરત જેની રૅાજસ,"

તારા અને મારા વચ્ચે આજ કેટલો વખત થયો પ્રિત બાઝી છે, તોપણ આજ દિવસો થયા આપણે હજી એક શબ્દ પણ વાતચીત કીધી નથી. વાહલી હું તને મલવા માગું છું, જેથી તું અને હું લગનના પવિત્ર ગાંઠથી જલદી જોડઇએ અને તે વિષે બંદોબસ્ત

કરીએ તેનો વિચાર ચલાવ્યે. એ કામ માટે તું ખંડાલેના હોટેલમાં આવશે તો હું ત્યાં મલીશ. આ કાગજ કોણે લખ્યું છે તે તું સમજી શકશે કારણ કે આંખની ઇશારતથી તારા અને મારા વચ્ચે પ્યાર જાહેર થઇ ચુકયો છે."

આ કમનસીબ છોડી ડિટેકટિવને પુછવા લાગી, "બોલો સાહેબ, મારી ચાલમાં ખરાબ કાંઇપણ છે? દરેક કુંવારીકાને પોતાના મનને ગમતો ભરથાર મેલવવાની હોંસ રહે છે, અને તે પ્રમાણે મને પણ હતી. હું મારા ખરા જીગરથી તેને ચાહવા શીખી હતી. મને શી ખબર કે તે એવો લફંગો છે! હું કોઇ દાહડે મુંબઇની બાહાર એકલી ગઇ હતી નહીં, તે છતાં મારાં ભવિષ્યના સુખના વિચારથી હું તેને એકલી ખંડાલા સુધી મલવા ગઇ. ત્યાં તે મલશે એવી મને આશા હતી. હું રસ્તો નહીં જાણુતી હતી તે છતાં પુછી પુછીને હૉટેલમાં ગઇ. પણ હોટેલવાલાએ કહયું કે એવો કોઇ શખ્સ છેજ નહી. હું આખો દાહડો ત્યાંજ રહી ને મેં ત્યાંજ ખાધુ, અને રાહ જોઇ કે જોઇએ આખા દિવસમાં તે આવી પુગેછે પણ તે આવ્યો નહીં, ત્યારે હું સ્ટેશન તરફ ફરી અને પાછી અહીં આવી."

"તમારી વાત સાંભલી મને તમારી બહુ દયા ઉપજે છે! એ બદમાશને પકડી તેને ઘટતી સજા કરાવીશ જેથી તમો ખુશી થશો."

"બસ એ બધી વાત. હું બીજું કાંઇ જાણુતી નથી."

"કદાચ તે તમને પાછો મલે તો તમે તેને પુછશો કે આવી લુચ્ચાઇ શા માટે કીધી?"

"નહીં નહીં, હું હવે ઘરમાંથી એકલી બાહાર કદી નહીં જાવું એક શખ્સ જે બાર બાર જણ ઉપર નજર રાખે, તેવા લુચ્ચા તરફ

મને જોવું પણ લાજમ નથી. અંહ! બીજું હું કહેતાં ભુલી ગઇ. મારી ઉપર આવેલા કાગજમાં એક કાર્ડ હતો."

"કાર્ડ! ત્યારે તો તે તેના નામનો હશે! કયાં છે?"

જેનીએ તે કાર્ડ શોધી કાહાડીને આપ્યો જે જોઇ જોઇને ડિટેકટિવ દાદાએ ફરી ફરીને પુછ્યું કે આ કાર્ડ ચીઠીમાંજ હતો કે તમારી કાંઇ ભૂલ છે?

"નહીં નહીં ભૂલ કેમ. એ કાર્ડ ચીઠીમાંજ હતો, અને એ તેનું નામ છે એમ મારી ખાતરી છે."

"હોય! મારી જીંદગીમાં નવાઇ જેવા કેસો પણ બન્યાછે અને આ પણ તેવો એક હોય!" ડિટેકટિવ ઘણા વિચારમાં પડીને બોલ્યો.

"તમે કેમ જાણો કે એ કાર્ડ તેનાજ નામનો છે."

"ઉભા રહો" એમ કહી ખાનું ઉઘાડીને જેનીએ એક સીગરેટ મુકવાની રૂપાંની દાબડી કાઢી, અને ડિટેકટિવના હાથમાં મેલીને કહ્યું "જુવો એની ઉપર નામ અને કાર્ડ ઉપર નામ એકજ છે કે જુદું?"

"એકજ છે. એ કયાંથી? એ કોની?" એ પ્રમાણે ડિટેકટિવ પણ અજાયબ થઇ પુછવા લાગ્યો.

"એક દિવસ હું દૂરથી મારી સહી સાથ દરિયે ફરતી હતી ત્યારે તેણે મને દૂરથી આવતાં જોઇ, અને આ દબ્બીમાંથી સીગરેટ કાઢવા જતો હતો, પણ વિવેકથી વાકેફ હોવાથી, તેણે મારા સાંમે જોવાનુ ચાલુ રાખ્યું, પણ ધ્રુજતા હાથે દબ્બી ગજવામાં પાછી મુકવા ગયો, પણ તે દબ્બી ગજવામાં પડવાને બદલે રસ્તામાં પડી, તેનું તેને ભાન રહયું નહી. તેણે ત્યાંથી આગલ ચાલવા માંડયું, ત્યારે પાછલ ચાલતાં એ દબ્બી ઉપાડીને મેં મારી સાથે રેહવા દીધી."

"ઠીક છે! મારી સાથે થયલી વાત તમે અને હું જાણું, કે એક આ તમારી માસ્ટર જાણે" એમ બોલી તેણે પાસેના ઓરડાનું બારણું ઉઘાડી મેલ્યું, જ્યાં પેલી માસ્ટરણને ખાસ ઉભી રહીને સાંભળવા ડિટેકટિવે અરજ કીધી હતી.

"કેમ બાઇ સાહેબ તમે બધું સાંભળ્યુ? આ છોકરી તદન નિર્દોષ છે, અને નાદાન હોવાથી અને એની ઉમેદમાં આટલું બન્યું છે હું નહીં ધારતો કે હવે એણી તેની ઉપર ઝાંખી નજરે પણ જોય."

"મિસ જેની, હું તમને તાકીદ આપુચ્છું જે આ દબ્બી ઉપરનું નામ તેમજ કાર્ડ ઉપરનું નામ મને કહ્યું તે સિવાય બીજા કોઇને પણ કહેશો નહીં, સાહેબ મહેરબાન."

પ્રકરણ ૧૦.

વળી એક બીજી જેની.

રોડરીગીસ પેલા બુઢાજી ડિટેકટિવ દાદાની વાટ જોતો આરી-માં બેસી રહયો હતો કારણ કે તેને કાંઇ વધુ બાતમી મળી હતી, અને બધી વીગતો ઉપરથી સાર શું ઉપજાવી કાઢવો તેનો તોલ કરતો હતો તેટલામાં બુઢાજી દાખલ થયા.

"મી૦ કોડરૂસ આ કેસ તો એક ગુંચવણમાલા જેવો છે! વળી એક બીજી જેની વિષે મને ખબર મળી છે, પણ તેણીની પાસે જે ગ્રહસ્થ ગયો તેનો દેખાવ આપણને મળેલી વીગત ઉપરથી જુદોજ દેખાય છે, અને તેનું નામ પણ જુદુંજ છે."

"નામ! તમારો સેવક પણ નામ મેલવી શકયો છે. આ નામ કે બીજું?" બુદ્દાજી હરખાઇને કાર્ડ દેખાડવા લાગ્યા.

રોડરીગીસ આ કારડ જોઇને બોલ્યો, "ખચ્ચિત આથી મને ગુંચવાડો ઉભો થાય છે."

રોડરીગીસ કેટલીક વાર ટેબલ ઉપર આંગલાના ટકોરા મારતો અને મોઢેથી સાસોટી વગાડતો ભવાં ચઢાવી વિચારમાં બેઠો.

"એમજ હોય તો એ માણસ આપણા હાથમાં છે, અને એને શોધવા જવું પડે એમ નથી" કોડરૂસ બોલ્યો.

"નહીં નહીં, એમાં પણ કાંઇ ભૂલ હશે. મારા માનવામાં નથી આવતું પછી તો કોણ જાણે!"

"ભૂલ જેવું તો નથી લાગતું, કારણ કે એ ધણી પેલી સ્કુલમાંથી નાહસી ગયલી છોકરીને રસ્તે વાટે મલતો હતો, અને તેનું નામ એજ છે એમ ખાતરીપૂર્વક સાબેતીથી પૂરવાર થાય એમ છે."

"એ સાંભળીને ઘણો દલગીર છું" રોડરીગીસ બોલ્યો.

"અને દેખાવ પણ મલતો આવેછે. ઉંચો, મોટી મોટી મુછ, દેખાવમાં ગ્રહસ્થ જેવો, વગેરે સઘલું મલતુ આવેછે"

"ખરૂં, પણ બીચારો કમનસીબ!" રોડરીગીસ બોલ્યો.

"ખચ્ચિત, હું પણ દલગીર છું. પણ સાચી વાતને કાંઇ બાજુ મેલાશે!"

રોડરીગીસે માથાના ધણુકારાથી પોતાની દલગીરી જાહેર કરયા કીધી.

રોડરીગીસ જેવો પકકો અનુભવી શખ્સ માણુસાઇ ખવાસ ઉપર ભરૂસો રાખી શકતો હતો, પણ આ વેળા તે પોતે વિચાર કરવા લાગ્યો કે "માણુસાઇ ખવાસ ઉપર ભરૂસો કેવી રીતે મેલી

શકાય ? ત્યારે શું દુન્યામાં ભરૂસો મેલી શકીએ એવાં માણસો છેજ નહીં ?"

આ વાત પછી રોડરીગીસ પોતાની જગ્યે જઇ નવી જેની વિષે મલેલી વીગત ઉકલાવતો હતો.

બીજી જેની વિષે પોલીસને ખબર મલી હતી, તે જેની પોતે સ્કુલ માસ્ટરણ હતી. એક દિવસ તેણી સ્કુલમાંથી પાછી ફરી તેવારે હમેશાં કરતાં ઘણાં ખુશ મીજાજમાં આવીને બેસીને ચોપડી વાંચતી હતી. આ જેની પુખ્ત ઉમરે પુગેલી હતી તોપણ કુંવારી હતી. નાનપણમાં કાંઈ દુઃખથી તેણીના એક પગની નસ ખેંચાઇ જવાથી તેણી એક પગે ખોડાતી હતી, અને તેથી તેણીનો ઉઠાવ હજી થયો હતો નહી.

તે દિવસે એક ગ્રહસ્થે દાખલ થઇને મિસ જેનીના હાથમાં એક ભલામણ પત્ર મેલ્યું હતું, અને તેણીની સાથે એવાત કરવા ખાહેશ દેખાડી,

"જો તમને અડચણ નહીં હોય તો એકાદ બે સવાલના જવાબ આપવાનો કંટાળો આપું ?"

કંટાળા જેવું જેનીને કાંઇ હતું નહીં. તેણીએ ઉલટી હસીને જવાબ આપ્યો, અને હસવાથી ગાલમાં જે બે ખાડા પડયા તેથી તેણીનો ચેહરો જોઇ તે આનંદ પામ્યો, અને તેણીની નજદીક જઇને બેઠો.

"મિસ રૉજર્સ મને એક અગત્યનું કામ છે. મારા એક મિત્રને માટે એક ગવરનેસ જોઇએ છે, જેણી બે નાનાં છોકરાંને કેલવણી આપી દરેક પ્રકારે મનમાનતી રીતે બાવજત કરી શકે એવી જોઇએ. તે ગ્રહસ્થ બરમાં જાય છે, અને તેની સાથે તમારે જવું જોઇએ. અલબતાં તમોને મોંહ માગતો પગાર આપવામાં આવશે, અને

માન ઇજ્જતથી તમારી સાથે વર્તવામાં આવશે. વળી તમારા હાથ નિચે એક આયા રાખવામાં આવશે."

"મેહરબાની કરીને આ વાત માંડીવાળો. મારાં બુઢાં માય જીને હું ક્યાં મુકી જાવું? દરરોજ રાતે હું એમને કોટી અને ચુમી લઇને સુવા જાવું છું. તેમ પછી ક્યાં કરૂં! નહીં નહીં! મારાં માયજીને મેલીને તો હું નહીં આવું. બીજી વાત કરો."

આ ઉપલો સઘલો હેવાલ પોલીસને મલ્યો તે જેનીના મોંઢેથી મલ્યો હતો એમ ન માનવું. પોલીસને આ બધી વાત તેણીની માસીએ કહી હતી, જેણી પાસેના ઓરડામાં બેસીને સીવતી હતી, અને જેણીએ તેમના વચ્ચે થયલી સઘલી વાત સાંભલી હતી. તેણીની માસી કહેછે જે પોતાની માય તરફ જેનીનું હેત ઘણુંજ હતું, અને માયને ખાતર ના પાડી, તે વારે તેણી એટલી તો પૂર જોસમાં આવી ગઇ હતી, કે પેલો આવેલો ગ્રહસ્થ તેણીની ઉપર બહુ પ્રસન્ન થયો હોય એમ લાગતો હતો અને તેણે પણ કહયું:—

"તમારાં માયજી ઉપર તમારૂં ઘણું હેત છે એમ મને કહેવામાં આવ્યું તે હાલ ખરૂં પડેછે. મને ખબર આપનારે તમારા સદગુણોનું વર્ણન ઘણું કમી કીધેલું દીસેછે. નેક, સાચાં, અને સુધ્ધાં માણસ ઉપર ખુદાની રેહેમ ઉતરે છે, અને તેથી આજ રોજે હું ખુશી થઇને તમને કહું છું, જે તમે જે ચાહો અને તમે જે માગો તે ઇચ્છા પૂરી પાડવા અને માગો વે આપવા હું તૈયાર છું."

"એક કુમારી છોકરીને શું શું જોઇએ તે તમને ખબર નથી?"

"કદાચ ખબર નહીં હોય, પણ તે તમે જણાવશો તો હું ખુશી થઇશ," તેણે જવાબ આપ્યો.

આ ઉપરથી વળી તેણી હસી, અને હસતાં તેણીના ગાલમાં ખાડા પડયા, તેથી વળી પેલાની નજરમાં મનહર લાગી.

તેણી બોલી:— "એ શું નાટક! મારા મનની મુરાદ કહું! અને તે પણ એક પારકા શખ્સને! નહીં નહીં! તે પોતે મારા મનના વિચાર વરતી શકતો હોય, તોપણ હું પોતે મારાં મોંઢે તો કદી નહીં કહું."

તે ગ્રહસ્થે હસીને જવાબ આપ્યો, "હું પોતે તમારા મનના વિચાર વરતી શકું છું. ગમે તો મારી પરિક્ષા લેવો."

"અંહ? તમે વરતી શકશો?"

"તપાસી જુવો."

"અરે! તપાસવાનું મારૂં કેવું મન થાય છે!"

પેલો ગ્રહસ્થ મુછમાં હસ્યા કીધો પણ કાંઇ બોલ્યો નહીં.

"ત્યારે હું કાંઇ માગી લેવું?" તેણી બોલી.

"ઉલટો હું તમને કાલાવાલા કરૂં છું જે સુખેથી માગી લો."

"ઠીક ત્યારે મને—મને દુન્યા સંસાર ભોગવવાની ખાહેશ છે." એમ બોલતાં તેણીના મોં ઉપર કેટલું લોહી ધાઇ આવ્યું તેનો ખ્યાલ વાંચનાર કરી લો.'

"હમણાને હમણા?"

"હા, આજે. વાટ કોની જેવી છે."

તે હસીને બોલ્યો, "એટલી બધી ઉતાવલ કરવી ન જોઇએ."

તેણી તેની તરફ જોઇને ઘણા ખુશ મીજાજમાં હોય એમ દિસવા લાગી.

"તમે કાંઇ બીહો ના. તનદેરોસ્તી, છુટાપણું, અને દોલત મને જોઇએછે. મારાં માએને માટે તનદેરોસ્તી—(અહીં તેણીને પોતાના પગની ખોડ યાદ આવી તેથી જરા દલગીર સાદે બોલી) અને મને પણ તનદેરોસ્તી જોઇએછે."

"ત્યારે તમે શું માંદા છો?" પેલાએ આ ઉપરથી ચોંકીને પૂછ્યું.

"હું સારીપેઠે છું, પણ હું ફક્ત એવો વિચાર કરૂં છું." એમ કહી તેણીએ ભૂલ સુધારી.

પેલો ગ્રહસ્થ કાંઇ આ બોલની ઉંડાણ મતલબ સમજી શકયો નહીં.

જ્યાં સુધી તેણી બેસીને વાત કરતી હતી તેટલીવાર તે ગ્રહસ્થના મનથી તેણી એક સરોવરના ઝાડ જેવી સીધી, અને પથ્થર જેવા સંગીન બાંધાની, અને સંગેમરમર જેવા રંગની ચામડીની દેખાઇ.

પણ જે માસીએ પોલીસને ખબર આપી તેણીએ પોલીસને જણાવ્યું કેઃ—

આ પ્રમાણે તેઓ બન્ને જણ જાણે કેટલાંક વર્ષ થયાં એક બીજાં ઉપર હેત રાખતાં હોય, એમ વાતચીનમાં ગીરફતાર થયાં, અને બન્ને જણ એક બીજા તરફ જોઇ જોઇને મનમાં મલકાવાં લાગ્યાં, પણ પોતાની આલબમ દેખાડવા તેણીને ઉઠવું પડયું ત્યારે તેણી લંગડાતી લંગડાતી ચાલી, તેવારે તે ગ્રહસ્થનો દેખાવ તદન બદલાઇ ગયો.

કહેછે કે તુરતજ તેને ઘડિયાલ કાહડયું, અને બોલ્યો "અરે, મનેવખતસર એક ગ્રહસ્થને મલવું છે! સાહેબ મેહરબાન."

"હવે કયારે આવશો?" જેનીએ તેને ઘણી આશાથી પૂછ્યું.

"મારાથી હવે આવવાનું બનશે નહીં—" પણ એકદમ નિરાશ થાય એવો જવાબ ન આપવો એમ દૂરસ્ત ધારીને, પાછલથી

આવેલા વિચારને આધારે તે બોલ્યો, "હું તમને પાછો મલવા ખુશી છું, અને મલવાની તક મલશે તો ચુકીશ નહીં."

એમ કહી તે ત્યાંથી ચાલી ગયો અને ત્યારથી પાછો દેખાયો નથી. કહેછે કે જે મિત્રે ભલામણ પત્ર આપ્યું હતું તે મિત્ર પણ દૂર દેશ જતો રહયો છે. તે ભલામણ પત્ર મોજુદ છે તેમાં એ ગ્રહસ્થનું નામ આપેલું છે, તે સિવાય બીજી કશી વીગત તેને માટે મુલતી નથી.

પોલીસને બીજી ખબર મલી, તે વળી બહુ ગંભીર પ્રકારની છે. જે જેની અચપુચી મરણ પામી તેના ઘરની પોલીસે ઝડતી લીધી હતી; ત્યાંથી ચૅાકોલેટનું પડીકું મલી આવ્યું હતું, અને જુરીનો ડાકટર તે પોતાના ઘરે લઇ ગયો હતો, અને તપાસ કરતાં તેમાં ઝેર છે એમ જાહેર કીધું.

ચૅાકોલેટ એક બાકસમાં ભરેલી હતા અને તે બાકસ ઉપર દુકાનદારનું નામ અને તેની જાહેર ખબર હતી, ત્યાં જઇને પોલીસે ખબર કાઢી ત્યાંથી કહેવામાં આવ્યું કે એક શખ્સે ચૅાકોલેટ લઇ જતી વખતે ઘણો કઢંગો સવાલ પૂછયો હતો કે "એ ચૅાકોલેટ ખાવાથી નુકસાન તો નહીં થાય?"

પ્રકરણ ૧૧.

મેમસાહેબનો નાનો દરવાજો.

કોડરૂસને બીજે દિવસે એ સાહસકર્મ માથે ઉઠાવવું પડયું. એ સાહસકર્મ વિષે પાછલથી જ્યારે પણ તેને પૂછવામાં આવતુ હતું, તેવારે તે ખભાં ચઢાવીને ફકત જવાબ આપતો કે "બા ખુદાને ખાતર એ વાત મને ના પૂછો. હું બુઢો થયો, પણ એવી રીતે થાપ કોઇ દિવસ ખાધી હતી નહીં.

કોડરૂસને આ બાબતમાં એક ચોક્કસ ઓરત ઉપર શક હતો. આગલ આપણે કહી ગયા છીએ જે એક ચોકકસ બુઢાએ રાતના ઉંઘ ન આવવાથી કોઇ ઓરતને એક મરદ સાથે વાત કરતાં સાંભળી હતી, અને તેઓ વચ્ચે વાત થઇ હતી કે એક મહિનામાં સરવે જેની રૉજર્સનો ઘાણ કાહાડી નાખીશ. તે ઓરતને શોધવામાં કોડરૂસ સાહેબ રોકાયલા હતા, અને છેવટે તે ઓરતનો પતો પણ મેલવી શકયા હતા.

તે સડસડાત એક ઘરમાં ચઢી ગયો જ્યાં તેણે એક ઓરતને દીઠી. તેણીએ શોકનો પોશાક પેહરેલો હતો. કોડરૂસને જોઇને તેણી ગભરાયલી લાગી, પણ બુઢાજીએ એવા અખાડા કીધા કે જાણે જાણતા નહીં. ઘરમાં પણ સઘલુ જેમ અને તેમ રખડતું પડેલું હતું તે પણ બુઢાજીએ પંળકમાં જોઇ લીધું, પણ અખાડા બેહદીન કાડરૂસ કરી ગયા, અને કોઇ બોટ જેવા દેખાઇ મુગા ઉભા રહયા.

“તમે કોણ છો? અહીં આવવાનું કારણ શું? રજા વગર અંદર એકદમ ઘુસવાનો તમને હક છે કે?” તેણીએ કોડરૂસ કાકાને તો બરડે પાણી ઉતરે તેવા બોલ કહયા. પણ કોડરૂસ સાહેબ તે ખમી ગયા ને ઠંડે પેટે બોલ્યાઃ—

“મારૂં સાંભળો તો ખરાં. હું તમારા મિત્ર તરફથી આવ્યો છું, (અતરે તેણે તેણીના કાન સુધી મોઢું લગાડીને કાનમાં તે મિત્રનું નામ કહયું.) તેણે મને મોકલ્યો છે અને કેહવડાવ્યું છે જે જેની રૉજસને જઇને કહો કે મારા જીવને સારૂં નથી, વાસ્તે મારાથી મલાયું નથી, પણ તમારૂં કામ કેમ આગળ ચાલેછ તે જણાવજો, અને મારૂં કાંઇ ખાસ કામ પડે તો મને બોલાવજો.”

આ સાંભળી તેણીના મોં ઉપર તહરેવાર રંગો અવાર નવાર બદલાઇ ગયાઃ—

તેણી હાથમાં શ્યાલ લઇને તુરતજ એક નાના બંધ બારણા આગલ જઈ ઉભી અને બોલી:—

"તમે ઠગારા છો! હું કોઈ તમે કહોછો તે નામના શખ્સને ઓળખતી નથી, અને જો તમે અહીંથી જશો નહીં તો સિપાઇને બોલાવીશ."

"હું નહીં ધારતો કે તમે પોલીસને બોલાવવાની હિંમત કરો, કારણકે પોલીસને જોઇને તો ગભરાઇ ગયાં છો. હું તમને પકડવાનું વારંટ લાવ્યો નથી, પણ હું અહી બેઠો છું તેટલામાં વારંટ આવી પુગશે." એમ કહી તેણે પોતાના ગજવામાંથી એક સીસોડી કાહાડી અને ત્યાંજ ઉભો રહીને વગાડી, અને પછી ગજવામાંથી બેડી કાઢીને ટેબલ આગલ હતી તેની ઉપર મેલીને ખુરસી ઉપર બેઠો, અને બોલ્યો, "ઠીક છે, કાયદાસર વારંટ આવવા દો, પછી ઠગારૂં કોણ છે તે માલમ પડશે."

"તમે કોણ છો?" તેણીએ પૂછ્યું.

"હું પોલીસ અમલદાર છું. મારૂં નામ કોડરૂસ છે."

"અહ! હું બારણા અંદર ભરાઇ જાવું પછી તમે કેમ પકડશો?"

એમ કહી તેણીએ એક પળમાં બારણું ઉઘાડયું, અને અંદર ભરાઇ જઇને પાછું બંધ કરી લીધું.

"ઠીક છે, વારંટ આવવા દો પછી બારણું નંહીં ઉઘાડો તો બારણું ભાગવું પડશે, એટલુંજ કે વધુ?"

"બારણું ગમે તો ભાંગો પણ હું તો નથી ઉઘાડવાની."

આસરે અરધો કલાક થયો ને વારંટ લઇને એક સિપાઇ મારતી વિકટોરિયામાં આવી પુગ્યો. કોડરૂસે બારણું ઘણું ઠોકયું પણ અંતે તે ભાગવું પડયું. ભાંગીને અંદર જોયછ તો ઓરડો ખાલી!

તપાસ કરતાં માલમ પડયું કે પાછલો દરવાજો ઉઘાડીને તેણી કોણ જાણે ક્યાં નિકળી ગઇ હતી. એકવાર તેણી હાથમાંથી છટકી તે ફરીથી પોલીસના હાથમાં સપડાઇ નહીં.

જ્યારે પણ કોડરૂસને એ વાત કોઇ યાદ દેવાડતું હતું ત્યારે તે પાંછેરી હીલવીને અજાયબી દેખાડતો, અને કહેતો કે "એના જેવી ઓરત બીજી મલવી મુશકેલ છે!"

પોલીસનો શક મજબુત થયો કે એજ ઓરત પેલી ચોકકસ રાતે રસ્તે બોલી હતી કે એક મહિનામાં જેની રોજસનો ઘાણ કાહાડું.

કોડરૂસે તેણીના કાનમાં જે નામ કહયું તે ખોટું હતું અને તે ઉપરથી તેણી પામી ગઇ હતી કે આ કાંઇ તાગડો છે.

પ્રકરણ ૧૨.

એજ ખુની કે?

બે અડવાડિયાં પસાર થઇ ગયાં. બીચારો ડી સુઝા પોતાના મિત્રને વારવાર લખીને પુછાવતો કે કાંઇ પત્તો મળ્યો કે નહીં. તેનું ધખધ્યાન બસ જેની રૉજસમાં હતું. કામકાજ કાંઇ તેને પસદ હતું નહીં. દોસ્ત આસનાવોથી તેનું મન રીઝતું હતું નહીં. ધરથી દુકાન અને દુકાનથી ઘર એક નામને ખાતર આવજાવ કરતો હતો. જ્યાં બેઠો ત્યાં, અને જ્યાં સુતો ત્યાં, બેઠો બેઠો કે પડયો પડયો વિચારના ઔરંગા મારયા કરતો હતો કે જેની મલશે તો એમ સમજાવીશ, ને જેની મળે તો એમ સુખી થાવું, ને જેની મળે તો તેમ મજાહ કરૂં.

એક દિવસ એક સિપાઇ રોડરીગીસના હાથની ચીઠી લઇ આવ્યો તેમાં ટુંકમાં લખેલું હતું.

"મલી; બધું ઠીક છે, તમને મલવા આવીશ."

હજી તો ચીઠી વાંચીને વિચારમાં બેઠેલો છે તેટલામાં રોડરીગીસ દાખલ થયો. તે થાકેલો લાગતો હતો પણ ખુશ મીજાજમાં હતો.

"હું આફીસમાં રીપોરટ આપવા જતો હતો પણ વિચાર આવ્યો કે પોતે મલતો જાવું ને કહું કે જેની રૉજસ ફલાણે ઠેકાણે છે."

"બોલો બોલો દોસ્ત, તમારો ઘણો ઉપકાર થશે. તમે તેણીને જોઇ કે? કેમ છે, સારી તનદરોસ્ત હાલતમાં તો છે?"

"અહીં નથી. તેણી તો લુસી પીન્ટોના બંગલામાં પુને છે."

"છે તો સારે ઠેકાણે, જોખમ કાંઇ નથી પણ તમને કોણે કહયું કે ત્યાં છે?"

"હું લુસી પીન્ટોને મલવા ખાસ પુને ગયો હતો. મેં તેણીને બધી વાત કહી. તેણીને કહયું કે જેની મરણ પામેલી જીવતી થઇ તે તેણીએ પેહલા માન્યું નહીં, પણ પછી બધી વાત સમજાવી ત્યારે માન્યું. આજેજ તેણીનું કાગજ મારી ઉપર આવ્યું છે, જે જેની પુને નાહસી આવીને રસ્તામાં અચબુચી મલી ગઇ તેણીને હું મારા બંગલામાં લઇ ગઇ છું અને જો તમને એ છોકરી સાથે કાંઇ વાત કરીને પુછપરછ કરવી હોય તો સુખેથી મારે ત્યાં આવજો."

"આહ! હું પુને જાવું! પણ હું ઉતરૂં કયાં! મારો કોઇ ઓળખીતો નથી!"

"ત્યાં જશો તો ઘણાંબી ઓળખીતાં મળશે, પણ જેની રૉજસની આગલ તમે ગયા, તો ધ્યાનમાં રાખજો, પોલીસનુ

કોઇપણ માણસ છુપા લેબાશમાં તમારી ખબર રાખતું રેહશે. દરેક જેની રોજર્સ ઉપર હાલ પોલીસની નેગાહ અને દેખરેખ છે.”

“તેનુ શું થઇ ગયું. તે તો ઔર બેહતર. હું તો તેથી ખુશી. મને તો એવું જોઇએ છે કે બીચારી જેની ઉપર પેલો બદમાશ ફાવી જાય નહી.”

રોડરીગીસ સાહેબ આ પ્રમાણે વાત કરી ચાલ્યા પણ તેને પાછો બોલાવીને ડી સુઝા એ ઘણા કાલાવાલા કીધા ને પગે હાથે લાગીને રોડરીગીસને સમજાવીને સાથે પુને આવવા કબુલાવ્યું. બીજે દિવસે પુને જઇશું એવું નક્કી કરીને રોડરીગીસ રવાના થયો.

ડી સુઝા બપોરે દુકાન બંધ કરીને પુને જવાની તૈયારી કરવા ઘરે ગયો. ઘર આગલ જઇને બારણાનું ટાળું ઉઘાડે એટલામાં તેની પુઠે બે શખ્સો ચઢયા, જેમાંનો એક રોડરીગીસ હતો અને બીજો કોડરૂસ હતો. બન્નેને ઓળખીને ડી સુઝાએ કહ્યું “આવો, આવો, કેમ રોડરીગીસ વળી કાંઇ નવા સમાચાર?”

રોડરીગીસે કાંઇ જવાબ આપ્યો નહીં પણ ડી સુઝા તેના મો પરથી પામી ગયો કે કાંઇ માઠા સમાચાર છે ખરા.

કોડરૂસ કાકાને કાંઇ ડી સુઝા સાથે મિત્રતા હતી નહીં કે તે બોલતાં શરમાયઃ—

“ભાઇ, અમને એક નાખુશ ફરજ બજાવવી છે. આ તમને પકડવાનું વારંટ નિકળ્યું છે. તમારી ઉપર ખુનનો વાંક છે.”

“મારી ઉપર! ખુનનો વાંક! કેમ ઠેકડા કરોછો શું? ચાલો આવો બેસો, જરા બ્રાંડી પાણી લેવો.”

“નહી શેઠ અમે મશકેરી કરતા નથી, અમે તમને પકડીને લઇ જવા આવ્યા છીએ. બ્રાંડી પાણી પીવા નથી આવ્યા.”

પ્રકરણ ૧૩.

એબી એક હાલત.

કોઇવાર માણસ ઉપર દુઃખનો ફટકો એવો અસંખ્ય આવી પડે છે, કે તેથી તેનાં મનનું ઠેકાણું રહેતું નથી, એટલુંજ નહીં, પણ તેને સંકટનું પણ ભાન રહેતું નથી. કોડરૂસે આપેલું વારંટ તેણે વાંચ્યું અને પછી પોતાનું નામ માહે લખેલું જોઇને ચીરડાઇને બોલ્યો,

"એ તો ઘણુંજ થયું!" એમ કહી તે રોડરીગીસની સામે જોવા લાગ્યો, જાણે કહેતો હોય કે એટલી બધી હદ ઉપર મશકેરી કરવી લાજમ નથી.

"ખચીત! પણ તમે એ મશકેરી ના માનો. એ તમારી ઉપર ગંભીર વાંક છે, તમારે જે કરવું હોય તે કરી લો, અને પછી અમારી સાથે ચાલો. તમે અમારા કેદી છો."

હવે ડી સુઝાનો ચેહરો ફીકકો મારી ગયો.

"રોડરીગીસ, આ શું? એ શુ થયું? કોઇ મરી ગયું કે હું સ્વપ્નો જોવું છૂ?" તેણે પૂછ્યું.

"હા, કોઇ મરી ગયું છે. એક જુવાન અને નિરદોષ છોકરી જેણીએ તમારી ઉપર ભરૂસો મેલ્યો તે—"

"અફસોસ! ત્યારે મારી જેની રૉજસ મરી ગઇ!"

આ શબ્દો એટલાતો ખુલ્લાં મનથી, અને એટલાં તો ભોલાપણામાં ઓચરવામાં આવ્યા કે સ્પષ્ટ માલમ પડતુ હતું કે ડી સુઝા નિરદોષ હતો. આથી બન્ને ડિટેકટિવોનું દિલ પીગળ્યું.—

"મેં તમને ખબર આપી ત્યારપછી બીજી કોઇ પણ ખબર પુનેથી મલી નથી," રોડરીગીસ બોલ્યો.

"ત્યારે તમે કોની વાત કરોછો? હું બીજી કોઇ પણ છોકરીને ઓળખતો નથી!" ડી સુઝા બોલ્યો.

"જેની રૉજસને ઓળખતા નથી?" કોડરૂસ બોલ્યો.

આ બુઢાનો કઠોર અવાજ સાંભલી ચીતારો ધ્રુજયો, અને પૂછ્યું—"જેની રોજસ?"

"હા, તમે તેણીને ઓળખતા હતા" કોડરૂસે જવાબ આપ્યો.

"જે જેની રોજસ વિષે તમે ઘણી મમતા દેખાડો છો તે નહીં, પણ એક બીજી તદ્દન નિરાધાર જેનું કોઇ સગું વાહલું નથી તેને માટે તમને પકડવામાં આવ્યા છે. તમારે પોતાને કાંઇ બોલવાની જરૂર નથી. તમે મુગા બેસશો તેથી કાંઇ ગુનેહગાર નહી ઠરશો એમ નથી, પણ ધ્યાન રાખજો જે દરબારમાં ઘણું બોલવું સલામતી ભરેલું નથી," કોડરૂસ બોલ્યો.

"જો એક નિરદોષ માણસ ચુપકીદી પકડે તો તેને નાહિમતવાન સમજવો. હું ખુન કરૂં અને તે પણ એક નિરદોષ છોકરીનું! આ તમારો સાથી મી૦ રોડરીગીસ પોતે કબુલ કરશે કે એ વાંક મારી ઉપર મેલવામાં તમે કેટલી ઉતાવળ કીધી છે. હું કાંઇ તે છોકરીને ઓળખતો નથી. એક બારગી ઓળખતો પણ હોવું, તોપણ તમારી પાસે સાબેતી શી છે જે તેને મેં મારી નાખી? મારી નાખું? શા વાસ્તે? એમ તો રસ્તેના ચાલતા માણસોમાંનાં એકને પકડતે તો તે પણ ચાલતે!" ડી સુઝા બોલ્યો.

"તેમ કાંઇ બને! આ તો નામ નિશાન સઘલું મલતું છે. અને ડી સુઝા બધાજ હોય નહીં." કોડરૂસ બોલ્યો.

ડી સુઝા થોડી પળ મુગો ઉભો.

"ચાલો, તમે અમારી સાથે મેજીસ્ત્રેટ પાસે. જો તમે તપાસમાં નિરદોષ છૂટી જાવો તો મુબારકબાદી આપવામાં હું આગેવાન ભાગ લઇશ," કોડરૂસ બોલ્યો.

રોડરીગીસ પોતાના મિત્રના નિરદોષપણા વિષે ખાતરીપૂર્વક હતો, અથવા તો ડી સુઝાની સાથે મિત્રતાઇ ધરાવતો હતો તે ધ્યાનમાં લઇને, તેણે ડી સુઝાને છૂટોજ રહેવા દઇ તેને માજીસ્ત્રેટની કોરટમાં લઇ જવાને બદલે સીધો કમીશનરની આફીસમાં લઇ ગયો.

"સાહેબ, આ શખ્સ પોતે નિરદોષ છે એમ મજબુતાઇથી કહેછે. હું એને અહીં લાવ્યો છું, જેથી આપણે વધારે ખાતરી કરીને પછી માજીસ્ત્રેટ આગલ ઉભો કરેં."

"ઠીક છે, જો મી૦ ડી સુઝા પોતાનું નિરદોષપણું સાબેત કરે તો આપણે ખુશીથી વારંટ ખેંચી લઇશું."

"નિરદોષપણું! જે છોકરીને મેં કોઇ દિવસ જોઇ નથી તેને હું મારી કેવી રીતે શકું? એજ મારો બચાવ છે. તે છોકરીના મરણ વિષે મેં આ આફીસમાં જ્યારે હું મી૦ રોડરીગીસને મલવા આવ્યો હતો ત્યારે પેહલીવાર સાંભળ્યું હતું. એ મારો બચાવ છે."

"અમારી તપાસ ઉપરથી માલમ પડયું છે જે જોન ડી સુઝા નામનો એક શખ્સ આજ ત્રણ ત્રણ મહિના થયાં જુવાન છોકરીઓની પાછલ ભટકે છે. બીજો કોઇ જોન ડી સુઝા નામનો શખ્સ અમને મલી શકતો નથી. વલી એ ડી સુઝાના શરિરનું વર્ણન કરવામાં આવે છે તે તમને તદન લાગુ પડે છે."

"મને લાગુ પડે છે? બની નહીં શકે."

"વારૂ, તમે એક જેની રૉજસને ત્યાં મલવા નહીં ગયા હતા?"

"જેને માટે મેં પોલીસને ખબર આપી તે કે બીજી?" ચીતારાએ પૂછયું."

"તે છોકરી પણ તમારાથી બીહને નાહસી ગઇ છે, તે માટે પોલીસને ઉડાવાના વિચારથી તમે બાહારથી તેણીને માટે તમે ઘણો ચાહ ધરાવતા હોવો એવા ઢોંગ કરોછો," કમીશનરે કહ્યું.

"હુ મજબુત સાક્ષીઓથી પુરવાર કરી આપીશ કે તમે કહોછો તેમ તેણી મારાથી બીહને નાહસી ગઇ નથી, પણ તેમ કરૂં તે અગાઉ તમે તો મને કહો કે તમે કહોછો કે હું જુવાન જેનીઓની પુંઠે ભટક્યો, એમ કહેવાની તમારી પાસે શી સાબેતીઓ છે ?"

"મી૦ ડી સુઝા, અમે શા આધારે તમને પકડયા તે બધું તમને કહેવાને અમે બંધાતા નથી, અને એમ કહેવા કાયદો અમને રજા આપતો નથી, પણ તમે એક જાણીતા ચીતારા છો, અને તમે વખાણ મેલવી નામ કાહડયું છે, તેથી તમારી ઉપર ખાસ મહેરબાની કરીને તમને અમે કહીએ છીએ. સ્કુલમાંથી નાહસી ગયલી જેનીને તમે કાગજ લખ્યું હતું તેમાં તમારા નામનો કાર્ડ તમે બીડયો હતો. કદાચ તમે કહેશો કે તમારો કાર્ડ ચોરાયો હશે તો તેનો પણ ફડચો અમારી પાસે છે. તેની થોડા દહાડા અગાઉ તમે રસ્તેથી જતા હતા ત્યારે તમારો સીગરેટ બાકશ પડી ગયો તેની ઉપર તમારૂં નામ કોતરેલું છે. બીજું એક ભલામણ પત્ર એક ગ્રહસ્થે લખ્યું છે, તેમા પણ જોન ડી સુઝા તરીકે તમને ઓળખાવ્યા છે, અને તે કાગજ તમે પોતે ત્યાં લઇ ગયા હતા. અને જે છોકરી મરણ પામી તેને માટે ચોકોલેટ ખરીદી તે ચૉકોલૅટ પણ તમે ખરીદ કરવા ગયા હતા. બધાંઓ જે નિશાની આપેછે તે ઉપરથી તે તમે છો એમ અમે માન્યે છીએ. મુંબઇમાં બીજો કોઇ જોન ડી સુઝા નથી. તમે જાણતા નથી કે જેનો રૉજસ નામની છોકરીઓ સામે કાવત્રાં ચાલેછે ?"

"હા જાણું છું, અને તે કહેનાર મી૦ રોડરીગીસ પોતે. હું કસમ ઉપર જણાવું છું જે તમે મને ભૂલમાં પકડયો છે. તમારી ખાતરી કરો. હું જેઓને મળ્યો હોવું તેઓને બોલાવો. તેઓ કહે કે હું તેમને મલવા ગયો હતો તો બેલાશક મને ગુનેહગાર ઠેરવો."

"ઠીક છે તેનો પણ બંદોબસ્ત અમે કરી શકીશું. તમે અહીં થોડીવાર બેસો."

જોન ડી સુઝાને કમીશનરની આફીસમાં ઘણો વાર બેસાડવામાં આવ્યો. બે ત્રણ કલાક પછી પાસેના ઓરડામાં સઘલા અમલદારો ગયા, જ્યાં ધુસ ધુસ વાત કરવા લાગ્યા, અનેત્યાંથી બાહાર નિકળી જોન ડી સુઝાને કહયું,

"અમે ખુશી છીએ જે તમે નિરદોષ છો. તમે સુખેથી ઘરે પધારો."

ચીતારાની છાતી ગજ જેટલી બાહાર આવી.

"મને તમારા સાક્ષીઓ જોઇ ગયાં?"

"હા, પાસેના ઓરડાંમાંથી તેઓએ તમને જોયા, અને બધાઓએ કહયું કે તે તમે નહી."

"ઠીક છે હું સંતોષ થઇને ઘરે જાવું છું જ્યારે બીજો જોન ડી સુઝા પકડાય ત્યારે મેહેરબાની કરીને મને જણાવજો. તમે મને ગેરઇનસાફ કીધો છે તેને માટે એટલોજ બદલો માગી લેઉછું."

ચીતારાને ચાર કલાક ત્યાં બેસવું પડયું હતું તે ચાર કલાક ચાર સદી જેટલા કંટાળા ભરેલા લાગ્યા હતા.

પ્રકરણ ૧૪.

દોસ્તો.

પુનામાં એક લીલોતરીવાલા બંગલામાં બે નોજુવાન બાનુઓ બેઠેલી છે. જેઓના ચેહરા નારી જાતને શોભાવે એટલા કોમલ છે. તેઓના દેખાવ જોઇ હઠીલો મરદ પોતાની હઠીલાઇ છોડી તેઓ માંગે તે આપવા કબુલ થાય. તેઓને કોઇપણ મરદ 'ના' શબ્દથી નારાજ કરી શકે નહીં. તેઓમાંની મિસ લુસી પીન્ટો જેની રોજસ કરતાં નાની હોવા છતાં બે ત્રણ વર્ષ મોટી દીસે છે. બન્નેના રંગમાં ફરક છે, પણ બન્નેની આકર્ષણ શકિત એકબીજાની શકતી કરતાં ચઢે એવી છે. તેઓ બંન્ને વાતમાં મશગુલ છે, જે આપણે સાંભળવાની બેઅદબી કરયે:—

"મિસ જેની, તારાં અને મારાં માયજી વચ્ચે ઘાઢી મિત્રાચારી છે. મેં તને નાન પણમાં જોઇ તે દાહડેથી મને તારી ઉપર પ્યાર છુટયો હતો, પણ મારા બાવાજીએ મને હમેશાં પોતાના કાકાને ત્યાં રાખી હતી. હું તને મલવા ઘણી આતુર હતી, પણ મલાયું નહીં. હું મુંબઇ આવી ત્યારે તારૂં ઘર ઘણી મુશકેલીથી શોધી કાહડયું, પણ જ્યારે મને કહેવામાં આવ્યું કે જેની મરણ પામી છે ત્યારે એક વાર છેલી ઘડીએ પણ તારૂં મોહડું જોવા પામી, તે માટે મેં ખુદાની શુકર ગુજારી કીધી, પણ સાથે ખુદા આગલ ફરિયાદ કીધી કે ઓ ખુદા! એક વાર તેં એને જીવતી મેલવી નહીં તેથી દીલગીર છું. હું ત્યાંથી તુરત દોડી ગઇ, અને બજારમાંથી ફુલો તેમજ તારે માટે પેટી લઇ આવી. જ્યારે પાછલથી મને એક ગ્રહસ્થે કહયું કે તું મરી નહીં ગઇ હતી, પણ ફકત બેશુધ્ધ હાલતમાં હતી, ત્યારે મારા ફરિયાદ ખુદાએ સાંભળી તે માટે મેં તેનો અત્યંત પાડ માન્યો."

"તમે મને ઘણા ચાહોછો! પણ હું તમારા એટલા બધા પ્યારને લાયકની નથી, વાસ્તે મેહરબાની કરીને મારી ઉપર એટલો પ્યાર રાખો નહીં. તમે કદાચ મારાથી નારાજ થશો."

"નહીં નહીં! જેની, તેં હજી સુધી મને નારાજ કીધી નથી. તારે મારી ઉપર વિશ્વાસ રાખવો. મારી ઉપર આધાર રાખવો, મારી ઉપર પ્યાર રાખવો, અને હુ તને સુખી કરીશ."

"આહ! હું તમને ચાહી શકું એમ છે, પણ તમારી અને મારી હાલત વચ્ચે કેટલો ફેર!"

"મને તમો અમોથી ના બોલાવો. મને તું કરીને કહેશે તે ગમશે. હાલતનો વિચાર નહીં કર, મારૂં બધું તારૂં સમજ."

"પણ તમને ખબર હશે કે મારી પુઠે કોઇ લાગ્યું છે અને તે મારો જીવ લેવા માગે છે!"

"ફિકર નહીં કર! તું અહીં પોતાને સહીસલામત સમજ. હું તને એકલી કદી મુકીશ નહીં."

ઘણીવાર દિલની લાગણી કલમ વડે ચીતારી શકાતી નથી. દિલમાં કેટલે દરજ્જે ઉપકાર અને આભાર ઉભરેલો છે તે ઉભરો ગદ્યના લખનારા તો બાજુ રૈહયા પણ પદના ખ્યાલી લખાણોમાં પણ ચીતારી શકાતો નથી.

તોપણ મિસ જેનીનો દેખાવ તે પળે જોવાથી કાંઇક નવો ખ્યાલ જોનારને આવી શકત.

મિસ લુસી પાન્ટોના ઘરની બાજુમાં દૂરથી એક મોટું હોટેલ હતું. લુસીની વાડીમાંથી તે હોટેલની બારીઓ જણાતી હતી. ત્યાં ઉતરેલા ઉતારૂઓ અવાર નવાર બારીએ ઉભા રહેતા હતા. જેની બીહતી હતી કે રખેને કોઇ તેણીને જોય અને પેલાને જઇને કહે અને તેથી તેણીના આંખ બારી તરફ ભમ્યા કરતી હતી.

એક વાર તેણી બારી તરફ જોઇ ચોંકી, જેથી લુસીનું પણ તે તરફ જોવાનું મન થયું.

જેની તૂરત એક શખ્સ બારી વાટે ઉભો હતો તેને ઓળખી શકી અને તે શખ્સ પેલો ડી સુઝા ચીતારો હતો એમ વાંચનારે જાણવું.

" જેની તું એને ઓળખેછે ? " લુસીએ પૂછ્યું.

" હા-હા-પણ મારે એને મલવું નથી. અરે એ અહીં શા માટે આવ્યો હશે ! હું મુઇ છૂટી ! અહી હું નહીં રહું ! "

" ચાલ આવ પછવાડે બેસ્યે. એને મેં પણ તારા ઘરમાં દીઠો હતો હું ફુલ પાથરતી હતી ત્યારે એ પછવાડે આવી ઉભો. એ તારો મિત્ર થાય છે ? " લુસીએ પૂછ્યું.

" મિત્ર નહીં. મેં પણ તેને તેજ દાહડે જોયો, તે દાહડે તે કામે આવ્યો હતો. સબી પાડી લેવા. "

" હા, હું એને ઓળખું છું. મેં એને ઘણી વાર દીઠો છે અને એની તારીફ પણ સાંભલવી છે. " લુસી બોલી.

લુસી આ બોલ બોલતાં ઘણી ખુશ મીજાજમાં હતી, જેની જમીન તરફ નજર ટીકતી વિચારમાં બેઠી હતી, અને તેણીની આંખોમાં ધાસ્તીની નિશાની હતી તેણીએ પોતાની નજર લુસી તરફ ફેરવીને પૂછ્યું.

" ત્યારે તમે એનું નામ જાણતા હશો ? " જેનીએ પૂછ્યું.

" હા, જોન ડી સુઝા. મુંબઇમાં એનું નામ સરવેને ખબર છે."

" તેણે આપણને બન્નેને સાથે જોયાં હશે તો અજાયબ થશે."

" ભલે થાય, " લુસી બોલી.

જેનીને આપેલા ખાસ ઓરડામાં જ્યારે જેનીને જવાની તક મલી ત્યારે તેણીએ બારણા બંધ કીધાં, અને પોતાના કોથલા

માંથી એક તાર લખવાનો ફારમ કાઢયો, અને એક તાર લખી કાઢયો, બીજી પળે તેણી બોલી—

"નહીં, મારા નસીબમાં જે હોય તે ખરૂં. નસીબ સાથે લડવામાં કાંઇ ફાયદો નથી." એમ બોલીને તેણીએ તાર ફાડી નાખ્યો. અને તે પળથી જેનીનો દેખાવ રંગીલો અને હસતો થવા લાગ્યો.

પ્રકરણ ૧૫.

એક ચોંકાવનારી ઓળખાણ.

મિસ લુસી પીન્ટો પોતાના ઘરમાં પોતે ગમે તે કરતી હતી. તેણીના ઘરમાં બીજુ કોઇ વડું હતું નહીં. ફકત તેણીની એક બુઢી ચાકરડી હતી. તેણી ઘરમાં શેઠાણી કહેવાતી હતી.

પાસે પૈસાનું જોર હતું. તેથી તેણી મોટા લોકની માફક રહેતી હતી. પારટીઓમાં જતી હતી અને તેમજ પોતાને ત્યાં ખાણાપીણાં વારંવાર કરતી હતી.

આ મિસ લુસી પીન્ટો જેની રૉજસ ઉપર અતીશ્ય ફીદા હતી, તે એટલા સુધી કે તેણીને રાતે ઉઠી ઉઠીને જોઇ આવતી કે સહીસલામત છે કે નહીં. તેણીનો જીવ જોખમમાં છે અને તેણીની પુઠે દુશમનો લાગ્યા છે, એમ તેણીને ખબર હોવાથી જેની જરા એકલી પડતી તો તેણી આકળી ઘાબરી થઇ જતી હતી.

એક દિવસ લુસીએ પોતાને ત્યાં 'બૉલ' કીધો. લોકોને આમંત્રણ કરવામાં આવ્યાં. સર્વે ભેગાં થયાં. સર્વે એકમેક સાથે વાત કરે છે. નાચ થાય છે તેમાં સઘલાં જણ ભાગ લએ છે. વળી વચમાં આશાયશ લેવાય છે, અને શરાબોની જામ ઉડાવાય છે, તેમાં સરવેથી અતિશ્ય ધ્યાન ખેંચી રહેનારાં બે જણ હતાં.

"જોયું કે લુસી, પેલાં બે નાકેના કોચ ઉપર બેઠાં છે તેઓ કેવાં એક બીજા ઉપર મરધરૂં થઇને વાત કરે છે. બન્ને જણના દિલમાં આંધલા મદન દેવના તીરના ઘા લાગી ચુકયા છે. તેં શું ધારયું ?" એમ એક લુસીના ઘાડા દોસ્તે લુસીને કહયુ.

"હશે. મદન દેવનો તીર કેવો તે મેં કોઇ દાહડે જોયો નથી, પણ જો તે સુખ બક્ષતો હોય તો એ નાકે બેઠેલાં જેવાં સુખી કોઇ નથી. જોન ડી સુઝા જાણીતો ચીતારો છે, અને જેની રૉજર્સ એક ચંચલ ચતુર છોડી છે. બન્નેજણ શા માટે એક બીજાને નહીં ચાહે તે હું સમજી શકો નથી." લુસીએ પોતાના મિત્રને જવાબ આપ્યો.

આ મિત્ર લુસીના હાથના ઉમેદવારોમાંનો એક હતો, એમ તેણી પોતે જાણતી હોવાથી, આ વાતમાં તેણીએ એવો જવાબ આપ્યો હતો જે બેવડી ગરજ સારે—

નાકે બેસીને તે પ્યારમાં પડેલું જોડું પોતાના પ્યાર સિવાય બીજી વાત ચલાવતું નહીં હતું:—

"જેની, હું તને ચાહું છું. તારી ઉપર ફોદા છું. ગમે તો મને હમણા હા કહેવામાં ફાયદો નહીં જોતી હોય તો વિચાર કરીને કહેજે, પણ હાલ મને તારી સાથે વાત કરવા દે. મારા મનથી તું એક પરી છે."

આના ઉત્તરમાં જેનીએ ફકત ઉંડાણથી દમ ખેંચ્યો.

"વાહાલી, હું જાણું છું જે આપણને એક બીજાને ઓળખવાને ઝાઝો વખત થયો નથી. પણ કેવા અજાયબ સંજોગે મેં તને દીઠી! જે વારે મેં તને મુવેલી માની, ત્યારે મારા દિલમાં તારા માટે પ્યાર ઉત્તપન થયો. હાલ હું તારા દિલને હાથ લગાડુ છું અને તારી સોડમાં બેસીને તારી સાથ વાત કરવામાં મજાહ માનું છું, તે ઉપરથી

હું કહું છું જે ફકત તારી સાથ વાત કરવાની મઝાહ આગલ દુન્યાની બુધી મઝાહ રદ છે."

"આહ! શુ પ્યાર એટલો મીઠો છે! શું પ્યાર આગલ દુન્યાની સઘલી ચીજો કાંઇ બીસાદમાં નથી! અરે ખુદા, મને એમ શીખવ!"

"તું મને તારી સાથ વાત કરતો મુકીને ઉઠી ના જતી એટલે બસ તું શીખશે. જેની મેં કોઇ પણ સ્ત્રીનેઆજ સુધી ચાહી નથી. પ્યાર કેવો થાય છે તેની મને આગલ બીલકુલ ખબર નહીં હતી. તું મારી પેહલી મુરતી છે. તારા મંદીરમાં પુંજારી તરીકે પેહલવેહલો હું આવ્યો છુ. પરમેશ્વર પાસે મારી એટલી અરજ છે જે બસ તારો પ્યાર મેલવવામાં ફતેહ પામું. મને દોલત નથી જોઇતી"

તેણીએ તેને કાંઇ જવાબ આપ્યો હોત, તેણીએ જવાબઆપવા હોઠ પણ ઉઘાડયાં, પણ તેટલામાં ઓરડામાં એક નવા પરોણાના આવવાથી સઘલાંઓની નજર તેની તરફ ખેંચાઇ, તેમજ જેની રોજસની નજર પણ તેની ઉપર પડી. લુસી પણ તેને ઓળખતી હોય એમ લાગતું ન હતું. સરવે જણ એક બીજાને પૂછવાં લાગ્યાં, "એ કોણ?" દરેક ઓરત મરદ તે કોણ તે જાણવાને આતુર લાગતાં હતાં, કારણ કે તે ખામુખા ત્યાંજ આવ્યો હોય એમ લાગતું હતું.

એક પળ, પણ તે પળ ત્યાં સરવેને પોતાની જીંદગીમાં યાદ રહી હશે. એક તો પારકા આવનારના ચેહરામાં કાંઇ ખેંચાણ કરનારૂં હતું. તે આવ્યો, ઉભો, અને જ્યાં જેની બેઠેલી હતી ત્યાંજ પોતાની નજર કરયા કરતો હતો. જેની ગભરાટમાં પડી કે રખેને મારા મોંઢા પરથી જણાય કે હું ચીતારા સાથે પ્યારમાં પડેલી છું. બીજું તો એ કે લુસીએ તેના નામનો કાર્ડ હાથમાં લઇને વાંચ્યો, અને તે વાંચીને તેને પૂછયું, "માફ કરજો, સાહેબ, આ તમારૂં નામ છે? આ તમારો કાર્ડ છે? કદાચ ભૂલ હશે."

આ સવાલથી તે ચોકયો. તેની નજર જેની તરફથી ખીસાડીને લુસી તરફ ફેંકી અને અરધો ગજ જેટલો નમીને બોલ્યો "ખચીત, મેડમ, એ મારૂં નામ છે. હું અતરે તમારા મિત્ર મી૦ મોરીસની ભલામણ લઇને આવ્યો છું.

ભલામણ પત્ર લુસીએ બીજા હાથે લીધું, પણ કાર્ડ પકડયો હતો તે હાથ જેમ હતો તેમજ રાખી તેણી કાડ તરફ ટીકયા કરતી હતી.

"માફ કરજો, પણ કાર્ડની ઉપર નામ—"

નામ શું હતું તે બોલતાં તેણી ખચીત અચકાઇ, પણ તે વખતે તેણીએ પેલા નાકેના કોચ ઉપર નજર કીધી.

નવા આવનારે બીલકુલ ગભરાયા વિના કહ્યું, "એ કાર્ડ ઉપર જોન ડી સુઝા નામ છે તે હું પોતે. એમાં તમે અજાયબ શા માટે થાવો છો?"

પ્રકરણ ૧૬.

પેહલું પગલું.

ભેગાં મલેલાં સઘલાંઓને અજાયબી લાગી, કારણ કે ચોનારાના દેખાવમાં અને ડોળામાં કાંઇ એવું હતું જે જોનારાઓના મનમાં શંકા ઉતપન્ન કરયા વિના રહે નહીં જે કાંઇ પણ ધાસ્તી છે. સરવે પોતાના મનને પૂછવા લાગ્યાં કે શું હશે વારૂં?

તે દરમ્યાનમાં આ નવો આવનાર શખ્સ સભ્યતા અને સલુકાઇથી ઉભો રહેલો હતો. લુસી પીન્ટોએ થોડી પળ તેને આવકાર દેવામાં ઢીલ કીધી ખરી, પણ તે પછી તેણીએ તેને દિલોજાની ભરેલો આવકાર દીધો.

તેણી બોલી "માફ કરજો સાહેબ, અમને અજાયબ થવાનું કારણ એજ છે કે આ મેલાવડામાં એક જોન ડી સુઝા હાજર છે. આ કાર્ડ જોઇને હું પેહલાં એમ સમજી કે તેને તમે મલવા માગોછો."

નવો આવનાર આ સાંભળી નમ્યો અને હસ્યો, અને તેને આપવામાં આવેલી ખુરસી ઉપર બેઠો. તેના મનમાં ગભરાટ જેવું કંઇ લાગતું હતું નહીં, પણ તે તદન શાંત ચેહરો રાખી બેઠો હતો. બધાંઓ ચીતારાની હીલચાલ ઉપરથી આ નવા આવનાર તરફ ગોયા ધાસ્તી અને શકની નજરથી જોતાં હતાં, પણ તેમના મનમાં તે શકનો ખ્યાલ હોય એમ લાગતું હતું નહીં. તેમની આ ધાસ્તી અને શકમાં પાછલથી ઉમેરો થયો તેનું કારણ એ કે આ નવો આવનાર શખ્સ નાકેના કોચ ઉપર બેઠેલાં તરફ વારંવાર ટીકી ટીકીનો જોતો હતો.

જેની રૌજસ પણ આ નવા આવનાર શખ્સના આવ્યા પછી બહુ બેકરાર લાગતી હતી, અને તેથી બધાંઓ એમ સમજતાં હતાં કે તેણીને આ નવા આવનારને જોઇ દિલમાં એકાએક પ્યાર ઉતપન થયો હશે, અથવા તો તેણીને આ નવા આવનાર સાથ અગાઉથી ઓળખાણ હશે, અને ચીતારા સાથે બેઠેલી પકડાઇ ગઇ તેથી ગભરાતી હશે. ગમે તે હોય પણ બધાંઓને લાગ્યું કે તેણી બહુ બેચેન થઇ હતી.

ભલામણ પત્ર માટે "મી૦ મોરીસની હું આભારી થઇ છું," લુસો પીન્ટોએ આ નવા જોન ડી સુઝાને કહયું, "તેની ભલામણ કીધેલાં પરોણાઓને હું માનથી આવકાર દેવું છું. આ વખતે તેને તમારી મજબુત ભલામણ કીધેલી છે."

પછી તેણી બીજા પરોણાઓ તરફ વારા ફરતી ફરીને બોલી, "બાનુઓ અને ગ્રહસ્થો આ નવા આવનાર સાથ હું તમને ઓળખાણુ કરાવું છું. મારા એક મિત્રનો આ એક મિત્ર છે, અને આશા રાખુ છું જે એ અતરે હાજર રહેલાંઓમાંના દરેકનો મિત્ર થોડી વારમાં થશે "

બધાંઓ તેને શેકહેન્ડ કરવા લાગ્યાં, બધીઓ તેની સાથે વાત કરવા લાગી. તે કાંઇ ઘણો ખુબસુરત હતો નહીં તોપણુ તેનો દેખાવ સામેના લોકોનું ધ્યાન ખેંચનારો હતો તેમાં શક નહીં હતો. સરખામણી કરતાં ચીતારાના દેખાવ કરતાં તે વધારે ખેંચાણુ કરનારો દેખાવ ધરાવતો હતો.

ફકત બે જણુ પાછલ રહયાં, ચીતારો અને જેની. ચીતારા આગલ લુસી આ નવા આવનારને ઓળખાણુ કરાવા લાવી, ત્યારે તેણે તેણીને આંખની ઇશારતથી ના કહી, પણુ તે ઇસારત તરફ લુસીનુ ધ્યાન ખેંચાયું નહીં.

જે શખ્સની શોધ પોલીસ કરતી હતી, જે શખ્સનું નામ જેની રૉજસોના મોહત સાથે જોડાયલું હતું, જે જોન ડી સુઝાને પોલીસ પકડવાની કોશેશ કરતી હતી, તેજ આ નવો આવનાર છે એમ તેણે તેનો દેખાવ, તેની મુછ તેના શરિરના વર્ણન ઉપરથી તેણે જોઇ લીધું, અને જેની રૉજસ, જેણીને તે ભવિષ્યમા પોતાની ધણીઆણી કરવાની આશામાં હતો, તેની તરફ આ નવો આવનાર ઘણી મીઠી નજરથી ઘડી ઘડી જોયા કરતો હતો, તેથી તેની ખાતરી થઇ કે જે શખ્સની પોલીસ શોધ ખોળ કરે છે તેજ જોન ડી સુઝા આ છે.

"મી૦ ડી સુઝા, આ તમારા નામરાસ્યા સાથે તમને ઓળખાણુ કરાવતાં મને ખુશી ઉત્તપન થાય છે. પછી નવા આવનાર તરફ ફરીને બોલી "તમે જોન ડી સુઝા નામના મુંબઇના

જાણીતા પેન્ટરનું નામ સાંભળ્યું હશે, તે આ ગ્રહસ્થ છે. તમે આવ્યા તે વારે મેં તમને આવકાર આપતાં ઢીલ કીધી તે આ ગ્રહસ્થની હાજરીને લીધે."

નવો આવનાર ડી સુઝા બોલ્યો, "તમને હું માફ કરૂં છું. હા, મેં આ ગ્રહસ્થ વિષે ઘણી તારીફ સાંભળી છે અને એમને જોઇને હું ખુશી છુ."

ચીતારાએ ભવાં ચઢાવી ડોળા ઘુરકયા. તે અતિશ્ય અજાયબ થતો હતો કે "એવું તે શું છે જે દરેક જણ તેને જોઇને ખુશી થઇને માન આપે છે. જેની પણ તેની તરફ દોસ્તીની નજરથી જોતી લાગે છે, અને લુસી પણ પોતાની સહીને જાણી જોઇને જોખમમાં નાખેછે"

ચીતારો બોલ્યો. "આ ગ્રહસ્થ વિષે મેં પણ ઘણીવાર સાંભળ્યું છે" પણ તેણે જોયું જે આ શબ્દોથી આ નવો આવનાર ચોંકયો કે હટયો નહીં, ત્યારે તે બોલ્યો, "અને હું ધારૂં છું જે એમના દેખાવ અને રીતભાત ઉપરથી હું એઓ કોણ છે તે ઓળખું છું."

આવી વર્તણુક આ નવા આવનાર શખ્સને ન છાજતી લાગી, પણ તે ઉપર અખાડા કરીને તે જેની તરફ ફરયો, અને તેણીની સાથે લુસીએ તેને ઓળખાણ કરાવી, અને બોલી,

"મેરી ફરગાટીના ધારણ કીધેલાં નામ હેઠલ મુંબઇના ટાઉન હાલમાં સરસ પીઆનીસ્ટ વિષે તમે સાંભળ્યું હશે. તે આ છોકરી છે."

આ ઓળખાણથી આ નવો આવનાર શખ્સ ચોંકયો, અને દેખઇતી રીતે નારાજ થયો. પણ આ ઓળખાણ કરાવાની ઢબથી ચીતારો રાજી થતો દેખાયો;

પણ જેની રોજસ બોલી ઉઠી, "લુસી તમે જાણોછો કે મારા માયજીના મરણ પછી હું હવે કોઇ દાહડો કોનસર્ટમાં ભાગ લેતી નથી, અને હવે ફકત જેની રૉજસના ખરા નામે હું ઓળખાવું છું."

આ ખુલાસાથી નવા આવનારના મોં ઉપર પાછી ખુશાલી પથરાઇ, જેથી ચીતારાની ખાતરી થઈ કે આ નવો આવનાર શખ્સ તે કોઇ નહીં પણ જે જોન ડી સુઝાને પોલીસ જેની રૉજસોના નામ સાથે સંબંધ ધરાવતો સમજે છે, તે એ શખ્સ સિવાય બીજો કોઇ નહીં હોવો જોઇએ, અને તેથી આ પળથી જેનીનો જાન જોખમમાં છે એવો તેને ગભરાટ છૂટવા લાગ્યો. તેને ચીઢ ચઢતી હતી કે બધાંઓને એવું તે શું દીસતું હતું જે બધાંઓ તેની ઉપર ઘરૂંપડું થઇ જતાં હતાં.

લુસીને બાજુ લઇ જઇને તેણે કહ્યું, "આ નવા આવનાર તરફ મને શક છે અને તમે જેની સાથે ઓળખાણ કરાવામાં મોટી ભૂલ કીધી છે. હું બધું તમને કહેતો નથી પણ પોલીસ જે જોન ડી સુઝાની ખોળ કરે છે તે એ શખ્સ છે."

તે દરમ્યાન આ નવા આવનારે જેની સાથે થોડી વાત કરી લીધી.

ચીતારાએ જેનીને સમજાવી કે આ શખ્સ કોઇ નહીં પણ જેની રૉજસોના જાનનો વેરી છે, પણ જેનીએ ભાર મુકી મુકીને કહ્યું કે એ કાંઇ તેવો લુચ્ચો લાગતો નથી. આથી ચીતારાના ગભરાટનો પાર રહયો નહી.

બધાંઓને છૂટાં પડવાનો વખત આવ્યો. બધાંઓ રજા લઈને ઘરે ચાલ્યાં તેમાં પેલો નવો આવનાર જોન ડી સુઝા પણ ચાલ્યો.

જતી વખતે તે બોલતો ગયો "અડચણ નહીં હોય તો મારી મુલાકાત ચાલુ રાખીશ."

"મોટી ખુશી સાથે તમને હું આવકાર દઇશ" લુસીએ કહેયું.

આ સાંભળી ચીતારો હોઠ પીસવા લાગ્યો.

તેના ગયા પછી ચીતારાએ લુસીને ઘણી સમજાવી કે આ નવા આવનારની ઓળખાણ કરવાથી જેની રૉજસનો જીવ જોખમમાં છે પણ કાંઇ જવાબ આપ્યા વિના પેલું ભલામણ પત્ર કાહાડીને તેણીએ ચીતારાના હાથમાં મેલ્યું, જે તે વાંચી રહયો પછી તેણી બોલી,

"મી૦ મોરીસ એક સંપૂર્ણ ગ્રહસ્થ છે, અને તેની ભલામણ ઉપર શક લઇ જવો એ તે ગ્રહસ્થ ઉપર શક લઇ જવા બરાબર છે. આ ભલામણ પત્રમાં તેઓ લખેછે જે આ શખ્સ ખાનદાની, બહુ લાયકીવાલો અને આબરૂદાર છે, અને એ વાત હું માનું છું."

ચીતારાની નાસીપાસી, દુઃખ, અને અદેખાઇનો આતશ એ ત્રણ ચીજનું ધ્યાન કરવાથી વાંચનારને પૂરતો ખ્યાલ મલશે નહીં. જેની રૉજસની આ નવા આવનાર ગ્રહસ્થ તરફ મેહરબાની જોઇ તેને શક ઉત્પન્ન થયો હતો કે જેનીને પણ તેની ઉપર પ્યાર લાગ્યો છે શું. આ હરિફ તરફ તેણે ઘણી અદેખાઇ છુટવી જોઇએ એ તો દેખઇતુ છે.

તેના આવવાની આગમજ તે પોતે કેવા પ્યારથી જેની સાથે વાત કરતો હતો અને તેના આવી પુગ્યાથી તેજ પ્યારની ખીલતી કળીઓ ઉપર નાશકારક પવન ફુંકયો, તેનો વિચાર કરતાં ચીતારાને ચકકર આવતાં હતા.

પ્રકરણ ૧૭.

મોહમોહ્‌.

વખત પાછલી રાતનો હતો, પણ ચંદ્રમાં પૂર ઝળકાટથી દીપી નિકળ્યો હતો. લુસી પીન્ટોના બંગલામાં દીવો બાહારથી બીલકુલ દીસ્તો હતો નહીં. તેમજ ઘરની માહેના ભાગમાં કોઇનો હાલવા ચાલવાનો અવાજ પણ સંભળાતો હતો નહીં, પણ બાગ તદન ખાલી હતો નહીં. ત્યાં એક શખ્સ હતો જે બંગલાની બારીઓ તરફ ટીકયા કરતો હતો, અને તે બીજો કોઈ નહીં પણ જોન ડી સુઝા ચીતારો હતો.

ત્યાં તે શા માટે હતો? તેના મનના વિચારો શા હતા? લુસી પીન્ટો અને જેનીની રજા લઇને તે બંગલો છોડી ગયો હતો ત્યારે અહીં પાછો કેમ?

જેનીને તે ઘણું સમજાવવા માગતો હતો પણ તેણીએ બીલકુલ તેને બોલવાજ દીધો હતો નહીં. ત્યારે શું જેની આ ચીતારાને ચાહતી હતી નહીં? નહીં. તેમ તો નહીં હતું. તેણીએ એક નહીં પણ અનેક વાર તેના મોં સામે જોઇ મીઠી નજરથી પોતાનો પ્યાર જાહેર કીધો હતો. ત્યારે શું?

ચીતારો વિચાર કરતો હતો કે આ શખ્સ ડી. પરેરા તો નહીં હોવો જોઇએ. પેહલે દાહડે જેને તેણે દીઠો હતો તે એ નહીં, કારણ કે તેનો દેખાવ ચીતારો કાંઇ વીસરી જાય એવો નહીં હતો. તેથી તે શખ્સ અને આ નવો શખ્સ બન્ને જેનીના દુશમન છે એમ ચીતારો વીચારવા લાગ્યો.

ચીતારાનુ બાગમાં ફરવાનુ કારણુ એ કે જો કાંઇ આફત આવી પડે તો બચાવ અર્થે નજદીક રહેવું.

તે એમથી તેમ ફરવા લાગ્યો. નઝર બારી તરફ રાખીને ફરયા કરતો હતો. તેની ઉંઘ ઉડી ગઇ હતી. તે પોતાની પ્યારીનો વિચાર કરતો તદન સાવધ હતો. આશકનો અચ્છો નંમુનો જોવો હોય તો આ ચીતારો હતો.

એમથી તેમ લટાર મારતાં મારતાં તે બાગના દક્ષિણ બાગ તરફ ચાલ્યો, ત્યાં જુવેછે તો એક બીજો શખ્સ સામે ફરતો હતો. બન્ને જણુ સામ સામે થઇ ગયા.

"જોન ડી સુઝા!" એક બોલ્યો.

"જોન ડી સુઝા!" બીજો બોલ્યો.

બન્ને સાથેજ બોલી ઉડયા, પણ બન્નેની બોલવાની ઢબ જુદી હતી. બન્ને એક બીજાને ટીકતા ઉભા, પછી પેલા બીજાએ ચુપકીદી તોડી.

"તમે મને અતરે જોઇ ગમે તે વિચાર કરો. હું ખરી વાત કહું તો તમે માનશો નહી માટે એમ કહું તો ચાલશે કે રળીયામણી ચાંદરણી રાતે ફરવા નિકળ્યો છું? અને એમ કહું તો જૂઠો તો નહીં પાડો?"

ચીતારાએ જવાબ આપ્યો, "હું તમને જૂઠા પાડવાની હાલતમાં નથી. સાંજ પછી જે ફિકરનો આંચકો મારા દિલમાં લાગ્યો છે તે હજી નરમ પડયો નથી."

"હો હો! તમે બી જબરા દીસો છો! ત્યારે શું મારૂં નામ જોન ડી સુઝા નથી એમ કહેવા માગોછો? કહો તો મારા બાપ-દાદાના ખાનદાનની ઓળખ આપું. કહો તો પંચ ભેગી કરીને તમારી ખાતરી કરૂં. કહો, બોલો, શુ માગોછો?"

"ખાલી દમદમાત ના કરો."

"મી૦ સુઝા, તમે મને અપમાન કરો છો. તમારૂં મારી ઉપર ગુસ્સે થવાનું કારણ હું જોતો નથી, અને તેથી મારાં નામ અને માનને અનુસરીને હું તમારી સાથે વાત કરૂછું. હું ફકત એટલું સમજું છું જે આ સખ્ત ચાંદરણાથી તમારૂં મગજ નબલું થઇ ગયું છે."

"મગજ નબલું થઇ ગયું હોય, પણ હું લુચ્ચો, ચોર, અને લોકોને દુઃખી કરનારો તો નથી."

એમ કહી ચીતારો ત્યાંથી ચાલી ગયો, પણ પેલા શખ્સે તેની પાછલ આવી તેને થોભાવ્યો, અને કહયું, "તમે ખુલાસો કરો નહીં ત્યાં સુધી હું તમને જવા દેનાર નથી. નામ મલતું આવ્યું તેથી એટલી બધી વીરૂધ લાગણી બતાવો છો તેની મતલબ હું સમજી શકતો નથી, પણ તેમાં કાંઇ ભરમ હોવો જોઇએ, એનો ખુલાસો કરો તો ઠીક. તમે જાહેરમાં આબરૂવાલા અને મીલનસાર ગણાવો છો ત્યારે મારી સાથે બેઅદબી કેમ ચલાવો છો?"

"કારણ વગર કાંઇ હોતું નથી, પણ તે હું તમને કહું તો તમને ફફડાત લાગશે, પણ હું તમને બે ત્રણ સવાલ પૂછવા માંગુ છું."

"બસ એટલુંજ? તમે મને અપમાન કીધું છે વાસ્તે તમને જવાબ આપવાને હું બંધાયલો નથી. હું એક ગ્રહસ્થ છું અને એક પ્રમાણિક શેહરી છું, તેથી તમારા સવાલના જવાબ આપવા ખુશી છું પણ હું ટુંકમાં જવાબ આપીશ."

"તમે પુનાના રહેવાસી છો કે મુંબઇથી આવ્યા?"

"હા, પરમ દાહડે આવ્યો. કહો તો ઘાતીને સામાન ઉંચકવા કેટલાં દોઢીયાં આપ્યાં તે પણ કહું."

"તેનું મને કામ નથી. જેને હું મારા જીવ કરતાં વધારે ચાહું છું, તેને લગતી વાત સિવાય બીજી વાત મને કરવી નથી."

આ સાંભળી બીજો ડી સુઝા ચોંકયો, અને હવે ટુંકમાં ચીતારાની વર્તણુકનું કારણ પામી ગયો.

ચીતારાએ આગલ ચલાવ્યું—"અને તેની તરફ, એટલુંજ નહીં પણ તે નામ ધરાવનાર તરફ અજાયબ જાતની દુશમનાઇ આજ કેટલો વખત થયો દેખાડવામાં આવેછે, અને તેટલા વાસ્તે હું તેનો બચાવ કરવાની ફરજ સમજુ છું. વાસ્તે હું તમને સાફ સાફ કહુંછું જે બીજી જેની રૉજસો સાથે વાત કરોને તમારી મતલબમાં તમે ફાવ્યા છો, પણ આ જેની સાથે હું વાત કરવા દઇશ નહીં."

"સાહેબ, તમે ચકરમ દીસો છો. શા વાસ્તે વાત નહીં કરૂં? તેણી જો મારી સાથે વાત કરવાની ખુશી ધરાવે તો હું શા વાસ્તે વાત નહીં કરૂં?"

આ જવાબ વાજબી હતો પણ ચીતારાએ બચાવ ખાતર જવાબ દીધો, "પોતાની આસપાસ કયા પ્રકારની આફત ભમે છે તે તે બીચારી શું જાણે?"

આથી પેલા બીજાએ હસીને જવાબ આપ્યો. "હું જેની રૉજસ તરફ કેવી લાગણી ધરાવું છું તેથી તમે વાકેફ નથી. ભય અને જોખમ અને નુકશાન જેવું બીલકુલ છે નહીં. હું કોઇના બાલને પણ નુકશાન નહીં કરૂં તો એક અબલાને શા માટે હેરાન કરૂં, વારૂ? કદાચ સમજો કે જેની જોખમમાં છે તો તેણીના બચાવનો જે રસ્તો તમે લઓછો તે ખરો રસ્તો નથી."

ખરૂં છે કે પોતાનાં ભોલાપણાંથી દોરવઇ જઇને ચીતારાએ ખુલ્લે ખુલ્લું પોતાનું દિલ વાંચી સંભલાવ્યું હતું. પોતાના દુશમન તરફથી તાણો સમજીને તે બોલ્યો, "મેં તમને એક પ્રમાણિક માણુસ તરીકે બધું કહી દીધું છે. અને પાછું કહુંછું જે તમારી ઉપર હું અવિશ્વાસની નજરથી જોવુંછું અને જો જેનીના એક બાલને પણ નુકશાન પોંહોચશે તો હું તમને પૂછી શકીશ."

આટલી ગોફ્તેગુ જોકે દુશમનો વચ્ચે થઇ હતી, તે છતાં સઘલી વાત ગડબડ વિના થઇ હતી. બન્ને જણુ બાગની બાહાર નિકળી જુદે જુદે રસ્તે છૂટા પડયા.

પણ તેઓએ પડખેની બારી વાટે એક અબલા ઉભેલી હતી તેનો ચેહરો દીઠો હોત તો તેઓ ચાલી જાત કે?

પ્રકરણ ૧૮.

લૉન ટેનીસની રમત.

બીજે દિવસે સહવારના પોહોરમાં ચીતારો હોટેલમાંથી નિકળીને લુસીને ઘરે ગયો, પણ તેના નામરાસીઆએ વખત ખોહયો હતો નહીં. તેને અને જેનીને એક બાંક ઉપર બેસીને વાત કરતાં જોઇ ચીતારાનું હૈયું ફાટફાટ થવા લાગ્યું.

તે એક મન કરતો હતો કે પોલીસને ખબર આપી તેને પકડાવી લેવું, પણ બીજી પળે તેને લુસીએ કહેલું યાદ આવ્યું જે ખબરદાર, મારા ઘરમાં આવેલાને, તે લુચ્ચો છે એમ ખાતરી કરયા વગર, કોઇપણ પ્રકારની અડચણ કરવી નહીં.

લુસીએ ચીઠી લખીને મી૦ મોરીસ ઉપર મોકલી હતી જે મી૦ જોન ડી સુઝા વિષે વધુ વીગતવારે ખુલાસો કરવાની તસ્દી લેશો તો ઉપકાર થશે.

આ ઉપરથી ચીતારો પોતાના નામરાસીઆને પોલીસને સ્વાધીન કરાવતાં પોતાના મિત્રોને અપમાન થાય તેથી ડરતો હતો. તેણે પકકો વિચાર કરી રાખ્યો હતો, જે કાંઇપણ કામ પડશે તો રોડરીગીસ, જે સાથે આવીને એક દિવસ પુને રહી, બીજે દિવસે

પાછો મુંબઇ ફરયો હતો, તેને તાર મારફતે ખબર પુગાડી બોલાવી લઇશ.

પોતાની વાહલી જેની અને પોતાના નામરાસીઆ હરીફને સાથે વાત કરતાં જોઇ, તે બાજુપરથી ભરાઇને એવો દૂર બેઠો જે તે તેઓને જોય, પણ તેઓ તેને નહીં જોય. ત્યાં બેસીને ખીસામાંથી કાગજ પેનસીલ કાહડયાં, મતલબ કે તેઓની બેસવાની ઢબનો ચીતાર પાડી લએ.

થોડી મીનીટ પછી લુસી ફરતી ફરતી બાગમાં આવીને ચીતારાની પછવાડે આવીને ઉભી અને બોલી, જેથી તે ચોંકયો,

"ઓલ્લો, મી૦ પેન્ટર, હું તો કાંઇ સુંદર ચીતાર કાગજ ઉપર પાડેલો જોવાની ઉમેદમાં આવી, પણ કાગજ તો કોરૂં છે!"

"એક પળ ઉભાં રહો તો હમણાં તમારાં મનને તૃપ્ત બનાવું."

એમ કહી તેને એમ તેમ પેનસીલના ફટકા કાગજ ઉપર મારયા અને બોલ બોલતાં એક પીકચર પાડયું.

"આ તમારો નામરાસીઓ અને આ જેની. વાહ! આબેહુબ ઢબ પાડી છે!"

તેઓ વાત કરતાં બંગલામાં ગયાં. તે દાહાડે પણ પાંચ છ પરોણાઓ લુસીને ત્યાં સાંજે આવનાર હતાં.

ચીતારાને ત્યાં રહેવા ગમતું હતું નહીં પણ પેલો તેનો હરીફ ત્યાંથી જાય તો તે પણ જાય, નહીં તો કાંઇ ઓરનું દોર થઇને કોણું વેગણું બફાઇ જાય, તો ઓજબ્બા, તેથી તેણે જેમ તેમ આખો દાહાડો ત્યાંજ કાઢયો.

જેની ઘણીખરી ચીતારાના હરીફ સાથે વાતચીત કરતી હતી, અને દર વખતે તેણી તેને હસીને જવાબ આપતી હતી, તેથી તેવી દરેક વખતે ચીતારાને કોઇ છરી ભોંકતુ હોય તેમ થતું હતું.

સાંજે બંગલામાં લૉનટેનીસ રમવા ચીતારાને ઘણી બોહોસ કરીને સામેલ કરવામાં આવ્યો. પંરોણાઓ અવારનવાર દાવ લેતાં હતાં. જેની પોતાના નવા મિત્ર સામે રમતી હતી. ચીતારો જેની પાસે ઉભો રહીને રમતો હતો. દાવ રસાકસી ઉપર આવી ગયો હતો, તે ઉપર ધ્યાન આપવાને બદલે ચીતારો પોતાની નેમમાં ચુકયા કરતો હતો, કોઇપણ સમજી શકશે જે તેનું ધ્યાન જેની અને પોતાના હરીફમાં રોકાઇ ગયલું હોવાથી તે લૉનટેનીસ રમી શકતો હતો નહીં. તેને લુસીની અરજથી રમતમાં સામેલ થવું પડયું હતું. રમતના છેલ્લા ભાગની વેળા ચીતારાએ જેનીના કાન ઉપર પડીને કહેવાની તક લીધીઃ—

"મને ચાહ! એને ખરતો કર!!"

આ વાત કરવાથી ચીતારો પોતાનો એક ફટકો ચુકયો, અને દાવ હારી ગયો, જેથી બધાં જણ હસી હસીને કહેવા લાગ્યાં કે, "રમતી વેળા કાન કરડવાના નહીં, નહીંતો દાવ જરૂર હારી જઇએ."

બતી થઇ. તેઓ અંદર ગયાં. બેઠાં. વાતચીત કરવા લાગ્યાં. પીઆનો ચાલવા લાગ્યો. બીઝીક શરૂ થઇ. તોપણ જેની નવા આવનાર સાથ અવારનવાર ગોફતેગોમાં રોકાયલી રહેલી હતી. તે જોઇ ચીતારાએ પોતાના મન સાથ નકકી માન્યું કે—

"એ બેવફા છે. મારા કરતાં પૈસાવાલો મલ્યો છે તેથી દિલ પાછું ખેંચી લઇને એને આપ્યું છે. ઓરત જાત બેવફા છે એમ કહેવાય છે તે ખરૂં છે!"

તે જેમ તેમ પોતાના હોટેલ સુધી જઈ શકયો. તેનું મગજ બદામની બીજ માફક અંદરથી હાલતું હતું. તેનું દિલ ઘડિયાલની ટકોરી માફક ટકટક થતું હતું. તેના પગમાં ને હાથમાં ઝઝણી

ભરાઇ આવતી હતી, અને પગ ઘડિયાલની કમાનની માફક ધ્રુજતા હતા.

પલંગ ઉપર બરડો નાખે તો બરડો દુ:ખતો હતો. કોર મરડીને સુવા જતો તો પાંસલી દુ:ખવા માંડતી. દમ બરાબર લેવાતો હતો નહીં. ઘડીમાં તેને ગરમી પડી આવતી હતી અને ઘડીમાં તેના હાથ પગ થંડા બરફ જેવા થઇ જતા હતા. એ પ્રમાણે બીચારો ચીતારો આખી રાત જેમ તેમ પસાર કરી શકયો!

સહવારે ઉઠયા પછી હવે જેનીને મલવા જવાની કાંઇ જરૂર નથી એવો વિચાર કરતો હતો તેટલામાં લુસીના માણસે આવીને તેને ચીઠી આપી.

પરબીડામાં એક નાની કાગજની કાપલી હતી જે ઉપર ફકત એક લીટી:—

"**મારી ઉંપર વિશ્વાસ રાખજો**" એ પ્રમાણે લખનારની સહી વીના લખેલું હતું. ચીઠી સાથે ફુલ પણ મોકલાવ્યાં હતાં.

આ મોકલનાર અલબતાં જેની હોવી જોઇએ એમ તેને મક્કમપણે માન્યું.

પ્રકરણ ૧૯.

ડામાડોળ.

એક આશક પોતાની માશુકના બોલવા ઉપર કદી શક લઇ જતો નથી—પણ ચીતારો તે ચીઠીની કેસમલી લીટી ઉપર નજર કરતો બેઠો, બેઠો, તે બેઠો, અરધો કલાક તેને જોતો બેઠો. "મારી ઉપર વિશ્વાસ રાખજો" આ શબ્દોથી શુ જેની તેને ઉડાવતી હતી? અથવા તો પેલાને તપાસી જોય તેટલી વાર આશામાં

રાખીને ચીતારાને ઠગતી હતી ? તેનેતો તેણીના દેખાવ ઉપરથી લાગતું હતું કે પ્યારના તેમજ કાંઇ બીજા વિચારથી તેણી શું કરવું તેના ગભરાટમાં હતી.

હવે કરવું શું, તેના ખ્યાલમાં તે આખો દિવસ પડી રહયો. મગરૂબાઇએ તેને આખો દાહડો ઘેરયો પણ છેવટે પ્યારે તે મગરૂબાઇને ઘેરો ઘાલી જીતી લીધી. છેવટે તેણે નિશ્ચય કરયો કે તેણીની ઉપર વિશ્વાસ મેલવો. તેના હરિફને પોતાની વાહલી સાથે વાતચીત કરીને હસી બોલી ગીળગીળ્યાં છુટે, અને તે પોતે બીછાના ઉપર પડયો રહે એ અફસોસકારક નહીં તો બીજું શુ ? ઓરડાની સીલીંગના પાટીયાં ગણતો પડી રહે તે તેનાથી સહન થઇ શકે તેમ ન હતું. તે છતાં ડાહાપણ અરથે, તેમજ પોતાની આબરૂ કાજે, ખુદા ઉપર વિશ્વાસ રાખી તે પડી રહયો. તેણે વિચાર કીધો કે એટલામાં લુસીએ મંગાવેલી વધુ ખબર પણ આવી પુગશે, અને કાવત્રુ હશે તે જણાઇ આવશે.

બીજે દિવસે ચીતારાએ ચીઠીનો જવાબ મોકલ્યો કે હું તારી ઉપર વિશ્વાસ રાખું છું. બીજી એક ચીઠી લુસી ઉપર લખી મોકલી કે તમારા નવા મિત્ર માટે વધુ ખબર મળી હોય તે મને જણાવશો તો ઉપકાર થશે. જે શખ્સની ચાલચલણ વિષે મને શક હોય તેની મંડલીમાં હું સામેલ થવાને વાંધો સમજુ છું, માટે જેમ બને તેમ જલદી ખુલાશો મલે તે મોકલશો, અને તે જો મનમાનતો હશે તો હું બેધડક તમારી મુલાકાતે આવતો રહીશ.

ધારવા અગાઉ લુસીએ કાગજનો જવાબ મોકલ્યો.

"મી૦ જોન ડી સુઝા, તમે તમારા નામ રાસીઆની મંડલીમાં હાજર થાવો અથવા ના થાવો તે માટે તમે તમારા જીવના ધણીછો, તેથી કાંઇ તમારા નામરાસીઆને હું આવતો અટકાવી

શકતી નથી, પણ નહીં આવ્યાથી થોડા વખતમાં તમારા હકમાં નુકશાન થશે. કાંઇ પણ વાત વધશે તો હું તમને વેળાસર ચેતવણી તો આપીશ. મી૦ મોરીસનું કાગજ મલશે તેવું મોકલીશ."

લા૦ તમારી દુવાગીર,

લુસી પીન્ટો.

આ કાગજથી તેને જરા ધિરજ આવી. કારણ કે આ કાગજપરથી જણાયું જે લુસી પીન્ટો ચીતારાની તરફેણમાં હતી. એક દિવસ તેણે કરારમાં કાઢયો, પણ બીજે દિવસે ઉઠતાંનેવાર તેને એક કાગજ મળ્યો, જેથી વળી તે બેચેન થયો. તેમાં નિચે પ્રમાણે ખબર હતી.

"તમારો નામરાસીઓ કાલે આવ્યો, ત્યારે સાંજથી રાતસુધી જેની સાથે વાતમા ગુંટાયો. જો કે ઠપકા કે ટીકાને પાત્ર કાંઇપણ હીલચાલ જોવામાં આવી નથી, તે છતાં મને મલવા આવેલાંઓ બોલવા લાગ્યાં કે એ બન્નેને થોડી મુદતમાં બહુ ધાડી ઓલખાણ થઇછે. તે છતાં તમારા નામરાસીઆના ચેહરા ઉપરથી તે ફકત માનની નજરથી જેની તરફ જોયછે એમ લાગે છે."

લા૦ લુસી પીન્ટો.

આ વાંચી ચીતારો મનમાં બબડયો, "માન અને મીઠાસથી તે વરતેછે તેથી મને જરૂર નુકશાન છે, કારણ કે માન અને મીઠાસ ઓરતના દિલને રાજી રાખીને જીતે છે તેટલુ બીજું કોઇ ચીજથી થતુ નથી."

આથી તે વળી અંદેસા અને વિચારમાં પડયો પણ

વળી લુસીની આયા એક ચીઠી લઇ આવી જેમાં નિચલું હતુ:—

"અમે સાંજે પારબતી ઉજાણી જઇએ છીએ. તમે ત્યાં અગાઉથી જઇને ખુદરતના દેખાવનો ચોતાર પાડવામાં ગુંટાયલા હોવો તેમ બેસજો. આવશો તેમાં ડાહાપણ કહેવાશે."

લા૦ લુસી પીન્ટો.

આ ચીઠી વાંચીને ત્યાં જવા તૈયાર થયો. મગરૂબીને મારીને જેમ તેમ ખીસામાં ખોસી, કારણ કે તે બહુ તોફાન કરતી હતી. ચીતારો પોતાના સામાનનો નાનો કોથલો લઇ નિકળ્યો. ઉંચી ટેકડી ઉપરથી પુનાનો અને આસપાસનો દેખાવ બહુ મનહર લાગતો હતો જે દેખાવ પાડવાનું તેણે શરૂ કીધું. થોડીક વારમાં બીજા લોકોના સાદ સંભલાવા લાગ્યા, ને હસવા બોલવાનો ખડખડ અવાજ તેના કાને પડયો. તેની છાતી ધબકવા લાગી, અને તે કોણ છે તે જોય તેટલાં તેની નજરે તેના નામરાસીઆને જેનીનો હાથ બગલમાં લઇને ઉપર ચઢતાં દીઠો, જે જોઇ ચીતારાને અલબતાં ચક્કર આવવા લાગ્યાં. પોતાના નામરાસીઆનો ખુશાલ અને આનંદી ચેહરો જોઈ ચીતારાને લાગ્યું જે તેનું કામ તેને કાહાડી લઇને જેનીને મેલવવાની આશામાં તે ફાવ્યો હોવો જોઇએ.

તે એવી બાજુએ ભરાઇ, જે પોતાના કામમાં ગુંટાયલો હોય એવો દેખાવ કરી બેઠો જે બધાંઓ તેના પાસેથી પસાર થઇ ગયાં, પણ તેઓએ તેને દીઠો નહીં.

તેનું એક મન થયું જે ગ્રહસ્થઇનો દાવો પડતો મેલીને પોતાના હરીફને જઇને, તેનાં હાડકાનો ખુરડો કરીને, તેને તેના બાપદાદાને મલવા મોકલવો, પણ બીજી પળે આબરૂ અને નામોશીનો વિચાર આવતાં તેણે ત્યાંથી ઉતરી પડવાનો વિચાર કર્યો, અને દૂર જઇને એકાંત બેસવાનો વિચાર કરી તે ઉપર તેણે અમલ કર્યો.

એકાંત જગ્યે પોતાનો ગુસ્સો નરમ પાડવાની મકસદથી તે દૂર ગયો. તે એક ઘટાવાલાં ઝાડની નિચે, બેઠો બેઠો કાગજ હાથમાં લઇને વિચાર કરતો હતો, એટલામાં તેની નજરે એવો એક દેખાવ પડયો, જે જોઇ તે ઉંઘતો હતો કે જાગ્રત હતો, તેના અંદેશામાં

તે પડયો. જેની રોજર્સ એક પરોણાનાંનાં બચ્ચાંને રમાડતી રમાડતી એક ઝાડના છાયડામાં આવી પુગી, જયાં અગાઉથી ગોઠવણ મુજબ એક લોફર જેવા દેખાવનો શખ્સ તેણીની વાટ જોતો ઉભો હતો. તેઓ બન્ને એક બીજા સાથ ઉતાવળે થોડીક વાત કરીને છૂટાં પડી ગયાં.

આ મેલો ઘેલો સખ્સ નોકરના પોશાકમાં હતો, અને તેનું કોડું ચીતારાને લાગ્યુ કે મેં કોઇ જગ્યે જોયુંછે, પણ તેનું તેને ભાન આવી શકયુ નહીં.

બચ્ચાંને લઇને તેણી અહીં તહીં ફરતી હોય એમ દેખાવ ધારણ કરીને તેણી બીજાંઓ આગલ થોડીવારમાં પાછી જઇ પુગી, પણ ચીતારાના મનમાં શું આવ્યું પણ તે ખુદા જાણે, તેણી પાછી રખડીને બધાંને જઇને મલે તેટલામાં એકદમ ત્યાં જઇ પુગ્યો, અને અચાનુચો ત્યાં આવી પુગ્યો હોય એવું ડોલ ઘાલીને તે બધાંને જઇ મલ્યો અને બેઠો.

જેની ફરતી ફરતી પાછી આવી ત્યારે બીજાં બધાંઓ મશકેરી કરવા, જાણે કોઇ મોટાં માણુસ આવ્યાં હોય તેમ, ઉઠીને ઉભાં થયાં, ને કમરમાંથી વળીને તેણીને સલામ કરવાં લાગ્યાં, પણ બન્ને ડી સુઝાઓ બેસી રહયા હતા. ચીતારો બોલ્યો, “આવો, જેની તમારે વાસ્તે મારી પાસે જગ્યા છે.”

પણ ત્યાં પોતે બેસવાને બદલે તેણીએ પોતાના હાથમાંનાં છોકરાંને બેસાડીને હરૂસે ચીતારાના કાનમાં કહયું. ‘સાથે ઘર આવીને સુવાના ઓરડામાં ઘડિઆલની અંદરથી ચીઠી લેજો.’

તેણીની મતલબ શી હતી ? શું હરિફને બાહારથી રાજી રાખવા માટે ચીતારાથી દૂર રહેતી હતી ? શું તેણીને ખબર હતી કે નવો ડી સુઝા

લુચ્ચો છે ? તેથી શું તેણી તેને નાઢો માઠો રાખી અંદરથી ધિક્કારતી હતી ? પણ નહીં એવું કશું તેણીના મોંપરથી દીસ્તું હતું નહીં.

બધાંઓ સાથે ઘેરે ગયાં. ચીતારો પણ લુસીને બંગલે ગયો. રાતે ત્યાંજ જમવાનું તેણે નકકી રાખ્યું.

સરવે જણ હોલમાં વાત કરતાં હતાં. તે વારે ચીતારો સુવાનો ઓરડો કયો તે તપાસતો બાહારથી ફરતો હતો તેટલામાં તેની સામે બે શખ્સો તે ઓરડામાંથી નિકલી સામે થયા. તેમાં એક તો લુસીનો નોકર હતો, જ્યારે બીજો શખ્સ જે જેનીને ઝાડીમાં છુપો મળ્યો હતો તે હતો. તે ત્યાંથી ચાલી ગયો, પછી લુસીના નોકરને તેડીને ચીતારાએ પૂછ્યું "એ તારી સાથે કોણ હતું ?"

"સાહેબ, એ તો પેલા બીજા શેઠ, તમારા નામરાસીઆ છે, તેનો હજુરયો નોકર છે."

પ્રકરણ ૨૦.

ધમકી ને કાલાવાલા.

ચીતારો જાણતો હતો કે બાઇસાહેબોને કપડાં બદલતાં વાર લાગશે તેથી તે ઓરડામાં દાખલ થયો અને ઘડિયાલ જોઇ કાઢ્યું.

આ ઘડિયાલ અસલી ઢબનું અને મોટા કદનું હતું. આજના તકલીદી ઘડીઆલ કરતાં તેનો સાંચો બહુ ઉંચો અને મજબુત ધાતુનો હતો.

ઓરડામાં નાની ત્રીપઇ ઉપર ફુલનો તોરો મુકેલો હતો જે ઓરડામાં મેહક મેહક મારી રહયો હતો.

તેટલામાં એક નોકર દાખલ થયો ને બોલ્યો "બાઇસાહેબે જમવાના ઓરડામાં તમારી વાટ જોયછે."

"ચાલ હું આવ્યો" એમ કહીને નોકરના ખરવાની વાટ જોતો ઉભો.

નોકર ગયો કે તેણે ઘડિઆલનું બારણું ઉઘાડયું અને તેમાંથી એક ચીઠી મલી તે ઉંચકી લઇ બારણું જલદીથી બંધ કરી નાખ્યું.

આ ચીઠી ઉખેડીને જોય છે તો જેનીની આગલી ચીઠી માફક આ પણ હતી. તેણીએ નિચે સહી પણ કરેલી ન હતી. તે ચીઠી નિચે પ્રમાણે હતીઃ—

હું જોખમમાં નથી, પણ તમારો જીવ જોખમમાં છે, તેટલા વાસ્તે જો તમે તમારા જીવની દરકાર કરતા હોવો અને મને સુખી બનાવવાની આશા રાખતા હોવો, તો અતરેથી જતા રહો. મારૂ દિલ મેં તમને આપ્યું છે, અને તેટલાજ વાસ્તે તમારે અતરે રહેવું ન જોઇએ. જ્યારે સઘલો ભય દૂર થશે, ત્યારે હું તમને લખીને તેડાવીશ. તેટલીવારમાં તમારી મારી તરફ મેહરબાની અને પ્યાર પણ કેટલો અને કેવો છે તે પણ જણાશે.

વાંચતાં વાંચતાં તેના હાથ ધ્રુજ્યા અને કાગજ ઉપર અકેક લીટી બબે દીસવા લાગી. દિલ આપ્યું, ત્યારે તે દિલ લઇને હું છોડી જાવું! એ નહીં બને! કદાચ કાગજ વાંચવામાં તો ભૂલ નહીં થઇ હોય? તેથી તેણે પાછું વાંચયું, પણ માલમ પડયું કે કાગજ તો એમજ છે.

પણ પોતાના ગભરાટમાંથી હજી તો મોકલો થાય નહીં, તેટલામાં ફરીને જોય છે તો પોતાના હરિફનો માણસ હાથમાં ફુલનો તોરો લઇને પીઠ પાછલ ઉભેલો હતો. ચીતારો એકદમ તપી ગયો, અને તેના અંગ ઉપર ધસી જાત, પણ પેલો નોકર ચપલાઇથી, ફુલનો તોરો ટેબલપર મેલી, તરત ઓરડામાંથી નિકલી ગયો. જતાં જતાં બોલ્યો "પીલાં ગુલાબનાં કુંડાંની હારની પછવાડેના ઝાડ આગલ જમી રહીને મલજો, ત્યાં વાત કરીશું."

ચીતારો ઓરડો છોડી ચાલ્યો. પોતાના ગભરાટમાં ફુલના તોરા ઉપર 'જેની રૉજસ માટે' એ પ્રમાણે કારડ ખોસેલો હતો તેપણ તેણે જોયો નહીં.

જમી રહયા પછી ચીતારો પોતાના હરિફના નોકરે જે ઝાડ આગલ બોલાવ્યો હતો ત્યાં સીધો ચાલ્યો. ત્યાં પેલો નોકર અગાઉથી હાજર હતો. તેની તરફ ચીતારો ડોળા કકડાવી બોલ્યો,

"કેમ લુચ્ચા, મારી ખાનગી ચીઠી પછવાડેથી કેમ વાંચી ?"

પેલાએ કાંઇ જવાબ આપ્યો નહી પણ તે ફકત મુછમાં હસ્યો.

ચીતારાને તૂરત ભાન આવ્યું કે આ શખ્સને મેં કોઇ વખત આગલ જોયો છે ખરો.

"મેં તને કોઈ જગ્યે દીઠો છે ખરો એમ મને લાગે છે."

આ સાંભલી પેલો ખડખડ હસી પડયો જેથી ચીતારાની ચીડનો પાર રહયો નહીં.

"મેહરબાન સાહેબ, મેં નોકરનો વેશ લીધો છે હું એટલે નોકર નહી થઇ ગયો. વાસ્તે મને નોકર સમજી મારા ઉપર ખાલી દમ ના કરશો. તમે મને મુંબઇમાં પોલીસખાતાંમાં દીઠો હશે."

આ સાંભલી ચીતારો ચોંકી પાછલ હટયો. હવે તેને ધ્યાન આવ્યું કે વાત ખરી હોવી જોઇએ. રોડરીગીસ ડિટેકટિવે તેને કહયુ પણ હતું કે જેની રૉજસની સલામતી માટે ડિટેકટિવ છોડવા પડશે, તે તેને યાદ આવ્યું.

"માફ કરજો કાંઇ અપમાન થયું હોય તો," ચીતારો બોલી ઉઠયો.

"હું રોડરીગીસના હાથ નિચે ડિટેકટિવ છું. તમે કહો તેમ તમારી સેવામાં હાજર છું. હું હાલ પેલા તમારા નામ રાસીઆની નોકરીમાં રહયો છું. હું તેની બધી હીલચાલ તપાસું છું, તેમજ

પેલીની હીલચાલ પણ જોતો રહયો છું, અને માફ કરો તો કહું કે તમારી હીલચાલ પણ તપાસ કરતો ફરૂં છું."

"મારી હીલચાલ તપાસવાની ફીકર છે," ચીતારો બોલ્યો.

"નહી સાહેબ, જરૂર છે, કારણ કે તમારામાં ઝાઝી હીમત લાગતી નથી, અને વળી તમે કેટલા ભયમાં છો તેથી તદન અજાણ્યા છો."

"જેનીએ મને જણાવ્યું છે કે મારો જાન જોખમમાં છે, પણ એક ઓરત હમેશાં જરૂર આટલાંનું આવડું કરે," ચીતારો બોલ્યો.

"ખરૂં, પણ આ વાતમાં જેનીએ આટલાનું આવડું કીધું નથી. મારા ઉપરી રોડરીગીસે એક મોટી યુકતી રચી છે, પણ તે શી છે તે હજી હું પણ સમજી શકતો નથી. બીજું એ કે તે યુકતીમાં તમારી હાજરી એક નડતલ જેવી છે. વાસ્તે અતરે રહેવાની તમને કાંઇ જરૂર નથી. અહીંથી દૂર જાવો તો બહુ સારૂં. જેની લખેછે તે તદન ખરૂં છે."

"જેનીને ખબર છે કે તમે એક ડિટેકટિવ છો અને પોલીસની છુપી દેખરેખ ચાલુ છે?" ચીતારાએ પૂછયું.

"નહી સાહેબ."

"નહી? પણ મે તમને તેણીની સાથે વાત કરતાં જોયા હતા,' ચીતારો બોલ્યો.

"ત્યાં? ઉજાણી ગયાં હતાં ત્યાં?"

"હા ત્યાં."

"ત્યાં તમે અમને જોયાં તો ફિકર નહીં. તમે અમને જોયાં, પણ મારા શેઠ રોડરીગીસને નહીં જોયો હોય. એવી છુપી દેખરેખ રાખવી બહુ મેહનત આપનારી, અને કોઇ વાર તો જીવ લેનારી

થઇ પડે છે. તમે જોખમમા છો એવી રીતની તમને ચેતવણી આપવા માટે મેં તેણીને તે વારે ખાસ કહેવાની તક લીધી હતી," ડિટેકટિવ બોલ્યો.

"ત્યારે તમે પોતે જેનીને કહયું કે મારી આજુબાજુ ભય છે?"

"હા, મેં કહયું. એજ વાત. બીજી વાત અમારા વચ્ચે થઇ નથી."

"એટલું છતાં તમે તેણીને કહયું નહીં કે પોલીસ પછવાડે છે, બીહવું નહીં?"

"નહી સાહેબ, એટલું કહેવાની કાંઇ જરૂર હતી નહી," ડિટેકટિવ બોલ્યો.

"જરૂર નહીં હતી? ત્યારે તમે એક સાચી નિષ્ઠાવાળા નોકરનો ભાગ ભજી બતાવો છો, શું?"

"એમજ થવું જોઇએ," ડિટેકટિવે જવાબ આપ્યો.

ચીતારાએ ડિટેકટિવ સાથે આગલ વાત કીધી, પછી તેને લાગ્યું કે તેની છાતી ઉપર જે ભાર હતો તે તો ઉચકાઇ ગયો. જેની મને ચાહે છે એવી તેની ખાતરી થઇ, અને મને નુકશાન નહી થાય તેટલા વાસ્તે મારા હરિફને બાહારથી પતાવેલો રાખે છે, પણ એમ વિચાર કરતી વેળા જેનીની હસી હસીને પોતાના હરિફ સાથની વાત તેને યાદ આવ્યા કરતી હતી.

"ઉપકાર થયો સાહેબ. હવે તમે મને કહો કે મારે શું કરવું?" ચીતારાએ પૂછયું.

ડિટેકટિવે તેના માથાથી પગ સુધી તેની તરફ જોયા કીધું ને પછી પૂછયું,

"જેનીએ લખ્યું તેમ નથી કરવા માગતા?"

"ત્યારે શું તેણીને ભયમાં મેલી હું ચાલી જાવું?"

"અલબતાં એમ કરવું મરદાનગીથી ઉલટું છે, પણ ડાહાપણથી ઉલટું નથી."

"પણ તમે તેને એકદમ પકડી કેમ નથી પાડતા?" ચીતારાએ અજબ થઇ પૂછ્યું "જેથી બધાંનો છેડો આવી જાય."

"પકડવા માગતા નથી. એનો ભરમ અમે જાણવા માગ્યે છીએ, અને પકડયે તો ભરમ નહી મલે. જેની રૅાજરના નામની છોકરીઓ પાછલ તે શા માટે ભટકે છે? અને તેમની ઓળખાણ કરયા પછી કોઇને છોડી દએ છે, અને કોઇને હેરાન કરે છે તેનું કારણ શું? એ શું એના મનનો ફાંટો છે કે એના મનમાં કાંઇ બીજો વિચાર છે જેથી એ એમ કરે છે? એ અમે સમજી શકતા નથી પણ સમજવા માગ્યે છીએ, તેથી તેને થોડી વાર વધુ છૂટો રાખ્યે છીએ. એને બીલકુલ ખ્યાલ નથી કે પોલીસ એની આજુ બાજુ ભમે છે. ફક્ત તમે એની હીલચાલ ઉપર નજર રાખોછો એટલો એને શક છે, અને જો તમે અતરેથી દૂર થાવો તો એ પોતાના પંજ દેખાડે તો દાવ જણાઈ જાય."

"પણ એને છૂટો રાખવાથી કદાચ જેની એના મનના ફાંટાનો ભોગ થઇ પડી તો?" ચીતારાએ પૂછયુ.

"એમતો લાગતું નથી. આ જેની ઉપર તે મોહી પડેલો દીસે છે, અને તેથી એનો જીવ લેવાનો ઇરાદો કરે એમ બીલકુલ બને નહી. પણ હું કુતરાની માફક આગલનો આગલ છું, અને તેણીને જરા ઇજા થવા દેનાર નથી."

"પણ તમે પરમેશ્વર પેરે સર્વવ્યાપક બની શકો નહી. તમે એક જગ્યે હોવો અને બીજી જગ્યે જેનીનું ખુન થયું તો?" ચીતારાએ પુછ્યું.

"હું નહીં ધારતો કે એમ બને. મારો શેઠ મારી જાણ વગર કાંઇ પણ આગલ પગલાં ભરે નહીં. મારી ઉપર બધી રીતે વિશ્વાસ રાખતો જણાય છે. હું તેનો જમણો હાથ છું."

"કદાચ તમે એમ ધારવામાં ભૂલ કરતા હોવો તો?" ચીતારાએ પૂછ્યું.

"નહીં નહીં, તે ગ્રહસ્થ તરીકે ફરે છે અને જરાપણ કામ પોતાને હાથે કરતો નથી."

ચીતારાએ આ જગ્યે ઉંડાણથી દમ ખેંચ્યો અને બોલ્યો,

"ઠીક છે. આ ઘરમાંથી હું તમારી ઇચ્છાને અનુસરતી રીતે ગેરહાજર રહીશ. માણુસ જાતનો સ્વભાવ તમે સારી પેઠે સમજતા હોવો, તો મારૂં માનશો, કે મને અહીંથી ખીસવા બીલકુલ ગમતુ નથી. મને એટલો વચન આપો કે તમે જેની ઉપરથી નજર ખીસાડશો નહીં, અને કાંઇ પણ પ્રકારના ભયમાં તેણી આવી પડે તો મને તૂરત ચેતવશો. લુસી પીન્ટો પાસથી પણ એવો વચન હું લઇશ. પછી તમારાં જેવાં બે જન જેનીની દેખરેખ રાખશે એટલે હું દૂર રહી શકીશ."

"રહી નહી શકશો તો શું કરશો? તમે પુનામાં રહો, પણ અહીંથી ચાલી ગયા એવી બુમ ઉરાડો."

"એમજ કરીશ."

"અને ત્યારે પછી તૂરત માલમ પડી આવશે કે પેલા કાકા જેની ઉપર ખરા ફીદા છે કે વળી કોઇ બીજી જેની શોધી કાહાડે છે, કે કોણ જાણે પોલીસને તસદી આપે છે," ડિટેકટિવ બોલ્યો.

આટલી વાત પછી ચીતારો ત્યાંથી પોતાના મકાન તરફ તૂરત ચાલી ગયો, પણ થોડે રસ્તે જઇને મનમાં બબડયો, "છટ નૉનસન્સ, પોલીસને લીધે શું હું મારી જેનીને જતાં જતાં સલામ સાહેબજી પણ નહીં કરૂં! એ તો તદન હીચકારાપણું થઇ ગયું!"

તે પાછો ફરયો અને બાગમાં ફરીને અંદર પાછો ગયો હોય તેમ ડોળ ઘાલ્યું, પણ જતાંને વાર જુવે છે શું ? જેણીના હાથમાં પેલો તુરો હતો, જે તેના હરિફના નોકરે ટેબલ ઉપર મેલ્યો હતો તે. તેને સુંઘીને તેણી તેની ઉપર ચુમી લેતી હતી. જેનીએ ચીતારાને આવતાં દીઠો હતો નહીં.

બીજાંનાં મનથી આ બનાવ ઘણો નજીવો, પણ આ નજીવો બનાવ આશકના મનથી બહુ મોટો કહેવાય. આથી તે ચીતારાએ હોઠ કરડીને હાથ અફાળ્યા, અને મનમાં બબડયો કે પાછો નહીં ફરયો હોત તો સારૂં. જેની મારા હરિફને ચાહે છે એ આ ચુમીના બનાવથી સાબેત થાય છે, અને મારો હરિફ પોતાની જબાનદરાજી અને દ્દશકીપણાંથી ફાવી ગયો છે, વગેરે વગેરે, ખ્યાલો એક પળમાં ચીતારાના મગજમાં રમી રહયા.

તોપણ તે સીડી ઉપર ચઢયો, ને અંદર ગયો. તેનો હરિફ જમીને ચાલી ગયલો હતો. જેનીએ પીઠ ફેરવીને તેને દીઠો તેવો તે બોલ્યો.

"જેની, માફ કરજે" એટલું બોલીને તે અચકયો, કારણ કે એટલું બોલતાં તેની નજર તેણીએ છાતી ઉપર ફુલ ખોસ્યા હતાં તેની ઉપર પડી.

"તમે મારી ચીઠી વાંચી કે નહી ?" તેણી બોલી.

ચીતારો તેની તરફ જોતો ઉભો. તેણીની આંખમાં ધાસ્તી પ્રગટ માલમ પડતી હતી તેણી આમ તેમ નજર કરીને પછી બોલી, "બોલો તમે વાંચી કે ?"

"હા, અને તને તાબે છું. પણ હું સમજું છું જે આવી રીતે તું મને ખરતો કરેછે. મારી હાજરી તને આવકારદાયક હોય કયાંથી ? અફસોસ ! મારી નજરથી આ ફુલ દૂર કર, અને મારાં

દેખતાં એને હાથ ના લગાડ, એનો આપનાર ગમે તેવો હોય, પણ તને એ ફુલથી મજાહ લેતી હું દેખી કેમ શકું !"

"વાહલા, હું ખરૂં કહું છું જે આ ફુલ તમે મોકલ્યાં એમ હું આ પળ સુધી માનતી હતી," જેની બોલી.

"નહીં, મેં બીલકુલ મોકલ્યાં નથી."

આ સાંભલી તેણી ફીક્કી પડી ગઇ, અને તેણીએ તે ફુલ છાતી ઉપરથી તોડી નાખ્યાં અને બોલી, "હું તો તમે મોકલ્યાં એમ ધારતી હતી."

આ બનાવથી, તેણીની આ વલાણથી, તેણીની બોલવાની ઢબથી, ચીતારો તો જીવતાં જીવત સાતમાં આશમાને પોહોંચી ગયો, અને જો બીજાંઓ ઘરમાં છે એમ તે જાણતો ન હોત, તો ખચ્ચીત તે જેનીનો હાથ પકડીને હજારો જાતના પ્યારના સખુનો સંભળાવત, પણ પ્યાર કરવાનો આ સમય નહીં હતો, અને વળી તેણી પણ થાકેલી લાગતી હતી.

"વાહલી, એ ફુલ તો મારા હરિફનો નોકર મેલી ગયો. મોકલનારનું નામ ઉપર હોવું જોઇએ."

"ખરૂં, પણ હું તો તમને સમજી, પણ વાહલા, તમે જેમ બને તેમ અહીંથી દૂર રહો તો સારૂં. તમારાથી છુટું પડવા મને ગમે કેમ, પણ કરૂં શું, મને હવામાં જાણે તમને કોઇ મારવા દોડતું હોય તેમ લાગ્યા કરે છે !"

"વાહલી, કદાચ મોહત પણ મને પકડવા આવતું હોય તો પણ હું તારી આગલથી ખસવા ખુશી નથી. અગે, મને ખબર છે જે તારો જીવ જોખમમાં છે, તે છતાં હું તને બીજાંની દેખરેખ હેઠલ મુકીને કેમ ચાલી જઇ શકું !"

"પણ વાહલા, મારી ખાતરી છે જે મને કાંઈ ધાસ્તી જેવું નથી. જો હું કહેવું છું તે માનો—જો! હું તમને કાલાવાલા કરી કહું છું!" એમ કહી તેણીએ પોતાના બન્ને હાથ તેના ગળામાં નાખીને, પતાવવા લાગી કે તમે અહીં ના રહેવો.

ચીતારાને ભાન આવ્યું કે હોલમાં ઉભાં રહીને એ પ્રમાણે ગળે વળગવું ઠીક નહીં, તેથી જેનીને દૂર થઇ જવા કહીને બોલ્યો, "કોઇ જોશે તો શું વિચાર કરશે? વળી, આ વાત હરૂસે કર, કારણ કે મારો હરિફ કોઇ સેતાન દીસે છે. અને તેથી કદાચ ઘરના ચાકરોને હાથમાં લીધા હોય, અને તેમને બધી વાત પૂછી જુવે."

"ખરૂં છે, પણ તમે મને વચન આપો કે અહીંથી દૂર જશો."

"વાહલી, તું મને બાયલો બનવા કહે છે?, મોટા મનના મરદને છાજે નહીં તે પ્રમાણે વર્તવા કહે છે? વળી, જો તને એવું લાગતું હોય કે મારો નામરાસીઓ કોઇ પીરાન પીર છે, તો પોલીસની મદદ લઇને તેનો રસ્તો કરવાને બદલે તું જાણી જોઇને તેને આવકાર આપીને અને તેની દોસ્તી રાખીને તેને ઠંડો મીઠો રાખે છે?"

"નહી વાહલા તમે સમજતા નથી. હું સુડી વચ્ચે આવેલી છું, અને તેથી કળેકળે બાહાર નિકળવા માગું છું. તમે મને ચાહતા હોવો તો મારી ઉપર ભરૂસો રાખો. વાહલા, હું ઇચ્છું છું જે તમે મારી ઉપર ભરૂસો મેલીને સબર પકડો. તેમાં તમારૂં અને મારૂં બન્નેનું ભલું થશે."

"અજાયબ જેવું! અજાયબ જેવું!" ચીતારો માથે હાથ મારીને બોલ્યો.

હવે તેણી રડવા જેવી થઇ ગઇ અને બોલી, "ત્યારે તમે નહીં જશો? જો વાહલા, મારા ખાતર, હું કહું છું તેમ કરો."

"હા" બોલવા જતો હતો પણ હા બોલ તેના ગળાંમાં અટકયો, પણ તેમ બોલવાને બદલે તે બોલ્યો,

"જેની, તને ફકત પેલાના નોકરે સમજાવી તેમ તું સમજી છે."

"પેલાના નોકરે!"

"હા તેણે. તેને તારી સાથે વાત કરતાં મેં જોયો હતો. હમણાં પણ તે મારી સાથે વાત કરીને છુટો પડયો—ધાસ્તી શી છે તે હુ સમજુ છું."

આ સાંભળી જેનીને ચકકર આવ્યાં, અને તેણી કોચ ઉપર આંખે હાથ દઇને મુગી સુતી.

ચીતારો આ અતી રૂપાળી કુમારીકાના તહરેવાર ખ્યાલ ઉપજાવનારા ચેહરા તરફ ટીકતો ઉભો હતો, તેવામાં તેની નજર પડદા આગલ આવીને ઉભેલી લુસી ઉપર પડી. બન્નેની આંખ સાથે મલતાં તેણીએ ચીતારાને પૂછયું,

"અને તે નોકરે તમને શું કહયું?"

"તેણે કહયું તેથી તો ઉલટી તમારી ધાસતી મટવી જોઇએ. તે નોકર આપણો દુશમન નથી અને તેની જાણ વગર કાંઇ પણ થવાનું નથી."

"જુવો, મારી સલાહ છે જે તમે અહીંથી પાછા મુંબઇ થોડા દિવસ જાવો."

"નહીં, મારો એવો વિચાર છે જે એ શખ્સને બરાબર ઠોકીને એના હાડકાં ભાગું!"

"નહીં, એ કાંઇ લુચ્ચો લફંગો નથી. જુવો. મી૦ મોરીસનું કાગજ સાંજે મને મળ્યું." લુસીએ તે કાગજ ચીતારાના હાથમાં મેલ્યું, જે તેણે વાંચ્યું, અને તે નિચે પ્રમાણે હતુઃ—

"મી૦ જોન ડી સુઝાને અમે સારી પેઠે ઓળખીએ છીએ, એટલુંજ નહીં પણ કરાંચીમાં એ સરવેને જાણીતો છે. એની ચાલચલણ

બીલકુલ ડાધા વગરની છે. અને એ તદન ગ્રહસ્થ આદમી છે. ઓરતો તરફ માન ભરેલી નજર સિવાય આડી નજર કરતો નથી. મારૂં ભલામણ પત્ર ચોરાઇને કોઇ ભલતાના હાથમાં ગયું હોય એમ બને, વાસ્તે એને મારી નાની બુચીનું નામ પુછી જોજો. મી૦ જોને મારી બુચીનું નામ 'ડોરોથી' રાખવા સુચવ્યું હતું, અને અમને પણ એ નામ પસંદ પડયું. એ વાત જો તે ખરી જણાવે તો મારૂં ભલામણ પત્ર લઇ આવનાર તમારા વધુમાં વધુ આવકારને લાયક છે, એમાં બીલકુલ સંદેહ નથી."

લા૦ **હરબરટ મોરીસ.**

આ કાગજ વાંચીને ચોતારો ઘણોજ દિલગીર થઇ ગયો, અને મનમાં બડબડયો કે એ શખ્સ સારો હોય કે ખરાબ હોય, તોપણ મને તો કોઇબી રીતે બીહવાનું છે.

પ્રકરણ ૨૧.

વગર તેડે આવેલા બે શખ્સો.

તે થોડીવારમાં પોતાના હોટેલમાં ગયો. જઇને પોતાના ઓરડામાં સુતો, પણ તેને ઉંઘ આવી નહીં. ટેબલ આગલ જઇને તે પેનસીલ કાગજ વગેરે લઇને જેનીની રાબી પાડતો બેઠો, પણ તેનો જીવ ગભરાવા લાગ્યો, અને તેને કાંઇ ચેન પડયું નહીં, તેથી ઉઠયો, અને પલંગની પછવાડે ત્રીપઇ ઉપર પોતે વીસ્કીની બાતલી મેલી હતી, તે લેવા ગયો. પલંગ પછવાડે અંધારૂં હતું પણ બાટલી ઉજરડામાં લાવી જોઇ શકયો કે બાટલી ખાલી છે.

આ જોઇને તે અજાયબ થયો, કારણ કે તેણે વીસ્કીની બાટલીમાંથી ફકત એકજ પેગ પીધો હતો, અને બાકીની જેમ હતી

તેમ હતી. હોટેલવાલો કાંઇ નાશો ભુખ્યો નહીં હતો કે વીસ્કીની બાટલી ખાલી કરી જાય. કદાચ કોઇ બટલર પી ગયો હોય, પણ બટલરો પણ એકદમ બાટલી ખાલી કરી નાખે એમ બને કેમ. કોઇ બાહારનો ચોર તો નહીં હોય? કોણ જાણે, બાટલી ખાલી કેમ થઇ.

પોતાના વિચારમાં હોવાથી બાટલીની વાત તે તુરત ભુલી ગયો. વીસ્કી ગયો તો જહાનમસર, પણ જેનીને છોડવી પડી તેનો તેને વિચાર આવતો હતો. તેણીનો વિચાર કરતો માથે હાથ દઇને ખુરસી ઉપર પડેલો હતો તેવામાં કોઇએ બારણું ઠોક્યું. વળી એ કોણ?

બારણું ઉઘાડયું પણ અંધારામાં તે જોઇ શક્યો નહીં કે કોણ આવ્યું હતું,. પણ જરા આંખ તાણીને જોતાં તેને તે ઓળખીને બોલ્યો. "ઓ મી૦ રોડરીગીસ!"

"હા હું રોડરીગીશ છું. તમને સારી પેઠે જોઇને હું ઘણો ખુશી છું," તે બોલ્યો.

"તમને આવેલા જોઇને હું અત્યંત ખુશી છું. હું વિચાર કરતો હતો કે તમને બોલાવવા જોઇએ. તમારા મદદનીસો તમને તાર કરીને બોલાવ્યા શું? તમારૂં અહીં જરૂરનું કામ છે."

"નહીં તો હું આવત પણ નહીં. મારૂં અહીં આવવું ગવાહી આપે છે જે અલબતાં કામ આગલ વધે એવી વકી છે."

"તમારો મદદનીશ ભરૂસાદાર તો છે કેમ?"

"અમારા મદદનીશો વિષે બેફીકર રહો," રોડરીગીસે ચીતારાને સધ્યારો આપ્યો.

"મી૦ રોડરીગીસ, હમણાજ હું વીસ્કીનો પેગ લેવાનું મન કરતો હતો, પણ જોયું તો પોણી બાટલી હતી તેમાંથી એક ટીપું પણ મલે નહીં, કોણ જાણે કોણ પી ગયું! જો હોત તો તમને

આપવા કેવો કામ લાગત ! હું ઘણો દિલગીર છું જે બીજો હાજર નથી."

"કોઇ પી ગયું ?" રોડરીગીસે અજાયબ થઇ પૂછ્યું.

"હું નહીં જાણુતો કે શું થયું."

રોડરીગીશે તપાસ કરીને કહ્યું કે મને લાગે છે જે દારૂ કોઇએ ઢોળી નાખ્યો છે. નહીં તો આ પાણી ક્યાંથી ?"

કાંડી સળગાવીને એક નાના જેવા ખાડામાં ટીપાં હતાં ત્યાં મેલી તો ભડકુ ઉઠી આવ્યું, તેમજ આંગલી બોલીને વાસ લેતાં માલમ પડયું કે વીસ્કી કોઇએ ઢોળી નાખ્યો હતો.

રોડરીગીશની નજર આમથી તેમ ફરયા કરતી હતી. તેણે જોઇ જોઇને પૂછ્યું, "તમે બારણું ઉઘાડુ રાખતા હુશો, પણ આ બારી બંધ કરો છો કે નહીં ?"

પલંગની પાસે બારી હતી અને ત્યાંથી કોઇ કુદે તો કમપાઉન્ડમાં કુદી શકાય એટલુ ઉંચુ હતું.

"જુવો, તમારા તકીઆ ઉપર કોઇના બુટના પગ પડેલા છે, અને અહીંથી કુદકો મારતાં આ વેલો પણ કોઇએ ભાગી નાખ્યો છે." રોડરીગીસે ડિટેકટિવની નજરે ખોળ કરીને છેવટ આણ્યું.

"હા મને તો એનો કાંઇ ખ્યાલ નહીં ! તકીઆ ઉપર પણ મારી નજર હમણા પડી," ચીતારો બોલ્યો.

વધુ તપાસ કરતાં ભાગેલા વેલા આગલ કાંઇ ચકચકતું મલી આવ્યું, જે ઉંચકીને જોતાં રોડરીગીસ બોલ્યો, "લેવો અહીંથી કોણ કુદયું, તે પણ માલમ પડયું. ડિટેકટિવો પટો પેહરે છે તેનુ આ બકલ છે અહીંથી કુદનાર બીજો કોઇ નહીં પણ મારો મદદનીશ કવોડરૂશ હોવો જોઇએ."

ચીતારો ખાલી બાટલી તરફ જોઈ બોલ્યો, "હું ધારૂં છું જે દારૂ કવાડરૂસે ઢોળી નાખ્યો હશે. તેણે મને કહયું કે મારો જીવ જોખમમાં છે. પેલો મારી ઉપર બહુ બળે છે—"

"થોભો, પેલો કોણ?" રોડરીગીસે પૂછ્યું.

"જોન ડી સુઝા નામનો બીજો, જે ઘણી ગ્રહસ્થનો દેખાવ રજુ કરે છે. તે કરાંચીથી ભલામણ પત્ર લઈ આવ્યો અને આવીને જેની સાથે ઓળખાણ પાડીને લટી પણ ગયો છે."

"ઠીક છે. જોઈશું, હું તો તેને જોવું પછી વાત."

"તમારો ડિટેકટિવ કહે છે જે મારો જીવ બહુ જોખમમાં છે. જેનીને કાંઈ ધાસ્તી નથી. મે તેને એ શખ્સને પકડવા કહયું ત્યારે તેને ના પાડી કે હમણા નહીં. હું ધારૂં છું કે તેને એકદમ પકડવો એતાં મારા મત સાથે તમે એક મત થશો."

"જોઈએ, જોઈએ, પછી વાત."

"વળી તે, તેમજ જેની, બન્ને જણ કહે છે જે મારો જીવ જોખમમાં છે, એ અજાયબી ભરેલી વાત છે. મારા હરાફના બોલ ડિટેકટિવે તેણીને કહયા હોય, અને કદાચ તેથી તેણીને ધાસ્તી ઉપજી હોય, અને તેણીની ધાસ્તી તેની ધાસ્તીનું બચ્ચું હોય એ બનવા જોગ છે."

"શું મારો ડિટેકટિવ તેને ત્યા ખુદ નોકરી રહયો છે?" રોડરીગીસે પૂછ્યું, "હું ધારતો હતો કે એ કાંઈ વખાણવા જોગ પગલાં ભરશે ખરો. જેની સાથે પણ વાત કરી આવ્યો કે?"

"કોણ? તમારૂં માણસ? હા."

"માણસ કેમ બોલો છો, તેને તમે ઓળખતા નહીં કે?"

"નહીં."

"મી૦ કવાડરૂસને ઓળખતા નહીં?"

"મી૦ ક્વાડરૂસ નહીં હોય. મી૦ ક્વાડરૂસના ડોળા તો માંજરા છે. આના ડોળા કાળા છે. બીજો વેશ લેવાય પણ ડોળા પણ કાળા કરાય વારૂ ?"

"હશે. તદન વેશ બદલી નાખ્યો હશે. તેથી તમે ઓલખી શકતા નથી. પણ મારી સાથે ક્વાડરૂસ ફરે છે તેજ છે કદાચ રાત્રે તમે દીઠો હશે."

"નહીં રે, દિવસે અજવાળામાં જોયો, પણ તે ઓળખાયો નહીં, હું તો હજી નહીં માનતો કે તે ક્વાડરૂસ હોય."

"નહીં કેમ. આ તેનું કાગજ. આ તેના અક્ષર"

"અક્ષર ને કાગજ પડતું મેલો. પણ મારા નામરાસીઆનો નોકર તે મી૦ ક્વાડરૂસ હોય એમ હું કદી ન માનું."

"ચાલો, એ તકરારમાં વખત કાઢવો નથી મને કામ છે"

"બોલો શું કામ છે?"

"પેહલાં તો આ હોટેલના માલેક કોણ છે તે મને દેખાડો. હુ તેને પૂછવા માગુ છું જે તમારા ઓરડામાં તમારી ગેરહાજરીમાં કોઇ તમને મલવા આવ્યું હતુ કે નહીં? અને કોઇએ કોઇને તમારા ઓરડામાં આવતાં જતાં દીઠો હતો કે નહીં?"

"તે માલેક શું જાણે? આ બુઢ્ઢો ભૈયો અહીં આખો વખત બેસી રહે છે તેને ખબર હશે."

"ઠીક, એને પૂછયે."

આથી તેઓ બન્ને ભૈયાજી આગલ ગયા. આ ભૈયાજી રાતને દીવસ એક જગ્યેથી ખસતો હતો નહીં.

"હા સાબ, મેરેકુ એક શેઠ આકર પૂછને લગા કે એ ખોલીમેં સાહબ હઍ? મએ બોલા જાઓ દેખો. ઉસકા હાથમે કુચ પુડાક

થા. ઉસકી પીછે કોઇ દુસરા આયા. ઉસને મેરેકુ પૂછાહી નહીં, બસ એકદમ બોલીમે ચલે ગયા."

"દો શખ્સ?" રોડરીગીસે અજાયબ થઇ પૂછ્યું, "ઓ પીછે ગયા કબ?"

"હાં, ઓ લોક ગયા કબ, ઓ મયે નહીં દેખા. મએ ઉનોકુ પૂછનેવાલા થા કે શેઠ તુમકો મીલા? લીકન મેં રાહ દેખતે હીઆં બયેઠા રહા હું, ઓ લોક બાહાર અભીતલક બોલીમેંસે આયા નહીં. મયે સમજતા અભી તલક બોલીમેંજ હોયગા," ભૈયાએ કહ્યું.

"ઓ લોક કયસા થા, જુવાન થા?"

"હા, બોહોત નહીં, થોડા થા."

"ચાલો ડી સુઝા સાહેબ. આપણને હજી બીજુ કામ છે." રોડરીગીસે ચીતારાને કહ્યું. "એ તો બન્ને જણ તમારા ઓરડાની બારીમાંથી કુદી પડયા ને રસ્તે પુગી ગયા. હવે આપણને બીજું કામ છે તે સંભાળીયે."

"પણ એ બીજો કોણ? પેહલો પણ કોણ? કદાચ પાછલો શખ્સ તે તમે કહોછો તેમ ડિટેકટિવ હોય."

"મી૦ કવાડરૂશ તો હોય નહીં, કારણ કે હું હમણા તેને લુસી પીન્ટોના બંગલાની બાહાર રહેવા કહી આવ્યો છું."

"તે નહીં તો તેનું કોઇ માણુસ હોય"

"એમ હોય."

તેઓ ત્યાંથી એક રીફ્રેશમેન્ટ રૂમમાં ગયા જ્યાં તેઓ બન્નેએ અકેકો ટકોરો ચઢાવ્યો ને વાતે બેઠા.

"મી૦ રોડરીગીસ કાંઇબી કરીને તમે મને અહીંજ રહેવા કહો તો સારૂં. મને પુનું છોડી જવા ગમતું નથી."

"મને અડચણ કાંઇ નથી. ઉલટું, હું ધારૂં છું કે તમો અહીં હોવો તો સારૂં. પણ એટલું કરજો કે તમારો નામરાસીઓ તમે અહીં છો એમ જાણે નહીં, તેમજ તેના માણસને પણ મલવાની કોશેશ કરતા ના. વાત ઘણી બારીક છે વાસ્તે તમે વચમાં નડો નહીં તો ઠીક."

"બીહો ના. હું એક ખુણે ભરાઇ રહીશ. બાહાર ઝાઝો નિકળીશ નહીં."

પ્રકરણ ૨૨.

દોલત અને મોહબતનું બીછાનું.

બન્ને જણ રીફ્રેશમેન્ટ રૂમમાંથી બાહાર નિકળી ચાલ્યા ને લુસીના બંગલા આગલ આવી પોંહોચ્યા. દૂરથી જુવેછે તો ચીતારાના હરિફને બંગલામાં એકદમ ધસીને જતાં દીઠો. થોડી પળ ગઇ નહીં એટલામાં જોય છે તો બીજાને પછવાડે દાખલ થતાં જોયો. આ બીજો ડિટેકટિવ હશે, એમ સમજી તેઓ બન્ને દૂર અંધારામાં ઉભા. થોડી પળ પછી પેહલો ઘસ્યારો બંધ નિકળી પડયો ને તેની પાછલ બીજો પણ નિકળ્યો. બન્ને જણ એકદમ ગુમ થઇ ગયા, તે રોડરીગીસ અને ચીતારો જોઇ શકયા નહીં. પણ કોડરૂસ કાંઇ કાચો નથી એમ સમજી તેઓ બન્ને ચીતારાના હોટેલમાં પાછા ફરયા.

બન્નેની અજાયબી વચ્ચે જઇને જુવે છે તો કોડરૂસ ને ચીતારાનો હરિફ ત્યાં આવીને ચીતારાની વાટ જોતા બેઠા હતા.

ચીતારો બહુ ડાહયો હતો તેથી પોતાના હરિફને પોતાને ત્યાં આવેલો જોઇ આવકાર દીધો ને આવવાનું કારણ પૂછયું, તેના જ-

વાબમાં રોડરીગીસે જવાબ દીધો, આ ગ્રહસ્થને મેં બોલાવ્યા હતા, કે તમારી આગલ રાતોરાત ખુલાસો કરે.

સર્વથી વધારે ધ્યાન ખેંચનારી વાત એ હતી કે ચીતારાના હરિફના મોંપર કોઇપણ પ્રકારની ધાસ્તી જેવું હતુંજ નહીં. તેનો દેખાવ એટલો તો દેહશત વગરનો હતો કે ચીતારો તે જોઇ જોઇને મનમાં બડબડતો કે "એ જરા ગભરાતો નથી, એ ઉપરથી એ કેટલો બાહોશ છે તે જણાઇ આવે છે."

ચીતારો મનમાં વિચારવા લાગ્યો કે ધડપકડ કાંઇ પણ થઇ હશે જેથી ખુલાસો કરવાની એને જરૂર પડી હશે.

રોડરીગીસ બોલ્યો, "સાહેબો તમને ઓળખાણ કરાવાની કાંઇ જરૂર નથી. તમે એક-બીજાને ઓળખોછો એ હું જાણું છું. તમે (ચીતારા તરફ જોઇને) આ ગ્રહસ્થ સાથે બેઅદબી ભરેલી વર્તણુક ચલાવી છે, અને તેનું કારણ જ્યારે મેં એમને જણાવ્યું ત્યારે તમને બેઅદબી માટે માફ કરી તમારી કદર ખાય છે, અને મલતાં નામથી કેટલી ખરાબી થાયછે, તે સમજી પોતાનું નામ જોન ડી સુઝા હોવાથી એ પોતાને પણ નુકશાન થયલું જણાવે છે, અને તે માટે બહુ દિલગીર છે."

"ત્યારે શું કોઇ ત્રીજો જોન ડી સુઝા પણ છે ખરો, કે જેથી આ ગ્રહસ્થને પણ નામ મલતું આવ્યાથી ખમતું પડયું છે? ત્યારે જેની રૉજસ નામની છોકરીઓની શોધમા ફરનારો જોન ડી સુઝા વલી કોઇ ત્રીજો છે શું?" ચીતારો સઘલી આગલી વાત જાણે આ પળે ભૂલી જઇ હરિફની ઘણી દયા ખાતો હોય તેવા સાદે બોલ્યો.

"એથી ઉલટું. જેની રૉજસ નામની છોકરીઓની શોધમાં ફરનારો જોન ડી સુઝા તે હું પોતે છું, પણ મારી ધારણા પોલીસ

ધારે છે તેવી કરપીણ નથી. હું ધારૂં છું કે મને મદદ અને શાબાશી ઘટે છે, અને નહીં કે અવિશ્વાસ અને અપજશ. કહો તો બધી વાત તમને કહું," ચીતારાનો હરિફ બોલ્યો.

"ખચ્ચીત ! ખચ્ચીત ! જોન ડી સુઝા નામનો શખ્સ જેની રૅાજસ નામની છોકરીઓને શા માટે શોધતો રહેછે તેનું ખરૂં કારણ જણાય તો તમે તેમ હું પણ શકમાંથી છૂટા થઈએ." એમ કહી તે વિચારવા લાગ્યો કે મીઠાઇમાં ઝેર ભેલવાની વાત વીષે એ શું કહે છે. ગમે તે કહો પણ વાંકમાં તો આવ્યા વિના રહેશે નહીં. વળી તે રોડરીગીસની સામે જોતો મનમાં વિચાર કરવા લાગ્યો કે આ ગ્રહસ્થ કોઇ જબરો ચાલાક અને હિમ્મતવાલો લાગે છે, જે પોતે ડિટેક્ટિવોની આગલ હાજર થઇને તેમને વાત કરીને સમજાવીને ઉડાવી દેવા માગે છે.

"વાત લાંબી છે, પણ તે હું શરૂઆતથી કહી સંભલાવું તો ઠીક. જો મને એવી ખબર હોત તો હું એ વાતનો અગાઉથી ખુલાસો કરી નાખત, કે જેથી આ ગ્રહસ્થ (ચીતારો) મારી ઉપર શકની નજરથી જોઇને મારી તરફ બેઅદબી ચલાવત નહી. હું કરાંચીનો રહેવાશી છું. હું કુંવારો છું અને મારૂં ગુજરાન ચલાવવા માટે મારી પાસે પૂરતાં સાંધણો છે. હું એકલો હોવાથી હું કરાંચીની 'કલ્બ' માં ખાવુંછું અને ત્યાંજ રહેવું છું અને દોસ્તો તરફ, અને મંડળી તરફની ફરજો, બીજાઓને રહેછે તેવી ફરજો સિવાય મને બીજી ફીકર ચીંતા કાંઇ છે નહીં. હું કાંઇ વેપાર ધંધો પણ કરવાની જરૂર જોતો નથી, કારણ કે મારી પાસે પૂરતુ નાણું છે.

"એક દિવસે હું કલ્બમાંથી ઉતરતો હતો તેવામાં એતેફાક બનાવ એવો બની ગયો કે મને એક મારો વકીલ મિત્ર પોતાની

ડાગકાર્ટ હાંકતો જતો મલ્યો. તે મને પૂછવા લાગ્યો 'ચાલ આવેછે? એક અજાયબ વાત બની છે. આવ તું સાથે આવ.'

"વળી તે શું? બોલ તો ખરો" મેં પૂછ્યું. ત્યારે તેણે જવાબ દીધો, 'હું એક બુઢાજીના ઘરે જાવું છું. તે ભાગ્યે આજની રાત કાઢાડે. પણ આજ વીસ ત્રીસ વર્ષ થયાં તેનો મુકદમો ચાલતો હતો તેનો આજે નીવેડો આવ્યો છે, અને તેના હાથમાં બેસુમાર દોલત આવી છે.'

"'એ વાત સાંભળી તેનામાં જોર આવશે' મેં કહ્યું.

"'જોર આવશે પણ મોહત કાંઇ થોભશે? તેણે ચાલ કરીને કહ્યું તો જવુંજ પડે. બોલ બોલવાની વાર પણ નહી લગડાય,' વકીલે કહ્યું.

"વારૂ દોલત કેટલી છે? અને એ બુઢો કોણ છે?" મેં પૂછ્યું.

"'દોલત કેટલી? બહુ મોટી છે. તેનું નામ મને ખબર છે અને તેનું ઠેકાણું મારી પાસે છે. એ પણ નસીબની વાત કે દોલત મલી ત્યારે જીવ જવાની તેયારી કરે છે! બીચારો કેસ લડતાં ખસ્તેહ્વાર થઇ ગયો! ચાલો આ મોહલો તો આવ્યો."

"આ વાત સાંભળી મને પણ નવું લાગ્યું અને હું પણ આવ્યો તો ઠીક થયું, એમ વિચારવા લાગ્યો.

"દાદર ઉપરથી ચઢી રહેતાં એક ઓરત સામે આવી ઉભી તેની સાથે આપણને કાંઇ સંબંધ ન હોવાથી તેનું તેને ફોડવા દઇ અમે તો તેણીએ બુઢાજી સુતેલા હતાં તેમને દેખાડયા, ત્યાં સીધા ચાલ્યા.

" એક ધ્યાનમાં લેવા જોગ શખ્સે અમને આવકાર દીધો. તેનું અંગ સોરાઇ ને સુકાઇ ગયલુ હતું. બીછાના ઉપર ચાદરના ચીરતાં ઉડતાં હતાં. તેના મોં ઉપર કરચલી આવી હતી. અને તેની આંખનું તેજ ઉડી ગયું હતું, તે છતાં તે કોઇ પુખ્ત ઉમરનો શખ્સ હતો એમ સ્પષ્ટ દેખાતું હતું. મને એ જોઇ અફસોસ થતો હતો કે બીચારો પોતાની નવી દોલત ભોગવવા લાંબો વખત જીવશે નહીં.

" વકીલ તેની નજદીક જઇને વાતો કરતો હતો. આજુબાજુ ગરીબાઇની ખાનાખરાબી ભરેલી બાહારની નીશાનીઓ બેદરકાર માણસનું ધ્યાન ખેંચે એવી હતી, તે છતાં હું તો દૂર બેસીને આ બુઢાજીના મોં તરફ દયા કરીને ટગર ટગર જોતો મારા વિચારમાંજ બેઠો હતો, પણ પેલા બુઢાજી વકીલ જે વાત કરતો હતો તે સાંભળતા હતા, પણ નજર મારી તરફ રાખતા હતા, અને મને જોઇને તેમના ચેહરામાં ખુશાલીનો બેહદ ઝરો ફુટ્યો હોય એમ મને લાગ્યું.

" જતાંવેંત વાર વકીલે પૂછ્યું. કે "પેડરો આલ્ફુક તમારૂ નામ ?"

" 'હા સાહેબ જે પેડરોએ કરાંચીમાં એક ઉસ્તાદ તરીકે નામ કાઢયું તે હું. આજે હું મરૂં છું ને પાસે દવા દારૂના પણ પૈસા નથી. મારા મોહત લાકડાંનો ખરચ પણ ક્યાંથી થશે ! અફસોસ ! મને કોઇ છેલ્લી ઘડીએ મલવા પણ આવતું નથી, અને મને સઘળાં તજી ગયાં છે !'

" 'ધિરજ પકડો. હિમ્મત પકડો. અમે તમારી આગલ તમારી જીંદગીની છેલ્લી પળો વેળા ધિરજ અને હિમ્મત આપવા આવ્યા છીએ. મોડેથી અમે આવ્યા છીએ, પણ છેલ્લી પળ સુધી રહીશું. તમને કશી રીતની અગવડ કે અડચણ ભોગવવા દઇશું નહીં. તમારા બાકીના દાહડા તમે સુખ સુખ જોશો.'

" ' અફસોસ ! બાકીના દહાડા ! હવે હું એક દિવસ પણ કાહડું એમ લાગતું નથી ! '

" ' તમને કાંઇ જોઇએ છે ? તમને શી હોંશ છે તે જણાવો, જેથી તમને સુખ મલે, ' વકીલે પુછ્યું.

" ' અફસોસ ! મને કાંઇ બીજું જોઇતું નથી. મને એટલુંજ જોઇએ છે જે છેલ્લી ઘડીએ તમે મારી સાથે મીઠાસથી અને અદબથી વાત કરો. આજ કેટલા મહિના થયા હું બીછાને રીબું છું ને મને કોઇ સધ્યારો આપી મારી સાથે કોઇ સારી વાત કરતું નથી. ડાકટર આવે છે તે પણ દમ કરતો આવે છે, અને તે બધી વાત મીજાજમાંજ પૂછે છે. હું નિરાંતે મરવા માગું છું. મેં કોઇ દિવસ કોઇને અસભ્યતા ભરેલી વર્તણુંક આપી નથી, માટે છેલ્લી ઘડીએ, ભાઇઓ, હું નચીંતાઇથી મરવા માગું છું, તેથી મારો જીવ નહી કચવાય તેમ વાત કરો, ' બુઢાજી બોલ્યા.

" ' ફિકર નહીં કરો કાકા. તમે કહો તો તમને હવાવાલી જગ્યે લઇ જઇશું. જે સગવડ અને સુખ તમે ઇચ્છતા હોવો તે જો પૈસા વેરયાથી મલતું હશે તો તે અમે તમને પોંહોંચાડીશું. '

" ' પણ ભાઇઓ તમે કોણ છો, અને તમે મારી તરફ એટલી મેહરબાની શા માટે દેખાડો છો ? ' બુઢાજીએ પૂછ્યું.

" આ સવાલ તેણે મારી તરફ જોઇને કીધો પણ જવાબ વકીલેજ આપ્યો.

" ' શેઠ હું ગેબ્રીઅલ સોલીસીટર છું. હું કસંચીમાં સોલીસીટર છું અને આ મી૦ જોન ડી સુઝા મારા એક મિત્ર છે. અમે તમારી હાલતપર દયા કર્યે છીએ કારણ કે તમારી હાલત દયાને પાત્ર છે. '

"'પણ તમે પૈસાની વાત કીધી. મારી પાસે તો ફુટી બદામ નથી,' એમ કહી તે ડાંસવા લાગ્યો ને દમ ભરાઇ આવવાથી મુંગો રહયો.

"'આપણી પાસે કેટલું છે તે આપણે હમેશાં જાણતાં નથી. કોઇ વાર જ્યારે આપણે આપણી ગરીબાઇનો અંદેશો કરતા હોઇએ તે વારે કુદરતની મેહરથી આપણા ખોલામાં અચાનક ખજાનો પરસે છે.'

"વકીલે આ પ્રમાણે ઇસારો કીધો તેથી હું ધારતો હતો કે બુઢાજીને કાંઇ જોર આવશે ને ઉઠી ઉભા થશે, પણ નહીં. તેણે એટલુંજ પૂછયું,

"'એ તમે શું બોલો છો! દોલતને ખજાંનો,. એ શું! ત્યારે શું મારો કેસ ચુકયો! મારા પોતાના પૈસા! અરે ખુદા! (અહીં તેણે ખુદાને ખરા દિલથી યાદ કીધો) તારો ઉપકાર માનું છું જે કોઇના પૈસે મારી મરણ ક્રિયા નહીં કરાવી!'

"આ તેની અતી હરખની વેળા અમે બન્ને ચુપ રહયા અને એવી રીતનો દેખાવ, રાખીને હસ્તું મોંહ રાખ્યું કે તે સમજી જાય.

"'ભાઇઓ, મારી અટકળ ખરી લાગે છે ત્યારે આખરે, વર્ષો સુધી થાકવી, તવલાવીને રંજીદા કરીને પરમેશ્વરે મારી કદર બુજી, અને મને મરતી વેળા તો મરતી વેળા, પણ મને ઇનસાફ અપાવ્યો. હું પારકે પૈસે દટાઇશ નહીં એટલે બસ!'

"'પણ બાવાજી, તમે હજી જીવશો તમે દટાવાની વાત ના કરો.' વકીલે કહયું. હું તો આ બુઢાજીની કદર ખાતો તેની સામેજ જોયા કરતો હતો.

"'નહીં, ભાઇ નહીં. એ તો થઇ ચુક્યાં છે! બોલો તમે મને ઠગતા તો નથી? હું કેસ જીત્યો એ ખરી વાત?'

"વકીલે તેને કેટલાંક કાગળિયાં દેખાડયાં જેપરથી તેની ખાતરી થઇ કે વકીલ સાચું બોલે છે.

"'ભાઇઓ એ પૈસા ઉપર મારોજ હક હતો અને આખરે મનેજ મલ્યા. અફસોસ હું એ દિવસ જોવા શકત તો કેવું સારૂં!'

"અતરે વકીલે તેને પૂછ્યું 'કોઇ તમારાં સગાં વાહલાં છે'?

બુઢાજીએ ડોકું ધુણાવ્યું ને બોલ્યા,

"'મારૂં સગું કે વાહલું કોઇ નહીં મલે. અરે મારૂં કોઈ કાકા ફુઇ બનું પણ નહીં મલે!'

"'બાપરે, ત્યારે આ દોલત કોણના-હાથમાં જશે!' વકીલ બોલી ઉઠ્યો.

"'એ દોલત બધી મલીને કેટલી થવા જાશે વારૂ?' બુઢા પેડરોએ પૂછ્યું.

"'દોલત મોટી થવા જશે,' વકીલે જવાબ દીધો.

"'ભાઇઓ મારી હજુરમાં આ ચાકરડીના પૈસા ચુકવા આપો. એના પગાર ચઢી ગયા છે તેથી મારી ચાકરી પણ બરાબર કરતી નથી, અને ઘરવાલાનું ભાડું પણ બધું પૈએ પૈઇ ચુકવા આપો કે તે દરરોજ આવીને મને સતાવે નહીં.'

"આ સાંભલી વકીલ ઉઠ્યો ને બારણું ઉઘાડીને પેલી ઓરત ક્યાં છે તે જોવા ગયો. તેણી ભરાઇને સાંભળતી હતી તે બીજા ઓરડામાં ભરાઇ ગઇ.'

"'તારા બુઢાજી ઉપર કેટલા રૂપીઆ નિકળે છે? વકીલે તેણીને પૂછ્યું.

"પેહલાં તેણી કાંઈ ગભરાઈને બબડી પછી બોલી 'સો રૂપીઆ'

"'સો રૂપીઆ! જો સાંભળ હું વકીલ છું. આ બુઢાજીની બધી ચોપડીઓ કયાં છે? એમનાં કપડાં ઘણાં હતાં તેનું શું થયું? તે કહે. ઘડિઆલ, વાટી એ બધું કયાં ગયું? બધું તેં વેચી ખાધું, નહીં? અને તોપણ તારા સો રૂપીઆ નિકળે છે, નહીં?'

"'હા, વેચી વેચીને એને ખવાડયું' તે ઓરત બોલી.

"'ઠીક છે ઉભી રહે તને સો રૂપીઆ આપવાના કરતાં સો દાહડા બંધીખાને મોકલું તો કેમ, જેથી તું ફરાથી ચોરી કરે નહીં,' વકીલે દમ ભરાવ્યો.

"આથી તે ઓરતનું મોંહ ફગલી ગયું અને તેણી પોતાના ગાંસડા પોટલા બાંધવા મંડી, ને થોડી પળમાં તે સઘલા બગલમાં મારી ચાલતી થઇ, તેની પછવાડે વકીલે પાંચ રૂપીઆની નોટ ફેંકી ને કહ્યું 'વારૂ, આ લેતી જા'

"એમ કહી તે બુઢાજી આગલ બોલતો બોલતો આવ્યો કે પૈસાવાલાના પૈસા લુટારી દેવા નથી, એમ બોલી, તેણે બીમાર તરફ નજર કીધી તો તેને જણાયું કે બુઢાજીનો અંત બહુજ નજદીક આવતો જણાય છે, તેથી તેણે મને કહ્યું કે જોન, જઇને નજદીકમાં કોઇ ડાકટર હોય તેને તેડી લાવ.

"'હા, અહીં પડોસમાં એક ડાકટર છે તેને ના બોલાવતા, તે બહુ તોછડો ને મીજાસી છે. પણ જલદી આવજો, નહીં તો મારો પ્રાણ નિકળી જશે.' બુઢાજી બોલ્યા.

"હું થોડી મિનિટમાં ડાકટરને લઇ પાછો આવ્યો ત્યારે બુઢાજીએ મારી મેહનતને માટે ઘણી આભારની નજરથી આવકાર દીધો.

"હું પાછો ફર્યો ત્યારે વકીલનું તેમજ બુઢાજીના ચહેરામાં મને કાંઇક ફેરફાર માલમ પડવાં લાગ્યો તેથી ડાકટર તપાસતો હતો તેટલાં મે વકીલને બાજુ લઇ જઇને પૂછ્યું ત્યારે તેણે મને કહ્યું.

"'જોન તારા ગયા પછી બુઢો તો બસ તારે માટે સવાલ પર સવાલ પૂછવા લાગ્યો. તુ કોણ, તું શોં ધંધો કરે છે, તારી ચાલ ચલણ, તારી આબરૂ વગેરે વગેરે વગેરે પૂછવા લાગ્યા. બસ તારોને તારીજ વાતમાં આટલી મિનિટ ગઇ, અને તું પૈસાવાળો છે એમ કહ્યું ન હોત તો તને બધો નહીં તો થોડો દલ્લો જરૂર આપવાનું મન કરતા હતા.'

"'હશે, 'એટલુંજ હું બોલ્યો, અને બેચેન થઇ થયો, અને ઇચ્છવા લાગ્યો કે નહીં આવ્યો હોત તો સારૂં.

"'કાંઇ વસીઅતનામું કરવું જોઇએ, નહીં તો દોલતની ધુળધાણી થઇ જશે, અને કોરટ ખાઇ જશે' વકીલને વિચાર આવ્યો તે તેણે મને કહયો. કોઇ એના સગાં નિકળી આવે તો સારૂં હવે થોડો વખત હાથમાં રહયો છે,' વકીલ બોલ્યો.

"છેવટે ધરમખાતા તો છે,' મેં વકીલને સુચવ્યુ.

"પણ વકીલ સાહેબ કાંઇ પરમાર્થી સ્વભાવના જીવડા ન હતા તેથી મોં કુમળાવ્યું.

"પછી ડાકટર અમારામાં ઉમેરાયો ને બોલ્યો 'બે કલાક ભાગ્યે કાહાડે.'

પ્રકરણ ૨૩.

એક કલાકની અજાયબી.

"ડાકટરના અભિપ્રાયથી અમારી લાગણી વધારે બિક્ષણ થઇ. જે શખ્સ ગરીબાઇ અને તંગીથી વર્ષો ગુજારી દોલત મેલવવા પામ્યો તે દોલતને તે ફકત બે કલાક ભોગવવા જીવે એ વિચાર અમને બહુજ દુઃખ ઉત્પન કરનારો હતો. એ મોટી દોલત કોને આપવી, અને કેમ વેંહચી આપવી અને તેનો વહીવટ કરનારા કોને નેમવા, એવાં ભારે જોખમદાર કામને માટે વિચાર કરવાને, અને તે પણ એક બુઢાં મરણને કાંઠે પડેલાને, ફકત બે કલાક મલે, એ વખત બહુજ થોડો કહેવાય.

"આવી છેલ્લી ઘડીએ આગલ બીજું કોઇ ન હોવાથી દેખાતી રીતે અમને એ કામ સોંપશે, એવો ભય મારા દિલમાં દાખલ થયો, અને તેથી હું તે જગ્યેથી નાહસવાને અરધો ખુશી હતો, પણ જ્યારે મને તે બુઢાજીના દુઃખનો વિચાર આવતો, ત્યારે પળી મારૂ દયાલુ દિલ પીગલી જતું, અને આવી સટોસટની વખતે તેમને છોડી જતાં રહેવું એક ઘાટકી કામ થાય એમ ધારી હું ત્યાં થોભ્યો. અલબતાં હું ત્યાંથી હરૂસે સટી જવા માગત તો તેમ કરવું સહેલ હતું, પણ આજુ બાજુના સઘલા સંજોગો ધ્યાનમાં લઇ, બુઢાજીની મરણની ઘડીએ જેમ બને તેમ તેમની માવજત કરી, તેમને મરતી ઘડીએ તેમનો ઝાઝો અંદેશો ન આવે, તેમ કરવાની અમે કોશેશ જારી રાખી.

"અમે તેની બરદાસ્ત લેવા લાગ્યા, ત્યારે તેની આંખમાં આંસુ આવી જતાં હતાં, અને તે આંસુ ફકત અમારી તરફ ઉપકારની લાગણી દરશાવનારાં હતાં. તેણે અમારી આગલ પોતાની આગલી સુખી હાલ-

તની થોડી વાત કીધી, તે સાંભળી દયા ઉપજવા લાગી, કે જે ધણીએ પોતાની જુવાની જાહો જલાલીમાં કાઢેલી, તે બુઢીવયે તંગીથી રીબી રીબીને મરે, એ કેવું હાડ ધ્રુવનારૂં છે.

"વકીલે બુઢાજી આગલ જઇને કહયું જે શેઠ, હું તમને મેહનત આપું છું તેં માટે માફ કરજો, પણ મારી ફરજ છે જે તમારૂં એ બાબદ ઉપર ધ્યાન ખેંચવું. તમારે તમારૂં વસીયતનામું કરવું જોઇએ. જો તમે નહીં કરશો તો એમાંથી નવો ઝઘડો ઉભો થશે, અને કોરટમાં લડવાથી સઘલા પૈસાની ધૂલધાણી થઇ જશે.

"'હા હા,' તે બોલ્યો.

"'ત્યારે તમે નક્કી વિચાર કરયો કે દોલત કોને આપી જવી?' વકીલે પૂછયું.

"'હા મેં વિચાર કીધો, તેણે જવાબ આપ્યો. હું એ દોલત બધી એકજ જણને આપવા માગું છું.'

"'દોલત બહુ મોટીછે' વકીલે કહયું.

"'ફિકર નહીં. બધી એકજ જણને. જેમ મોટી તેમ સારૂં. વર્ષો સુધી તંગી ભોગવી આખરે હું મરતી વેળા બીજાને દોલત આપી જવાને સામર્થ છું એ વિચાર મને હર્ષ પમાડનારો છે!' તે બોલ્યો.

"વકીલે એક વસીયતનામું ઘડી કાઢયું, અને કોને આપવું તેનું નામ માગ્યું ત્યારે તે બુઢાજીએ બહુ ખુશાલીના અવાજે મારી તરફ હસીને મારૂં નામ આપ્યું:—

જોન ડી સુઝા.

'હું મારી સઘલી દોલત માલ મીલકત, સ્થાવર જંગમ, રોકડ લોન શેરો જે હોય તે અને જેની ઉપર મારો માલેકીનો દાવો હોય

તે સઘલું આ શખ્સ મી૦ જોન ડી સુઝાને હું રાજીખુશીથી અને અક્કલ હુસ્યારીથી આપી જાવું છું,'' તે બુઢો બોલ્યો.

"'પણ સાહેબ હું એક અજાણ્યો! મને તમને કાંઇ લાગે વળગે નહીં, તમે પાછો વિચાર કરો, અને કોઇ તમારૂં સગું વાહલું, કોઇ ગરાબગુરબું હોય તેને આપો,' એમ મેં મારી ફરજ ધારી કહયું.

"'નહીં નહીં! અમૂલ્ય વખત ખોવો ના તમે પારકા છો પણ તમારૂં મોહું જોઇ મને મારો એક અતી વાહલો ભાઇ યાદ આવે છે. તે જેવો ઉમદા ખવાસનો હતો તેવાજ મોટાં મનના તમે છો, એમ હું માનું છું. વાસ્તે વકીલ સાહેબ, એજ નામ લખો," તે બસ પોતાના વિચારમાં મકકમ જણાયો.

"ડાકટરે જણાવ્યું જે બીમારનું મગજ તદન શાંત અને ઠેકાણે છે. વકીલે મારૂં નામ લખ્યું. ડાકટરની શાક્ષી તરીકે સહી લીધી.

"બુઢાજીએ પોતાની સહી કીધા પછી પોતે દિલમાંથી સંતોષનો દમ ખેંચ્યો. હું તમને કહું તો તમે માનશો નહીં 'પણ તે વેળા મારી મનની હાલત હું પો સમજી શકયો નહીં વકીલ અને ડાકટરની અજાયબી ભરેલા ચેહરા, તેમજ તેમની મુબારક બાદીના સખુનો મેં જોયા કે સાંભળ્યા નહીં. બસ હું વિચાર કરતો હતો, કે મારા જેવા એકલા અટુલા પાસે જોઇએ તેટલી દોલત હતી, અને નસીબ દેવીએ મારી ઉપર બીજી રેલ ચલાવી, તેના કરતાં કોઇ ગરીબને શા માટે પસંદ નહીં કર્યો હશે. મારૂં મગજ ઘુમવા લાગ્યું, અને આ ન ધારેલા બનાવથી મને ચક્કર આવવા લાગ્યાં, પણ મને બુઢાજીએ પોતાની પાસે બોલાવ્યો, ત્યારે હુસ્યારી પકડી, હું તેમના બીછાણાની બહુ નજદીક ગયો.

"જો મી૦ જોન, એ પૈસાનું શું કરવું તે સાંભળો.

"'દોલત નજદીક તીસ લાખની છે વાસ્તે વચન આપે તે અગાઉ વિચાર કરજે,' વકીલે મારા કાનમાં કહયું.

"હું વિચાર કરવા લાગ્યો કે તીસ લાખ રૂપીઆ મને આપીને મરનારના હાલ કેવા છે! તે હાલડે મે તેને જોયો, અને તેને મને તેજ હાલડે દીઠો. જ્યારે એ દોલત કેવી રીતે વાપરવી એ કહેવા તે માંગતો હતો ત્યારે મેં તે વાત ધ્યાન રાખીને સાંભળી. એ વખતે તેની છાતી એટલી તો ઉચકાતી હતી કે જે પળ જાય તેમાં તેનો જાન નિકળી જંશે એમ લાગતું હતું. મને જોઇને તેણે આંખ ઉઘાડી અને મને પેહલા તો પૂછયું,

"'મેહરબાન શેઠ, મેં દોલત તમને આપી છે પણ તે જો બીજાને આપવા તમને ફરમાસ કરૂં તો તમને નાસીપાસી ઉપજશે, નહીં વારૂ?'

"મારે ખરૂં કહેવું જોઇએ. એ સવાલ સાંભળતાને વાર તુરત વેળા મારો રંગ ફેરવઇ ગયો, પણ મેં બીજીજ પળે એવી ઢબથી જવાબ આપ્યો કે મારા જવાબમાં બીલકુલ દિલગીરીનો અંશ હોયજ નહીં. મેં ખુલ્લે ખુલ્લો જવાબ આપ્યો કે એ દોલત તમારી છે, અને મારો એની ઉપર બીલકુલ હક નથી, વાસ્તે તમે મને એનો જે ઉપયોગ કરવા ફરમાવી જશો તે કરવાને હું મારા બોલથી બંધાવું છુ.

"'પણ તેમાં તમને મેહનત અને જંજાલ વેઠવી પડે તો?' તે બુઢાજીએ મને પૂછયું હવે તો તેનાથી જેમ તેમ બોલી શકાતું હતું.

"'પણ' હું બોલવા જતો હતો. તેણે મને થોભાવી કહયું,

"'જુવો તેણી જુવાન છે. ખુબસુરત છે. દેખાવડી છે અને ભલી છે. તેણી મુંબઇમાં રહેતી હશે. અને તેણીનું નામ જેની

રૅાજસ છે. બસ એટલું હું કહી શકું છું. તમને જેની રૅાજર્સ નામની છોકરી મળે તો તેને તપાસી જો જો કે તેણી મારી વારસ તરીકે બનવાને લાયકની છે કે નહીં, અને તેણી તમને ભલી લાગે તો મારી દોલત તેને બક્ષેશ આપી દેજો.'

"હું દંગ થઇ ઉભો રહયો. એ કયી જાતની દરખાસ્ત! મને તે વારે લાગ્યું કે બુઢાજીનું મગજ ચકાસી ગયું હશે. કોઇબી છોકરી જેનું નામ જેની રૅાજસ હોય તેને, જો મને પસંદ પડે તો દોલત આપવી, એ દોલત આપવાની નવી રીત સાંભલી હું વિચારમાં પડયો.

"બુઢાજી તૂરત પામી ગયા કે મને તેમનું બોલવું પસંદ નથી પડયું તેથી મોઢું કુમલાવી દલગીર થઈ ગયા, અને બોલ્યા 'કેમ ભાઇ, આ મારી અરજ તમને પસંદ નથી? હું આ મુશકેલ કામ તમને શા માટે સોંપુ છું, તે તમે સમજી શકશો નહીં, પણ બોલો એ તમને નહીં સોંપુ તો કોને સોંપુ? જે એક નામ મને વાહલું તે નામ ધરાવનારને મારી દોલત હું આપી જાવું છું, અને તે જો એવી એક છોકરીને આપવા તમે ખુશી બતાવો તોજ હું નચીંતાઇથી મરીશ.'

"'બસ ફકત નામ સાથે તમને કામ છે કે મારે તે છોકરીની પદવી પણ જોવી ખરી કે?' મેં પૂછયું.

"'એટલું જોજે કે તેણીના મોં સામું જોવા ગમે તેવી હોય, તેણી દિલે ભોલી ને નિરદોષ હોય, અને ચાલે સદગુણી હોય, તેણી ગરીબ હોય તો વધારે સારૂં, જેથી તેણી મારી દોલતથી ચઢતી સ્થિતિમાં આવી મને યાદ કરે.' તેણે કહયું.

"'પણ જેની રૅાજસ તો બહુ મલશે. મુંબઇ જેવા બોહલી વસ્તીવાળાં શેહેરમાં તો એક મોહલામાંથી ચાર મલી આવશે' મેં કહયું.

"'નહી નહીં તમે એકદમ જાણી શકશો કે મારી વારસ થવાને લાયક કોણ છે. ધણી જેની હોય તો ધિરજથી તપાસજો કે દોલત કોને છાજે છે. ખરી લાયકાત મોં પરથી માલમ પડી આવે છે. એમ કરો કે આજથી એક વર્ષ સુધી તમારી ખાતરી કરજો પછી કોને આપવું તે નકી કરજો. એટલું કરજો કે જેની રૉજસ નામની છોકરીઓની તમે તપાસ રાખો તેની મતલબ કોઇ જાણે નહીં. તમને મારી આ ફરમાસ અજાયબ જેવી તો લાગતી હશે, પણ બોલો એટલું કામ તમે બજાવશો ?' તેણે પૂછ્યું.

"ના કહેવા મારૂં મન ઘણું થયું, અને તેણે કીધેલું વસીયતનામું જાણે ફાડી નાખું એવું મન થયું, અને મારા જેવા એક મારગી ગ્રહસ્થને ન છાજે તેવી પીડામાંથી છૂટા થવાનું ઘણું મન થયું, પણ તેના દયા ઉપજાવનારા ચેહરાએ મને પાછો હટાવ્યો. મરણની છેલ્લી ઘડીએ તેને હું કેમ દલગીર કરૂં તેથી હું પાછો હટયો. તેનો જીવ ખુશાલીમાં તનથી છૂટો પડે તો સારૂં એમ ધારી મેં તે વેળા મારી અડચણ ને મેહનતનો વિચાર કોરે મેલી હા પાડી.

"મેં કહ્યું, 'મુરબ્બી હું તમારી મરતી વેળાની ફરમાસ માથે ચઢાવું છું. હું મુંબઇ જઇને જેટલી જેની રૉજસ મલી શકે તેમની ઓળખાણ પાડીને તમારા તીસ લાખ રૂપીઆને લાયક કોણ છે તેને શોધી કાહાડી તેને સ્વાધીન કરીશ.'

"'તીસ લાખ તમે બોલ્યા' નહી વારૂં ?' તેણે પૂછ્યું.

"'એમ વકીલ અડસટો કરે છે' મેં જવાબ દીધો.

"આથી તેના ફીક્કા ચેહરાપર ખુશાલી પથરાઇ અને તે બોલ્યો, 'મારી દોલતથી તે છોકરી બાદશાહી કરશે અને તે જોઇ મારૂં રૂહ આકાશમાં ખુશી થશે !'

"મેં હિંમતથી પૂછ્યું, 'મુરબ્બી, જેની રૅાજસ નામ તમને વાહલું તેનું કારણ એ હોતું જોઇએ કે તમને કોઇ જેની રૅાજસે પોતાને માટે સારૂં મત બેસાડયું હશે.'

"'હા બા, હા બા. મારામાં હવે બોલવાનું જોર નથી, નહીં તો તમને બધી વાત પેહલેથી કહી સંભળાવત. હું અગાઉ જે ઘરમાં રહેતો હતો તે ઘરમાં એક જેની નામની જુવાન સ્ત્રી રહેતી હતી. ઘણાં વર્ષની વાત કરૂં છું. તે વખતે મને લકવાની અસર થઇ હતી, અને હું થોડો વખત ખાટલે અડયો હતો. તેવારે તેણીએ મારી માવજત કરવામાં કાંઇએ બાકી રાખ્યું નહીં. તેણી મજુરી કરી પેટ ભરતી હતી પણ તેણી મજુરીના પૈસામાંથી મને કાંઇને કાંઇ લાવી ખવાડતી હતી. તેણીનુ નામ પણ હું જાણતો હતો નહીં. ફકત હું એટલું જાણતો હતો કે તેણી મારી પડોસની ખોલીમાં રહે છે. તેણીના કપડાં મેલાં ખાર રહેતાં હતાં તે છતાં તેણીનો ચેહરો તેણીને ખુબ સુરત ગણાવતો હતો. તેણી દરરોજ સાંજ સહવાર આવતી અને મારી તરફ દયાનું દિલ દેખાડીને મારી આગલ ખાવાનું મેલતી. હું તેણીની માયા અને મારી તરફની દિલસોજીથી એટલો તો ઉંડા વિચારમાં પડતો હતો કે મેં તેણીનું નામ વનીક પૂછ્યું નહીં. અને નામ તેણીએ પણ મને કહયું નહીં. પછી તો એવું થયું કે હું તેણીને એક વાર નહીં જોતો તો મારો જીવ યાકુળ વ્યાકુળ થઇ જતો. તેણી હમેશ આવતી, મોડી પણ આવતી, પણ જરૂર આવતી હતી. તેણી મને ખાવાનું આપી મને કેમછો કરી પૂછી પોતાના ઘરમાં જતી રહેતી હતી. તેણી મારી તરફ માયા ધરાવતી હતી, અને હું તેણીની તરફ સારી લાગણી ધરાવતો હતો, મગર એક બીજાં સાથે અમે પાંચ મિનિટ પણ પ્રેમથી વાત કરી નહીં. એક દાહડો સાંજે તેણી મારા ઓરડામાં આવી, અને મને ખાવાનું આપ્યું તે હું

જમતો હતો, તે વારે તેણી બોલી—ભલા મિત્ર, હું બાહાર જાવું છું, જો હું પાછી નહીં ફરૂં તો એમ સમજજો કે હું મરી ગઈ."

"હું આ વખતે જમતાં જમતાં બોલી ઉઠયો 'વાહલી પણ મને તારૂં નામ તો કહેતી જા? આટલા શબ્દો બોલતાં હું બેસુધ્ધ થઇ પડયો, અને જ્યારે હું પાછો સુધ્ધીમાં આવ્યો, ત્યારે મારી આગલ એક ભણુસાની ચોપડી પડેલી હતી, તેના પેહલાં પાના ઉપર લખેલું હતું:—

મારૂં નામ જેનો રૉજસ છે. અને હું જીવતી હોઇશ ત્યાં સુધી તમારે માટે બંદગી કરીશ. તેમજ તમે મને પણ વીસરતા ના.

"મેં પૂછ્યું 'તે દાહડા પછી તેણી પાછી ફરી નહીં કે'? તેના જવાબમાં બુઢાજીએ નીસાસો મેલી જવાબ દીધો કે 'નહીં' બા, તે દાહડા પછી તેણીને મેં દીઠી નથી. હું માનું છું જે તેણી મરણ પામી હશે. આ તેની ચોપડી' એમ કહી બુઢાજીએ તકીઆ હેઠલથી તે ચોપડી કાઢીને મને કહયું 'મેહરબાની કરીને આ ચોપડી મને જે પેટીમાં મુકીને ઘાટો તે પેટીમાં સાથે મેલજો.'

"આટલી વાત કરી બુઢાજીએ થોડી પળમાં આ ફાની દુન્યાને છેલ્લી સલામ કરી"

પ્રકરણ ૨૪.

વધુ ખુલાસો.

ચીતારાના હરિફે ઉપર મુજબનો ખુલાસો કરી ડિટેકટિવ તેમજ ચીતારાને અજાયબીમાં નાખ્યા, પણ તેણે પોતાની વાત નિચે પ્રમાણે આગલ ચલાવી; જે વાત તેના સાંભળનારાઓ એક

કરતાં એક વધારે ધ્યાનથી કાન ફફડાવીને સાંભળતા હતા. ચીતા-
રાઓ નામ રાસ્કો બોલ્યો,

“ મેં એ વાત કોઇને કહી નહીં. ડાકટરને અને વકીલને મેં ફક્ત એટલું જણાવ્યું, જે એ દોલત બસ બધી મને આપી છે, અને કોઇને આપવા મને ફરમાવ્યું નથી. એટલું કહીને વાટ જોતો બેઠો કે જોઇએ કોઇ શાહુકારી કરીને વીલ ખોટું કરાવા નિકળે છે. એકાદ બે આડતાંપર કોઇનું મારનારાઓ મારા પાવર લેવાની સામે થયા, પણ ખડયા ખડખડ જેવો દાવો આપણી સામે ટકયો નહીં, જ્યારે મને પાવર મળ્યો અને બધી દોલત મારા સ્વાધીનમાં આવી, ત્યાર પછી નિરાંતે મને ફરમાવવામાં આવેલાં કામ ઉપર મેં લક્ષ દોડવ્યું. મુંબઇમાં આવી એક હોટેલમાં ઉતારો લઇને મારૂં કામ હું આગલ ચલાવ્યો ગયો. ટાઇમ્સ આફ ઇંડિયાનું કેલેંડર લઇને પેહલાં તો મુંબઇમાં રોજર્સ નામના ખ્રિસ્તીઓના નામ હું વાંચી ગયો. જ્યાં મારી લાગવગ લાગી ત્યાં ઓળખાણ કરી તેમના કુટુંબમાં ઘુસ્યો, ને બધી રાહગાત તપાસી. જ્યાં દાદ નહીં મલે એવું હતું, અથવા તો જ્યાં હું નહીં જઇ શકું એવે ઠેકાણે ભાડુતી માણસોને હાથે ખબર મેલવી. બસ એકવાર એક જેનીને જોઇ લેતો તો સમજી જતો કે તેનામાં દોલત વાપરવાને લાયકના ગુણો છે કે નહીં.

“ સ્કુલે જતી જેની ઉપર મારૂં પેહલે ધ્યાન ખેંચાયું અને તેની ખુબસુરત હતી એટલુંજ નહીં, પણ તેણી અતી ઘણી ભોલી અને સાદી હતી મેં તેણીને દોલત આપવાનો ઠરાવ રાખ્યો હતો પણ કોઇની લાગવગ લઈ ભલામણ પત્ર લઈ તેનાં કુટુંબની ઓળખાણ કરૂં તે અગાઉ તેણી માંદી પડી, અને પાછલથી જ્યારે હું તેણીને મલવા ગયો ત્યારે તેણીના મરણના સમાચાર મને મલ્યા.

"આવા અચબુચા બનાવથી મારૂં મગજ ઠણકવા લાગ્યું, અને હું વિચારમાં પડ્યો કે વળી બીજી લાયક જેની શોધતાં વીર લાગશે, તેટલાંમાં મને માલમ પડ્યું કે એક જેની નામની સ્કુલ માસ્ટરણુ મુંબઇમાં છે. તેને શોધી કાહાડી બરાબર ચોકઠું ગોઠવીને મલવા ગયો. તેણી બેઠેલી હતી ત્યાં પાસે બેસીને તહરેવાર ગામ-ગપાટા ચલાવી તપાસી લીધી તો માલમ પડ્યું કે દોલત લેવાને તેણી લાયક છે, અને તેથી દોલત આપવાનું મારૂં મન થવા લાગ્યું, અને તેથી હું તેણીને એ વિષે વાત છેડીને કહેવા જતો હતો, તેટલામાં તેણી કાંઇ કામસર ઉઠી ત્યારે તેણીને મેં લંગડાતી દીઠી. મરનાર બુઢાજીએ મને ખાસ કહેલું હતું, કે ખુબસુરત છોક-રીને દોલત આપવી, તેથી લંગડાતી છોકરીને દોલત અપાયજ કેમ, એવો વિચાર કરી હું તૂરત ત્યાંથી ઉઠીને ચાલતો થયો. આથી હું ઘણો નાસીપાસ થયો. આ સ્કુલ માસ્ટરણનું મોઢું એટલું ઘાટ ઘટમવાલું, અને તેણીનો બાંધો એવો તો દિલપસંદ હતો, કે હજી તે મારી નજરમાંથી ખસ્તો નથી, અને હું ફરીથી કહું છું જે જો તેણી કોચ ઉપરથી ઉઠીને ચાલત નહીં, અને બેસીજ રહેત તો દોલત વિષે તેણીને વાત કહેત, અને એક વાર તેણીને આશા આપત તો પછી ગમે તે થાત તોપણ આપત ખરો. હવે વળી હું પાછો ફાંફાં મારવા લાગ્યો ને વળી કોઇ જેની હોય તેની તપાસ ચલાવવા લાગ્યો. હવે મને ધ્યાન આવ્યું કે સ્કુલોમાં તપાસ ચલાવું, એક સ્કુલમાં મને જેની રોજર્સ નામની છોકરી દેખાડવામાં આવી તેની ઉપર મેં લક્ષ આપ્યું ખરૂં, પણ મી૦ કવાડરૂસે મને કહ્યું કે તેણીને મેં કાગજ લખીને મલવા બોલાવી એ સઘલું હું જાણતો નથી. હું ફકત તેણીને બીજાઓ સાથે દેવલમાં જતાં અને સ્કુલમાંથી સાંજે નિકળતાં દૂરથી તપાસતો હતો. મેં કાંઇ

તેણીમાં ખુબસુરતી કે સારા ગુણો જોયા નહીં કે તેને મલવાની દરકાર કરૂં. ત્રીસ લાખ રૂપીઆ એક નાદાન સ્કુલની છોકરીને વગર ઓળખવે આપી દેવું એ મારા જેવાથી બને નહી. વળી તેણીની ખુબસુરતી પણ ઝાઝી દમજેવી ન હતી, તેણીની ચીઠીમાં મારા નામનો કારડ હતો, એમ મને કહેવામાં આવ્યું છે તે કારડ મારો હોય તો કોઇ દુશમને મારા નામને ખરાબ લગાડવા, અથવા બીજી બુરી મતલબથી ચોરયો હોય, અથવા મારા નામનો બનાવતી કારડ બીડ્યો હોય. પેલી દુકાન ઉપર વેચવા રહેલી જેનીને ચેતવણીનું કાગજ જે લખવામાં આવ્યું હતુ તે મેં લખ્યું હતું નહીં. હું તેણીને જે દુકાનમાં તેણી ચાકરી હતી ત્યાંજ ખરીદવાના બહાણે જઇ તપાસ લેતો હતો, અને ત્યાં તેણી-ની હું ઓળખાણ કરી ચુકયો હતો. મને તેણી ઘણું થોડુ શીખેલી હોય એમ માલમ પડયુ હતું, તે છતાં તેણી મધ્યમસર ખુબસુરત હતી. એક વેળા મારકીટમાં ચોકોલેટના દાબડા ખરીદતાં મેં દીઠી તેથી બીજી વેળા દુકાનમાં ખરીદવાનાં બાહાણે મલવા ગયો. ત્યારપછી તેણીને ઉંચી ચોકોલેટના દાબડા મેં ભેટ મોકલ્યા. આ સઘળું હું તેણીની તરફ માન અને ઇજતની નજરથી કરતો હતો. મારી મતલબ એટલીજ હતી કે તેણીમાં કેવા ગુણ છે તે વધારે ઓળખાણ કરીને તપાસવા. મને તેણીના ઘરની નિશાની પણ તેણીએ પોતે આપી હતી મેં જોયું કે તેણી મધ્યમ ખુબસુરત પણ છે, ગરીબ છે અને જો કે ઉમદા ગુણ ધરાવતી નથી તે છતાં નિચ ગુણ પણ તેનામાં કાંઇ નથી, વાસ્તે દોલત તેણીને આપવી. આ મતલબથી વધારે ખુલાસાથી વાત કરવા તેણીના ઘરે ગયો તો તેણીના પણ મરણના સમાચાર મલ્યા. મને આ ડિટેક-ટિવ કહે છે જે તેણીના ઘરમાંથી ઝેર ભેળેલી ચોકોલેટ મલી, પણ મેં

ચોકોલેટ જેની બજારમાંથી ખરીદી તેવીજ હાલતમાં પડીકાં ઉખેડ્યાં વિના, તેજ દાહડે, બાહોર બાહારં મોકલી આપી. હવે હું તદન કાયરં થઇ ગયો, તેમજ મોટી હેરત મને લાગવા માંડી જે, એ હાય અફસોસની દોલત જેને હું આપવાનું મન કરૂં છું, તે બસ મરણ પામે છે! છેવટે, વળી કેટલાક દિવસ ચાલી ગયા પછી હાલમા મિસ લુસી પીન્ટોના ઘરમાં પુનામાં રહેછે તે જેની રોજસ વિષે મુંબઇમાં ખબર મલી. કહેવાની જરૂર છે જે આ જેની રોજસ મને જોતાંનેવાર નજરમાં ઠસી ગઇ. ખુબસુરતી વિષે તો એ મત છેજ નહીં, પણ ચાલચલણ અને ખાનદાનમાં પણ વખાણવા લાયક માલમ પડી; એટલું મને કહેવામાં આવ્યું કે તેણીની હાલત અગાઉ કરતાં બદતર છે અને તેથી એ દોલત એને આપવી, એવો નક્કી ઠરાવ મેં કરયો, કારણ કે મેં વિચાર કરયો કે ગરીબ તે તો સદા ગરીબ, જન્મે ગરીબ અને રહે ગરીબ, પણ એક વાર પૈસાવાલાને પેટે પેદા થઇ, થોડીવાર જાહોજલાલી ભોગવી પછી ગરીબાઇમાં આવી પડે, તેને તેની પંકતી ઉપર લાવવાની પેહલી ફરજ છે. મુંબઇથી તેણી પુને આવી તે મને માલમ પડતાં હું પુને આવ્યો, અને તેણીની ઓળખાણ મારા મિત્રની ભલામણથી કરી. હું તેણીની આગલ થોડા દાહડા રહીને તેણાને બધી વાત વીગતવારે કહી દોલત આપું તો સારૂં, નહીં તો કોઇ કેમ આડો વિચાર લઇ જાય, અને કોઇ કેમ બુરૂં વિચારે, માટે અલબતાં તેણીની ખાતરી થાય કે હું સારૂં માણસ છું અને મારી નિષ્ટા સારી છે, ત્યારપછી હું તેણીને દોલત સ્વાધીન કરૂં તો તે બરાબર કહવાય, કેમ મારા નામ રાસીઆ? મારી વાત સાંભલી? એ ધ્યાનમાં ઉતરી કે નહીં?"

આ પ્રમાણે ચીતારાના હરિફે ખુલાસો કહી સંભળાવ્યો.

"ઉતરી, ઉતરી." ચીતારો ગભરાઇને બોલી ઉઠ્યો "શેઠ, મેંહરબાન શેઠ, મને માફ કરજો. મેં તમારી તરફ ઘણી બેઅદબી ચલાવી છે, અંહ! મને માફ કરજો અંહ, શેઠિયા," એ પ્રમાણે ખરી અવસ્થાઇ સમજનારો ચીતારો પોતોના નામરાસિયાની ગાશી ચાહવા લાગ્યો.

"મારીની વાત ના કરો. આ તે મરનાર બુઢા મી૦ પેડરોનું વસીયતનામું જુવો, એ મારી વાતને ટેકો આપે છે. તેમજ આ સઘલાં ઓચરિયાં તપાસો, જે ઉપરથી એ મરનારની દોલત સઘલી મારા સ્વાધીનમાં આવી છે તેની તમારી ખાતરી થશે. તેમજ પેલા ડાકટર અને વકીલ પાસે સાક્ષી તરીકે મેં એ બીના લખાવી લીધી છે તે વાંચો, તેમજ આ મિસ જેની રૉજસને દોલત આપવાનો મારો ઇરાદો મારા મનમાં કરી રાખ્યાથી મેં વકીલ પાસે લખતનો ખરડો પણ આગમજથી કરાવી રાખ્યો છે, તે પણ અત્યારે મારી પાસે મોજુદ છે. અને તે આ રહયો. આ મી૦ કવાડરૂસે મને પકડવાનું વારંટ મેલવ્યું છે અને તે મને જ્યારે દેખાડવામાં આવ્યું ત્યારે મને આ બધો ખુલાસો કરવાની જરૂર જણાઇ છે. મને ખબર હોત કે મુગે મોંઢે મારૂં કામ આગલ ચલાવ્યો જાવું છું તેમાં બીજાઓને કોઇપણ જાતનો ગેરલાભ કે નુકશાન થાય છે, તો હું આગમજથી ખુલાસો કરત, પણ મને એ વાત વિષે કશી ખબર હતી નહીં. તમે આ સઘલું પોતે તપાસો અને વાંચો, જેથી તમારી પૂરતી ખાતરી થાય તો મારી ઉપરથી તમારો શક દૂર થાય."

ચીતારાની અક્કલ તદન હેરાન થઇ હતી, અને તેના મનમાં તહેરેવાર વિચારે ઘર કરેલું હોવાથી તેનું ચિત્ત ઠેકાણે ન હતું, તે છતાં તેણે પોતાના નામરાસીઆના હાથમાંથી કાગજો લીધાં, અને તેની ઉપર ઉપરટપકે નજર દોડાવી, જ્યારે બીજી બાજુ ઉપર કિ-

ટેકટિવે, એક પોતાનાં આંગલાં સાથે રમતો રમતો વિચાર કરતો હતો કે આ ખુલાસો માનવો કે નહીં, જ્યારે બીજો માથે હાથ દઈને વમલમાં પડ્યો કે આ શખ્સ આવી રીતે તત્પર વાત જોડી કાઢીને પોલીસના હાથમાં સપડાયલો છટકી તો ન જાય.

"પેલી સ્કુલમાં જતી જેની ઉપર કાગળ કોણે લખ્યું? પેલી દુકાન ઉપર નોકરી રહેલી જેની ઉપર ચેતવણીનું કાગળ કોણે લખ્યું? તેના ઘરમાંથી ચોકૉલેટના પડીકામાં ઝેર ક્યાંથી આવ્યું? આ ત્રણ ગંભીર પ્રકારના સવાલો છે" એમ બુઢો ડિટેકટિવ બોલ્યો જેને તેજ વખતે ચીતારાના હરિફે ટેકો આપ્યો, "ખરી વાત. એ ત્રણ ગંભીર સવાલ છે. એ ત્રણ ચીજ જેની રૉજર્સને છટકામાં ઘસડવાની હતી. અને હજી એમ કાંઈ નહીં બને કે લુસી પીન્ટોવાળી જેની રૉજર્સ ઉપર હજી ધાડ કાંય નહીં આવે?"

"ત્યારે તમે પણ એ જેની વિષે ધાસ્તી રાખો છો, નહીં? મને એ ધાસ્તી આજ કેટલા દિવસ થયા છે, અને તેથી હું તમારી તરફ શકની નજરે જોતો હતો," ચીતારો બોલ્યો.

"એ જેની રૉજર્સને તમે ક્યાંથી શોધી કાઢી? એના બાપનું નામ ડીરેકટરીમાં નથી," ડિટેકટિવે સવાલ પૂછ્યો.

"મને એ નામ બીજીજ રીતે મલ્યું. મારા હોટેલમાં મારી પાસેના ઓરડામાં બે જણ વાત કરતા હતા કે લુસી પીન્ટોને ત્યાં એક છોકરી રહે છે તે ઘણી ખુબસુરત છે, અને બન ગારડન ઉપર ફરવા આવે છે ત્યારે લોકોનું ધ્યાન ખેંચી રહે છે. વાત ઉપરથી વાત કરતાં એકે કહયું તેનું નામ મેરી ફરગાટી છે. બીજો કોઈ ફરેલ અને ચબરાક હતો તે બોલ્યો કે નહીં, એનું ખરૂં નામ જેની રૉજર્સ છે. મેં ત્યાર પછી તેઓ બન્નેની સાથે ઓળખાણ પાડીને પતો

મેલવ્યો, અને લુસી પીન્ટોને કોણુ કોણુ ઓળખે છે તેના નામ જાણી લઇને મી૦ મોરીસની ભલામણુ લીધી."

"એ બી એક અજાયબ જેવો સંજોગ છે! વારૂં, પણુ અમારૂં ધ્યાન આ સવાલમાં ચલી ગયું છે. જે તમારો નોકર છે તેને તમે કયારે રાખ્યો?" ડિટેકટિવે પૂછયું.

ચીતારાનો નામરાસીઓ આવા એક પછી એક ન ધારેલા સવાલો પૂછાતાં જોઇ અજાયબ થયો, પણુ તેણે તૂરત જવાબ આપ્યો,

"મુંબઇમાં ઓમ્મે ગેઝેટમાં જાહેર ખબર આપી હતી કે મને એક માણુસ જોઇએ છે. એ શખ્સની ભલામણુ ઠીક લાગવાથી મે એને રાખ્યો."

"તમને એ માણુસ પસંદ છે?"

"હા, શા માટે નહી? મને એ ઘણો કામનો છે. જે કહું છું તે મારૂં કામ તૂરત બજાવે છે. પણુ એનો સ્વભાવ ઠીક નથી દીસતો, તમને પૂછવાનો કાંઇ સબબ?" તેણે જવાબ દીધો.

"પેહલાં મને કહો, તમે તમારા નોકરને પ્રમાણિક ધારોછો?" ડિટેકટિવે પૂછયું.

"પ્રમાણિક? અલબત્તાં. મારી એક અરધી ગઇ નથી." નોકરના શેઠે જવાબ વાલ્યો.

"અરધી ગઇ નથી તેથી તે પ્રમાણીક છે એમ નહીં કહેવાય. એક માણુસ ચોરી નહીં કરે ને પોતાના શેઠની વાત બાહાર કરે તે પ્રમાણિક નહીં હોય, એ તમારા માણુસને તમારી કોઇ ચીજને હાથ લગાડતાં તમે દીઠો નથી? એ તમારો નોકર તમારા કાગજ પત્રો વાંચે છે ખરો કે? અથવા તો જે વાતમાં એને લાગે વલગે નહીં ત્યાં માથું મારતાં દીઠો છે કે નહીં?" ડિટેકટિવે પૂછયું.

"આ સવાલ રોડરીગીસે પૂછ્યો તે વારે ચીતારો કોડરૂસના કાન આગલ જઈ પૂછવા લાગ્યો કે આ નોકર તમે પોતે ઢોંગ કરીને થયા હતા તેજ કે ?"

કોડરૂસ મુછમાં હસવા લાગ્યો.

"નહીં તે નોકર આપણી તરફનો નહીં," કોડરૂસે જવાબ દીધો.

ચીતારો મોહું વકાસીને જોવા લાગ્યો ! આ શું ! તે નોકરે તેને ઠગીને જણાવ્યું હતું કે હું ડિટેકટિવ ખાતાનો માણસ છું અને ઢોંગ કરીને અતરે નોકરી રહયો છું.

"શેઠ, મારો નોકર જેનું નામ મીરાનડા છે તે કદી આડો ગયો હોય એમ મને ધ્યાન નથી. મારી ચીજને તેણે હાથ લગાડયા હોય એમં હું જાણુતો નથી. મારાં અગત્યનાં કાગજ સદા મારા ખીસામાં રહેછે, અને રાત્રે પણ હું મારાં આ સઘલાં કાગજયાં મારા તકીઆ તળે મુકીને સુવું છું," ચીતારાનો નામ રાસીઓ બોલ્યો.

"અને તે છતાં હું ખાતરીથી માનુ છું જે એ કાગજયાં તમારા મીરાનડાએ વાંચ્યાં છે. ટુંકમાં, એ વાત એ તમારો નોકર સારીપેઠે જાણે છે અને તે તમારી ખીદમતમાં ને ખીદમતમાં રહેછે તેનું કારણ એ કે તે દરેક વાતથી વાકેફ રહે." ડિટેકટિવે કહયું.

"નહી, નહી ! મી૦ રોડરીગીસ તમારા બોલવા ઉપરથી મને તેની ઉપર શક આવવા માંડે છે. આ એક ચોંકાવનારી વાત છે !" આ પ્રમાણે ચીતારાનો હરિફ બોલ્યો તે વારે ચીતારો પણ અજાયબ ઉપર અજાયબ થવા લાગ્યો કે વાત તો ઉંડાણમાંથી ઉંડાણ જવા લાગી છે.

"પણ નહી! હજી તમે એ માણસને વાપરયો નથી. આજે હું સ્ટેશન ઉપર જતાં જતાં ગાડીની અથડાઅથડીમાં આવી જતો હતો, પણ એ મીરાનડા જો વચમાં આવી ઉભો ન હોત તો આજે મારો જીવ જાત. એણે પોતાના જીવના જોખમે મને મદદ કીધી!" ચીતારાનો હરિફ હજી પોતાના નોકર વિષે હલકું મત બાંધવા નારાજ હતો.

"ત્યારે તમે સમજ્યુ નથી! તમારી જીંદગી તેના મનથી કિમતી છે તમે છેવો ત્યાંસુધી તેને અને તેના સાથીઓને ત્રીસ લાખની આશા છે," મી૰ રોડગીસે ઠંડે પેટે જવાબ દીધો.

"શું મારી જીંદગી ત્રીસ લાખ રૂપીઆની! આ તમે મારી મશકેરી તો કરતા નથી?" તેણે ફરીથી પુછ્યું.

"જુવો મી૰ ડી સુઝા (ચીતારાના હરિફને) અમારી શોધમાં અમને માલમ પડયું છે, જે મુંબઇમાં એક શકમંદ ઘરમાં એક ઓરત રહે છે, અને તેનું નામ પણ જેની રૉજર્સ હોવું જોઇએ, યા તેણીએ તે નામ ધારણ કીધેલું હોવું જોઇએ. અમને તો પહેલેથી શક હતો કે જેની રૉજર્સ નામની છોડીઓ તરફ કાંઇ પણ કારણથી જીવ લેવાનો તાગડો છે, અને હવે તમારી વાત ઉપરથી કારણ પણ જણાઇ ગયું. આ નિચ ઓરત બીજી જેની રૉજર્સોને બને તેમ હલકી પાડીને અથવા તો બને તો તેઓનો સમૂલગો નાશ કરીને, તમારી દોલત મેલવવાને આશા રાખતી જણાય છે. અમને કેમ માલમ પડયું કે એ તાગડો છે તે તમે જાણો છો?" ડિટેકટિવે પૂછ્યું.

"નહી. મેં તમને કહયું અને તમે મને કહયું તે ઉપરાંત બીજુ કાંઇએ હું જાણુતો નથી."

"નહી તો સાંભલો. આ બનાવો બન્યા તે વેળા એક ગ્રહસ્થ, જેની આબરૂ વિષે બેમત નથી, તે શખ્સે પોતાની અગાસીપરથી

પોતાના ઘરની નિચે બે જણને વાત કરતાં સાંભળ્યાં. એક ઓરત હતી અને બીજો મરદ હતો. ઓરત બોલવા લાગી કે કોઇ બીજી જેની રૉજસ, સાંભળો, બીજી જેની રૉજસ એટલે તેનું નામ પણ જેની રૉજસ હોવું જોઇએ, જો બીજી જેની રૉજસ મારી અગાઉ ફાવી ગઇ તો ? ત્યારે તેના જવાબમાં પેલા બદમાસ મરદે કહ્યું, ફિકર નહીં. આજથી એક મહિનામાં મુંબઇમાં જેટલી જેની રૉજસ હશે તેનો ધાણ કાહાડી નાખીશ. આ શું દેખાડતું નથી કે જેની રૉજસ સામે તાગડો ઘડાતો હતો, અને આજે તમારી વાત ઉપરથી અમારી પૂરતી ખાતરી થઇ છે જે અમારો શક ખરો છે," રોડરીગીસે કહ્યું.

"એમજ લાગે છે. મને પણ એમજ લાગે છે" ચીતારાનો નામરાસીઓ બોલ્યો.

"એમજે લાગે છે શું. એજ ખરૂં છે. જેં જેની રૉજસ તરફ તમે જરા પણ ધ્યાન આપવા માંડ્યું, તે જેનીનો કાંટો કાહાડવાનો લાગ જોવા મંડી જવામાં કાંઇ ઢીલ થઇ નથી. એક કલાક અગાઉ હું ધારતો હતો કે એમાં તમે પોતે સામેલ છો, પણ હવે હું મારૂં મત ફેરવું છું, પણ તમારી ઉપરથી શક તમારા માણસ ઉપર જાય છે. તમારો માણસ પેલી ચંડાલ સ્ત્રીનો શરીક હોવો જોઇએ—" ડિટેકટિવ બોલ્યો.

"પણ સાહેબ, તમે શા ઉપરથી કહી શકોછો કે તેમાં એ નોકરનોજ હાથ હોવો જોઇએ ? પેહલાં તો તમે એમ ધારોછો જે હું મારા એક હલકા નોકર આગલ મારા દિલની વાત કરૂં ? પહેલાં તો ખાતરી કરવી જોઇએ કે વાત એણે જાણી કેમ ?"

"તમને અનુભવ નથી. નોકરો ઘરની બધી વાત જાણેછે. તમારી નજદીક બીજું કોણ હોય જે તમારા કાગળ્યાં માહેલી વાત જાણે ?" ડિટેકટિવે કહ્યું.

"પણ તેણે મારાં કાગજ વાંચ્યાં એમ ખાતરીથી કહી કેમ શકાય? અને વળી વાત ઉપરથી માલમ પડે છે જે તે મારી ચાકરીમાં રહયો તે અગાઉ કાવત્રું રચાયલું હતું."

"તમે ખાતરીથી કહો છો?"

"તમે કહો છો તેમ તેણે પેલી ખરાબ ઓરત સાથે વાત કીધી કે જેની રૅાજસનો મહિનામાં ઘાણ કાહાડું ત્યારપછી તે મારી ચાકરીમાં રહયો."

"એમ હોય તો હું ભુલતો હોઇશ. કદાચ કાગજયાં મારફતે નહીં તો બીજે રસ્તે તેને એ વાત ખબર હોય," ડિટેકટિવે કહયું.

"બીજો રસ્તો કયો?"

"બીજો રસ્તો કાંઇપણ હોવો જોઇએ."

"પણ તે કેમ અને કયો?

"કેમ અને કયો પુછો ના. તમને કરાંચીમાં દોલત મલી કે જેની રૅાજસ નામની છોકરાને મોટી દોલત મલવાની છે, એ વાત તુરત મુંબઇમાં ખબર પડી, અને જો એમ હોય કે આ માણુસ તમારા નાકરીમાં રહયો તેની અગાડીથી તેને એ વિષે ખબર હતી તો એમ કાંય નહીં હોય કે તે ખાસ પોતાની મતલબને ખાતર તમારી નોકરીમાં રહયો હોય, અને વળી આપણે જોઇએ છીએ જે તેના નોકરી રહયા પછી કામ ઠીક આગલ ચાલતું ગયું છે."

"એ તો ખરૂં"

"ચોકૉલૅટ ભેટ મોકલી તે પણ એની પાસે મોકલાવી હશે?"

"હા! વાત ખરી છે!"

"ત્યારે શું એમ નહીં બને કે પેલી સ્કુલે જતી છોકરી ઉપર પણ તેણેજ કાગજ લખ્યું હોય, અને તમારો કાર્ડ પણ તેણેજ

તફડાવ્યો હોય, જેથી તે છોકરી એમ સમજે કે કાગળ તમારી તરફથી આવ્યું છે ?"

"હા બને, પણ તે આગલથી કેમ જાણી શક્યો કે હું તે છોકરી તરફ ધ્યાન રાખતો હતો ?"

"તમે એમ કહો છો, પણ તે પોતાનું કામ સારી પેઠે સમજતો હોવો જોઇએ. એનામાં સાધારણ નોકર કરતાં વધારે ચપળાઇ અને ચાલાકી હોવી જોઇએ."

ચીતારાનો હરિફ બહુ પરેશાન હાલત જણાવા લાગ્યો, અને નિચે પ્રમાણે કહેવા લાગ્યો:—

"તમે કહોછો તેવી કોઇ એક રખડતી જેની રૉજસને પણ મેં એક વાર જોઇ હતી. હું તેણી ઉપર મોહી પડ્યો છું એમ તેણીએ માની તો લીધું નહીં હોય ?"

"ઓરતો પોતાની ખુબસુરતી વિષે બહુ મગરૂર રહે છે. તેણીને આશા રહેલીજ જોઇએ, કારણ કે એક વર્ષની મુદતપર જો કોઇ બીજી જેનો રૉજસ નહીં મલે તો છેવટે તેને તમે આપશો એવી ઉમેદ તેણીએ કાંય નહીં રાખી હોય"

"હવે હું સમજ્યો. પણ મેં તેણીને ત્યાર પછી દીઠી નથી"

"તેનું કારણ એ કે તેણી ભરાઇ રહેલી છે. બાહાર આવે તો પોલીસ પકડશે એવી તેણીને ભય છે. વળી તેનો સાથી પોતાનું કામ ચલાવ્યો જાય છે, અને જો તે સાથી તમારો નોકરજ હોય—"

ચીતારો ડિટેકટિવને આગલ બોલતાં અટકાવીને બોલ્યો, "વળી હોય શું ! એજ સાથી છે ! નહીં તો તેણે મને ખોટું શા માટે, સમજાવ્યું કે હું ડિટેકટેવ છું ?"

"તેણે તમને એમ કહ્યું !" ચીતારાના હરિફે અજાયબ થઇને પૂછ્યું.

"હા, અને હું એક કાગજ વાંચતો હતો તે પછવાડેથી વાંચવાની તેને શી ગરજ હતી? તેણે તમારાં કાગજ વાંચ્યાં નહીં હોય તો મારૂં તો વાંચ્યું!"

"લુચ્ચો! મેં ઘણી વાર આપણી જેની રૉજસ ઉપર ચીઠીઓ મોકલી!" ચીતારાનો હરિફ ચીતારાને કહેવા લાગ્યો.

"આજે તમે એને મારી આગલ મારા હોટેલમાં મોકલ્યો હતો?" ચીતારાએ તેને પૂછ્યું.

"નહીં બીલકુલ નહી!"

"નહીં! તોપણ તે આવ્યો હતો. તમે મારો જાન લેવા માગોછ એવી તેણે મને ચેતવણી આપી."

"તમારો જાન! મી૰ ડી સુઝા એ તમે શું બોલો છો! મારા જેવો શખ્સ એવું કરે!"

"તે છતાં તમારા નોકરે મને સાફ કહ્યું કે તમે મારી તરફ અદેખાઇ ધરાવો છો અને મારૂં કાટલું કાઢવા માગોછો."

જે સાંભલી ચીતારાનો હરિફ બોલ્યો, "શેઠ, મારા જેવો એકમારગી, તેમજ કોઇને નુકશાન કરવામાં સર્વથી પછાત માણસ બીજાં થોડાં હશે. આ વાતો તમારા દિલમાં, તેથી તમે મારી તરફ ધિક્કારની અને સાવચેતીની નજરથી જોવો તેમાં નવું કાંઇ નથી, એ શખ્સની મતલબ તમારા મારા વચ્ચે ખુરાસ કરાવાની હોવી જોઇએ."

ચીતારાએ જવાબ આપ્યો, "એમ નહીં. હું જેની રૉજસની સંભાળ રાખતો હતો તેથી તેને પોતાનું કામ આગલ ચલાવવું મુશકેલ થઇ પડ્યું, એમ હશે."

"એમ બી હોય. એમજ હોય તો આ જેની રૉજસનો જીવ લેવા તે વેતરણ કરતો હોય તેમાં શક નહીં. તેને જેલમાં ઘસડાતું ત્યાં સુધી મને ચેન પડશે નહીં."

રોડરીગીસ બોલ્યો, "તેને હવે પકડવાનું કામ કાંઇ માહ ભારત નથી. જેની રૉજસ, ઉર્ફે મેરી ફરગાટી, મુંબઇથી પુને ચાલી આવી તેની પછવાડે અમે ડિટેક્ટિવ છોડી મેલ્યા કે જેથી તેણીના જીવને હાણી થાય નહીં. મારો એક બીજો મદદનીશ એ તમારા નોકરને પકડવામાં હાલ રોકાયો હશે. જે વખત બનય છે તેમાં તે ધરાશે,"

"ત્યારે હાલ જેની રૉજરાના ઘર આગલ તે ચોકી કરે છે?" ચીતારાનો હરિફ ગભરાઇને બોલ્યો. આ અચબુચા અને ન ધારેલા સવાલથી ડિટેક્ટિવ પણ અજાયબ થયો. ચીતારાનો હરિફ આગલ બોલ્યો:—

"જે દાહડેથી મેં આ જેની રૉજસને જોઇ છે તે દાહડેથી હું તેને ચાહુ છું અને વખાણું છું. આ બધી વાત આપણે કાંધી તે જો ખરી હોય તો કાવત્રાંમાં મારો મીરાનડાનો એકલો હાથ હોય એમ મને લાગતું નથી. આવી મોટી વાતમાં ઘણાં જણ સામેલ હશે. હાલ મીરાનડા નાસતો ફરતો હોય તો શું થઇ ગયું. તેના મળતિયાઓ ન ધારેલી વખતે જેની રૉજસનો જીવ કબજે કરી લેશે એમ મને ભય લાગે છે! કદાચ જેનીના ઘરના માણસો કાંય નહીં સાથે સામેલ હોય?"

આ સાંભળી રોડરીગીસ બોલ્યો, "તમે કહો છો તે ખરૂં છે. ફટકો કોણથી અને કયાંથી પડશે તે કહેવાય નહીં"

આ સાંભળી ચીતારો બોલ્યો, "મોટી અફસોસની વાત એ છે જે તેણી પોતાને સાહીસલામત સમજે છે. એજ ચંડાળ મીરાનડાએ તેણીને કહ્યું કે તારા જીવને કશું થશે નહીં, પણ મારા (ચીતારાના) જીવને હાણી પુગશે, અને મને ભય લાગે છે જે તેણી નિર્ભય હોવાથી તે તેણા ઉપર જલદી અને સેહલાઇથી હુમલો કરી શકશે."

આથી ચીતારાના બાહોશ પણ આબરૂદાર નામરાસીઆએ કહ્યું, “એ ભય મટાડવાનો સૌથી સરસ રસ્તો એ છે જે હું દોલત તેણીના નામ ઉપર એકદમ ચઢાવી આપું. જ્યાં સુધી દોલત તેણીને મલે તે અગાઉ જે કરવાનું હોય તે તેઓ કરી લેશે. એક વાર તેણીના નામ ઉપર દોલત ચઢી એટલે હાથ ચોળતા તેઓ ઠંડા પડીને બેસી રહેશે.”

“એ વાત તમે કહી તે લાખ રૂપીઆની છે” રોડરીગીસ બોલ્યો.

“તમે કદાચ મને મુંબઇ લઇ જવા માંગતા હશો, જ્યાં અલબતાં તમારા વડા અમલદારો આગલ મને પકડવા કાઢેલા વારંટ સંબંધી ખુલાસો કરવા માંગતા હશો, પણ મારી પાસે લખત તયાર છે. ફક્ત મારી સહી કરવાની બાકી છે. તે સહવારના પોહોરમાં કરીને તેનીને આપી દઇશું એટલે પછી આગલ કરવું હશે તે કરી લઇશું, અને પછી કાંઇ ફિકર કે ધાસ્તી કે ચિંતા કાંઇ રહેશે નહીં” ચીતારાનો નામરાસીઓ હરિફ બોલ્યો.

“હા એ વાત ઉપર વિચાર કરો. તમે તેણીને આપવાજ માંગતા હોવો તો—”

“બસ મારો નકકી વિચાર છે”

“તમારા ઠરાવ પ્રમાણે ચાલવાને તમે બંધાયલા છો પણ જરા થોભો તો સારૂં.”

“થોભીને એ બીચારીનો જાન જોખમમાં રહેવા દઉં તે સારૂં નહીં. તે છતાં આજની રાત્રે જો તેણીનો જીવ લેવાની કશી કોશેશ થાય નહીં તો સારૂં. અને તેવું કાંઇ કશું થયું અને જો માલમ પડે કે તેણી ભય ભરેલી હાલતમાં છે તો સહવારે એકદમ તેણીના નામ ઉપર બધું ચઢાવી આપીશું. નહીં તો પછી જોઇશું થોડી વાર થોભીશું”

"આહા ! તમે કેવા મોટા મનના છો ! હું તમને વખાણું છું ! હુ બીજું વધારે કાંઇ કહી શકતો નથી. હુ ઇચ્છું છું જે હું વધારે કહું—પણ—" અંતરે ચીતારાએ પોતાના હરિફના મોંનો દેખાવ એવો જોયો કે તે વેળા તેને જેની તરફનો પ્યાર ઉભરી આવેલો હોય એવું લાગ્યું.

રોડરીગીસ દૂર ઉભેલો હતો, તે વારે ચીતારાને તેના હરિફે પૂછયું, 'કેમ શેઠ, હવે ખુલાસો સાંભળ્યો. હવે કહો, હુ તકસીરવાર છું ?"

"હા—ન—ન—હી—પ—પ—પ—ણ જેની રૉજસને તમે દોલત આપો તેના બદલામાં તેની પાસે બીજી માગણી કરી મારૂં સુખ લુટશો તો નહીં ?"

આથી તેનો હરિફ બહુ વિચારમાં પડયો પણ તેણે હાલ તુરત કહયું, "મી० ડી સુઝા (ચીતારાને), કાલે જેની રૉજસને ત્યાં હુ જનારછું ત્યાં તમે પણ આવજો. હાલ હુ એ સવાલનો જવાબ પોતે આપી શકતો નથી, કારણ કે હુ પોતે પણ ચોકકસ નથી."

"પણ—"

"જુવો, કાલે અગીઆર વાગતે જવાનો છું. તમને અડચણ નહીં હોય તો હું પેહલાં અહીં આવું, અને આપણે સાથે જઇએ. પછી એ સવાલ તેણીની મરજી ઉપર મેલીશું."

આ ગોઠવણ કરીને તે શખ્સ જવા ઉભો થયો. ચીતારાની ખાતરી થઇ કે આ તેનો હરિફ બેશક સારૂં માણુસ છે.

"મોડી રાત થઇ પણ તેનો બીજો ડિટેકટિવ કયાં છે તે તપાસવું જોઇએ," એમ કહી રોડરીગીસ જવા નિકળ્યો.

"અને હું લુસી પીન્ટોને ત્યાં જઇ જોતું કે સઘળું શાંત છે કે નહીં. અને પછી લુસીને જગાડીને કહું કે જેનીને આજની રાત પોતાની પાસે સુવાડે," ચીતારો બોલ્યો.

"અને હું બંગલાની બાહાર ચોકી કરૂં જેથી તેણીને ફાયદો કરવાની મારી ઉમેદમાં બચ્યારી નિરદોષને હાણી નહીં પોહોંચે."

ત્રણુકે બાહાર નિકળ્યા. સામેથી એક સખ્સ મળ્યો જેણે રોડરીગીસે ઓળખ્યો, "કેમ મી૦ હરીપન્ટ ? સમાચાર ?"

હરીપન્ટ બન્ને જોન ડી સુઝાને સાથે મળીને વાત કરતાં જોઇ અજાયબ થયો, પણ પછી ધીમે સાદે બોલ્યો, "મારા સમાચાર સારા નથી."

"કેમ તે નાઠો ?"

"હા તમે કેમ જાણ્યું કે તે નાઠો ? ખરૂં છે, પણ તે ક્યાં નાઠો તે જાણ્યો નહીં."

"ત્યારે ભાઇઓ સાંભળો. આપણને હુસ્યારીમાં રહેવાની જરૂર છે, તે જેનીના બંગલા તરફજ હોવો જોઇએ અને જો તે કાંઇ પણ હાણી તેણીને કરવા ઇચ્છતો હશે તો તે આજેજ કરશે," બન્ને ફિરંગી ડિટેકટિવોએ તર્ક બાંધી.

પ્રકરણ ૨૫.

છુપા મદદગારો.

તેઓ સઘલાએ જેનીના ઘર તરફ પગલા ભરયાં. રસ્તે ચાલતાં પેલા ડિટેકટિવે રોડરીગીસને પૂછ્યું. ત્યારે શું જોન ડી સુઝા ચીતા-

રાનો હરિફ નિરદોષ છે? અને તેના નોકરના કાવત્રાંમાં સામેલ નથી?"

આ તેણે મોટા સાદે પૂછયું જે બધાઓએ સાંભળ્યું. રોડરીગીસે ના કહ્યું, તેથી તે ખુશી થયો અને કરાંચીવાલા મી૦ જોન ડી સુઝાને કહ્યું,

"પણ તમો તમારા નોકરના પ્રપંચોથી બીનવાકેફ છો. દિનપર દિન તે બહુ ઉંડાં પાણીમાં ફરે છે તેથી મને તેની પછવાડેને ફાકવાડે ફરયા કરવુ પડયુ છે. આજે આ મી૦ ડી સુઝા (ચીતારા) ના ઓરડામાં તે ભરાયો તેથી મને શક આવ્યો, અને તેથી હું તેની પછવાડે દોડયો. જઇને જોવું છું તો તે વીસ્કીની બાટલીમાં કાંઇ રેડતો હતો. મેં તેને ગળાચીમાંથી પકડી તડાપ મારી તેઓ તે હાથમાંથી સટકયો, અને પલંગ ઉપર કુદકો મારી ચડી જઇને બારી ઉંચાડી હતી તેમાંથી વાડમાં કુદાવીને તીરની મીસાલ ત્રસાને નાઠો. તેને પકડવા દોડતે તો તેને હું છોડતે નહીં; પણ એક તો તે મારા કરતાં બહુ સરસ દોડનાર હતો, અને બીજું અને વધારે અગત્યનું તે એ કે વીસ્કીની બાટલી મને ઢોલી નાખવાની જરૂર હતી. કારણ કે કદાચ હું તેની પુઠે દોડું ને વખત થઇ જાય અને તેટલા અરસામાં જો મી૦ ડી સુઝા (ચીતારા) બાહારથી આવીને વીસ્કીનું ગલાસ ઠાંસે તો સ્વર્ગે પોહચી જાય."

આ સાંભલી ચીતારાની વીસ્કીની બાટલી ખલાસ થવાનો ખુલાસો મળ્યો. તે તે દયાલુ દાદગર દાવરની દરગાહમાં પોહચતો અટકયો, તેથી તેને દલગીર થવું જોઇએ, તેને બદલે તે ખુશી થયો કારણ કે તેનું ધ્યાન દાવરમાં નહીં પણ દિલદારમાં હતું.

"હવે તે ચંડાળ જાણી ચુકયો છે જે પોલીસ તેને પકડવાની વેતરણમાં છે એટલે ઘણો ખરો એ પુનું છોડી જશે," રોડરીગીસ બોલ્યો.

"પણ નાહસે કયાંથી? હું સ્ટેશન માસ્તરને બધી ખબર આપી આવ્યો છું. એ તો મુખ્ય કામ હતું અને તેમ કરવામાં ઢીલ થવી ન જોઇએ એમ માની હું તૂરત સ્ટેશનપર ગયો." તે બોલ્યો.

બન્ને ડી સુઝાઓનાં હોહાં ગભરાયલાં હતાં. તેઓ વિસ્મય પામી દંગ થઇ જઇ ગુપચુપ ચાલતા હતા.

"હવે તે કરપીણ પોતાનું કામ જેમ બને તેમ જલદી સરંજામ લાવશે અને બની શકતું હશે તો તે એક પળ જવા દેશે નહીં. આજની રાત્રે બીચારી અંજાણપણામાં નિરાંતે ઉંઘતી સ્ત્રીઓની આપણને ખડે પગે ચોકી કરવી જરૂરની છે."

બન્ને ડી સુઝાઓના દિલ ધબધબ થતાં હતાં. તેઓ બન્ને જેનીને પોતાના મનની મનમોહન સુરતી ગણતા હતા, અને તેથી તેઓનો જીવ આકુળ વ્યાકુળ થઇ રહયો હતો; તેમના જીવ ઉથલ પાથલ થતા, અને તેમને ભોર આવતા હતા.

તેઓ સઘલા લુસી પીન્ટોના દરવાજા આગલ આવી ઉભા. બંગલામાં બતી ઝાંખી બળતી જોઇ તેમજ અંદરથી કોઇનો ઓખો કે સાદ સંભળાતો ન હોવાથી દરેક જણ નિરાંતે નિંદમાં પડયાં હોય એમ ખુલ્લું જણાતું હતું.

"શું કર્યે? આપણે એ લોકને જગાડયે? પણ જગાડવાનું કારણ શું કહીએ?" ચીતારો બોલ્યો.

"જુવો મેં નિશ્ચય કર્યો છે જે એ લોકને જગાડવાં. કાંઇ પણ કરીને લુસી પીન્ટોને તો જગાડવી પડશેજ. કારણ કે હું તેણીની સાથે વાતચીત કરવા માંગુ છું. અમને પેહલાં અંદર જવાનું કાંઇ કારણ નથી. મી૦ ડી સુઝા, (ચીતારો) અંદર જઇને

નોકરને જગાડીને લુસી પીન્ટોને મલવા માગો કે મને જરૂરનું કામ પડ્યું છે તેથી મલવા માંગુ છું."

હા, એમ કર્યે હું જઇને કીકલા બટલરને ઉઠાડું તે જઇને લુસીને આસ્તે ધિરજથી સમજાવીને બોલાવશે."

બારણું ઠોક્યું ત્યારે સારાં ભાગ્યે કીકલાએ ઉઘાડ્યું, અને અરધી ઉંઘમાં એકાદ ચોપડી કાઢીને બોલ્યો, "હું છે આવડી મોડી રાત્રે એ કોણ હલરો જગાડવા આયવો ?"

"એ તો કીકલા હું છું. તારી બાઇને જઇને મારૂં નામ દઇને કહે કે કામ અગત્યનું હોવાથી આ ઘડી મલવાની જરૂર છે. સહવાર પડે ત્યાંસુધી થોભી શકાય એમ નથી."

થોડી મિનિટ હોલમાં તેમને ઝાંખી બતી આગલ થોભવું પડ્યું, પણ તેટલામાં કોઇના મધુર તાલમાં પડતાં પગલાં સમજાયાં, જે બીજા કોઇના નહીં પણ લુસીનાં હતાં.

"કેમ! શું થયું! બોલો બોલો! આવી રાત્રે આવવાનું કારણ!" તેણીએ ગભરાઇને પૂછ્યું.

ડી સુઝાએ જવાબ આપવાના કરતાં પોતાના હાથની હાચેલી તેણી તરફ કરી તે હીલવીને તેણીને ધિરજ આપી તેટલામાં રોડરીગીસ ડિટેક્ટિવ જે ઓરડામાં દાખલ થઇ ચુક્યો હતો તે બોલ્યો, 'બાઇ, ગભરાવો નહીં. અમે પોલીસના અમલદાર છીએ અને તમારી પાસે રજા માગવા આવ્યા છીએ જે આજની રાત્રે તમારા ઘરમાં છુપો ચોકી પોહરો રાખવા દેવો, કારણ કે તમારા ઘરમાં જેની નામની પરોણી છે, તેનો જીવ અમે જોખમમાં સમજ્યે છીએ. આ ગ્રહસ્થ (ચીનાસને બતલાવીને) તમને કહેશે કે અમે આજ કેટલો વખત થયો એ જેનીની સંભાળ લેતા અને રક્ષણ કરતાં આવ્યા છીએ."

" જેની તો બેફિકર છે. તે તો આ ચીતારાની જીવની ધાસ્તીમાં છે. ત્યારે શું પેલો આવનાર ગ્રહસ્થ તમે ધારો છો તેવોજ નિકળ્યો શું !" તેણીએ ચીતારાને પૂછ્યું.

" નહીં, મિસ લુસી તે ગ્રહસ્થ નિરદોષ છે અને તે હમારી સાથે અહીં આવેલો છે. દરવાજા ઉપર પોલીસના માણસ સાથે તે વાત કરે છે. હું તેને લુચ્ચો લફંગો સમજવામાં ભૂલ કરતો હતો. બધો તાગડો તો તેનો હજુરયો નોકર બનાવ્યો જાય છે. જેની રૅાજસનો જીવ લેવા તે તડપેલો લાગે છે કારણ કે જેનીને મારવાથી તેના હાથમાં મોટી દોલત આવશે એમ તે માને છે," ચીતારાએ ટુંકમાં ખુલાસો કર્યો.

" તેનો નોકર ! મેં તો તેના નોકરને દીઠો નથી ! દોલત શાની ? ત્યારે એ નોકરે બધી જેની રૅાજસોને સતાવી છે શું ? "

" અમે એમ ધાર્યે છીએ. "

અને તેમાં તે પોતાના શેઠનું નામ ખરડે છે ? "

" નહીં. એના શેઠને જેની રૅાજસ નામના છોકરીઓનું કામ છે, પણ તે કામ કાંઇ ખરાબ નથી. ઉલટું તેમાં તેને શાબાશી ઘટે છે. કાલે તે પોતે ખુલાસો કરનાર છે ત્યારે તમે બધું જાણશો, પણ અમે ધાર્યે છીએ જે તેનો નોકર આજની રાત્રે પોતાનું કામ પાર પાડી લેશે, એમ અમને બીહક છે. એને તેનું કારણ એ કે કાલે સહવારે જેની જીવતી રહી તો પેલા ચંડાલના દિલની ઉમેદ ઉંધી વળે એમ છે."

આ સાંભળી લુસીનો ચેહરો એટલો તો ફીકકો મારી ગયો કે જે ફીકકાસ થોડી લાઇટમાં પણ આગલ ઉભેલાઓને જણાઇ આવ્યો. તેણી એક પગલુ આગલ વધીને ચીતારાને પૂછવા લાગી, " તે નોકર હાલ કયાં છે ? "

"તે કેમ કહી શકાય, પણ અમે ધાર્યે છીએ જે એ અહીં આટલામાંજ હશે."

"હું માણસોને જગાડીને બધું ઘેર તપાસાવું ?" લુસીએ પૂછ્યું.

"નહી." રોડરીગીસ બોલ્યો, "અમારી પાસે પૂરતી મદદ છે. જેની રૉજસના ઓરડાની બાહાર અમે ભરાઇ રહેવા માગ્યે છીએ."

"પણ બારણા બંધ કર્યે પછી તે કેમ આવશે ?"

"તે તમે નહીં સમજો. કાવત્રુ જેવું તેવું નથી. અને આ નોકર કોઇ બંડો પોહચેલ અને બડો ઉંડો લાગે છે, અને કદાચ એમ પણ બને કે કોઇ બીજી રીતે તે પોતાનું કામ કાહડી લએ. અમે કાંઇ પણ ન ધારેલું બને નહીં તે માટે જેનીની આગલ રહેવા માંગ્યે છીએ. બાહાર પણ ચોકી પોહરો રહેશે."

"મૂને થોડી સમજ પડે છે, થોડી નથી પડતી ! પણ અલબતાં તમારા જેવા અક્કલવાલાઓ કહે તે હું માનું છું. તમને જેમ વાજબી લાગે તેમ કરો."

મને આ મી૦ જોન ડી સુઝા ઉપર પૂરતો વિશ્વાસ છે," લુસીએ જવાબ આપ્યો અને તેમને જેની રાજસનો ઓરડો દેખાડ્યો.

"મિસ પીન્ટો, તમે જેનીને ઉઠાડીને તમારા પલંગ ઉપર સાથે સુવાડો," ચાતારો બોલ્યો.

"હા, એ યુક્તિ ઠીક છે !" લુસી બોલી, "હું આખી રાત જાગીને એની તપાસ રાખીશ."

"એમ કરો, પણ અમે પણ અમારી તપાસમાં રહીશું," ડિટેક્ટિવ બોલ્યો.

"ઠીક છે, મી૦ રોડરીગીસ તમે અહીં રહેવો, અને હું જઇને આગલા હોલમાં ફીકલાને આગલ રાખીને જાગતો બેઠો છું. જરા કાંઇ થશે તો હું તુરત હાજર થઇશ."

લુસીને ઘણી ગભરાટ અકળામણ થવા લાગી તેનું વર્ણન કેમ થઇ શકે. તેણી એક એક ઓરત જાત, અને તેણી જુવાન હોવાથી તેણીને કેટલી દુન્યાદારીની ખબર, તેમજ પૈસાના જોરે મોજ મજાહ ભોગવેલી એટલે દુઃખ તે શું તેનો તેણીને ખ્યાલ નહીં, એ સઘળું ધ્યાનમાં લઇને વાંચનાર તું પોતે વિચાર કરી શકશે કે લુસીને કેટલો ગભરાટ થયો.

જેનીના ઓરડાની આગલ જઇ તેનું બારણું ઠોકયું.

"એ કોણ છે," માંહેથી તૂરત જવાબ આવ્યો.

"હું છું, લુસી છું. જેની મને આજે ઉંઘ નથી આવતી અને બીહક લાગે છે. મારા ઓરડામાં આવીને સાથે સુ"

તેણીએ તૂરત બારણું ઉઘાડયું. અને બોલી, "જો લુસી, હજી હું કપડાં બદલીને સુતી નથી. મને પણ કાંઇ ચેન પડતું નથી, વાસ્તે તું મને માફ કર અને મને એકલી મારા વિચારમાં બેસવા દે. હું બેસી રહેલી હતી."

બારણું ઉઘાડયા પછી રોડરીગીસ, જેની ન જોય તેમ બારણામાંથી નિકળી, જેનીના ઓરડામાં એક બુકસ્ટાન્ડ હતું, તેની પછવાડે બુશાલ ભરાઇ ગયો.

રોડરીગીસે ખાસ ભાર મુકીને લુસીને કહયું હતું કે જેનીને બીલકુલ એ વાત કહેવી નહીં, તેમજ ગભરાવવી પણ નહીં.

લુસી પીન્ટો બોલી, "જોતી નહીં. મેં પણ ડ્રેસ કાહડયો નથી. જો આવ મારી સાથે આવીને બેસ, ત્યાં આપણે વાતચીત કરીશું"

"અરે એ સાંદ શાનો! એ હમણા અવાજ શાનો આવ્યો?"

જેની ચોકીને આસ્તેથી બોલી. લુસીએ એમથી તેમ નજર કીધી પણ કાંઇ માલમ નહીં પડયું કે અવાજ કયાંથી આવ્યો.

"અવાજ શાનો ? અવાજ જેવું કાંઇ નથી, જો, ચાલ, તું બીહે છે તેથી મને તને અહીં રહેવા દેવા ગમતું નથી."

"નહીં મને તું ચાહે છે તેથી હું તારી પાસે માગી લેવું છું, જે આજે મને કાંઇ ગમતું નથી તેથી, હું એકલી પડવા માગુ છું જેથી હું એકલી બેસીને રડીને મારી છાતી ખુલ્લી કરૂં."

"ત્યારે તો હું તને એકલી મેલી કેમ જાવું ! મને મારા ઓરડામાં વધારે બેચેની થશે."

"પણ લુસી, તું જાણે છે કે મને એકાંતવાસમાં જરા પણ ચેન પડે છે. મને આજે તો એકાંત રહેવામાં ફાયદો છે. મને ભારે વિચાર કરવાનો છે."

"ત્યારે હું અહીં નહીં બેસું, એમ તારી ખાસ મરજી છે ?" લુસીએ પૂછ્યું.

"આંહ ! લુસી તને ખબર તો હશે કે ઓરત જાતને કોઇ વાર એવું થાય છે જે જાણે ધરતી ગળી જાય તો સારૂં. આ દીવો પણ મને જોય છે તેની હજુરમાં પણ શરમથી હું ગભરાતું છું. પેલા મી૦ જોન ડી સુઝાએ (ચોતારાનો હરિફ) કાલે મારી ખાસ મુલાકાત લેવા ઇચ્છયું છે પણ તેનું કારણ શું અને તે શા માટે તે હું સમજી શકતી નથી. મને ધ્રુજરાં છૂટે છે—" એમ કહી તેણી થરથર ધ્રુજવા લાગી અને બોલી "લુસી, તે શા વાસ્તે મલવા માંગતો હશે—તું નહીં સમજતી ?"

લુસી સમજી પણ બોલી નહીં. તેણીએ ડિટેકટિવને સ્ટાન્ડ પછવાડે ભરાઇ જતાં દીઠો હતો અને તેથી હવે આવા એક બાહોશ અમલદારની હાજરી જેનીના ઓરડામાં છે એટલે પોતે નચીંતાઇથી પાછી ફરી.

જતી વખતે કહેતી ગઇ, "બારણું અલગું રાખજે, અને કામ પડે તો બોલાવજે. હું જાગતી બેઠી છું."

લુસીને ખાસ સમજાવવામાં આવી હતી કે જેનીને આ ભય વિષે ગભરાવવી નહીં, નહીં તો તેની હિંમત ખાય તો રખેને કાંઇ નવું જુનું થઇ જાય.

લુસી જેવી ઓરડામાંથી નિકળી તેવી સ્ટાન્ડ પછવાડે નજર કરતી ગઇ તેજ પળે ડિટેકટિવે હાથથી સઇયારાની નિશાની કરી કહયું, કે જાઓ તમે બેફિકર રહો કારણ કે હું અહીં છું.

લુસીએ ચીતારા આગલ જઇને જેની સાથે થયલી વાત કીધી.

અતરે થોભીને, વાંચનારને લુસીના બંગલાનો કાંઇક ખ્યાલ આપ્યે. બંગલો લંબાઇએ ૧૦૦ ફુટ હતો. અને પોહલાઇએ ૫૦ ફુટ. આજુબાજુ કમપાઉન્ડ હતો. બંગલાને માલ કાંઇ હતો નહીં. તે છતાં આજુબાજુની કોઇ કોઇ બારીઓને લોખંડના સળિયા જડેલા હતા. તેમાં ખસુસ કરીને જેનીના ઓરડાની બારીઓને લોખંડના સળિયા હતા.

લુસીએ પોતાના ઓરડામાં જઇને બારણું અળગું કીધું. ચીતારો આગલા હોલમાં ઘડીમાં બેસતો, અને ઘડીમાં ઉઠીને બારી ઉઘાડી બંગલાના કમપાઉન્ડમાં નજર કરતો હતો. બીજો ડી સુઝા અને કોડરૂસ બાહાર ભરાઇને બેઠા હતા. જ્યારે રોડરીગીસ જેનીના ઓરડાના બુક સ્ટાન્ડની પછવાડે બેસીને જેની સામે જોયા કરતો હતો. અને હરીપન્ટ પેલો ત્રીજો ડિટેકટિવ રસ્તાપર એમથી તેમ ફરતો હતો.

રોડરીગીસે ડિટેકટિવ ખાતામાં ઘણાં વર્ષ કાહડેલાં હોવાથી તે એવા અનુંમાન ઉપર આવ્યો હતો કે પેલો બાહોશ નોકર લુસીના નોકરો સાથ મલી જઇને લુસીના નોકરના હાથે જેનીને જખેહ કરશે, અને તેથી અને તેટલા માટે લુસીના ઘરમાં અને ખાસ જેનીના

ઓરડામાં તે ભરાયો હતો કે જેથી રાત્રે સઘળું શાંત જોઈને જેનીના ઓરડામાં ઘુસીને કોઈ પણ માણસ પળ વારમાં પોતાનું કામ કરી ચાલી જાય નહીં.

કોણ જીતશે? તેઓ જીતશે કે જેનીનો દુશમન? વધારે ચાલાક અને ચબરાક કોણ હતું? પોલીસના અમલદાર કે કરાંચીવાલા ડી સુઝાનો નોકર? આટલી બધી ચોકાસી છતાં તે ઘરમાં આવી શકે તો અલબતાં તે કોઈ દેવજાદો હોવો જોઈએ. ખરૂં કે નહીં?

પ્રકરણ ૨૬.

ઉંઘ અટકણી.

બે કલાક વહી ગયા. આ બે કલાક મગજને ફેરવવા પુરતા હતા. લુસી પીન્ટોનું મગજ એ બે કલાકમાં ફરવા માંડયું અને તેણીના કાન એ બે કલાકની જેટલી પળ થાય તેટલી બધી પળ ફફડેલા ને ફફડેલા રહયા. જરા કાંઈ અવાજ સંભળાતો તો તે અવાજ શેનો હશે તેનો વિચાર કરતી. ઝાડપાનનો ખખડાત, ઉંદરનો સસડાત, કુતરાંનો ફફડાટ, જરા જરા તેણીને ચોંકાવતા. તેણી આખો વખત પોતાના બીછાનામાં સજાગરૂ રહી. તેણીને ખબર હતી કે જેનીને ખરા દિલથી ચાહનારો ચીતારો હાજર છે અને તે ઉંઘી જાય એવી તેણીને જરા પણ ફિકર હતી નહીં. એક માશુક ગમે એટલી ભયમાં આવી પડી હોય પણ જો તેણીનો આશક તેણીની સંભાળ લેવા નજદીક હોય તો તે માશુકના એક વાલને પણ હાણી પોંહચવા દે, અથવા તો લેશ ભાર પણ બેદરકારી કરી હાણી પોંહચવાની તક આપે એમ માનવું દુન્યવી અનુભવથી ઉલટું છે, અને આ વિચારે લુસી પીન્ટોને પોતાના બીછાનામાં કરારથી પાડી રાખી. રાત્રે બે વાગતાનો અમલ હતો અને સરવે જગ્યે બીહામણી ચુપકીદી ફેલાઈ રહેલી હતી. જે ચુપ-

કોઈ માત્ર પવનના સપાટાથી ઝાડોની ડાંખળીની હીલચાલથી તુટતી, તે સિવાય બંગલામાં સરવે ઠેકાણે એવી તો ચુપકીદી પથરાઇ રહી હતી કે નાના ઉંદરનાં દોડવાનો અવાજ પણ સંભળાયાં વિના રહેતો હતો નહીં.

લુસી પીન્ટો વિચાર કરે છે જે આ અમલદારો કાગનો વાઘ કરતા હશે. આવી રાત્રે અને આવો ચોકી પોહરો છે એટલું જાણવા છતાં એવો કોણ મૂર્ખો હોય જે વાઘના મોંમાં આવીને સપડાય. લુસી પીન્ટોને પોલીસના અમલદારોની વાત શકરાગત ભરેલી લાગી અથવા તો તેણી એવો વિચાર કરવા લાગી કે અમલદારોને કાંઇ પણ બીજુ કામ ન હોવાથી ખ્યાલી કામ શોધી કાહાડી તેમાં ગુંટાયલા રહેવાનો ખાલી જુઠો દેખાવ કરે છે.

એમ ધારતી લુસી પીન્ટો પોતાનાં બીછાનાં ઉપર પડી પડી બારીમાંથી દેખાતાં આસમાન તરફ કુદરતના બલીહારીનો ખ્યાલ કરતી તારાઓ તરફ ટીકતા બરડો નાખી પડી રહી હતી, તેટલામાં તેણીને કાંઇ અવાજ જેવું સંભળાયું. એ અવાજ ક્યાંથી આવ્યો તેનો વિચાર કરતા તેણી પોતાના ઓરડાના ઉંબરા ઉપર આવી તે વારે તેણે પેલે નાકે હોલમાં ચીનારાને કીકલા સાથે વાત કરતો દેવ જેવો જાગતો દીઠો. જો કાંઇ અવાજ જેવું થયું હોય તો ચીનારાને કે કીકલાને તે સંભળાયો નહીં ત્યારે એ અવાજનો ખ્યાલ ખોટો હશે એમ માની તેણી પાછી બીછાનાપર જઇને લોટાઇ, અને પછી તારા તરફ ટીકતી પડી રહી. રફતે રફતે તારાઓ વાદળાંમાં ઢંકાવા લાગ્યા અને તેથી તેણીની નજરે જે અજવાળું આસમાન ઉપર પડતું હતું તે અંધારામાં બદલાઇ ગયું. હવે વાદળાં તરફ વધુ ન જોતાં, કોર મરડીને તેણી ચાલ તરફ જોય છે તો પોતાના લાલ પરદા ઉપર ઓળો પડવા લાગ્યો. ઉઠીને જોય છે તો જેનીના ઓરડા

તરફથી માણસાઇ આકાર આવતાં દીઠો. તેજ પળે એક સીસોટી સંભળાઇ. અને તે સીસોટીથી હોલમાંના ચોકીદારો કાન ફફડાવી આમ તેમ જોવા લાગ્યા. ગભરાયલી લુસી ઉંબર ઉપર ઉભી રહી તેટલામાં પેલો માણુસાઇ દેખાવ જે સ્ત્રીનો દેખાવ હતો, અને બીજી પળે લુસી જોઇ શકી કે તે દેખાવ જે સ્ત્રી માટે તેઓ જાગતા હતા તેજ હતી.

તુરત તેણીની પછવાડે ધીમેથી રોડરીગીસ ચાલતો હતો તેણે લુસીને હાથની ઇશારતથી શાંત રહેવા કહયું અને તેમ ન થયું હોત તો લુસીએ ચીસ પાડી દીધી હોત.

આગલ આવીને રોડરીગીસે કહયું "જેની ઉંઘમાં છે અને ઉંઘમાં ચાલે છે.

પેલા હોલમાંના જે બે શખ્સોએ જો તેમને રોડરીગીસની સીટી સંભળાઇ ન હોત તો જેનીને ડાકણ માની હોત. તેઓ હોલના ઉંબર ઉપર ચુપ ઉભા રહીને જોતા હતા.

જેની ફુલ જેવાં પગલે સીધી જમવાના ઓરડામાં ગઇ ઓરડામાં છરી કાંટા મેલવાની ટેબલ હતા ત્યાં લાગલી ચાલી. ખાનું ઉઘાડીને મોટી માંસ કાપવાની છરી લીધી અને તે લઇને ઓરડામાંથી બાહાર આવી.

ચીતારો જે તેણીની પછવાડે ઓરડા ભણી ગયો હતો, તેણે તેણીને છરી લેતાં જોઇ ત્યારે તેના હાથપગ ધ્રુજવા મંડયા, અને તે હવે શું કરવું તેના વિચારમાં ગર્ક થઇ ઉભો પણ તેના ગુંચવાડાનો નિકાલ પટાવતી હોય તેમ જેની તેની આગલ આવી ઉભી અને તેના હાથમાં છરી મેલીને ચાલતી થઇ. પછી તેણીએ પાછો પોતાના ઓરડા તરફનો રસ્તો લીધો. તેણી ઓરડામાં જઇને ખુરસી ઉપર બેઠી. રોડરીગીસ તુરત પાછો પેલા સ્ટાન્ડ પાછલ જઇ ઉભો.

લુસી પોતાના ઓરડામાં જઇ પલંગ ઉપર બેઠી તેટલામાં રોડરીગીસે જેનીના પલંગનો પાસેના કરટનનો પડદો ઉંચકાતાં જોયો, અને દૈવયોગે તેની નજર એક આદમના આકાર ઉપર પડી જે શખ્સનો ખંજર સાથનો હાથ જેની તરફ ટાંકેલો હતો.

તે પળે રોડરીગીસ, જે કોઇપણ પળે ગમે તેવી વખતે જીવ આપવા તત્પર થતો, તે પણ આ અચબુચા દેખાવથી થોડી પળ સ્તબ્ધ થઇ ગયો. જો તે બૂમ પાડત તો પરિણામ એ આવત કે જેની ગભરાઇ ઇજા પામત, અથવા અચબુચી મરણ પામત, અને તેથી રોડરીગીસ હવે શું કરવું તેનો વિચાર કરવા થોડી પળ થોભી રહયો તેમાં નવાઇ નથી.

ગમે તે કહો અને ગમે તે તર્ક બાંધો, અને ગમે એવી ફીલસુફી ચલાવો, ગમે તે કહો, પણ જેનીની મુવેલી માતાનું રવાન ત્યાં આવીને જેનીની ચોકી કરતું હતું.

પેલો આદમ પરદા પાછલથી ધીમે ધીમે સાવચેતીથી આગલ વધીને જેનીની પીઠ પાછલ કાતીલ ખંજરથી રોકાયલો નાપાક હાથ ઉંચકીને જેનીની પીઠ ઉપર મારવા જતો હતો, તેટલામાં તેની પાછલથી પેલા દુન્યા ખાબેલ કોડરૂસે આવીને તેના હાથમાંથી ખંજર છીનવી લઇ તેને એવી તો એક લીંગી ટપકાવી કે તે કરપીણે ગભરાટમાં પડી એકદમ ચતો પાટ ભોંય માપી, તેજ પળે કોડરૂસ તેની છાતી ઉપર ચઢી બેઠો. કોડરૂસે લીંગી ટપકાવી, અને તેવોજ રોડરીગીસે આવી પોતાના ગજવામાંથી દોરડી કાઢી તેના હાથ બાંધ્યા.

આ ધરપકડથી ઘરમાં ગડબડ થઇ રહી. તે વેળા લુસાએ ચીસ પાડી મેલી હતી તેથી સઘળા નોકર ચાકરો જાગૃત થઇ દોડી આવ્યા હતા. જેની પોતાની ઉંઘ ભટકણીમાંથી જાગૃત

થઇ અને લુસી તેણીને આવી વળગી પડી હતી તેનું ભાન ન રાખતાં પેલો ચંડાળ ખુનની કોશેશ કરનાર કરપીણ કૃત્ય કરનારમે ડિટેકટિવના હાથમાંથી પછાડા મારી છૂટતો થવાની કોશેશ કરતો નીહાળતી જોતી ઉભી હતી, પણ જેવી તેણીની નજર પેલું ખંજર જે ઉડીને બાજુ પડયું હતું તેની ઉપર પડી, તેવુંજ તેને ઉંચકી લઇને બાજુ ઉપર નાહસી ગઇ અને ખંજર સંતાડી મેલ્યું.

લુસી જે જેનીને જાન કાહાડી આપતી હતી, અને જે જેનીની દોસ્તીમાં પોતાનું સુખ સમજતી હતી, તે તેણીની પાછલ અને પાછલ રહી જેનીને કોટી કરી અને ચુમી લેયા કરી, તેણીનો ગભરાટ ઓછો કરવાની કોશેશ કરતી હતી.

ડિટેકટિવોએ પેલા નાપાક શેતાનને બાંધીને કોથલો બનાવ્યો, અને જેનીના ઓરડામાંથી બાહાર લઇ ગયા.

પ્રકરણ ૨૭.

નોકર.

" મરે છે કે જીવે છે ? "

આ સવાલ જેનીએ પૂછયો. તેણી પોતાના ઓરડામાંથી બાહાર આવી હતી અને બધાં જયાં ઉભેલાં હતાં ત્યાં આવીને ઉપલો સવાલ પૂછવા લાગી.

" નહીં. મુવો નથી. પણ એને બાંધેલો છે. હવે તમે નિરાંતે ઉંઘી જાવો. હવે તમારે કોઇ પણ જાતનો ભય મનમાં રાખવો નહીં, " આ બોલો પેલા બાહોશ ડિટેકટિવના મોંમાંથી નિકળ્યા.

ધબ ધબ થતી છાતી એકાએક નરમ પડી શકતી નથી, તેથી જેનુ માથાંથી પગ સુધી ધ્રુજતી કાંઇ પણ વધુ બોલ્યા વિના ઉભી રહી, અને ત્યાં ઉભું રહેવું કે ઓરડામાં પાછું ચાલી જવું, તેનો નિશ્ચય વિચાર કરી શકી નહીં. છેવટે તેણી બોલી,

"એ કયાં છે મને જોવા દો. મને એને પૂછવું છે જે મારી પૂઠે શાને માટે લાગ્યો છે ?"

"મારી પાંખડી પકડી આવો તમને દેખાડું." એમ કહી પેલા પરોપકારી રોડરીગીસ ડિટેકટિવે તેણીની પાંખડી પકડીને તેણીને પેલાને ખૂણામાં બાંધીને કોથલો બનાવીને નાખ્યો હતો ત્યાં લઇ ગયો.

પેલા નોકર આગલ જેનીના બન્ને આશકો ઉભેલા હતા, તેમને આવી મોડી રાત્રે હાજર રહેલા જોઇ જેની અજાયબ થઇ.

પેલા નોકરને જોઇ તેણી બોલી ઉઠી, "એ તો પેલા બીજા મી૦ ડાસુઝાનો નોકર છે. એ મને કહેતો હતો કે હું તો ડિટેકટિવ છું અને મને તરેહવાર વાતો કહી ગયો હતો તે—"

આટલું બોલી તેણી વધુ બોલી શકી નહીં, પણ તેને જોઇને એટલી ગભરાટમાં પડી કે તદન બાવરી બની જઇને ફકત તેની સામે ટીકતી ઉભી. તેણી બોલવા જતી હતી પણ બોલાતું હતું નહી, કારણકે તેણીની છાતી બંધ થઇ ગઇ હતી.

પેલો બદ ખસલતનો નોકર તેણીને પોતાની સામે જોતી ઉભી રહેલી દેખીને બોલ્યો,

"હું હારયો છું, પણ તમે જોશો કે મને બાંધવામાં સાર નથી. હજી પણ હું હિમ્મત હાર્યો નથી."

આ સાંભળી તેણીના મોં ઉપર ગભરાટ હતો તે દૂર થઇ જઇ ચીરડાટ આવી ઉભો અને તેણી બોલી, "આ કેવો ચંડાલ છે ! પણ એમ કરવાનું કાંઇ કારણ ? મેં શું કીધું અથવા બીજા અહીં કોઇનો શો વાંક પડયો કે તું ખુન કરવા આવ્યો ?"

આ સાંભળી તે ખડખડ હસ્યો અને બોલ્યો, "તમે જાણતાં હશો કે નહીં હશો, પણ અહીં ઉભેલાંમાંના થોડા જણ કારણ જાણે છે. ઠીક છે. હવે તમને કારણ જાણવાની અગત્યતા છેજ નહીં, કારણ કે હવે હું પાછો આવી શકીશ નહીં. તમારૂં નસીબ બુલંદ છે અને નસીબ સામે મારો ચારો રહ્યો નથી. પોલીસના આટલા બધા અમલદારો મારી પછવાડે છે એમ મને ખબર નહીં હતી!"

જેની આ ઉખ્યાણારૂપી જવાબ સમજી શકી નહીં અને તેથી વધારે ખુલાસો મેલવવા માટે વધુ સવાલ પૂછવા જતી હતી, તેટલામાં ચીતારો જે પોતાની વાહલીને એક ખુની સાથે વાત કરવા દેવા રાજી ન હતો, તે આવીને તેણીનો હાથ પકડીને બાજુ લઇ ગયો અને બોલ્યો.

"ચાલો એની સાથે તમને વાત કરવી છાજતી નથી."

જેનીને ચાલી જતાં જોઇ પેલો બૂરો ખુની પછાડા અછાડામાં પડીને બોલ્યો, "સંભાળજો, હજી તમારૂં સારૂં નસીબ શરૂ થયુ નથી."

આ ભેદ ભરેલું બોલતાં સાંભળીને જેની ફરીને તેની સામે જોતી ઉભી પણ ચીતારો તેણીને ત્યાંથી લઇ ગયો.

જેની અને ચીતારો બન્ને હૉલમાં જઇ બેઠાં.

"એ ઘેલો લાગે છે?" જેનીએ ચીતારાને પૂછ્યું, "હું સ્વપ્નો જોવું છું કે જાગતી છું?"

"હા વાહલી, તું જાગતી છે, પણ પરમ કૃપાલુ પરમેશ્વરે તારી ઉપર નેગેહબાની રાખી હતી અને તેથી તું બચી ગઇ છે. આહા! હું કેટલો ખુશાલ છું! આહા! હું ખુદાનો કેમ પાડ માની શકીશ!"

આ સાંભલી તેણી તેની સામે જોઇ હસી અને બીજી પણ પૂછ્યું,

"તમને તો કાંઇ ઇજા થઇ નથી? તમને એની સાથે વળગલ્વળગી તો થઇ નથી?"

"નહીં જાની મને કાંઇ થયું નથી, પણ થોડા કલાક અગાઉ એજ શખ્સે મારા હોટેલમાં ઘુસીને મારી વીસ્કીની બાટલીમાં ઝેર ભેલ્યું હતું, પણ દૈવયોગે તેને પાપી પંગલું ભરતાં પોલીસે દીઠો. વાહલી, તારી નામરાસી છોકરીઓની પૂઠે એજ પાપી લાગ્યો છે. હું ભૂલમાં ગોટાં ખાતો હતો, પણ મારો નામરાસીઓ એ વાતથી તદન અંજાણ્યો છે."

"અહ! તમે એ શું કહો છો? એ વાત તમે કેમ જાણી?"

"હા. એ મારા નામરાસીઆએ ખુલાસો કર્યોછે તે ઉપરથી. એ ભોલો અને ભલો આદમી છે. પણ બધી વાત એ તારી આગળ કરનાર છે, અને તે વાત કરવાનો તેને હક છે વાસ્તે હું હાલ કાંઇ કહી શકતો નથી. સારૂં થયું કે પોલીસ પોતાની તકેદારીમાં હતી. બધું માન મી૦ રોડ્રીગીસ ડિટેક્ટિવને ઘટે છે," ચીતારો બોલ્યો.

આટલી વાત પછી બીજાઓ આગલ આવી પુગવાથી તેમની વચ્ચે વધુ વાત થતી અટકી. વધુ વાત તે કરવા પણ ઇચ્છતો ન હતો. કાલે સહવારે તેણી એક ગરીબ અને સાદી જેની રોજસને બદલે પૈસાવાલી અને ભભકાવાલી જેની રોજસ બાઇ થશે, અને ત્યારપછી તે એક મધ્યમ સ્થિતીના મારા જેવા ચીતારાને પોતાનો હાથ આપે છે કે નહીં તે જોવાનું રહયું છે, તેમજ જે ખુલાસો કાલે સાહવારે થનાર છે તે ખુલાસો મને કરવાનો હક નથી, એમ ધારી ચીતારો પોતાનું નસીબ કેની મેર ઢળેછે તે જોવાની આતુરતા રાખી હાલ તૂરત મુંગો બેઠો. જો આ પળે જેનીને તે જરા વધારે દાબીને આગ્રહ કરત, તો જેની ચીતારાને વચન આપત, પણ આવી ગભરાટની પળનો લાભ લેવો તે એક ચીતારા જેવા ગ્રહસ્થને છાજતું લાગ્યું નહીં.

કાલ ! તે કાલ કેવી પડશે, એવા એક વિચારથી ચીતારાની બાકીની પળ કેવા અંદેશામાં પસાર થઇ તે તો ચીતારો વધુ સારી પેઠે કહી શકે, પણ એટલું તો કહી શકીશું કે બાકીના અકેકા કલાકો અકેકી સદી જેટલા લાગ્યા, અને તેનું મગજ જેટલું તેની આખી જીંદગીમાં ઘસાયું તેટલું તેટલા કલાકમાં ઘસાયું, અને પોતાની આખી વયમાં તેના હોંશકોશ ઉડી જઇ લોહી સુકાયું હશે તેટલું લોહી આ થોડા કલાકમાં સુકાયું.

મી૰ કોડરૂસ જયાં ચીતારો બેઠો હતો ત્યાં નજદીક આવી બોલવા લાગ્યો,

"અમારા ધારવા મુજબ ભયનો છેડો આવ્યો છે તે છતાં કાલે અગીઆર વાગે ત્યાંસુધી આ ઘર ઉપરનો પોહરો અમે છોડવા માંગતા નથી. તમને કાંઇ પણ પ્રકારે અડચણ છે, મિસ રોજસ ?"

"અડચણ ? નહીં ! નહીં ! બીલકુલ નહીં ! હું કોઇ દાહાડે ધારતી શું તે જાણતી હતી નહીં. હવે ધારતી કેવી તે જાણી. પણ મેહરબાની કરીને કહો કે અગીઆર વાગે ત્યાં સુધી, તેનું કારણ ?"

"અગીઆર વાગે તમને કોઇની મુલાકત લેવી છે. નહીં વારૂ ?"

આ સાંભલી તેણી અજાયબ થઇ અને પોતાની પાસે બેઠેલા ચીતારા તરફ બારી આંખે જોવા લાગી અને ડિટેકટિવને કહયું,

"તમે કેમ જાણ્યું ! હું ધારૂં છું કે તમને એ વાત મેં કહી નથી."

જવાબ કોઇએ આપ્યો નહીં. એટલુંજ કે ડિટેકટિવ દાદાએ ફકત મુછમાં હસવાનું ચાલુ રાખ્યું.

થોડી મિનિટ પછી તે બોલ્યો, "બદમાસો તમારો જાન લેવાની કોશેશ કરે છે ત્યારે તમે કોઇ મોટા માણુસ હશો નહી તો તેમને તેમ કરવામાં લાભ શો ?"

આથી જેનીના મોં ઉપર શરમીંદગીનો રનાશ ધાઇ આવ્યો જેમાંથી લુસી પીન્ટોએ આવીને તેણીને તેડી લઇ મોકલી કીધી.

તેણી મન સાથે વમળમાં પડી કે આ સઘલું શાથી બન્યું અને એ એનો ખુલાસો શો ?

"ચાલ મારા ઓરડામાંજ રહે. ઘણીવાર કેદીઓ બેડી પણ તોડીને છુટા થાય છે એમ આપણે વાંચ્યે છીએ," લુસી પીન્ટોએ એ પ્રમણે ભય ભરેલી ચેતવણી આપી, તેણીને પોતાના ઓરડામાંજ રહેવાની એલોમાસ, બલકે ઓહોસ કીધી.

આ શબ્દોથી જેનીની નજર જે બણી પેલા બદમાશનો ગાંસડો વાળીને નાખ્યો હતો તે બણી ફરી, તે ઉપરથી સ્પષ્ટ દેખીતું હતું કે જેનીના દિલમાં ભારે ધાસ્તીએ વાસો કરયો હતો. એટલીજ સાબેતી બસ નથી પણ તેણીએ લુસીના ઓરડામાં બેસીને નોકરને બોલાવી ચીતારાને કહેવડાવ્યું કે તમે બાહાર નિકળતા ના, અને આજ હૉલમાંજ બેસજો, નહી તો વખતે આજે રાત્રે લુચ્ચાઓના ભોગ થઇ પડશો.

જ્યારે આ ચેતવણી ચીતારાને આવીને નોકરે કહી ત્યારે તે ઉંડાણથી દમ ખેંચી પોતાના મન સાથે નિચલા શબ્દો બોચર્યો,

"હાલ તો એ મારી ફિકર રાખતી દીસે છે તે ઉપરથી પ્રગટ છે કે એનો મારી ઉપર ચાહ છે, પણ કાલે સહવારે જ્યારે તેણી અચબુચી ત્રીસ લાખની ધણીઆણી થશે ત્યારે મારી તરફ પ્રેમનો ઝહરો એવાજ ધોધથી વેહતો રાખશે, કે તે ઝહરાને વેહતો અટકાવી પ્રેમને વેહતો બંધ કરશે."

કોડરૂસ તે ખુનીની પાછલ વખતસર આવી પોહોચ્યો હતો તે કેમ. અને તેણે તેને કેમ જોયો તે વિષે પાછલથી નિચલો ખુલાસો કીધો:—

તે દરવાજા આગલ ઉભેલો હતો ત્યારે તેણે બાગમાં કાંઇ સીસોડી વાગતી સાંભળી. આ સીસોડી કોઇ પક્ષીના અવાજની હોય એમ ન લાગ્યું તેથી તેને શંકા ઉતપન થયો, અને તેથી તે જે મેરથી સંભલાઇ ત્યાં તપાસવા ગયો. જેનીના ઓરડાની પાં-ખેની બારી નિચે તે બદમાસ ઉભેલો હતો. તેણે તેને એકદમ પક-ડયો નહીં પણ જોતો ઉભો કે તે હવે શું કરે છે. પેલા કરપીણ શખ્સે એક લાકડાની પટીપટીનું બનાવેલું સ્ટાન્ડ કાહડીને તેની ઘડી વાળેલી હતી તે ખોલીને ઉંચી નિસરણી બનાવી. તે ઉપર તે ચહડયો, તોપણ કોડરૂસેં દૂર ઉભા રહી રાહગાટ જોયા કીધો તેમજ હાલ તેને છેડવાનો વિચાર કીધો નહીં. તે બદમાસે સારા ભાગ્યે પાછો નાહસી શકે તે સબબથી નિસરણી જ્યાંની ત્યાં રહેવા દીધી હતી અને બારી ઉપર ચહડયોં અને લોખંડના સળિયા ઘણી સેહલાઇથી ખેંચી કાઢયા.

વાંચનારને યાદ હશે કે જ્યારે લુસા પીન્ટો જેનીને પોતાના ઓરડામાં આવીને સુવાને માટે સમજાવા ગઇ તે વેળા ત્યાં કાંઇ અવાજ થયો હતો, તે અવાજ બીજો કોઇનો નહીં પણ સળિયા કાઢતાં ખખડાત થયો હતો તેનો હતો.

ત્યાર પછી તે ખુની બારીની માંહેથી ઓરડામાં ઉતર્યો. તેની બીજી પળે કોડરૂસ તેજ નિસરણી ઉપરથી ચઢીને જુવેછે તો તે ખુનીને હથિઆર એક ચામડાના કેસમાંથી કાઢતાં દીઠો. વખત ખોહવો તેમાં જાનની ખુવારી છે એમ સમજી તેણે પોતાના પગ-માંથી બુટ તૂરત કાઢી નિચે નાખી દીધાં અને એવો તો આસ્તેથી બારીમાંથી ઓરડામાં કુદી પડયો કે તે પેલા ખુનીએ પીઠ ફેરવેલી

હતી તે દીઠું કે સાંભળ્યું નહીં. ખુની પોતાનાં કામના વિચારમાં એટલો ઉશ્કેરાયલો હતો કે તે કાંઇપણ વખત ખોલ્યા વિના પરદામાંથી નિકલીને જેનીના અંગમાં તે કાતેલ હથિઆર ભોકી દેવાની નેમ લેતો હતો, અને તેને માટે તેને હાથ ઉંચો કર્યો તેટલામાં કોડરૂસે તેજ હાથમાંથી ખંજર ઝુંટવી લઇ તેને લીંગી મારી નિચે ટપકાવી નાખ્યો હતો, પછી શું થયું તે વાંચનારને ખબર છે.

પ્રકરણ ૨૮.

મોટી દોલત મલી.

થોડી વાર ઘરમાં શાંતી પાછી પથરાઇ, પણ આવા ગભરાટ ઉત્તપન્ન કરનારા બનાવને લીધે સઘલાંઓની આંખમાંથા ઉંઘ ઉડી ગઇ હતી, અને તેથી પરોઢિયાંમાં તેઓ સઘલાં સકારે ઉઠયાં.

પણ તેટલો વખત ઉંદરનો ખખડાત થતો કે કુતુરાના કાન ફફડાવાનો અવાજ આવતો તો તેટલો અવાજ પણ કોડરૂસને હુસ્યારીમાં રાખતો.

સહવારના ઉઠીને નાસ્તોપાણી કરી તેઓ સઘલાં એકાં, ને રમત ગમતમાં તેમનું ધ્યાન લાગ્યું હતું. લુસી પોતાના વિચારમાં હતી. જેની પોતાના વિચારમાં હતી.

નાસ્તો ટેબલપર મુકવામાં આવ્યો, જ્યાં કોડરૂસને પણ જમવા તેડયો. કોડરૂસે દરેક ચીજ તપાસી કે રખેને કાંઇ ઝેર ભેળ્યું હોય— અને પછી જેનીને કહયું આ સઘળાંને હાથ ના લગાડશો, આજે નાસ્તા વિષે અખાડા કરી જાઓ, એમ કહી તેણે પોતે બટલરને બે ઇંડાં હાફ બોઇલ કરી લાવવા કહયાં.

“ આટલી બધી ચોકસાઇ રાખવાનો કોડરૂસને શો સબબ ? એટલું બધું તે શું છે જે બસ મને મારી નાખવા પછલ લાગ્યા

છે ? મેં તો કાંઇ વાંક કીધો નથી" એ પ્રમાણે જેની મન સાથે વમળમાં પડી.

અંધુરો નાસ્તો કરી લઇ બેઠાં, તેટલામાં બંગલાના દરવાજામાં ત્રણ ગ્રહસ્થો દાખલ થયા, અને તે તેજ કે જેની વાટ જોતાં હતાં. તેઓ માંના બે એક નામ ધરાવતા હતા, તેમજ તેઓ બન્નેની દિલની મુરાદ એક હતી.

વચમાં વળી એક નવી અજાયબી જેનીને લાગી. કોડરૂસ ડિટેક્ટિવ તેની ઉપર મરૂં મરૂં થઇ જતો હતો તે એટલા સુધી કે જેનીને વિચાર આવ્યો કે આ કાકા પણ મારી ઉપર પ્યારમાં પડયા છે શું. પણ તેમ નહીં હતું. કોડરૂસ જાણતો હતો કે થોડા વખતમાં જેની એક લખપતણ થનાર છે, અને તેથી તે તેનો નોકર હોય તેમ તેણીની આગલ ભમતો હતો.

ચીતારો સાથે છે એમ જાણી તેણી વધુ વિચારમાં પડી, કારણકે આગલથી ગોઠવણ મુજબ તેણીએ ચીતારાના હરિફની એકલા આવવાની વકી રાખી હતી.

જેણીએ આ દિવસે તદન સફેદ રેશમી પોશાક પેહરયો હતો, અને તે એટલો સાદો હતો, અને તેણીએ પુનામાં થતાં પીળાં મઘ મઘતાં પણ સાદા ગુલાબનો ઝુમખો છાતી ઉપર ખોસ્યો હતો, તે તેની સાદાઇમાં ધ્યાન ખેંચનારો ઉમેરો કરી, સામા ધણીની નજરમાં એક ઉડતી પરી આવીને ઉભી હોય તેવી લાગી.

"જેની આજે તું ઘણી મજાની લાગેછે" લુસીએ તેણીને કોટી કરી કહયું, "વારૂં જા, પેલાઓ ડ્રોઇંગ રૂમમાં વાટ જોતા હશે. હું તારી વાટ જોવું છું કે કયારે તું આવીને તેઓ સાથે થયલી વાત મને કહે."

ગ્રહસ્થો હૉલમાં બેઠેલા હતા ત્યાં જેની આવીને બરાબર જોય છે તો બે નહીં પણ ત્રણ ગ્રહસ્થો હતા. બે જોન ડી સુઝા અને બીજો કોઇ અજાણ્યો પુરૂષ.

આથી તેણીએ કુદરતી રીતે પૂછ્યું, "મારી સાથે વાત કરવા આવ્યાછો, નહી ?"

"હા. પેહલાં તો તમે તે હકતાલાની મદદથી એક ખુનીના હાથમાંથી બચ્યાં તે માટે તમને મુબારકબાદી આપી અમે ખુશાલી દેખાડયે છીએ, અને બીજું તો કામ છે તે એ કે જેમ બને તેમ જલદી આવા ભયમાંથી તમને દૂર કરવાં અને એવું કરવું કે વધુ વાર કોઇ તમારી પૂઠ પકડે નહીં. તમારૂં નામ ધરાવનાર છોકરીઓ કેટલીક લુચ્ચાઇના ભોગ થઇ પડી તેનું કારણ તમે જાણો છો ? પણ તમને તે કયાંથી ખબર હોય ?" કરાંચીવાલો ડી સુઝા બોલ્યો.

"નહી, મને તે જાણવાની ઉલટ છે પણ તે કારણ હું જાણતી નથી. જેની બોલી. તમે મને કારણ કહેવા આવ્યા છો !"

"ખચીત ! હું કહી શકુંછું. એક પાપી ઓરત અને એક તેના કરતાં વધારે નાપાક બુરો શખ્સ પોતાની નિચ યુકિત ચલવી જે છોકરીમાં ચોક્કસ ગુણો હોય તેના હાથમાં એક મોટી દોલત જતી અટકાવવાની બુરી નેમથી પોતાનું કામ ચલાવે છે, અને પેહલું જે તે છોકરીમાં હોવું જોઇએ, તે એ કે તેણીનું નામ જેની રૉજસ હોવું જોઇએ."

"જેની રૉજસ તો મારૂં નામ ! તમારી મતલબ તમો શું કહેવા માં—" એ પ્રમાણે જેની બોલી ઉઠી, જેના જવાબમાં કરાંચીવાલો ડી સુઝા ફકત મુછમાં હસ્યો.

"બેઅદબી કરતો હોવું તો માફ કરજો, પણ જે ઉત્તમ ગુણો જેની રૉજસ નામની છોકરીમાં જોઇએ તે તમારાંમાં મને માલમ પડવાથી તમને મેં પસંદ કીધાં અને હવે તમને તે બુરાંઓ વધારે વખત સતાવે નહીં, તે માટે મને જણાવાની રજા આપો, કે તમને આ પળથી એક મોટી દોલતનો વારસો મળ્યો છે, અને તે આજે તમારા સ્વાધીનમાં હું મેલવાં માગુંછું. હવે તમારી પૂંઠે લાગવાથી તે બુરા-

ઓને કાંઇ હાંસલ થશે નહીં કારણ કે તમને મારી નાખવાથી તેઓના હાથમાં દોલત થોડીજ જવાની છે. હવે તમે સમજ્યાં, જેની બાઇ ?"

"સમજી ! મને તો સુઝ નથી પડતું ! મને વારસો ! મને મોટી દોલત ! કોન તરફથી ! અને મેં એવું શું કીધું કે મને વારસો ! અને વારસાની કાંઇ શરત બી ખરી કે ?"

"કાંઇ શરત કરવી નથી. એક મરનારનો ફાંટો એવોજ હતો કે જેની રૅાજસ નામની સારી ચાલવાલી છોકરીને એ મલે. બધી વાત તમને જાણવી છે ? હું ધારૂં છું કે તમને એ વાતથી પૂરતાં વાકેફ કરવાં જોઇએ."

"ઉપકાર કરશો. પણ મને બધું ગોળ ફરતું દેખાય છે. મને એવી ખુશાલીની ખબર કોઇ દિવસ મલી નથી. આ ખુશાલીની ખબર કે નહી ?"

તેણીના બચ્ચાં પેરે નિરદોષ બોલો, અને ભોલી–દિલ–દર્શક લાગણીઓ જોઇ બન્ને જોન ડી સુઝાના મન ઉપર જબરી અસર થઇ, પરંતુ ચીતારો દ્દઢ મન કરી એવો દેખાવ કરી બેઠો હતો કે તેના મનમાંના વિચારો તેના મોંહ ઉપર પ્રગટી નિકળે નહીં, જ્યારે તેના હરિફની રીતભાત એક આશક કરતાં એક સાચા મિત્રને વધારે છાજતી લાગતી હતી.

તે બોલ્યો. "મારા હાથે હું તમને એ દોલત આપું છું તેથી મને ખુશાલી પેદા થાય છે, પણ હું તમને આપું, અને તમે એ લેવો, તેથી ન મને કે ન તમને શરમાવા જેવું છે. એક મરણ કાંઠે પડેલા નિરદોષ બચ્ચાં જેવા બુઢા શખ્સે જેની રૅાજસ નામની છોકરી જો મારી નજરમાં ભલી માલમ પડે તો તેને એ દોલત આપવા ફરમાવ્યું છે"

"ઓ" તેણી ખુશાલીથી લાલચોલ થઇ બોલી,

"અરે કોઇ લુસીને બોલાવો. એટલી બધી ખુશાલી મારા એકના દિલમાં સમાઇ શકતી નથી. તેને પણ બોલાવો કે તે પણ મારી ખુશાલીમાં ભાગ લે પણ એ તમે મને સાચું કહો છો કે? કે તમે બન્ને જન આગલથી નક્કી કરીને મને બનાવવા આવ્યા છો? જાણે, મારા ધ્યાનમાં હજી ઉતરતું નથી!"

"એમ છે તો આ ગ્રહસ્થ અમારાં બોલવાને ટેકો આપશે. એવણ વકીલ છે અને તેથી બધું કાયદા પૂર્વક બોલી સંભલાવશે."

જેની તે વકીલને નમી. વકીલે તેણીને લખત કાહાડી આપ્યું તે તેણીએ વાંચ્યું.

"પણ આ લખત તો તમે પોતે મને કરી આપો છો, અને તે છતાં તમે કહો છો કે આપનાર ધણી તમે નથી! એ કેમ બને!"

આ સાંભળી કરાંચીવાલો ડી સુઝા હસ્યો, પણ તેના હરિફની આંખો મીંચાઇ મીંચાઇ જતી હતી, અને હોઠ નિચે ઝુલી પડ્યા હતા.

"હું આપનાર ધણી નથી એ ખરૂં છે. હું આપનાર નથી પણ મારી મારફતે આપવામાં આવે છે. બીજું કહું તે અગાઉ એક વાત કહું તે સાંભળો."

અતરે ચીતારો બારીવાટે જઇ બાહારનો દેખાવ જોતો ઉભો. પણ તેના હરિફે જે ઢબે અને જે વાત તેણે ડિટેકટિવને કહી સંભળાવી હતી તે સઘલી તેણીને પૂરતી વીગતવારે કહી સંભળાવી. વાત સાંભળતાં સાંભળતાં તેણીની આંખ્યો ખુશાલીના આંસુથી ભીંજાતી હતી, અને જ્યારે તેણે વાત પૂરી કરી ત્યારે તેણી માથું છાતી ઉપર નાખીને વિચારમાં પડી, અને વિચારમાં નિચે મુંડીએ એટલો બધો વાર બેસી રહી કે તેટલા અરસામાં વકીલ ઉઠીને ચાલી ગયો તે પણ તેણીએ દીઠું નહીં.

વકીલના જવા પછી કરાંચીવાલા ડી સુઝાએ જેનીનો હાથ પકડીને, કહ્યું, "મિસ રોજર્સ, હું પેહલો આ ઘરમાં આવ્યો તેની મતલબ મેં તમને કહી સંભળાવી તે હતી. પણ પાછલથી તમારી ચાલચલણ અને રીતભાતનો અભ્યાસ કરતાં મારૂં દિલ તમને જોઇ ધબકે છે અને હું તમને ચાહતાં શીખ્યો છું, અને જે દોલત મેં આપી તેજ દોલત તમારી સાથ ભાગમાં વાપરવાની દરખાસ્ત કરૂં તો મને નામોશી ભરેલું લાગે તેટલા માટે હું જે દરખાસ્ત તમને કરવા ઘણો આતુર છું તે દરખાસ્ત ફક્ત મારી આબરૂ અને નામને ખાતર કરી શકતો નથી."

આથી તેણી પોતાના વિચારમાંથી ચોંકીને અને આજુબાજુ જોઇ ચીતારાને બારીવાટે ઉભેલો જોઇ તેણી બોલી.

"અરે—આપણે કાંઇ એકલાં નથી!"

તે પણ જાણતો હતો કે ચીતારો હજી બારી વાટે ઉભેલો છે તેથી બોલ્યો, "હું જાણું છું કે આપણે એકલાં નથી. હું પોતે ચીતારાને બોલાસ કરીને મારી સાથે લઇ આવ્યોછું, જેથી તમે શો જવાબ આપોછો તે તેપણ જાણે. એટલું ધ્યાનમાં રાખજો કે મેં દોલત આપીછે તેથી તમારે મને દિલ આપવું એવી સરત તમારી સાથે મેં કીધી નથી. તમારે ગમે તેમ જવાબ આપો."

આ વાત ચીતારાએ સાંભળી અને તેણી જવાબ આપે તે અગાઉની પળ તેના દિલમાં ધ્રુજરી ચાલી. જેની પૈસાને ખાતર તેને હા પાડશે કે? તેણીએ ચીતારાને આપેલું દિલ પૈસાનું મોં જોઇ તેણી તેની પાસેથી પાછું છીનવી લેશે? તેણીનું મોં ઉતરી ગયું. પેદા થયલી ખુશાલી નાબુદ થઇ ગઇ, અને તેણી બોલી.

"અફસોસ! હું કેવી હાલતમાં મેલાઇ છું!"

"બસ, ફિકર નહીં. હું સમજ્યો કે તમે મારો હાથ કબુલ રાખવાની મરજી ધરાવતાં નથી, પણ મેં કહ્યું તેમ હું કાંઇપણ સરત કરીને દોલત તમને આપવા માગતો નથી. અને તેની સાબેતી તરીકે વકીલ બાહાર બેઠા છે તેને પાછા બોલાવીને

હુ આ લખતપર સહી કરી આપુ છું. તમે મારી તરફ માયા મેહરબાની રાખજો, બસ એટલુજ મને બસ છે."

"અ-અ-ન-ન-ન-જોઅ-ઉ-ઉ." તેણીથી બોલાઇ શકાયું નહીં.

"બસ હુ સમજ્યો. તમારા દિલને દુ:ખી ના કરો. જુવો પેલા વકીલ આવેછે."

તેણીના હોઠ ધ્રુજવા લાગ્યા, અને તેણીની છાતી દુખવા લાગી. સુળી વચ્ચે સોપારી માફક કેવી રીતે જવાબ આપવો અને કેમ વરતવુ તેની સુધ્ધ તેણીને રહી નહીં.

ચીતારો દૂર ઉભો રહી દમ ખાયા વગર શું પરિણામ આવે છે તે તપાસતો ગંભીર ચેહરે ઉભો હતો તેની તરફ તેણી જોઇને હસી, અને એટલાંથી ચીતારાને એટલી તો ધીરજ આવી કે કાંઇ કહી ન શકાયુ.

વકીલની હજુરમાં સહી શાખ થઇ, અને જેની તે પળથી ત્રીસ લાખ રૂપીઆની ધણીઆણી થઇ.

"અરે કોઇ લુસાને બોલાવો. હું તેને પૂછું કે આ સ્વપ્નો છે કે ખરૂં છે?"

આથી કરાંચીવાલો ચીતારો ઉઠયો અને વકીલ સાથે ઓરડાની બાહાર ગયો, અને કહેતો ગયો કે "ઠીક છે તમે અહીં બેસો હુ લુસાને મોકલાવું."

તેઓ બન્ને બાહાર ગયા પછી ચીતારો જેનીની નજદીક ઘસી ગયો અને તેણીનો હાથ પોતાના હાથમાં મજબુત પ્યારથી દાબીને નિચે પ્રમાણે પૂછયું:—

"જેની મને ફક્ત એકજ સવાલ પુછવો છે. તું જાણે છે જે હું તારી ઉપર ફીદા છું, અને તેં મારો પ્યાર કબુલ પણ રાખ્યો છે. પણ જે વખતે તેં મને ધિરજ આપી થોબવા કહયું તે વખતે તું લખપતણ હતી નહીં, અને તને અને મને કોઇને ખબર હતી નહીં કે તને દોલત મેલશે. હવે તારી હાલત વધી છે એટલે અલ-

બનતાં હું તને નવેસરથી વિચાર કરવા કહું છું. જે જુસ્સાથી તુ તે વેળા દોરવઇ હતી તે જુસ્સા કદાચ હાલ તારામાં નહીં હોય, અને જોં કે તુ પૈસાવાલી હોય કે ગરીબ હોય તોપણ મારી નજરમાં તો સદા એક સરખી વાહલી છે, તે છતાં ડાહાપણ અરથે મને કહેવાની જરૂર છે જે તુ હવે તારી નવી હાલતમાં ગોઠવાય ત્યાંસુધી મારે થોબવું જોઇએ, અને તેટલામાટે હું છ મહિનાની મુદત લઉં છું અને જો તે પછી પણ તારૂં દિલ મારા જેવા એક ગરીબ ચીતારા તરફજ ઢલેલું રહેશે તો.—”

આથી તેણી ભોલા ચેહરે ચીતારાને ગળે વળગી બોલી, આહ! વાહલા! છ મહિના! હું છ મહિના કેમ થોભી શકીશ! મારૂં ઘરબાર નથી, મારો કોઇ સલાહકાર નથી, મારો કોઇ નેગેહબાન નથી, દોલત વાપરવામાં હજારો ભૂલ થશે. વાહલા, જ્યારે પરમેશ્વરે તક આપી છે ત્યારે હવે પરણીને સુખી કાંય નહીં થઇએ!”

“નહીં! તારી નબલાઇનો લાભ લીધો એમ કોઇ કહે એમ કરવા માંગતો નથી! છ મહિના નહીં તો ત્રણ મહિના, પણ વાહલી એટલી મુદત તો મારે તને થોભાડવી પડશે.—”

આ વાત થતી હતી એટલામાં લુસી પીન્ટો દાખલ થઇ, પણ ચીતારાના મોંપરથી લુસી તેના દિલની ખુશાલી પામી ગઇ.

“માફ કરજો! હું નહીં જાણુતી હતી કે તમે ખાનગી વાત કરો છો” એમ કહી તેણી પાછી જવા ફરી પણ જેનીએ તેણીને પાછી બોલાવી.

“આવ લુસી. જોન મને પોતાના આશરા હેઠલ લેવા હજી ઢીલ કરેછે તો તારા આસરા તળે વધારે વાર રહેવા સિવાય છુટક નથી, જો લુસી” એમ કહી તેણીએ બધાં વકીલે આપેલાં કાગજીયાં તેણીના હાથમાં મેલ્યાં.

પ્રકરણ ૨૯.

લુસી પીન્ટોના ઘરમાં મેલાવડાની સંખ્યા વધતી ગઇ અને નોતરેલાં પરોણાઓની મુબારકબાદી લેતાં જેની થાકી ગઇ. મોટા મોટા ખાંચરેના પરોણાઓ જેની રૌજશને એકાએક અને ન ધારેલી દોલત મેલવેલી જોઇને જો કે મનમાં તો બળીને કોલસો થતાં હતાં પણ બાહારથી હસી હસીને, તમે ગમે તો કહો કે જેનીને, પણ અમે તો કહીશું કે જેનીને નહી પણ તેણીના પૈસાને, માન આપતાં હતાં.

બધું તો બાજુએ રહયું, પણ જુવાનીઆઓની મતલબી માવજતથી જેની એક રાણી માફક આસપાસના કુવારાઓ તરફથી માન મેળવવા લાગી. તેમાં સઘળાઓ જેનીના પૈસાના નામથી બનાવતી પ્યાર પોતાના દિલમાં ઉત્પન કરી પ્યારનું ડોળ ઘાલી દુ:ખી થવાના ઢોંગ કરતા હતા.

તે છતાં એ સઘળાઓ તરફ જેની ઘણીજ મુર્યાદા અને માનથી વર્તી શકી. એજ દેખાડેછે જે તેણીના મગજમાં સ્ત્રીને છાજતા ઉમદા ગુણો હતા. સઘળા મરદોને રાજી રાખી પોતાનો ટેક જાળવી રાખી નિતી અને સદાચરણ સાચવી રાખવાનું બીહકટ કામ સેહેલાઇથી બજાવે તે સ્ત્રીને સ્ત્રીના વર્ગમાં ચઢયાતી ગણવી.

કરાંચીવાળા ડીસુઝા જેણે જેનીને દોલત સ્વાધીન કરી હતી, તે શખ્સના ચેહરા દેખાવ અને આવભાવ ઉપરથી સ્પષ્ટ હતું કે તેના દિલમાં ગમગનીએ ઘર કીધું હતું, અને તેની ઉપર એ માટે વધારે રેહેમ દિલીથી જોનારાંઓમાં લુસી નંબરવન હતી.

આટલી બધી દોલતની ધણીઆણી થઇ તે છતાં જેનીને તેજ સાદાઇના સંગારમાં સજેલી જોવામાં આવતી હતી. છલકાઇ જઇને

પાસે કિમતી કપડાં હતાં તે પેહેરવાનું મન કે લાલચ તેણીને લેશ ભાર પણ થઇ નહીં. તેણીનો દેખાવ જેવો હતો તેવોજ નરમાસથી ભરેલો અને કોકટપણાંથી નિરાળો જોવામાં આવ્યો. તેણીની વાતચીત કરવાની ઢબ ફેરવાયાને બદલે, તેની વાતમાં આગળ કરતાં વધારે સભ્યતા અને સલુકાઈ દીસવા લાગી. જો કાંઇ પણ ફેરફાર દીઠામાં આવતો તો તે એટલોજ હતો કે તેણી આગળ કરતાં હાલ બધાં સાથે ઘણી ખુશ મીજાજમાં હસી હસીને વાત કરતી હતી; પણ મારા કીસ્મતનો પાસો ચઢતો પડયો છે એમ એક માણસ જોય ત્યારે ખુશ મીજાજમાં નહી આવી જાવ તો બીજું શું કરે? એટલું તો થવુંજ જોઇએ, અને ભાગ્ય ખુલી ગયું તે છતાં કુંજરાપણું અને પડતી દશાની હાય અફસોસ કોરે ન મેલે, તે શખ્સનું દિલ, જે તત્વોનું દિલ માનવીઓનું હોય છે તેનું બનેલું નહીં, પણ પથ્થર જેવી કાંઇ વસ્તુનું બનેલું હોવું જોઇએ.

બધાં તેણીની આગળ જતાં બેસતાં ઉઠતાં વાત કરતાં, પણ એક જણ તેણીની ખુબસુરતી અને ખુશમીજાજથી જો કે મનમાં મથન થતો હતો તે છતાં થોડીવાર દૂર રહયો, પણ આખરે તેમ નહીં ટકી શકયો ત્યારે તેણીની સોડમાં આવીને બેઠો અને બોલ્યો,

"ચાલ, ત્રણ મહિના જુદાં પડયે તે અગાઉ કાંઈ વાત કરી લઇએ. મારી સલ્લાહ છે જે આવા મેલાવડા અને મુલાકાતથી દૂર રહે. તને ફુલોનો શોખ હોય તો એકવાર તને ગુલાબથી વધાવી લેવું, પણ બીજાઓના હાથના ગોલાબ લે ના. ચાલ આવ આપણે બાગમાં ફરયે"

"મને ગુલાબની દરકાર નથી." એમ કહી તેણી પોતે એક ગુલાબ જેવી ખીલીને ઉભી અને બાગમાં ફરવા તૈયાર થઇ.

પણ જ્યારે તેઓ બાગમાં ગયાં ત્યારે વકી સુજબ પ્યારના આમુનો સાંભળવાને બદલે અથવા તો ગુલાબનીભેટ મેળવવાને બદલે જેનીએ બીજીજ વાત સાંભળી.

"મિસ રૅજસ—માફ કરજે મિસ રૉજસ નામ મારાથી બોલાઇ ગયું. મને એથી વધારે વહાલથી તને બોલાવવી જોઇએ. વારૂ વાહલી જેની, તુ ગાયવાડીમાંથી એકદમ પુને નિકળી આવી તેનુ કારણ તેં મને હજી જણાવ્યું નથી."

"હવે એ પૂછવાનું શું કારણ? પાછલી વાતનો મને બીલકુલ વિચાર નહીં હતો."

"વિચાર નથી તેનું કારણ કે તું હાલની તારી ચઢતી હાલતનો વિચાર કરે છે, જ્યારે હું ભૂતકાળના ભયો પૂરા થયા તેનો વિચાર કરૂં છું. મને કહે તું ચાલી શા માટે આવી? મારી ઉપર તને વિશ્વાસ નહીં હતો કે પેલા કોઇ ડી. પરેરાથી બીહીધી?"

આથી તેણીએ ડોકું નિચું નમાવી દીધું, અને બોલી "હા, હું બીહીધી કે તે રખેને પાછો આવશે. જોતાંનેવાર મારાં કલેજાંમાં ધસ્કા પડતા હતા. હું નાઠી કે જ્યાં જવાય ત્યાં જાવું. પેલી ઓરત મારી સાથે આવી હતી પણ પાછલથી તેને પણ મેં છોડી દીધી અને અહીં એકલી આવી."

"તદન એકલી!"

"તદન એકલી. હું જાણુતી હતી કે પુનામાં મારાં ઓળખીતાં રહે છે—તેથી ખામુખા અહીંજ આવી—પણ લુસીને એમ ના કહેતા. મેં કહયું છે જે હું તને અકસ્માત મલી ગઇ."

"નહી નહી, બીલકુલ નહીં. પણ મિસ પીન્ટો સમજુ છે, કદાચ સમજી ગઇ હશે."

"હશે, તે ગમે તે હોય."

"ઠીક છે, હું કાંઇ તારી જાત કરવાનો નથી. પણ વારૂ એક-બીજો સવાલ પૂછવો છે. વારૂ ડી. પરેરાનું કોડું પેલા તારૂં ખુન કરવા આવનાર શખ્સના જેવું નહીં હતું ? હું ધારૂં છું કે ગાયવાડીમાં આવ્યો હતો તે શખ્સ અને પોલીસના હાથમાં સપડાયલો ખુની એ બન્ને એકજ છે."

"હશે હશે. પણ એ બધું પૂરૂં થયું. હવે એનો વિચાર શા માટે કરો છો ?"

"કારણ કે જ્યાં સુધી તે જીવતો હોય ત્યાં સુધી મારા દિલમાં ફિકર રહેશે. મેં એક કરતાં વધુ વખત તને પણ બીહતાં જોઇ છે. તું ઘડી ઘડી તે બારીના સળીઆ તપાસતી નથી વારૂ ?"

"ત્યારે તમે મને જોઇ હશે ખરી. એનું કારણ કે મને એ-વો વિચાર આવ્યા કરે છે જે રખેને કોઇ મારી અદેખાઇ કરીને મને મારી નાખે."

"બીહ ના. તારી ઉપર પરમેસ્વરનો સાયો છે. હું કાંઇ તને બેદરકાર રહેવા કહેતો નથી. તે છતાં તારે એટલી બધી હદ સુધી ફિકરમંદ રહેવું નહીં. હાલતો તે કેદમાં પડેલો છે. વખતે તે નાહસી જવા પામે તો કદાચ વેરના વિચારથી બેચાઇ જઇ તને હેરાન ક-રવાનો વિચાર કરે તેથી સાવધ રહેવું સારૂં છે. તારા લીધે તેના હાથમાંથી દોલત ગઇ તેથી તેને ઘણું લાગતું હશે."

"એ વાત કરી તમે મને વધારે બીહવાડી." જેની આ બોલ બોલી ગભરાવા લાગી—

"મારી તને એ કહેવાની મતલબ એટલીજ કે હું તને ચેત-વેલી રાખી જાતું, કે જો કદાચને કાંઇ તને એવું માલમ પડે તો પુલીસને તૂરત જણાવજે, તેથી તેઓ તને મદદ કરશે. બોલ ?

એમ કરશે કે? મને એટલી ધિરજ આપ તો હું તારાથી છૂટો પડી શકું, નહી તો કેમ? નહી તો મને રાત્રે ઉંધ પણ કેમ આવે?"

આથી તેણી મુછમાં હસીને બોલી "વચન આપુ? શાને માટે?"

"કે તું પોતાની સંભાલ લેશે"

"લો હું વચન આપુ છું. તમારે કાંઇ પણ ધાસ્તી રાખવી નહીં. તેમજ સાંભલો મારી નવી હાલતમાં મારાં જૂના સ્નેહીઓને હું વીસરીશ નહી તે ખૂબ ધ્યાનથી યાદ રાખજો."

જેમ એક તરસ્યાને ઝાડના પાતરાં ઉપરનાં દવના ટીપાં હરખથી આવકાર દાયક થાય, તેમ જેનીના છેલા શબ્દોએ ચીતારાના દિલમાં હરખ ઉત્તપન કર્યો.

"ઠીક છે વાહલી, આ તારા છેલ્લા શબ્દોથી ભરમમાં બોલીને તે મને ધિરજ આપી છે, તે પૂરતી ગણીને હું આ પળથી ત્રણ મહિનાની મુદત બાદ તને મલીશ—સાહેબ મેહરબાન, મારી મુરતી." એમ કહી તે ચાલી ગયો.

થોડી પળ સુધી તેણી બાગમાં પોતાના વાહલાનો વિચાર કરતી ફર્યા કીધી, અને જે તરફ તે ગયો હતો ત્યાં પોતાના ડોળા ફેરવ્યા કરતી હતી. તેના ગયા પછી તેણીના મોંપર ઉદાસી ઉગવાની શરૂ થઇ અને ખુશમીજાજ જતો રહી તેની જગ્યા ગંભીરાઇએ લીધી. તેણીના પગમાં ચાલવાનું જોર વતીક ઘટી ગયું, તેથી તેણી ધીમે ધીમે બંગલા આગલ ચાલી, પણ બંગલાની સાડી ઉપર રોડરીગીસ ડિટેકટિવ ઉભેલો હતો તેની ઉપર હજી તેણીની નજર પડી નહીં. જ્યારે તેણે પોતે તેણીને મોટેથી બોલીને સલામ કીધી ત્યારે તેણીએ તેની તરફ જોયું.

"આવો આવો. તમે મારો જાન બચાવ્યો છે તે માટે હજી મેં તમારો પૂરેપૂરો ઉપકાર માન્યો નથી."

"તમે ધારો છો તેના કરતાં તમે વધારે જોખમમાં હતાં. વળી કાંઇ હું સમાચાર લાવ્યો છું. જે માણસે તમારી ઉપર ખુની હુમલો કીધો હતો તે માણસ મરી ગયો."

આથી તેણીના દિલમાં દયા જેવું લાગ્યું ને પૂછ્યું,

"મરી ગયો?"

પેહલાં તેણીએ માન્યું નહીં, પણ પછી વિચાર કીધો કે ડિટે-કટિવને જૂઠું બોલવાની શી જરૂર.

"પણ કેવી રીતે? કયારે? કયાં મરી ગયો?"

"ગાડીમાંથી નાહસવાનો વિચાર કરી કુદકો મારયો તેટલામાં સામેથી બીજી ગાડી આવી તેમાં કચડાઇ ગયો.

"તમે તસ્દી લઇ કહેવા આવ્યા તે માટે ઉપકાર માનું છું" જેનીએ ડિટેકટિવનો ઉપકાર માન્યો.

"એ શખ્સ મરણ પામ્યો તેથી એની સાથની ઓરત અમારા હાથમાં સપડાવી હવે મુસકેલ છે. તે જીવતો હોત તો અમને તેણીને પકડવાની આશા હતી. મરનાર જે કરતો હતો તે તે ઓરતને લીધે."

"તે કયી ઓરત?"

"એક જેની રૉજસ નામની લોફર સ્ત્રી—તેને બાહાર પાડી મરનાર દોલત હાથ કરવા માંગતો હતો. તેણી દુન્યામાં જેની રૉજસ નામની છોકરીઓમાં સર્વથી હલકી અને સર્વથી દુરાચરણી સ્ત્રી છે."

આ સાભળી લાયકીવાલી અને સોહામણી સદાચરણી જેનીનું અંગ કંપવા લાગ્યું, અને તેણી બોલી,

"તેણીને પકડવામાં તમને શો ફાયદો થશે? હવે તેણીને તેના કરતુકનાં ફળો ચાખવાને છૂટી મેલો. તેણીના મનની મુરાદ સફળ નહીં થઇ એજ દુઃખ તેણીને ઘણું હશે, તેથી હાલ મારી સારી હાલતમાં કોઇ હીનભાગ્યને શિક્ષા કરાવા માગતી નથી."

રોડરીગીસ આવા ઉમદા વિચાર સાંભળી જેની સાથ એકમતો થઇ ગયો. જે પ્રમાણે બન્ને ડી સુઝાઓ જેનીની ડાહાપણ ભરેલી વાતો સાંભળી ખુશ થતા તેટલોજ આ રોડરીગીસ પણ થયો.

"વાહ! એ તમારો ઉમદા ખવાસ દેખાડે છે!" બસ એટલુંજ તે બોલ્યો.

પુલીસના અમલદારો પણ મારી બક્ષવાના ડાહાપણ ભરેલા સખુનોની કદર બુજે છે એમ જાણી તેની અજાયબ થઇ.

"બીજી કાંઇ ફરમાસ?" તેણે પુછ્યું.

"કાંઇ નહીં. પણ હું તમને બોલાવું તારે આવજો" એ પ્રમાણે આ અમલદારની 'પાનસોપારી' નો આડકતરી રીતે તેને બરૂસો આપીને તેણી અંદર ચાલી જતી હતી તેટલામાં તેણીને તેણે બોલાવી અને કહ્યું,

"પ્રમાણિકપણે નોકરી બજાવતાં જો મેં તમને ફાયદો કીધો હોય તો તે માટે તમે સરેસ્તા પ્રમાણે મોઢેથી ઉપકાર માન્યો છે, એટલું બસ છે. એથી વધારે ઉપકારની લાગણીબતાવવાની તસદી તમે લેતાં ના."

"જેમ મરજી; તમે મારી તરફની ભેટ નહી લેવો તો હું દિલગીર છું."

"પણ બાઇ, મારી નોકરીના બદલામાં મને મન માનતો પગાર મળે છે."

રોડરીગીસ એવો એક ખરો ગ્રહસ્થ હતો કે તેને ગમે એટલી ઓહોસ કરવામાં આવી તે છતાં તેણે બક્ષેસ લેવાની નાથી હા પાડી નહી. તે ત્યાંથી ચાલી ગયો.

તેના ગયા પછી તેણીને એક કાગજ મળ્યું, જેનો સાર નિચે પ્રમાણે હતોઃ—

હું આજે રાત્રે પુનું છોડી જાઉં છું. પુલીસ તરફથી મને જણાવવામાં આવ્યું છે કે તારૂં ખુન કરનાર નાહસી જતાં મરણ પામ્યો છે, તેથી હવે તારા માર્ગમાંથી પીડા પડી છે. પણ પેલી તારી સાથુની ફરંગણથી બીહતી રહી દૂર રહેજે—તેણી તારી આગલ આવે અથવા તું તેને તારા બંગલા આગલ ભટકતી જોય તો એકદમ પુલીસને ખબર કરજે અને રોડરીગીસને મુંબઇથી તાર કરી બોલાવજે. હું ધારૂં છું કે જે બુઢા ગ્રહસ્થની દોલત તને મલી છે તે બુઢાને ત્યાં જે ફરંગણ હતી તેજ ફરંગણ તારે ત્યાં હતી, એમ પુલીસની વાત ઉપરથી માલમ પડે છે.

આવાં એક કાગજથી જેની વધુ વિચારમાં પડી.

પ્રકરણ ૩૦.

બી રોપાયું.

ગરમીના દિવસ પસાર થયા. મેઘરાજાની પધરામણી થઇ. મેઘરાજાના ઝાપટાં ધમધુકાર ચાલુ થયાં પછી એકાદ દિવસનો ઉઘાડ પડયો તે વારે ચીતારો પોતાની પીંછીનો છેલ્લો નાદર

નમુનો પૂરો કરી તેની તરફ ટીકતો પોતાની દુકાનમાં બેઠેલો છે. આપણે તે ચીતાર વિષે આગલ બોલી ગયા છીએ, પણ તે મધુરો હતો, જ્યારે આ હવે સંપૂર્ણ થયો છે. આ ચીતારમાં એક કોચ ઉપર એક નોજુવાન છોકરી કોચ ઉપર સુતેલી હતી.

"કેવું મજાનું !"

આ પ્રમાણે બોલનાર બીજો કોઇ નહીં પણ આપણી વારતાનો જાણીતો ડિટેકટિવ રોડરીગીસ હતો. તે ચીતારાની ખુરસી પછવાડે ઉભો થઇ ઉપલી અજાયબી ઓચરયો હતો.

ચીતારાએ સબી રોડરીગીસને દેખાડી તે અગાઉ બીજા કોઇને દેખાડી હતી નહી. તેમજ બીજાં કોઇને દેખાડવાનો તેને વિચાર પણ હતો નહીં.

રોડરીગીસને "કેવું મજાનું !" એમ બોલતાં સાંભળીને ચીતારાએ પોતાની લાગણી ઊંડો દમ ખેંચીને દેખાડી.

"પેલી બીજી સબી પણ તમે પાડી છે તે પીકચર આર્ટ એકઝીબીશનમાં મુકશો ?" રોડરીગીસે પુછ્યું.

"એકઝીબીશનમાં કદી નહીં મુકું. મારા પોતાના ઓરડામાં રાખીશ. મેં એ સબી ફકત તમને દેખાડી. પણ હું બીજાં કોઇને તેની ઉપર નજર કરવા દેવું નહીં. જે ધણીએ એની જીંદગી બચાવી તેને હું મારા ભાઇ તરીકે ગણું છું, અને તેટલા માટે તમને એકલાને જોવા દીધી,"

"તમારા વિશ્વાસ અને મેહરબાનીની માટે ઉપકાર માનુ છું, અને એટલું ચોક્કસ જાણજો જે હું તમારા વિશ્વાસને લાયક છું, પણ જો અડચણ નહીં હોય તો મને પૂછવાની રજા આપશો કે તમે શું જેની રૉજર્સ સાથ લગન કરવાનો વિચાર રાખો છો ? એમ પૂછવાનું મને ચોક્કસ કારણ છે ?"

"પેહલાં તો તેણી મારો હાથ કબુલ રાખશે કે નહીં તે એક સવાલ છે" ચીતારાએ જવાબ દીધો.

ડિટેકટિવ એવી રીતે ફરીને ઉભો જેથી ચીતારાનું કોડું બરાબર બોપી શકાય અને એ પ્રમાણે તે ચીતારાના મનના વિચારો તપાસતો ઉભો.

"ત્યારે જીવ સટોસટની વાત છે. તમે તો તેણીને તમારી ધણીઆણી બનાવવા રાજી દીસો છો."

"અરે, એ મને કબુલ રાખે તો મને બીજુ કાંઇ જોઇતું નથી. મને નામ કરીને શું કરવું છે? એના વગર જીવતર બળ્યું! જો આ સબી પાડવામાં રોકાયો નહીં હોત, અને આ સબીમાં એને જોયા નહીં કરત તો હું આટલા દાહડા જીવી નહી શકત"

આ સાંભળી ડિટેકટિવ ઘણી સંભાળથી દાનેશમંદી ભરેલા, શબ્દો એક પછી એક બોલ્યો "ઠીક નહીં થાય–તે દોલતમંદ અને તમે—"

આથી ચીતારાનું મોં કુમળાઇ ગયું અને તે બોલ્યો, "અને એ વિચાર મને પણ છે"

"ત્યારે તમે ઇચ્છોછો જે આ દોલત તેણીને નહીં મલી હોત તો સારૂં?"

"એમજ ઇચ્છું છું"

"ત્યારે એ દોલતના વિચારને તમારા પ્યારની વચમાં આવવા દેશો કે?"

"તેણી મને ચાહે તો પછી દોલતનો વિચાર શા માટે કરવો જોઇએ?" ચીતારાએ જવાબ દીધો.

"ત્યારે તમને હજી ખબર નથી કે તેણી તમને ચાહે છે કે નહીં ?"

"નહીં" ચીતારાએ ટુંકમાં જવાબ દીધો.

"છેલ્લાં મેં તમને સાથે દીઠાં ત્યારે તો ખુલ્લે ખુલ્લું અમને લાગ્યું કે તેણી તમારી ઉપર રીદા છે"

"હા, પણ તેને ત્રણ મહિના થવા આવ્યા. ત્યાર પછી તો તેણીને દોલત વાપરવાની જોગવઇ મલી છે અને ત્યાર પછી મોટે મોટે ખાંચરેથી તેણીની મુલાકાતો લેવામાં આવી છે. ત્યારે તમે હવે ધારો છો જે પોતાની ચઢતી હાલતમાં મને તેણી વીસરી ગઇ નહીં હશે ?"

આ સવાલનો જવાબ શો આપવો તે. રોડરીગીસને સુઝ પડયો નહીં, તોપણ તેણે ગંભીરાઇથી ઉત્તર વાળ્યો,

"જો તમે ધારોછો તેવા ગુણ એ છોડીમાં હશે તો કોઇ પણ કારણથી તેણી બદલાય એમ મને લાગતું નથી, પણ—"

'પણ' બોલીને તે એટલો અચકયો તેથી ચીતારો ઉસ-કેરાઇ ગયો અને છેવટે તેણે પૂછ્યું,

"'પણ' પછી શું, બોલો ? જેની એક ખરી ઉમદા સ્ત્રી નથી એમ માનવાને તમારી પાસે કાંઇ કારણ છે ? બોલો કાંઇ એ છોકરી વિષે નિંદાખોરોએ ગપાટા ચલાવ્યા છે શું ?"

"એવું કાંઇએ નથી. દરેકના મોંમાથી તેણીને માટે તારીફના શબ્દો નિકળે છે. લોકોના અને મારા મત પ્રમાણે તેણીની નરમાસ, તેણીની સભ્યતા, તેણીનો મોભો, તેણીનો દમામ, તેણીનો ટેક અને તેણીની સ્ત્રીમર્યાદા તારીફ અને વખાણને પાત્ર છે. અચબુચો પૈસો મલવાથી તેણીના મન ઉપર અસર થાય છે કે

નહીં તે જાણવાની મેં દરકાર રાખી છે, અને જે હું જાણું છું તે ઉપરથી એટલું કહી શકું છું."

"પણ ત્યારે પેલો 'પણ' એટલે શું? તે મારે જાણવું જોઇએ" ચીતારાએ અધીરાઇથી પૂછ્યું.

"મારા મોમાંથી એ બોલ નિકળી ગયો. એટલું સંભાળજો કે પૈસાવાળી ઓરતને પરણવાનો જોખમ દુન્યાના લોકોએ કબુલ્યો છે તેનો તમને જાતી અનુભવ નહીં મલે."

"એ પૈસાનું સત્યાનાશ થાય!" ચીતારો બોલ્યો.

"મી૦ ડી સુઝા, તમે જાણોછો કે હું કાંઇ મનમાં આવ્યું તે બકી દેતો નથી. હું દરેક વાત તરફ ગંભીરાઇથી ધ્યાન પુગાડું છું. પરણેલી જીંદગીનાં સુખનો પાયો અરસપરસની માયા અને મોહબતના થાંભ ઉપર રચાવો જોઇએ. તેટલા માટે એ ઓરતને તમારૂં દિલ આપો તે અગાઉ તમારી ખાતરી કરજો કે એ તમને ખરાં જીગરથી ચાહેછે કે નહીં, અને એવી સલ્લાહ આપવી હું એક દોસ્ત તરીકેની મારી ફરજ સમજુ છું. તમારી અક્કલ હુશીયારી અને નામના એક મતલબી અને ફોંટેલ ઓરતના હાથમાં મેલાય તો હું ખચિત દિલગીર થાઉં."

"તમે કહોછો તે ખરૂં છે મારી ઉપર તેણીનો પ્યાર હશે નહીં ત્યાંસુધી હું તેણીની સાથ કદી પરણનાર નથી," ચીતારાએ પોતાના ડિટેકટિવ મિત્રની વાતને ખરી ગણી જવાબ દીધો.

રોડરીગીસે પ્રસન્તાનું ડોકું હલાવ્યું, અને પછી કેટલીક વાર થઇને બોલ્યો, "તેણી તેમને ચાહતી તો હશે, પણ, અરે વળી મારાથી પણ, બોલઇ ગયો. મારી વાતથી તમને ચીડ ચઢતી હશે, કેમ?"

રોડરીગીસ ઉપર તેને ચીડબીડ ચઢી હતી નહીં, છતાં તેનું મગજ ઉસ્કેરાયું. રોડરીગીસ કાંઇ જાણી જોઇને તેને સતાવવા કે વેહેમમાં નાખવા આવ્યો ન હતો, અને ચીતારો પણ એમજ માનતો હતો, કારણ કે રોડરીગીસની વાતમાં ભોલાપણાંની અને મિત્રતાઇની લાગણી ખુલ્લી દીસ્તી હતી. તેનું મન ઉસ્કેરાયું હતું પણ તેનું કારણ ધાસ્તી હતી. રોડરીગીસના બોલોથી તેને ચીડ તો નહીં પણ ધાસ્તી ઉત્તપન્ન થઇ હતી. ભવિષ્ય જે એક ઘડી અગાઉ તેણે સુખઉપજાવક ધાર્યું હતું, તે ભવિષ્યમાં હવે દુઃખનો દેખાવ તેની નજરે પડ્યો.

“તમે મિસ જેની રોજસની વીરૂધ કાંઇ સાંભળ્યું છે? બોલો તમે કાંઇ જાણતો હોવો તો મને કહી દો” ચીતારાએ થોડીવાર પછી પૂછ્યું.

“નહીં નહીં તેવું કાંઇ એ નથી. મેં જે જે સાંભળ્યું છે તે સઘલું તેની તરફેણમાં સાંભળ્યું છે. તેની વીરૂધ બોલવાનું મને કાંઇ કારણ મલ્યું નથી. મેં ફકત તમને એક મિત્ર તરીકે ચેતવેલા રાખ્યા છે જે પ્યાર વિનાના લગ્ન કરશો મા. જો તેણીનું તમારી ઉપર દિલ હોય તો કાંઇ નથી. પણ તેણી તમારા કરતાં વધારે પૈસાવાલી હોવાથી, તેણીનો પ્યાર લાંબો વખત તમારી તરફેણમાં ચાલુ રહેશે કે નહીં તે તમારે તપાસવાનું છે.”

ચીતારો કાંઇ બોલ્યો નહીં. પોતાની વાહલી જેનીની સબીને ઘણી વાર ઉઘાડી રાખીને તેણીની સબી સામે ઉભા રહી, તેણીના વિષે છૂટથી અને શકથી વાત કરવી એ તેણીને અપમાન કરવા બરાબર સમજી તેણે તે સબી ઉપર કવર ચઢાવી દીધું.

થોડી પળ વિચાર કરી તે બોલ્યો, “મી○ રોડરીગીસ, તમને હું અસલથી ઓળખું છું, અને તમારા માટે નાનપણથી સારૂં

મત ધરાવું છું, અને હાલ તમે મારી ઉપર એવો મોટો ઉપકાર કરયો છે જે હું હવે તમને એક મિત્ર નહીં પણ એક મારા વાહલા ભાઇ તરીકે ચાહું છું. અને તેથી મારાં દિલની વાત તમને કહેતાં અચકાતો નથી. તમે જે સલ્લાહ આપી અને ચેતવણી કહી સંભળાવી તે સાંભળી હું અજાયબ થયો, તેનું કારણ એ કે હું પણ એવોજ વિચાર આજ કેટલા દાહડા કરતો ફરૂં છું. તેણીની સાથે પરણ્યા પછી મારી હાલત કેવી થશે તેનો મને ખ્યાલ આવ્યા કરે છે. હવે મને થોડા વખતમાં માલમ પડશે કે તેણી મને ચાહે છે કે નહીં, અને તેણી મને ચાહે તે છતાં હું તદન સુખી થઇ શકીશ નહીં, કારણ કે જે જે મોજ મજાહ હું તેણીની સાથે કરૂં તે મોજ મજાહ મારા હરિફ તરફથી મલેલા પૈસાના જોરે ભોગવાય છે-એવો વિચાર મને દુઃખી બનાવ્યા વગર રહેશે નહીં. તે તેણીની ઉપર પ્યારમાં પડયો અને તેથીજ તેણે દોલત તેણીને આપી દીધી, નહીં તો તે આપત નહીં, એમ માનવાનું મારૂં કારણ એ છે, જે જો ગરીબાઇ, લાયકાત અને ફકત સદગુણ ધ્યાનમાં લઇને દોલત આપવા વિષે કરાંચીવાલા મરનાર બુઢાજીનું ફરમાન તે બજા લાવવા માંગતો હોત, તો તેણે પેલી લંગડાતી સ્કુલમાસ્ટરણને શા માટે દોલત નહીં સ્વાધીન કીધી?"

"જો દોલત તેણે પ્યારની લાગણીથી દોરવઇને આપી એમાં તો બીલકુલ શક નથી. અને અલબતાં કોઇ બીજાંના પ્યારથી મળેલો પૈસો આપણા ઉપયોગમાં આવે તો તેનો વિચાર આવતાં આપણને નિચું જોવું પડે અને દિલ દુઃખાય ખરૂં."

આપણા મનથી એક દુઃખનો વિચાર કરવો પરવડે છે, પણ આપણને દુઃખ થશે તેનો વિચાર બીજાં તરફથી દરશાવામાં આવે તો તે સાંભળવા નહીં ગમે.

"અફસોસ! તે મલ્યો તેની અગાઉ અમે પરણી ગયાં હોત તો કેવું સારૂં!"

રોડરીગીસ તેની તરફ દયાની નજરથી જોતો ચુપ બેઠો, પણ તેણે આવીને ચીતારાના દિલમાં અવિશ્વાસ અને ફિકરનું બી રોપ્યું. હવે તે બી શું ફળ આપે છે તે આપણે જોઇશું.

પ્રકરણ ૩૧.

ન ધારેલી હાલત.

બીજા ચાર દિવસ ગુજર્યા પછી બીચારો વિચાર વિચારથી દુઃખી અને આશાવંત થયલો ચીતારો સહવારે ઉઠયો ને વિચાર કરે છે જે આજે ત્રણ મહિનાનો છેલો દિવસ છે, માટે મુસાફરીનો કોથલો તૈયાર કરવો અને રાત્રે મેલ ટ્રેનમાં બેસી પુને જવું, ને મિસ જેની આગલ હાજર થઇ, હા ના નો જવાબ મેલવી, યાતો સુખની શરૂઆત કરવી, કાં તો દુઃખનો આરંભ થવા દેવો.

પુનામાં મિસ લુસી પીન્ટોની હારમાં એક બંગલો ખાલી હતો તે મિસ જેનીએ ભાડે રાખ્યો હતો, એમ લુસીના બંગલામાંથી ખબર મલી, અને ત્યાંથી એક નોકર તેણીનો બંગલો દેખાડવા ચીતારા સાથે હીંડયો.

'આ ગાડી ઉભી છે તે બંગલો' એમ કહી નોકરે પીઠ ફેરવી, પણ ચીતારાએ પાટલુનના ગજવામાં હાથ ઘાલી, ખણણણ પૈસા ખખડાવી, ચકચકતો અરધો તેના હાથમાં મેલવાથી તેના ચકચકાતનો પડછાયો તૂરત તે નોકરની આંખમાં પણ પડયો.

પણ દરવાજા ઉપર ગાડી જોઇને ચીતારો એકજ પળ વમાસવા લાગ્યો કે એ કોણ હશે, તેટલાં બાગમાં એક ગ્રહસ્થને હાથમાં તોરો લઇને અંદર દાખલ થતાં જોયો આથી ચીતારો થોડી મીનીટ બાહાર ગુંચવાડામાં પડી ઉભો તેટલામાં તો તે ગ્રહસ્થ પાછો ફરયો ને ગાડીમાં બેસી હંકારી ગયો.

ચીતારો પછી પોતે દાખલ થયો. અને પોતાનો કાર્ડ અંદર મોકલ્યો, જે ઉપરથી દાસી દોડતી દોડતી ખુશીના ચેહરે આવી બોલી, આવો આવો બાઇ બોલાવેછે. આ ઉપરથી ચીતારાને અરધી ધિરજ આવી, કારણ કે જ્યાં સુધી શેઠાણીએ ખુશાળીના ચેહરે કાર્ડ વાંચ્યો ન હોય ત્યાં સુધી દાસી પરોણાને ખુશાલી ભર્યો આવકાર દએ એ માનવાજોગ તો શું પણ બનવા જોગ પણ નથી.

હોલમાં દાખલ થતાં તેની પેહલી નજર પેલો ગ્રહસ્થ તોરો મુકી ગયો હતો તેની ઉપર પડી. તોરાની પડખે એક ચીઠી પણ હતી. ચીતારાનું જો ચલણ હોત તો તોરાનાં ફુલને પીંખીને એક એક પાંખડીના સોસો કડકા કરત પણ જ્યાં ચલણ નહીં ત્યાં અમલ પણ નહીં.

બીજી કોઇ ત્રીસ લાખ રૂપીઆની ધણીઆણીના બંગલામાં જનાર ધણો બેશક કાંઇક ઝકઝકાત અને દમદમાત ભરેલો સંગાર જોવાની ખાહેશ રાખે, અને પોતાની ખાહેશ પૂરી પડેલી જોઇ સંતોષ મેલવે, પણ તે જો જેનીના બંગલામાં જાય ને એવી આશા રાખે તો તે આશા ભંગ થઇ અજાયબ થઇ બાહાર આવે, અને તે પ્રમાણે ચીતારો પણ અજાયબ થયો. સર્વ ચીજ અને સર્વ જગ્યે નજર કરતાં સાદાઇ અને સફાઇ નજરે પડતી હતી, અને એ સાદાઇ અને સફાઇ કાંઇ પણ ખોડ ખામીથી નીરાળી હોવાથી બેહદ પૈસા ખરચી આંખને આંજી નાખી નબલી કરી નાખનારા ઠાઠ કરતાં ચઢયાતી હતી.

કદાચ બંગલો સાદી રીતે સણગારયો હશે પણ પોતે ઠાઠમાઠ કર્યો હશે એવો વિચાર કરી ચીતારો હોલમાં બેચેન અને બેકરાર થઇ બેઠો હતો એટલામાં જેનીના પગલાં દૂરથી સંભલાયાં જે પગલાંના પવીત્ર અવાજે ચીતારાને ત્રણ મહિનાની ઝુરણમાંથી જાગૃત કર્યો.

આહ ! જેની હાલ વધારે દીપી નિકળી હતી. તેણીના દેખાવમાં વધુ આકર્ષણ શકિત આમીઝ થઇ હતી. કાંઇ પણ આભૂષણથી તેણીનું અંગ વધારે દીપતું હતું એમ ન સમજવું. અમે તો તેણીની કુદરતી ખુબસુરતી વિષે બોલ્યે છીએ. કુદરત મનુષ્યને સૃંગારે છે તેની આગળ કળાકૌશલ્યથી સજેલો સૃંગાર આસમાન અને જમીન વચ્ચેનો તફાવટ બતાવે છે.

તેણી હરખથી હસ્તી દાખલ થઇ એજ ગંવાહી આપે છે જે ચીતારાનું આવવું તેણીને આવકારદાયક હતું. તેણીએ પોતે હાથ લંબાવ્યો જે ચીતારાએ ફકત હીલવ્યો. તેનું મન ભખભખ થયું કે તે હાથ ઉપર એક મીઠી ચુમી લેવું, અને તેણીને એકદમ છાતી સાથે લગાવું, પણ વિવેકથી વર્તવાનું વધારે પસંદ કરી તેણે પોતાના મનને માર્યું અને થોભાવ્યું. અલબતાં, એમ કરતાં તેને અદભુત મનની દ્રઢતા વાપરવી પડી.

"વાહલા જોન, એટલુંતો બોલો કે તમે મને જોઇને ખુશી છો" તેણીએજ વાત કરવાની શરૂ કીધી.

આ સાંભળી ચીતારાએ જવાબ આપવાને બદલે ઉંડાણથી દમ લીધો અને તેણીનો હાથ પડતો મેલ્યો. પણ થોડી પળ પછી બોલ્યો,

"હું ખુશી છું એમ મારાથી બોલી શકાતું નથી, કારણ કે હાલ મારૂં મન મને આવતા જોસબંધ વિચારોને દાબવામાં તદન

ગુટાઇ ગયું છે. મારી ખુશાલી એટલી છે કે ખુશાલી જાહેર કરી તેને હવા સાથ મેલવું તો મારી છાતીમાંથી ખુશાલી પૂરી થઇ જાય તેથી હું બીહવું છું. આહ! ત્રણ મહિના પસાર કરતાં મને ત્રણ જુગ લાગ્યા પણ આખરે તને જોવું છું એટલે જીવતાં જીવત મરણ પામી હું આજ રોજે બેહેસ્તમાં સેહલગાહ કરૂં છું એમ લાગે છે. પણ રખેને એ બેહેસ્તની મારી મુલાકાત ટુંકી થઇ જાય!"

"ટુંકી એટલે! શા વાસ્તે ટુંકી?" તેણી જોસભાર્યા સાદે બોલી."

"હા જેની, હું આજે તારે ત્યાં જવાબ લેવા આવ્યો છું. મને કહે કે મારે વાસ્તે તારા દિલમાં કેટલો પ્યાર છે? અને ભવિષ્યમાં મારે માંટે તું કેવી રીતનો ભોગ આપવા ચાહે છે, તે મને કહે."

"આહ! સરતો શા માટે કરો છો! વાહાલા એમ મારી સાથે સખ્ત ના થાવો! ત્યારે તમે શું મને ચાહતા નથી!"

"અરે મારા પ્યારની તો હદજ નથી. હું એક દીવાના માફક તને ચાહુ છું. ત્રણ મહિનાની લાંબી મુદતમાં મેં તારા સિવાય બીજો કોઇ પણ વિચાર કર્યો નથી. તારા સિવાય સ્વપ્નામાં બીજાં કોઇને દીઠું નથી. અને તને ફરીથી મલવાથી હું ખુશાલીથી ઘેલો ગાંડો બની ગયો છું. અરે મારા દિલમાં એવું થાય છે જે તને મારી છાતીએ લગાડી મારા ધબધબ થતાં દિલને કરાર પમાડું પણ મને એકજ વિચાર દુઃખ દએ છે, અને તે એ કે હાલ તું જે મોજ મજાહ અને સુખ ભોગવે છે તે મારા હરિફના પૈસાથી! અફસોસ! એ વિચાર મને તારી મુરતીને મારી ગણતાં અટકાવે છે!"

"પણ—"

"તું શું કહેવા માગે છે તે હું સમજ્યો. હવે તે મારો હરિફ નથી એ વાત ખરી, પણ તેણે તને દોલત આપી તે ફકત પોતાના પ્યારને ખાતર. હું માનું છું કે તે તને હજી ચાહે છે, અને મરનાર પેડરો આલબુકર્કની દોલત તે તને ખરા દિલથી ચાહતો ન હોત તો તને કદી આપત નહી, અને આજ રોજે હું તને પૂર ખીલેલી અને હસતી જોવું છું તે ફકત તેના પૈસાના જોરે."

"પણ વાહલા હું તેને ચાહતી નથી અને—"

"અને તું મને ચાહે છે એમ કહેવા માગે છે નહીં વારૂં ?"

આ સવાલથી તેણી હસી. તેણી આ સવાલનો જવાબ આપી શકી નહીં, પણ શરમાઇને નિચે જોવા લાગી.

"ત્યારે તું શું મારા નામ પ્રમાણે મને ચાહી શકશે? આહ ! એમજ હોય તો આ ત્રીસ લાખની દોલત તેના આપનારને પાછી સ્વાધીન કર, અને મારા જેવો એક મધ્યમ વર્ગનો ચીતારો તને પોતાની મધ્યમ દોલતથી જેટલું સુખ આપી શકે તેટલું કબુલ કર !"

આ ન ધારેલી માગણીથી તેણીની આંખમાં અગન ઉઠી, અને તેણી તેની સામે જોતી પૂછવા લાગી, "એટલું બધું તમે મને કરવા કહો છો ?"

"હા. હું જાણું છું જે મારી માગણી બહુ સખ્ત છે, અને તેથી હાલ તૂરત સીધો કે આડકતરો, કાંઇ પણ જવાબ હું માગતો નથી. એ બાબદ ઉપર ગંભીર રહી વિચાર કરવા માટે તને વધુ વખત આપું છું, અને એનો વિચાર કરી જે જવાબ તારૂં દિલ આપવા સૂચવે તે સિવાય બીજા જવાબ ના આપતી. એકદમ

પ્યારથી દોરવઇ જતી ના, પણ શાંત મન રાખી તોલ કરજે કે તને જો હું પસંદ હોવું તો દોલતને ધિકારવી, અને જો દોલત તને ગમતી હોય તો મને પસંદ કરવાથી દૂર રહેવું. મારા હરિફે પણ તને પોતાનો પ્યાર એવીજ રીતે જાહેર કીધો, પણ તેં તેને એકદમ જવાબ આપ્યો જેથી હવે તેને આશા જેવું કાંઇ રહયું નથી. પણ મને જવાબ આપવો હું ધારૂં છું કે તને ભારી લાગશે. પ્યાર અને પૈસાના વિચાર વચ્ચે તારા દિલમાં લડાઇ જાગશે, અને તે લડાઇમાં કોણ જીતશે તે હાલ તું પણ નહી કહી શકશે, હાલ એક વિચાર આવશે પછી થોડી વાર પછી બીજો વિચાર આવશે. વાસ્તે એકદમ એક વિચાર ઉપર આંખ મીચીને અમલ કરશે તો પાછલથી પસ્તાવો થશે, અને તું ખરી ગંભીરાઇથી વિચાર કરે એટલા માટે મારી હાજરી તારા બંગલામાં હોવી ન જોઇએ."

આ સાંભલી તેણીએ પોતાની આંખો હાથો વતી ધાંકી, અને બોલી,

"આહ! મારી કેવી પરિક્ષા લેવાય છે! અરે જેન, તું મને ચાહતો નથી, નહી તો આવી રીતનો વાંધો ઘાલે નહી."

"એથી ઉલટું હું તને ચાહું છું. અને તું મને ચાહે એવું હું ઇચ્છું છું, જેથી તને મારી હકદાર ધણીઆણી બનાવું. પણ તે પેહલાં મારી ખાતરી થવી જોઇએ કે તારા મનથી આ દુન્યામાં મારા સિવાય બીજી કોઇ પણ ચીજ નથી જેની ઉપર તારો વધારે પ્યાર હોય, તેમજ જે સ્થિતીમાં હું છું તે સ્થિતી તું કબુલ રાખવા તૈયાર છે, અને તે સ્થિતીમાં સંતોષથી રહી મને સુખ આપવા પાછલ તું તારી જીંદગી રોકવા ખુશી છે. જે હાલતમા મેં તને મુવેલી ધારી તે હાલતની જેનીને હું પરણવા ખુશી છું, પણ જે હાલતમાં મારા નામરાસીઆએ તને હાલ મેલી છે તે હાલતમાં હું તને પરણી

સુખી થાવું એમ બને તેમ નથી. આપણા સુખ વચ્ચે હમેશાં એ મારા નામરાસીઆનો વિચાર તને અને મને આવ્યા કરે એ પાછળથી દુઃખદાયક તેમજ નુકશાનકારક નીવડવાનો સંભવ રહે છે. બેમાંથી એક તને પસંદ કરવાની છૂટ છે, **પ્યાર કે પૈસો.** જો તને હું પ્યારો હોવું તો પૈસાની તને શી ગરજ છે. હું તને મારાથી બને એટલી સુખી રાખવા તૈયાર છું. અને જો તુ પૈસો પસંદ કરે તો ખુલ્લે ખુલ્લું જણાવી દે. હું નિરાશ થઇને રહીશ તેની ચીંતા તારે ન કરવી."

આથી જેનીએ જે દેખાવ રજુ કર્યો તેનું વર્ણન આ અદના કલમથી થઇ શકતું નથી. એટલુંજ કહીશું જે આટલી બધી સખ્ત રીતે પ્યારને કસોટી ઉપર કસવા માટે ચીતારો પણ મનમાં મુઝાવા લાગ્યો.

"જેની, હું હાલ લુસી પીન્ટોને મલી આવ્યો તેણીએ આવતાં અઠવાડિયાંમાં પોતાને ત્યાં મેલાવડો છે તેમાં આવવાને મને તેડું કીધું છે અને ત્યાં તું પણ જનાર હશે?"

તેણીએ આંખની ઇશારતથી કહયું કે હા.

"વારૂં ત્યારે જો, હું ત્યાં આવીશ, ત્યારે તારી પાસે તારો શો નિશ્ચય છે તે જાણવા માગીશ. ગમે તો તું મિસ લુસીપીન્ટો સાથે મસલહત કરજે, અને તેણીની સલ્લાહ લેજે. અલબતાં, તું મને મોંઢેથી ખુલાસો કરવાની હિમ્મત ધરાવી શકશે નહીં, અને તેથી મને એક પલાન સુઝે છે. જો તું તારા પૈસાની જાળમાં પડવા ઇચ્છતી હોય, અને પૈસાના જોરે માન અકરામ અને ખુશામતયાઓની મીઠી પણ ઝેરી ખુશામતની મુર્તી બનવા માંગતી હોય, જો તું એમજ ધારતી હોય કે પૈસામાં સુખ છે, અને એટલું બીજી કોઇ ચીજમાં નથી, તો તે દિવસે હીરા મોતીની જણસો પેહરી ઝકઝક થતી મખમલનો જભ્ભો પેહરજે. અગર જો તું મને

ચાહતી હોય ને પૈસો ત્યાગ કરવા ઇચ્છતી હોય તો, આજે હું તને સાદાઇમાં સજાયલી જોતું છું. એવાજ પોશાકમાં હું તને તે દિવસે જોવા ઇંતેજાર છું. તારા દિલના વિચાર તારા પોશાક ઉપરથી હું પામી જઇશ. જો તું મખમલના પોશાકમાં આવશે, તો હું થોડી વાર પણ થોભીશ નહીં, પણ જો તું સાદા લેબાશમાં આવશે તો ત્યાં થોડો વખત કલાડીશ." એમ કહી તેણે પોતાનો હાથ શેકહેન્ડ માટે લંબાવ્યો, જે હાથ તેણીએ જરા મજબુત દાબ્યો અને પછી છોડી દીધો, પણ આ સઘળો વખત તેણાની નજર જમીન તરફ ટીકેલી હતી.

જ્યારે તે સીડી સુધી ગયો ત્યારે જેનીએ તેને પાછો બોલાવ્યો, અને પૂછ્યું.

"પણ એક વાત હજી તમે મને કહી નથી. જો હું દોલત છોડી દેવાનો ઠેરાવ કરૂ તો એ દોલતનું મારે શું કરવું તે તમે મને જણાવ્યું નથી."

"તેં મારા હરિફને પાછી સ્વાધીન કરવી. તે ગમે તો જેની રૉજસ નામની માસ્ટરણ છે તેને આપે, તેનો વર કાંઇ મારા જેવો અદેખો નહીંજ હશે."

"બીજી જેની રૉજસ ?"

"હા, અને મેં સાંભળ્યુ છે જે તેણી એક ઉમદા ખવાસની સ્ત્રી છે."

"બસ, હવે તમે જાવો, બીજું મારે કાંઇ પૂછવું નથી," જેની બોલી.

તેણે પાછું ફરીને જોઇ લીધું, કારણ કે કદાચ તે હવે આ બંગલામાં પાછો આવી નહીં પણ શકે.

એટલું તો ખરૂં કે જોન ડી સુઝા ચીતારાએ આજે જેનીને જેવી દેખાવડી, જેવી રૂપાળી, જેવી સુશોભીત જોઇ તેવી હવે પછી કોઇ દિવસ જોય એવી આશા તેણે પોતે છોડી.

ચીતારો મનમાં સારી રવેશે સમજતો હતો કે આટલી બધી હદ સુધી તેણીના પ્યારને કસોટી ઉપર કસવો એ છેક જુલમ થવા ગયો—રસ્તે પડતાં તે વિચારવા લાગ્યો કે જો તે એટલો સખ્ત નહીં થયો હોત તો આ પળે તો તેણી મારી ગોદમાં હોત, પણ સખ્તાઇથી તો કદાચ જીંદગી સુધીની જુદાઇ અને જુદાઇનો વીલાપ લાગુ પડશે. આ વિચારથી તે ચાલતો અટકયો. થોડી વાર વિચારમાં ઉભો, અને પાછો જેનીના બંગલામાં દાખલ થયો, જ્યાં જેની બાગમાં એક બાંક ઉપર માંથે હાથ દઇ બેઠી હતી.

"કેમ વાહલા કાંઇ પાછું આવવું પડયું. કદાચ તમે તમારો વિચાર છોડી મારી તરફ દયા કરવા આવ્યા હશો ?"

"નહીં વાહલી, હું તને એક છેલ્લી ચુમી લેતાં ભૂલી ગયો."

એમ કહી તેણે તેણીને એક નરમ ચુમી લીધી અને પછી બન્ને હાથ છાતી ઉપર મેલી ચશમ અને ચેહરા ઉપર પ્યાર રજુ કરી બોલ્યો. "અરે જેની જેની, હું તને ચાહું છું."

એમ બોલી તે ત્યાંથી હિમ્મત પકડી ચાલી ગયો, અને હવે પાછો આવ્યો નહીં.

પ્રકરણ ૩૨.

નવી ધાસ્તી.

ચીતારો બંગલામાંથી નિકળ્યો તેવોજ એક ઓરતની સામે થયો. કુદરત માણસને શું શું કરાવે છે તે કહી શકયે પણ શા માટે

તેમ કરાવે છે તે કહી શકાતું નથી. ચીતારાએ કુદરતી રીતે તેણીને ઉભી રહેવાની ઇસારત કીધી, પણ તેણી જાણે જોતી નહીં હોય તેમ અંદર ચાલી ગઇ.

"એ તો, પેલી ફરંગણ! પેલી ફરંગણ! ઓળખાય નહી તે માટે બહુ ફેરફાર કીધેલો લાગેછ, અને જાણે કેવી એક ગ્રહસ્થ સ્ત્રી હોય તેવી દીસે છે. આહ! પણ હું ઓળખ્યા વિના રહું નહીં. એજ એજ પેલી ફરંગણ!" એ પ્રમાણે તે બોલતો કુદરતી રીતે બાહાર નિકળ્યો.

"અરે મારા ખુદા! મારી વાહલી જેની આ ડાકણના પંજામાં હજી છે શું! એ એને ઓળખતી હશે કે?"

એટલામાં જેનીનો એક નોકર તેને સામેથી મળ્યો તેને પૂછ્યું,

"હમણા પેલી એક સ્ત્રી બંગલામાં ગઇ તે કોણ?"

એ કપડાં સીવનારી છે. જેનીના કપડાં એ સીવી લાવે છે. વારંવાર આવે છે."

"એમ તો નહીં હાય કે હું ભુલ્યો હોવું," ચીતારો શકમંદ થઇ વિચારમાં પડ્યો.

"એ સ્ત્રી કયા મુલકની છે?" ચીતારાએ તે નોકરને પૂછ્યું.

"કોણ જાણે પણ ઇંગ્રેજી આવડે છે" નોકરે અસંતોષકારક જવાબ દીધો.

પણ ચીતારાને ધ્યાન આવ્યું કે પેલી ફરંગણને તો ઇંગ્રેજી ન આવડતું હતું. આથી તેને વધારે શક ગયો કે આ સ્ત્રી તે ફરંગણ હોય નહીં. હવે શું કરવું તેના ગભરાટમાં તે આસ્તે આસ્તે આગલ ચાલ્યો. પાછો તેણીના બંગલે જવા તે નારાજ હતો. તે છતાં તેણીને કાંઇ જોખમ થાય તેનો ભય તેને કાયર કરવા લાગ્યો,

પરંતુ ગમે તેમ કરી તેણે મક્કમ મન કીધું કે પોલીસ પોતાનુ કામ સારી પેઠે સમજે છે તેથી તેની ઉપર વિશ્વાસ રાખવો.

તે સીધો ચાલ્યો ને રોડરીગીસ જે પણ મુંબઇથી પુને આવજાવ કર્યા કરતો હતો તેને ઢુંડી કાહડયો અને તેને પોતાના મનનો શક કહી સંભળાવી તેના કાન ખોલ્યા. ત્યારે રોડરીગીસે તેને તેની અજાયબી અને તેના સંતોષ વચ્ચે કહી સંભળાવ્યું,

"અમે તે ફરંગણની શોધમાં છીએ પણ તેણી મિસ રૉજસના ઘરમાં મલી આવશે એમ અમે સ્વપ્ને પણ આશા રાખી ન હતી. તેણીએ વેશ બદલ્યો છે. નહી ?"

"જો હું ધારૂં છું તેજ સ્ત્રી તે હોય તો વેશ બદલવામાં કાંઇ જેવી તેવી હુસ્યારી બતાવી નથી. હાલ તો એવો ડ્રેસ કીધો છે જે જાણે કોઈ એમજ કહે કે તેણી ગ્રહસ્થ સ્ત્રી છે. આજ કાલ બસ જેને હું મારી જેનીના ઘરમાં કે પડોસમાં જોવું છું તેની ઉપર ટીકી ટીકી ને નજર કરી તે કોણ છે તે જાણવાની કોશેશ કરૂં છું તેથી, નહીં તો મારી જગ્યે બીજો કોઇ પણ હોત, તો તેણીને ઓળખી શકત નહીં," ચીતારાએ કહયું.

"અને ત્યારે તમને મજબુત શક છે જે તેણી તે ફરંગણજ છે ?" રોડરીગીસે પૂછયું.

"હા અને ના. હું ધારૂ છું કે તેણી પેલી એનેટા ફરંગણને મલતો ચેહરો ધરાવે છે. તેના બેડોલ ચેહરા તરફ જોયું કે તૂરત મારા દિલમાં કાંઇ ધસક પડી અને મારો જીવ કમકમવા મંડયો," ચીતારો બોલ્યો.

"બસ એટલીજ ખબર આપી શકો છો, બીજી વધુ નહીં ?" રોડરીગીસે પૂછયું.

"બસ. પણ એ પૂરતી છે. એની ઉપરથી તમે તપાસ કરી શકશો. એ સ્ત્રી વારંવાર જેની આગલ આવે છે તેથી એ ખરેખર કોઇ ગ્રહસ્થ સ્ત્રી છે કે નહી તે જાણ્યા વિના હું નિરાંતે બેસી કે ઉંઘી શકીશ નહીં."

"ઠીક છે, હું આ તે માટેજ ચાલ્યો," રોડરીગીસ બોલ્યો.

"અને તે જો તે પેલી ફરંગણજ હોય તો?" ચીતારાએ પૂછ્યું."

"તો તેનો રસ્તો કરીશું," રોડરીગીસે જવાબ દીધો.

"ઠીક છે રોડરીગીસ મારો તમારી ઉપર પૂરતો વિશ્વાસ છે. તમે જાણો છો કે મારા દિલમાં મારી જેની વિષે મને કેટલી બધી ફિકર રહે છે. તમે પોતે કહેતા હતા કે મીરાનડાની યોજના પેલી સ્ત્રી આગલ ચલાવતી જશે. હવે મોટી દોલત મેલવવાની જ્યારે તેણીની આશા ભંગ થઇ ગઇ છે ત્યારે કદાચ દિલમાં મેલ રાખી કપટ કીનો લેશે એમ નક્કી માનવું," ચીતારો બોલ્યો.

"ઠીક છે, આપણે આપણી સંભાળમાં રહીશું."

"પણ મને ઉંઘ કેમ આવશે?"

"ફિકર નહીં, બે કલાક વધારે ઉંઘ કાહાડો; એ કામ અમારૂં છે."

"એ કામ તમારૂં છે, અને તમારી હુસ્યારી વિષે મને કાંઇપણ શક નથી. હું નહો ધારતો હતો કે પોલીસ ફોજમાં મારો મિત્ર છે તે મને એટલો બધો કામ લાગશે."

આથી રોડરીગીસ હસ્યો પણ તે તે વખતે કાંઇ વિચારમાં હતો, અને તેથી તેનો સ્વભાવ હાલ ઠીક ન હતો.

"ત્યારે હવે તમને પાછો કયારે મલું?" ચીતારાએ પૂછ્યું.

"મલવાનું કાંઇ કામ નથી—જો કાંઇ પણ તમને જણાવા જેવું હશે તો હું પોતે આવીશ અથવા લખી જણાવીશ, પણ એક વાત મારે પૂછવી છે. શું તે ફરંગણુ એટલી બધી બદલાઇ ગઇ છે જે જેની રૉજસ તેને ઓળખી શકતી નથી?" રોડરીગીસે કાંઇ અજબ ઢબથી ચીતારાને પૂછ્યું.

"હું ધારૂં છું કે તેણીને કોઇ ઓળખી નહીં શકે, કારણ કે પેહલેની ફરંગણુ અને હાલની ફરંગણુમાં આશમાન જમીનનો ફેર છે."

"હું ધારૂં છું કે તે ફરંગણુ નહીં હોય. ફકત ફાંનો લેવા તે ચાલી ચલાવીને જેનીના ઘરે નહીં આવે; પણ આપણે જોઇશું. બધાંને ઠગશે પણ પોલીશને ઠગવું મુશકેલ છે," રોડરીગીસ બોલ્યો.

આટલી વાત કરી બન્ને મિત્રો છૂટા પડયા. રોડરીગીસ ચીતારાને મલ્યો નહીં કે જેણે કાંઇ કાગજપત્ર પણ લખ્યો નહીં, અને દાહડા નિકળી ગયા, અને લુસી પીન્ટોને ત્યાં મેલાવડો હતો તે દિવસ પણ આવ્યો.

પ્રકરણ ૩૩.

મેલાવડાની આગમજની પળો.

મિસ લુસી પીન્ટોને ત્યાં મેલાવડાનો દિવસ આવ્યો, અને તે દિવસની બપોર પડી. હવે કયો પોશાક બદલવો? જેની રૉજસ પોતાના ડ્રેસ કરવાના ઓરડામાં એકલી અટુલી બેસીને કોચ ઉપર બે જભ્ભા (ગાઉન) તરફ જોતી વિચારમાં પડી. તેમાંનો એક સાદો ગાઉન હતો જ્યારે બીજો મખમલનો ભપકાદાર હતો. તેણીની જીંદગીની સઘલી પળોમાં હૉલના વિચારનું સેવટ લાવનાર પળ બહુ અગ-

લતા ધરાવે છે. તેણી હજી **અચોકસ હતી એમ** કહેવાનું કારણ એ કે તેણીની આંખો સાદા પોશાકથી ભપકાદાર તરફ, અને ભપકાદાર તરફથી સાદા તરફ ફરયા કરતી હતી. ઘડીમાં તેણીનું અંતઃકરણ સાદો પોશાક પેહરવા સુચવતું હતું અને ઘડીમાં ભપકાદાર પોશાક પેહરવાનું તેણીનું મન થતું હતું.

ફકત તેણીની આંખ તેણીનું અચોકસપણું બતાવતી હતી એમ નહીં સમજવું. સાથે લાગ્યાં તેણીના હાથ પણ ચાલતા હતા. ઘડીમાં તેણી સાદા પોશાકને ઉંચકતી હતી. બીજીજ પળે તે મુકી દઇને મખમલનો ગાઉન હાથમાં લેતી હતી. એનું છેવટ શું આવ્યું? મનના વિચાર વચ્ચે મારામારી ચાલી રહી હતી. કોને પસંદ કરવું, **પ્યારને કે પૈસાને?** કોને વધારે સરસાઇ આપવી, **પ્યારને કે પૈસાને?** કોને દિલની માંહે જગ્યા આપવી, **પ્યારને કે પૈસાને?** એ વિચારમાં તેણીએ ઘણો વખત કાહડયો.

મેલાવડો ભેગો થવાનો વખત થયો. હવે કાંઇ પણ છેવટ લાવવું જોઇએ. બેમાંથી એકને પસંદ કરવું જોઇએ. એ વિચારમાં ધાસ્તી, ખ્યાલ, અને નાજુકાઇના ગુણો ઉભરાવા લાગ્યા. એટલે છાતી ધાસ્તીથી ધબધબ થવા લાગી, ખ્યાલ ઉપર ખ્યાલો આવવા લાગ્યા, અને નાજુક હોવાથી તેણીનું અંગ થર થર કંપવા લાગ્યું.

ચીતારાને તેણી ચાહતી હતી તેમાં શક કાંઇ નથી. પણ ત્યારે શું તેને માટે અથાગ દોલત તજવી? એમ કરવું વાજબી કહેવાય? એ ડાહયું કહેવાય? એમાં સલામતી સમજાય?

મખમલનો ગાઉન લઇને દિલ ઉપર મુકી આરસીમાં જોય છે કે કેવો લાગે છે, 'વાહ! કેવો મજાનો લાગે છે!' પણ તેટલામાં સાદાની તરફ નજર પડી એટલે મખમલનો ગાઉન હાથમાંથી ભોંય ઉપર પડી ગયો. તેણીએ સાદો હાથમાં લીધો ને છાતી સાથે દાબ્યો એટલે પ્યારે સરસાઇ મેલવી અને બસ તેણીએ તેજ પેહરવાનો ઠરાવ કર્યો.

પણ તે પળે બારણું ઠોકાયું ને તે ઉંઘાડયું તો માલમ પડયુ કે પેલી મીલીનર ડ્રેસ સીવનારી તરફથી એક સ્ત્રી આવી હતી. તેણી વારંવાર આવતી હતી પણ આ વખતે આ સ્ત્રી આવી ત્યારે સાદો પોશાક હાથમાં હોવાથી જેની જરા શરમાવા લાગી.

" બાઇ સાહેબ, તમે ડ્રેસ કરવા મારી બાઇને બોલાવી હતી તેણી સીક છે તેથી મને મોકલી છે. "

" અંહ ! મને મોટા મેલાવડામાં જવું છે. હું તે મેલાવડાને છાજતો ડ્રેસ કરવા માગું છું, પણ સાદોજ પોશાક પેહરવા ઇચ્છુ છું. "

પેલી સ્ત્રી તેણીના બાલ સાફ કરતી બોલી, " વાહ કેવા લાંબા બાલ, કેવા ઝીણા કેવા સુવાળા, હુંબી ખરી કે એવા સરસ બાલ હોળુ ને ગુંથુ કે બાઇ સાહેબ તમારો ભપકો મારી રહે. "

" કેમ તારી બાઇને શું છે ? " જેનીએ બાલ હોળાવતાં પૂછ્યું.

" શું છે તે હું નહીં જાણુતી. એકાએક જીવ બગડી આવ્યો. ડાકટરો કાલે આખી રાત તેની પાસે બેસી રહયા હતા. "

" એટલું છતાં તને આજે મોકલવાનુ ધ્યાન રાખ્યુ? "

" હા બાઇ સાહેબ. તેણીએ મને બોલાવીને કહયુ કે જાઓ મિસ રોજર્સ વાટ જોશે. બાઇ સાહેબ તેણી ઘણી વિચારવંત છે. "

" પણ આટલી માંદી છતાં! "

" મને તો લાગેછ કે રાત ભાગ્યે કાહાડે. "

આ સાંભળી જેનીને કાંઇ અકળવકળ થઇ અને બોલી, " ઘણુ દુ:ખદાયક છે, " એટલુ છતાં જેનીએ મોં ઉપર ઝાઝી ગમગીની પથરવા દીધી નહીં.

ડ્રેસ કરી રહીને પછી પેલી સ્ત્રીને ત્યાંથી જવા કહયું તે ત્યાંથી ચાલી ગઇ.

"સાદો પોશાક પેહરી રહી આરસીમાં જોઇ બોલી, "ફિકર નહીં. બસ હું ચીતારાની ધણીઆણી થવામાં માન સમજુ છું. આહ! તે આજે કેટલો ખુશાલ થશે! નહીંતો અરે તે કેવો નાસીપાસ થાત! આહ! દુન્યાની કોઇબી ચીજ, કોઇબી લાલચને માટે, જે પ્યારથી મને તે ચાહેછે તે પ્યારને હું ધિક્કારી શકતી નથી. હું તેને ચાહું છું અને તેથી ૩૦ લાખ તો શું પણ ૩૦ કરોડ રૂપીઆને પ્યારની આગલ કોરે મુકું."

પછી ગળાં ઉપર હાથ ફેરવતાં માલમ પડ્યું તેથી બોલી, "અરે મારી લાકીટ ભૂલી ગઇ."

આ લાકીટ સિવાય બીજું ઘરેણું પેહરતાં ચીતારાએ તેણીને કદી દીઠી હતી નહીં આ લાકીટમાં ચીતારાએ આપેલાં ગુલાબના ફુલો ના સુકકા પાતરાં તેણીએ રાખી મેલેલાં હતાં તે તેણી વારંવાર ઉઘાડી જોતી હતી, તે પ્રમાણે આ વખતે ઉઘાડી જોઇ, પણ ત્યાં ગુલાબના પાતરા બદલે કાગજનું બંડલ જોયું.

જેનીને તૂરત વિચાર આવ્યો કે આ લાકીટ લુસી પીન્ટોના લાકીટ સાથે બદલાઇ હશે, કારણકે બન્નેની લાકીટ એકમાંની હતી.

માંહેથી કાગજ કાહાડીને વાંચ્યુ જે નિચે પ્રમાણે હતુ:—

"મારે હવે વચમાં ધુસવું નહીં. મારી આશા ને ઉમેદો મારે ભૂલી જવી. તેણી તેને ચાહે છે એમ મારે ધ્યાનમાં રાખવું જોઇએ. અને તેને તેણી પણ ચાહશે તો તેણી સુખી થશે. ઉલટું હું બન્નેને સાથે મેલવી આપવાની કોશેશ કરીશ. મને તેણી વાહલી છે અને હવે તેણીને દોલત મલી છે તે ઉપરાંત પ્યારમાં રહે તો અતી ઘણી સુખી થશે. બસ હવે એ લોકનું જોડું સાંધવું એજ મારૂં કામ છે. ખોદા મને એ કામમાં મદદ કરે! આમીન!"

અક્ષર લુસી પીન્ટોના હતા ! લુસી પીન્ટોએ આ ચીઠી લખી હતી ! લાકીટ લુસીની હતી તેમાં કાંઇ શક નહી ! આ કેવા વખતે જેનીને લુસીના દિલની છુપી વાત માલમ પડી ! આથી જેનીના પગ ધુજવા લાગયા અને તેથી તેણી ઇઝીચેર ઉપર બેસી ગઇ. તેણીએ ચીઠી ફરીથી વાંચી. વાંચતા વાંચતા તેણીની આંખમાં આંસુ આવ્યાં. તેણી ડચકા ખાવા લાગી. તેણીનું દિલ ગમખ્વાર થયું. અને છેવટે તેણી પોતાના હાથમાં માથું દાબીને કેટલોકવાર બેઠી.

તેણીના વિચાર શા હતા ? ચીતારા સાથની લુસીને દોસ્તી કેવા પ્રકારની હતી તેનું પેહેલેથી તેણી અવલોકન કરતી હતી તે સિવાય બીજો વિચાર તેણીને હતો નહી. હવે તેણીને સમજ આવવા લાગી કે લુસી પીન્ટોના દિલમાં ચીતારા તરફ પ્યારે ઘર કીધેલું હોવા છતાં, મિત્રાચારી અને મોહબતને લીધે તેણી પોતાના સુખનો ભોગ આપતી હતી. લુસી પીન્ટોના ઉમદા ખવાસની તેણી તારીફ કરતી હતી, જ્યારે થોડુંક થયું તેણીએ પોતે પ્યાર અને પૈસા વચ્ચેની મારામારીમાં સામેલ થઇ કેટલો વખત ગુજારી કાઢયો હતો તેનો વિચાર કરી લુસીના ઉમદાપણાં સાથે પોતાના નિચપણાંનો મુકાબલો કરતી હતી.

"લુસી સાત દાહડા પણ નહીં થોબત ! તેણી તૂરત શું કરવું તે નિશ્ચય ઠરાવપર આવી જાત ! મારા કરતાં તેણી ચીતારાને વધારે ચાહતી હશે ! અને મારા કરતાં લુસી તેને વધારે લાયક છે ! મારા કરતાં તેણી તેને વધારે સુખ દેખાડે તેમાં કાંઇ શક નથી."

આ પળે તેણીએ લોકીટ ખરીદી હતી તે વખતનો વિચાર આવ્યો. તેઓ બંન્ને સાથે લાકીટ ખરીદવા ગયાં હતાં. ત્યાં તેમને એકાએક વિચાર આવ્યો કે આપણા એકમેક તરફના પ્યારની ઇધાણી

દાખલ આપણે બંન્ને એક સરખી ચીજ પેહરીએ. ત્યાં બે એકમાંની લાકીટ જોવાથી લુસીએ એક તુરત લઇ જેનીને આપી હતી. અને જેનીએ તેમાંની એક ઉંચકીને લુસીને આપી હતી. આ પ્રમાણે બેટ આપી તેઓએ છુપા શબ્દોમાં પોતાની મિત્રાચારીના ગાંઠ ઉપર બીજો એક મજબુત ગાંઠ મારયો હતો.

પણ એ લાકીટો બદલાઇ કેમ તેનો જેની વિચાર કરી શકી નહીં એમ કદાચ હોય કે થોડા દિવસની વાત ઉપર તેણી લુસીને બંગલે મલવા ગઇ અને ત્યાંથી આજે ફરવા જતી વખતે ડ્રેસ કરતી વેળા બન્નેએ એક ઓરડામાં ડ્રેસ કર્યો હતો અને બન્નેએ લાકીટ એકજ ટેબલ ઉપર કાઢીને મેલી હતી, અને તેથી પાછી પેહેરતી વેળા ઉચકતાં બદલાઇ હોય—

ગમે તે હોય પણ આ લાકીટના બદલાવાથી તેણીને એક મોટો ભરમ મલ્યો અને તેથી તેણીની રગેરગમાં લોહી ડબલ જોસથી દોડવા લાગયું.

લુસી ચીતારાને ચાહતી હતી. જો જેની રૉજર્સને નહીં દીઠી હોત તો ચીતારો લુસીને ચાહત. શું લુસી દરેક રીતની ખોટ ખમે? લુસી જેનીને બેહદ અને અતીશય ચાહતી હતી અને જેની લુસી તરફ ઘણીજ મોહબ્બત ધરાવતી હતી, ત્યારે જો લુસી પોતાનું હમેશનું સુખ પોતાની મિત્ર ખાતર ખોવા તૈયાર થઇ તો શું જેની પોતાનું મતલબીપણું સાચવા પોતાના મિત્રને સદા ગમખ્વાર જોઇ દેખી શકે? નહીં, જેની કાંઇ એટલી નગુણી ન હતી લુસી જેવી સાચા સહીને ભૂલે ને દુખી થવા દે.

તેણીએ થોડી પળમાં વિચાર કરી લીધો. જે ગાઉન ચીતારાને પસંદ હતો તે પેહેરેલો છતાં તેણીએ કાઢી નાખયો, અને તેને બદલે ભપકદાર લોકોનું ધ્યાન ખેંચનારો મખમલનો ગાઉન પેહર્યો, કે જેથી ચીતારો નાસીપાસ થાય, પોતે દુઃખી થાય, પણ લુસીને સુખી થવાની આશા રહે.

પ્રકરણ ૩૪.

મેલાવડો.

વાંચનારને ખબર આપવી જોઇએ કે જેનીનો નવો બંગલો જેટલો સાદો હતો તેટલો લુસીનો ભપકાદાર હતો, પણ આ મેલાવડાની વેળા તેને વધારે સણગારવામાં આવ્યો હતો. દરવાજાથી તે છેક હૉલ સુધી જાણે એક બાગે બેહસ્તમાં ફરતા હોઇએ તેવો તેને બનાવી દીધો હતો. બાગની હમેશની ગોઠવણમાં વધારો કરવામાં આવ્યો હતો. લુસીના બાહોશ માલીએ ફુલપાનના તહરેવાર આકારો રજુ કરયા હતા. વીજળીક રોશણીની ગોઠવણ કરવામાં આવી હતી. બીજાં રંગ બેરંગી ફાનુસોનાં આરકાં મેલી દીધાં હતાં. થોડે થોડે છેટે લાલ પીલા રંગ બેરંગી વાવટાની કાઠીઓ ચઢાવી દીધી હતી. એ પ્રમાણે હમેશના બાગના અને બંગલાના ભપકામાં પૈસાનો ધુમાડો કરીને, અતીઘણો વધારો કરી મેલવામાં આવ્યો હતો.

ભપકાદાર અને આંખને ઝાંખ મારે એવા ભપકાદાર ચળકતા પોશાકોથી હૉલ ચીકાર ભરાઇ ગયો હતો. મરદો અને ઓરતો એક એકના પગે વીંટળાતાં હતાં.

જેની આ વખતે બહુ દીપી રહી હતી. તેણીનો આશક કહેત કે તેણી આ વખતે હમેશ કરતાં વધારે દીપતી હતી; પણ તેણી એક બાજુ ઉપર બેસી રહીને ઝાઝી કોઇ સાથ ભેળાતી હતી નહી. ફક્ત જેઓ તેણીની આગળ જઇને વાત કરતાં હતાં તેમને ટુંકમાં જવાબ આપી પટાવતી હતી.

ઓરડામાં કોઇ પણ મરદનો આકાર તેણીની નજરે પડતો તો તે વેળા તેણી નજર ફેરવી નાખતી હતી, કારણકે તેણી તેમને

જોઇને બીહની હતી. તેણી જેમ બને તેમ પડખેની બારીવાટે જઇ ઉભી રહેતી હતી કે જેથી કોઇ મરદ તેણીની નજરે પડે નહી. તેણીનો જીવ ફરતો હતો. તેણીની આંખે અંધારાં આવતાં હતાં. તેણી ત્યાંથી પોતાના ઘર ચાલી જવા ખુશી હતી, મગર લુસી નારાજ થાય તેથી તેવો વિચાર માંડી વાળતી હતી.

તેટલામાં એક બાનુ પાસેના કોચ ઉપર બેઠેલી હતી તે બીજી સાથે વાત કરતી હતી તે વાત તેણીના કાને પડી:

"જુવો, પેલો મી૦ સુઝા પેન્ટર, એ કાલે વેલાત જાય છે, એમ મારા ભાઇએ મને લખ્યું, કારણ કે મારા ભાઇની આફીસ-માંથી એણે સ્ટીમરની ટીકીટ ખરીદી છે: વેલાત જઇને એ પોતાનો હુન્નર દેખાડી વધુ નામના કરવા માંગે છે."

આ શબ્દ સાંભળી જેનીને વધારે ચક્કર આવવાથી તેણી તુરત પાસેના કોચ ઉપર અરડાઇ પડી. ડી સુઝાએ (પેન્ટર) નિરાશ થાય તો મુંબઇ છોડી જવાનો વિચાર કરી રાખ્યો હતો તેથી તેણી આ રીતે વાકેફ થઇ. ત્યારે શું ચીતારો નિરાશી થશે એમ અગાઉથી માનતો હતો? ત્યારે શું જેનાનો પ્યાર સાચો નથી એમ તે માનતો હતો? જેની પોતે આવો વિચાર કરતી કોચ ઉપર પડી રહી.

આ વખતે જેનીને પોતાના આશકનોજ ખ્યાલ હતો. મેલાવડો અને મેલાવડામાં હાજર થયલાંનું ભાન તેણીને બીલકુલ હતું નહીં.

જેની હવે કેમ કરવું તેના વિચારમાં પડી. ડી સુઝા ચીતારો અંતે મને મખમલના પોશાકમાં હાજર થયલી જોઇ બેશક ચાલી જશે અને બીજે દિવસે વેલાત જવા સ્ટીમર ઉપર ચઢી બેસશે તો હું સદા ગમખ્વાર થઇશ એવા વિચારથી તેણીને છેવટની પળે કાંઇ ઉપાય શોધવો પડયો. તુરત તેણીને ભાન આવ્યું કે જેવો સાદો સફેદ પોશાક મારી પાસે છે તેવોજ લુસી પાસે એક કાલો છે.

આ પ્રમાણે મક્કમ વિચાર કરી પાસેની ત્રીપઇ ઉપર વાઇન અને શરબતના શીશા હતા તેમાંથી શરબતનો શીશો લઇ ગલાસમાં રેડવાંના ઢોંગ કરી જાણી જોઇને મખમલનો ગાઉન ખરડી નાખ્યો, અને એવું બાહાણું કહાડીને લુસીના ડ્રેસીંગ રૂમમાં પેલો સાદો પોશાક પેહેરવા દોડી. લુસી કામમાં હતી પણ તેણીની રજા લેવાની કશી જરૂર ન હતી, એમ સમજી તેણીએ તૂરત તે સાદો કાલો પોશાક સજ્યો. તે પોશાક પેહરીને તેણી ઓરડામાંથી બાહાર આવે નહીં તેટલામાં કોઇ એક જણ ચીઠી હાથમાં મેલી એવી તો ઝડપથી ચાલી ગયું કે બોલવાની વાત નહીં. તે કાગજ વાંચતાં ભેદભરેલા શબ્દો વાંચી તેણી ચોંકી. ઓરડામાંથી બહાર નિકળતાં એક ઓરત સામે થઇ. તે ઓરત બીજી કોઇ નહીં પણ પેલી મીલીનર તરફથી જે ઓરત સહવારે આવી હતી તે હતી.

"કેમ તું અહીં આવી?"

"મારી બાઇએ સહવારના મોકલી ત્યારે આ સાદો પોશાક તમારે માટે સીવેલો તે આપવા કહયો હતો પણ તે લાવતાં હું ભૂલી ગઇ, તેથી બાઇએ મને પાછી મોકલી"

આ પોશાક બરાબર તેણીના સાદા પોશાકની જોડ હતી.

તે તૂરત તેણીના હાથમાંથી લઇ તેણી ફરીથી ડ્રેસીંગરૂમમાં ગઇ અને પેલો કાલો પોશાક કહાડીને સફેદ પેહર્યો. બીજી બાજુ ઉપર મિસ લુસી પોતાની વાહલી બેનપણીને ન જોઇ શોધમાં પડી તેટલામાં તેણી હૉલમાં કપડાં બદલીને આવી.

લુસીના સવાલનો જેનીએ ટુંકમાં જવાબ આપ્યો કે મારા ગાઉન ઉપર શરબત ઢોળાયું તેથી આ પોશાક બદલી નાંખ્યો.

એમ કહી તેણી એવી જગ્યે હૉલમાં જઇ બેઠી કે તેણી બધાંને જોય પણ તેણીને કોઇ ઝાઝું જોય નહીં. તેણી બારી વાટે

જોયાજ કરતી હતી. તેણીને ખબર હતી કે ચીતારો હૉલમ બેઠેલો છે.

તેણી બારી વાટે જોતી હતી તેટલામાં તેણીના ખભાં ઉપર એક હાથ આવી પડયો. આ હાથ કોઇ બાનુંનો નહી હતો પણ એક ગ્રહસ્થનો હતો. તેને જોઇને તે ચોંકી. આ ગ્રહસ્થ પેલો પોલીસનો અમલદાર રોડરીગીસ હતો.

"માફ કરજો મને કાંઇ તેડું નથી, પણ હું તમને એક ખબર આપવા આવ્યો છું. પેલી તમારી મીલીનર જે તમારા પોશાક સીવતી હતી તે મરણ પામી છે."

આ વખતે રોડરીગીસે જેનીના મોં ઉપર કાંઇ અજાયબ ફેરફાર જોયો. જેની રોડરીગીસના ઉપલા શબ્દો સાંભળી એટલુંજ બોલી,

"સારૂં થયું!"

"હા, સારૂં થયું! ત્યારે એ કોણ હતી તે તમે જાણતાં હશો?"

જેની આ સવાલથી જરા ગભરાઇ પણ જવાબ ન આપ્યો અને ત્યાંથી ખસી ગઇ.

લુસીને તૂરત શોધી કાઢીને તેણીને જેની કહેવા લાગી,

"લુસી, હું આખા મેલાવડા આગલ બસ પીઆના ઉપર ગાવા બેસુંછ!"

"તું 'પ્રેકટીસ' તો કરતી નથી."

"ફિકર નહી, મને અગાઉની 'પ્રેકટીસ' સારી છે. ચીતારાએ સ્ટીમરની પાસેજ લીધી છે તેની તને ખબર છે કે નહીં?"

"અંહ! શું!" એમ કહી લુસીથી એક નાની ચીસ પડાઇ ગઇ.

"હા, અને મેં તારાથી બધી વાત છુપાવી છે માટે માફ કરજે. અમારા વચ્ચે સરત થઇ છે કે જો હું આ મેલાવડામાં સાદો પોશાક પેહરી આવું તો હું તેની દરેક માગણી કબુલું છું અને મખમલનો પોશાક પેહરૂં તો હું તેનો હાથ કબુલ રાખતી નથી એમ સમજવું. હું ઘરથી મખમલનો પોશાક પેહરી આવી તે તેને જોયો, તેથી મારી આગલ આવતો નથી, અને મારી તરફ જોતો પણ નથી. પણ મેં પોશાક બદલી નાખ્યો છે અને મારો વિચાર ફેરવ્યો છે તેની એને ખબર નથી, વાસ્તે જો હું ગાવું તો મને જોશે એટલે બસ. નહીં તો પેલા ડિટેકટિવ સાથ વાત કરીને ઉઠી જશે ને ચાલી જશે."

એમ કહી તેણીએ ગાવાનું શરૂ કીધું. એક વખતે તેણી મુંબઇના ટાઉન હોલમાં કોનસર્ટોમાં ભાગ લેતી હતી તે જેની, હાલ જોકે તેણીએ કેટલો વખત થયાં ગીત ઉપરથી દિલ ઉઠાડી મેલ્યું હતું તોપણ, તેણીનું ગાયણ એટલું તો ખેંચાણ કરી રહયું કે બધાંની નજર તેણીની ભણી ખેંચાઇ.

ચીતારાએ પણ તેણીની તરફ જોયું. રોડરીગીસ ત્યાંથી ચાલી ગયો પછી તે ત્યાંથી ઉઠયો અને જેની આગલ આવ્યો, તેણીની નજર સાથ પોતાની નજર મેલવી, તેણીને કાંઇ ધિરજ આપતો હોય તેમ જણાયો, પણ થોડી પળમાં હૉલમાંથી બારણા તરફ, અને બારણામાંથી દરવાજા તરફ ચાલ્યો ને બાહાર નિકળી ગયો.

પ્રકરણ ૩૫.

ચક્કરનો એક આંટો.

મેલાવડા પછી ત્રણ દહાડા અને ત્રણ રાત વહી ગઇ પણ ન મલે ચીતારો કે ન મલે ચીતારાની ચીઠી. જેનીને એટલો સધ્યારો હતો કે મેલ સ્ટીમર કલાઇવમાં ગયલા ઉતારૂઓમાં ચીત્તારાનું નામ ન હતું. પણ તેણે જવાનું મુલતવી રાખ્યું તેથી જેનીને ડંખ લાગ્યો, તેમજ તેણીના ઘાયલ થયલા જીગરને સેહજ આરામ થયો કારણકે એ ઉપરથી સિધ્ધ થયું કે તેણીનો છેલ્લો વિચાર તે સમજ્યો. એ વિચાર તેણીને ધિરજ આપનારો હતો, પણ એમ સમજવા ઉપરાંત તે તેણીને મલવામાં આટલી બધી ઢીલ કરતો હતો તે તેણીને દુઃખ ઉપજક હતું. કદાચ તે બીમાર તો નહીં હોય? નહીં એમ તેણી માનતી હતી નહીં—ત્યારે શું તેણીના છેલ્લા ઠરાવ ઉપર તેને વિશ્વાસ ન હતો? કદાચ એમ તો ન હોય કે તેણીના ડામાડોળપણા તરફ તેનું ધ્યાન ખેંચાયું હોય? એમ તો ન હોય કે તેણીના મનનું ડામાડોળપણું જોઇને તેણે પોતાનો વિચાર ફેરવી એ વાત ઉપરથી હાથ ઉઠાવ્યો હોય? આવા આવા દુઃખદાયક વિચારોથી તેણીની જીંદગીમાં ન ખમેલું દુઃખ તેણી વેઠવા લાગી. આથી તેણીનો જીવ ફરવા લાગ્યો—હાથ પગ ધ્રુજવા લાગ્યા—હવે શું કરવું તે સુઝ ન પડયું, તેથી એમથી તેમ મનમાં અચોકકસપણાને લીધે ઓરડામાં એમથી તેમ ફરવા માંડયું—આવી હાલતમાં તેણીને ખાવા પીવા પણ ગમે કયાંથી—હવે પોતાના વાહલાને કેમ મલવું—કયાં જવું—તેને કેમ ઢુંડી કાઢવો—એ કામ તેણીથી બને તેવું ન હતું—પણ એક વિચાર તેણીને આવ્યો જેથી તેણીનો ગભરાટ જરા નરમ પડયો, અને તે વિચાર એ હતો કે ચીતારો કયાં જવાનો છે—ચીતારાનું

દિલ તો મારા હાથમાં છે. ચીતારો પોતાનો વિચાર ફેરવીને મારી આગુલ આવ્યા વિના રહેનાર નથી.. એવો વિચાર તેણીને આવી ગયો, તેથી તેણી વખતને આધીન થઇને બેઠી કે જોઇએ વખત જતાં શું થાય છે—

પેહલાં ચીતારો એમ સમજતો હતો, કે જેની મારી તરફ બે-દરકાર છે. હવે જેની સમજવા લાગી કે ચીતારો મારી તરફ બેદર-કાર છે—

લુસી તેણીનો ગમ કેવા પ્રકારનો છે તે જાણુતી હતી-પણુ જેની તેણીની તરફથી દિલાસો લેવા રાજી ન હતી-તેણીને હાલ મ-લવા પણુ ઇચ્છતી ન હતી-લુસીની ખબર અંતર પૂછાવ્યા વિના તે-ણીને ચાલતુ ન હતું, કારણુ કે લુસીની માયા મેહરબાની જેની વી-સરી ગઇ ન હતી, પણ આવાં સંકટની વેળા તેણીને પોતાના વિચાર-માં એકલું પડી રહેવા વધારે ગમતું હતું—

જો આ પ્રસંગે જેનીએ લુસીને ફકત એટલુંજ કહયું હોત કે લુસી મને તું મારા ચીતારા સાથે મેળવ, તો લુસી પોતાનુ સ્વારર્થ બાજુ મેલી, મુંબઇ સુધી જઇને ચીતારાને તેના ઘરમાંથી લાવીને પુને હાજર કરત-પણુ લુસી જેનીને બંગલે જઇ ઘણું પૂછતી કે શું છે, તે છતાં જેની પોતાનું દુઃખ તેણીની આગલ વર્ણવા ખુશી ન હતી-અથવા ગમે તો કહો કે તેણીની આગલ ખસુસ કરીને આ વાત કહેવા તેણીનું દિલ ચાલતું હતું નહીં—

જેની પોતાના બંગલામાં અંદરના ઓરડામાં ભરાઇને સુઇ રહેતી હતી. તેણીએ પોતાના ઘરમાં કહી રાખ્યું હતું કે કોઇપણુ મરદ યા ઓરત મને મલવા આવે તો તેને કહેવું કે બાઇ ઘરમાં નથી-પણુ જો કોઇ જોન ડી સુઝા નામનો સખ્સ આવે તો તેને એકદમ બેસવા કહી મારી આગલ આવવું.

ઘણા દાહડા થઇ ગયા—એક દાહડો સુકરવારની સહવારના દસ વાગ્યા હતા—તેવારે ચાકરડી હસતી હસતી અંદર એક મરદના નામનો કાર્ડ લઇને દાખલ થઇ.

હજી તો ચાકરડીના હાથમાં દૂરથી કાર્ડ જોયો નહીં એટલામાં જેનીના દિલમાં એજગેબી ખુશાલી પેદા થઇ. ત્યારે અંતે ચીતારો જેનીને મલવા આવ્યો ખરો ? હા.

ચીતારાને હૉલમાં બેસાડવા કહી, તેણી દોલીઆ ઉપર ઝુકતી હતી તે ઉપરથી કુદકો મારી ઉઠી, હસવા લાગી, ગીતો ગાવા મંડી ગઇ, બાલ સમા કરવા લાગી—પોશાક ઠીકઠાક કરવા મંડી ગઇ, અને જેણે તેણીને આટલા દિવસ ગમખ્વાર દીઠી હોય તે જો હાજર હોત તો એમજ સમજત કે અચ્ચુચ જેની ખુશાલીથી ઘેલી ગાંડી બની ગઇ હતી—

ખુશાલ થતી તેણી હૉલમાં દાખલ થઇ—પણ હૉલના ઉંબર ઉપર પગ મુકયો નહીં એટલાંમાં તેણીએ જોઇ લીધું કે આ જોન ડી સુઝા ચીતારો ન હતો, પણ પેલો કરાંચીવાલો જોન ડી સુઝા હતો. જેની કરમ બક્ષેશથી તેણી દૌલતવાન બની હતી તે જોન ડી સુઝા તેણીને મળવા આવ્યો હતો.

હવે તેણી પાછી ચાલી ગઇ નહી, કે નહીં એકદમ મોહ્ડું દિલગીર બનાવી દીધું—પણ તેની સાથે વાતચીત કરવાની ફરજ જોઇ.

જેમ જેની ગભરાયલી હતી તેમ આ જોન ડી સુઝા પણ ગભરાટમાં હતો—કારણકે સેકહેન્ડ કરવાં તેનો હાથ એટલો કોઇવાર ધ્રૂજ્યો ન હતો—તેણીએ તેને બેસવા કહયું અને તે બેઠો, પણ બેઠો તેવો જેની તરફ પ્યારની નજરથી જોવા લાગ્યો—આથી જેનીના દિલને નવું દુઃખ થવા લાગ્યું, અને તેણીની છાતી વધુ ધબધબ થવા લાગી—તેણીને નવી આશા આવવા લાગી, કારણકે તેણીના મનથી

તેણીનો આશક ચીતારો તેણીની તરફ બેદરકાર પૂરવાર થયો હતો. આ આવનાર શખ્સની મીઠી નજરથી ચીતારાની બેદરકારી જેનીના મગજ ઉપર વધારે ઉંડો છાપ મારવા લાગી, અને તેથી ચીતારા તરફ ગુસ્સો છૂટવા લાગ્યો, અને આ આવનાર જોન ડી સુઝા તરફ તેણીનું દિલ લગરીક ખેંચાવા માંડયું.

“તમે આવ્યા તો સારૂં થયું. તમોએ મને જે મોટી બક્ષેશ કીધી તે માટે એકવાર ફરીથી ઉપકાર માનવાની તક શોધતી હતી–પણ મને તમારી ઉપર લખવા ગમ્યું નહીં–” જેનીએ એ પ્રમાણે કરાંચીવાલા ચીતારાને કહયું—

“તેમજ હું પણ તમારા પવિત્ર વિચારમાં ખલલ કરવા માગતો હતો નહીં તેથી આવ્યો નહીં–ચોકકસ સંજોગ બન્યા છે તેથી મારૂ અતરે આવવું થયું છે. ટુંકમાં, તમને મારો હાથ કબુલ રાખવો પડશે. એમ કહેવા હું આવ્યો છું–હું કાંઇપણ સરત કરવા માંગતો નથી—”

“મી૦ ડી સુઝા !” એટલુંજ જેની ચોંકી બોલી ઉઠી,

જેની આ સાંભલીને ઉઠી ઉભી થઇ હતી–તેણીએ આવા શબ્દો બોલવાની બેઅદબી ભરેલી હિમ્મતની આશા આ ડી સુઝા તરફથી રાખી ન હતી–પણ તેણી પાછી ખુરસી ઉપર બેઠી અને વિચાર કરવા લાગી કે ચીતારો સરત કરવા માગે છે, જ્યારે આતો કાંઇ સરત કરવા માગતો નથી–‘વાહ! એના જેવું સુખ કયાંથી’ એવો વિચાર તેણીને આવવા લાગ્યો.

“મારૂં સાંભલી તમે અજાયબ થયા છો તેમાં કાંઇ શક નથી–તમે તમારાં મન સાથે સવાલ કરતાં હશો કે મને એમ એકદમ આવીને એમ કહેવાનું કારણ શું–પણ જ્યારે તમે મારી તરફથી ખુલાસો સાંભળશો ત્યારે કહેશો કે મારૂં આ પગલું માફ કરવા લાયક છે—”

"હું તમને બધું ટુંકમાંજ કહીશ—હું અહીંથી કરાંચી પાછો ફરયો ત્યારે જે વકીલને તમે તે દાહાડે મારી સાથે જોયા હતા તે મને પૂછવા લાગ્યા કે કેમ મી૦ જોન, જે સ્ત્રીને તેં દોલત આપી તેની સાથે તું ક્યારે લગન કરેછે? એ વિષે જ્યારે મેં તેને ખરી હકીકત કહી ત્યારે તે મને કહેવા લાગ્યો કે મરનાર મી૦ આલબુકર્કે મને હરૂસે કહયું હતું કે જે છોકરીને મારી દોલત આપવામાં આવે તેની સાથે મી૦ જોને પરણવું—એ વાત મને વકીલે પાછલથી કહી, તેથી મને અતરે આવવું પડયું છે કે તમને આવીને લગનના ગાંઠથી જોડાવાને મારો હાથ તમને ઓફર કરૂં. તમે જાણો છો કે તમને દોલત સ્વાધીન કરતી વેળા મેં કાંઇપણ સરત કીધી ન હતી, તેમજ મેં તમને અથવા માંગણી કીધી ન હતી, પણ તે મરનારની દરેક મરજી બર લાવવા જ્યારે મેં તેના મરણના બીછાણા આગલ ઉભા રહીને તે પોતાને હાજર જાણીને મેં વચન આપ્યો, ત્યારે તે મરનારની ખુશીને અનુસરી હું તમારા હાથનો તલબગાર થઇ અતરે આવ્યો છું."

"અજાયબ—એ તમને આટલા મહિના પછી કેમ સુઝયું?" જેનીએ પૂછયું

"અહીંથી હું કરાંચી ગયો ત્યાર પછી થોડા વખતમાં મને વકીલે વાત કહી, પણ હું જાવું કે નહીં જાવું, જાવું કે નહીં જાવું, તેના વમલમાં પડયો. પાછલથી મને ખબર પડી કે હજી તમે કોઇને બંધાયાં નથી—અને તેથી મેં અતરે આવવાની હિમ્મત કીધી છે—"

"ખચીત બંધાયલી નથી!" એમ બોલતાં તેણીની આંખમાં આતશી ધિક્કાર પ્રગટ દેખાયો.

આ દેખાવની મતલબ કરાંચીવાલો ડી સુઝા સમજી ગયો અને તેથી ઉઠીને છેક જેનીની સોડમાં બેઠો અને બોલ્યો, "જેની, કો-

દુખી દિલ દુઃખ જોયા વિના રહેતું નથી. વળી હું કાંઇ એમ નથી કહેતો કે તારા ગાલમાં ખાડા છે ને આંખ મોટી છે ને નાક વાંકું છે. તારો ચેહરો જેવો છે તેવો મને ગમે છે. હું તને ખરા પ્યારથી ચાહુછું. અને તે પ્યાર તને તારા ગમે તેવાં દુઃખમાં દિલાસો આપવા તૈયાર છે તે કબુલ રાખ. મેં પ્યાર શબ્દ સાથે કોઇ દાહાડો ચેડાં કાઢયાં નથી. હું તો જેને એકવાર ચાહું તેને કદી પડતું નહીં મેલું. મેં મારા નાનપણના સાથીઓને કદી છોડયા નથી એજ મારા દિલમાં પ્યારના અખુટ ઝરાની ગવાહી છે.—"

હવે શું કરવું? જેની તો એ ગમથી ઘેરાઇ ગઇ. એક આશકે તેણીનું દિલ દુઃખી કરી ચાકચાક કરી નાખ્યું જ્યારે બીજો આશક તે તુટેલા દિલને સાંધવા તૈયાર હતો. આપણે દુઃખની વેળા દિલાસો શોધ્યે છીએ અને અતરે દિલાસો ચાલી ચલાવીને ઘરે આવ્યો હતો. હવે તે કબુલ કરવો કે નહીં? આ જોન ડી સુઝા કાંઇ એબખ્યાલ દેખાવનો નહીં હતો. આ ડી સુઝા કાંઇ અક્કડ ફુસ ગધેડો ન હતો. બાહારથી તીડમતડાક થઇ ફરે અને બાતેનમાં ઉલ્લું, એવો બી જોન ડી સુઝા ન હતો. તે એક સ્યાણો સમજુ અને શીખેલો ગ્રહસ્થ હતો. ચીતારાથી જો કે આ કરાંચીવાલો ડી સુઝા તેણીની નજરમાં ચઢીઆતો લાગતો ન હતો, તોપણ બીજા બધા મરદો કરતાં તો એ ચઢયાતો છે એમ તેણીને દીસવા લાગ્યું. વળી એને સારી ઓળખાણ છે, વળી એ ખાનદાની છે, વળી એને સઘળા લોકમાં માન છે, એ મને બધી રીતે સુખી રાખી શકવા સામર્થ છે, અને વળી એ ધણીએ મને લખો રૂપીયા આપ્યા, એવો વિચાર કરતી જેની ગુપચુપ બેઠી.

છેવટે તેણીએ પૂછ્યું, "બસ મને કાંઇ પણ સવાલ પૂછ્યા વિના મારો હાથ એકદમ કબુલ કરવા તૈયાર છો?"

આ સવાલના જવાબમાં તેણે ઉઠીને તેણીને પોતાના ગળે લગાડી. અને તે દિવસે બીજો એક કલાક ગયો નહીં એટલામાં તો તેઓ એક બીજાંને વચન આપી લગ્નથી જોડાવા બંધાઇ ચુક્યાં.

આ શું થઇ ગયું ? શું તેણી પાછલા દિવસ એકદમ ભૂલી ગઇ ? શું તેણીના દિલમાં સળગેલો પેહલા પ્યારનો આતશ એકદમ બુજાઇ ગયો ?

પેલો જોન ડી સુઝા ત્યાર પછી ત્યાંથી ચાલી ગયો. અને જેની વળી એકલી બેઠી તેવી ચાકરડી આવી અને કહેવા લાગી:—

"બાઇ, તમે પેલા ગ્રહસ્થ સાથે અંદર પેલા ઓરડામાં બેસીને વાતો ચલાવતાં હતાં ત્યારે એક બીજો ગ્રહસ્થ આવીને તમને મલવા માંગતો હતો. મેં જોયું કે તમે એકજણ સાથે વાતમાં છો, તેથી મેં તેને કહયું કે બાઇને કોઇ મલવા આવ્યું છે ત્યારે તે પોતાનો આ કાર્ડ આપવા કહી ચાલી ગયો."

આ કાર્ડ વાંચીને જેની ચોંકી—આ કાર્ડ ઉપર પણ જોન ડી સુઝા હતું. એ કયો જોન ? જે જોન ડી સુઝા સાથે તેણી તે દિવસ અદરાઇ ચુકી તે તો હોયજ નહીં—અને તેમ બનેજ નહીં. ત્યારે પેલો ચીતારો હોવો જોઇએ. હા. તે ચીતારોજ હતો, અને જે ઘડીએ તેણી બીજાને દુઃખ સુખનો સાથી બનાવા બંધાઇ તેજ ઘડીએ તે ત્યાં આવીને ચાલી પણ ગયો. જે તે કાર્ડ ઉપર નહીં વાંચી શકી તે તેણી ચાકરડીના મોં ઉપરથી સમજી શકી. બે મિનિટ પસાર થઇ નહીં એટલામાં જેની જ્યાં બેઠી હતી ત્યાંજ ચીસ પાડીને બેસુધ્ધ થઇ પડી.

પ્રકરણ ૩૬.

એક નામનો બે છોડીઓ.

પોતાના ઉતાવળાં પગલાંથી જેટલું જેનીએ ખમ્યું તેટલું થોડું હતું. હવે જે બેવકુફાઇ થઇ, તે થઇ તે થઇ, એમ ધારી તેણી મુગી બેસવા માગતી હતી નહીં. ચીતારો તેણીને હજી ચાહતો હતો અને પોતે ચાલી ચલાવીને પાછો આવ્યો હતો, તો શું જેની તેણીને આવકાર દઇને ભેટે નહીં? ત્યારે શું બીજા જોન સાથે અદરાઇ ચુકી તે કારજ તોડવું, એ નિચું લગાડનારૂ નહીં કહેવાય? નિચું લાગે તો લાગીને રહેશે, પણ બાકીની જીંદગી અસુખમાં જાય તેના કરતાં કારજ તોડવું બેહતર છે. હાલ જેનીની અકલ બચ્ચાં કરતાં ઓછી થઇ ગઇ હતી. તેણી એક બચ્ચાં જેટલી મોટ થઇ ગઇ. પોતાનો ટેક કેમ જાળવી રાખવો, અને મંડલોમાં કેમ વર્તવું તે લુસીને પકકું આવડતુ હતું, પણ આ જેનીને તેવી વર્તણુક આવડતી ન હતી.

જો આ પ્રસંગે જેનીએ પોતાની માનીતી અને વાહલી લુસીની સલાહ લીધી હોત તો સર્વ સમાધાન ઉતરત, પણ આવી વાત લુસીને જઇને કહું તો ખરાબ લાગશે, એવું ધારીને લુસીને એ વાત કહેવાની તેણી હિમત કરી શકી નહીં. બસ તે પ્રથમથી ચીતારાને ચાહતી હતી. પણ એક અચોક્કસપણાની ઘડીએ કરાંચીવાલા જોન ડી સુઝાને વખતસર આવી પુગવાથી તેણીના મનની નબલાઇનો લાભ મલી ગયો, પણ શું તે લાભને તે લાયકનો હતો? નહીં. કુદરતની દરગાહમાં ચીતારાને તેણીનો હાથ ઘટતો હતો, અને હવે તેણીની સુધ્ધી ઠેકાણે આવી તેથી ગમે તે થાય પણ આ કારજ તોડવાનો તેણીએ એકદમ નિશ્ચય કર્યો.

હવે તેણીનો ખરો પ્યાર પાછો વાદલાંમાંથી બાહાર પ્રકાશવા લાગ્યો. હવે ચીતારાની ગેરહાજરીના કાંઇક વજુદવાલાં કારણો તેણીના મગજમાં અકેક પછી અકેક ઘર કરવા લાગ્યાં.

પોતાના નિશ્ચયને વળગી રહીને તેણી બપોરનું જમીને એક કાગલ લખવા બેઠી. આ કાગલ લખતી વેળા તેણીના મનની પ્રકૃતી કેવી પ્રબળ હોવી જોઇએ તેનો વાંચનાર એટલા ઉપરથી ખ્યાલ કરી શકશે, કે આ કાગજમાં કરાંચીવાલા જોન ડી સુઝાને તેને આપેલી સઘલી દોલત તેણી પાછી સ્વાધીન કરવા વિષે લખવા બેઠી હતી. કદાચ આ કાગજ લખતાં લખતાં તેણીનો વિચાર ફરીથી ફેરવાઇ જાત, કારણ કે ત્રીસ લાખ રૂપીઆ પાછા આપી દેવા એ કાંઇ જેવું તેવું કામ ન હતું, પણ નહીં. લખવા બેઠી હતી તે વેળા ચાકરડીએ આવીને તેણીના હાથમાં એક કાગજ મેલ્યું, જે તેણીએ તૂરતજ ઉખેડીને વાંચ્યું. આ કાગજ ચીતારા તરફથી આવ્યું હતું; તે નિચે પ્રમાણે હતું:—

"મારી વાહલી જેની,"

તું મને મલવા માંગતી નથી. મને આવતાં વખત લાગ્યો તેથી ગુસ્સો લાગ્યો છે શું? જીગર, ઢીલ થઇ તેનાં મુસ્તકીમ કારણોછે; અને તે કારણો મોંઢેથી જણાવાની તક આપશે તો ખુલાસાથી જણાવા તૈયાર છું. ખરી બીના જાણ્યા વિના મારી ચાલનો તોલ કરતી ના, કારણ કે મારૂં હૈયું તારા હૈયાં સાથે એક સરખી વખતે ધબકે છે. જે દાહડેથી મેં તને જોઇ તે દાહડેથી મારો પ્યાર દરરોજ વધતો ગયો છે અને એવી એક મિનિટ નથી ગઇ જે મિનિટે મેં મારા પ્યારમાં લેશભાર પણ ઘટાડો કર્યો હોય. જે બાનુ મારા વાસ્તે દુન્યાની સઘલી મોજ મજાહ છોડી દેવા તૈયાર થઇ તે જાણવા છતાં તેની તરફ હું કેમ બેદરકાર થઇ શકું.

તારો ચીતારો આશક,

જૉન ડી સુઝા."

વેળાસરના આ કાગજે જેની ઉપર મજબુત અસર કરી. પ્યારનો આતશ ભડકું લઇ ઉઠયો. જો કે તેણીનું મન તહરેવાર રીતે ઉસ્કેરાયલું હતું તે છતાં તેણીએ એક કોરાં કાગજ ઉપર એક કાગજ ચીત્રી કાઢયું, જેથી તેણીની ઉપર બક્ષેસ કરનાર જોન ડી સુઝા સાથનો સઘલો વેહવાર એકદમ તૂટી ગયો. કાગજ બીડીને તૂરતજ તેણીએ રવાના કીધું. આ કાગજ સાથે તેણીના હસ્તકમાં જે ઓચરીયાં અને સરકારી લોનો, શેરો હતાં, તેનું એક બંડલ સાથે મોકલ્યું. આ કાગજમાં તેણીએ કરાંચીવાલા જોન ડી સુઝાને લખ્યુ હતું કે પેલી જેની રૉજસ નામની સ્કુલ માસ્ટરણને એ પૈસો આપશો તો ઠીક. આટલી સૂચના તેણીને કરવાનું સુઝ પડયું હતું

આ સૂચના કર્યા પછી એ સ્કુલ માસ્ટરણને જાતે મલવાનો તેણીએ વિચાર કર્યો.

ચીતારો આવે તો તેને માટે એક ચીઠી આપી જેની રૉજસ પોતાની નામરાસી જેની રૉજસ માસ્ટરણને મળવા નિકળી. કરાંચીવાળા ડી સુઝાએ તેણીને વિષે વાત કરી હતી અને તેણી મુંબઇમાં કયી સ્કુલમાં અને કયાં રહેતી હતી તે તેણીએ પૂછી લીધેલું હોવાથી તેણીને તેણીનું ઘર શોધવાની મુશકેલી નડી નહી.

વરાળ યંત્રની બરકતથી બપોરે બેઠેલી થોડા કલાકમાં પુનેથી મુંબઇમાં તેણી આવી પોંહોચી.

રાત પડેલી હોવા છતાં જેનીનું ઘર શોધી કાઢયું.

ઘરમાં દાખલ થતાં પેલી માસ્ટરણ સામી મલી.

"હું જેની રૉજસને મળવા માગું છું."

"હું જેની રૉજસ."

આ જવાબથી આપણી જેની રૉજસ વિચારમાં પડી કે કાંઇ ભૂલ થઇ હશે. કરાંચીવાળા જોન ડી સુઝાએતો એમ કહયું હતું કે

આ માસ્ટરણ લંગડી હતી, પણ આ છોડી તો સીધી ચાલતી હતી તેથી કાંઇ ભૂલ થઇ હશે, એમ ધારી તેણી વિચારમાં પડી.

"પણ મને કહેવામાં આવ્યું છે કે મિસ જેની રૉજસ પગે લંગડાય છે."

"ખરી વાત, પણ થોડા દિવસની વાત ઉપર એક દેશી વૈદે કાંઇ જડીબુટી આપી તે ઘસીને ચોપડી તેથી મારા પગની નસ જે ગંઠાઇ ગઇ હતી તે છુટી પડી ગઇ, અને હું હવે સીધી ચાલી શકુ છું."

જેની રૉજસ માસ્ટરણ ત્યારે હવે વધુ વાર લંગડી નથી એ વિચારે આપણી જેની રૉજસને બેહદ ખુશાલી ઉપજાવી. તેણી વિચારવા લાગી કે આ માસ્ટરણનું નસીબ બધી બાજુથી ખુલવા લાગ્યું છે. કરાંચીવાલા જોન ડી સુઝાને તેણીનાં લંગડાવાની જે ફકત એક અડચણ હતી તે મટી ગઇ છે. અને તેથી તેણી મક્કમપણે ધારવા લાગી કે મેં મારા કાગજમાં સૂચના કરી છે, તે ઉપર અમલ થયા વિના રહેશે નહીં. તેણીએ માસ્ટરણને કહયું:—

"હું કોણ છું તે જાણવા તમે માગતા હશો?"

"બેશક."

"ત્યારે સાંભળો. મારૂં નામ પણ જેની રૉજસ છે."

"ત્યારે તમે ભલે પધારો! મારાં નામરાસીયાને જોઇને હું ખુશી છું. વળી તમારી ખુબસુરતી જોઇ હું ખુશી છું."

"તેમજ જાણે આપણે કેટલાં વર્ષના સહીપણાથી જોડાયલાં હોઇએ તેમ મને તમારી ઉપર હેત છુટે છે. પણ વચમાં જેની રૉજસ નામની છોડીઓના જીવ જોખમમાં હતા તે તમે ન્યુસપેપરમાં વાંચ્યું હશે."

"હા, અને મેં વળી કોઇના મોંથી એમ પણ સાંભળ્યું હતું કે એક જેની રૉજસને આઇતા ત્રીસ લાખ રૂપીઆ મલ્યા છે."

"મારી પાસે દોલત છે પણ તે દોલતથી હું છુટી પડવા માગુછું. દોલત કાંઇ હમેશાં સુખ બક્ષતી નથી. પણ દોલત કાંઇ ખરાબ ચીજ નથી, કેમ ?"

"મને દોલત ભાવે છે. હું કાંઇ ભુખે મરતી નથી, પણ અમારાં ગરીબ સંસારે પેટ પુરતું મેલવીએ છીએ. અલબતાં, તમે ધનવાન હોવાથી વચલે વાંધેના લોકોને દોલતની કેટલી ગરજ પડે છે તેની તમને ખબર કયાંથી હોય."

"નહી નહીં. મને બધી ખબર છે. હું જે વખત જાયછે તેમાં તમારા કરતાં ઉતરતી હાલતમાં આવીશ. હું દોલત ત્યાગ કરવા માગુ છું, અને ઇચ્છુ છું કે તે દોલત તમારા હાથમાં આવે."

"ત્યારે તમે કંગાલ હાલત ભોગવવા માગો છો ?"

"નહી. મારો વર જેટલું સુખ મને આપી શકે તેટલાં ઉપર હું સંતોષ પકડવા માગુ છું. સાંભલો, જે જેની રૉજસને ત્રીસ લાખ રૂપીઆ મલ્યા તે હું પોતે છું."

"તમે ! ઓ ! કેવી નધારેલી મુલાકાત ! પણ તમે તે પાછા આપી દેવા કાંય માંગો છો ? તમારી મા છે કે નહી ?"

"નહી. પણ મારો એક સાચો આશક છે. ફિકર નહીં. હું કાંઇ તંગી નહીં ભોગવીશ."

"હું નહીં સમજતી કે તમે દોલત છોડી શા માટે દેવોછો. પણ એ સાંભલી મને તમારી ઉપર દયા લાગે છે, અને મારૂં જીગર બળીને ખાક થાય છે ! મને તમે હમેશાં તમારી સહી ગણશો ?"

"તમે મારી ઉપર હમેશાં હેત રાખશો ?"

"ખુશીથી. તમે મને કદી ભૂલશો નહીં?"

"નહીં, નહીં, કદી નહીં."

એ પ્રમાણે બન્ને જેની રૉજસ એક બીજાને ચાહવા લાગી. એક બીજાને કોટી કરવા લાગી અને કેટલાક વર્ષની ઓળખાણ હોય તેમ એક બીજી તરફ મોહબત દેખાડવા લાગી.

જેની તૂરત રાતની મોડેથી જતી ત્રેનમાં પુને પાછી જઇ શકે એટલો વખત તેણીના હાથમાં હોવાથી તેણીએ તૂરત ગાડીમાં બેસી સ્ટેશન તરફ ચાલુ મુક્યું.

બીજે દિવસે સહવારના પોહરમાં તેણીએ કરાંચીવાલા જોન ડી સુઝા ઉપર એક ટુંકી ચીઠી લખી. તે નિચે પ્રમાણે હતી:—

"હું મુંબઇવાલી જેની રૉજસ માસ્ટરણને જાતે કાલે મલી આવી છું. જો કોઇ પણ બીજી જેની રૉજસને તમે દોલત આપવા માગતા હોવો તો આ જુવાન સ્ત્રી કરતાં કોઇ પણ ચઢીઆતી તમને મલે એમ નથી. વળી તમે તેણે લંગડાતી દીઠી હતી પણ તેણીનો પગ હાલ સારો થયો છે."

પ્રકરણ ૩૭.

ચકકરનો બીજો આંટો.

જોન ડી સુઝાનું (ચીતારો) ધ્યાન કોઇ ચીજમાં લાગતું નહોતું. તે પોતાનો સઘલો વખત પોતાના હોટેલમાંજ કાઢતો હતો. આશામાં હતો કે મારા કાગજનો જવાબ કાંઇપણ આવશે. પોતાના ઓરડાની બાહાર કોઇપણ માણસના પગલાં સંભળાતાં તો તે એમ સમજતો કે કોઇ જેનીનું કાગજ લઇ આવ્યું છે.

કલાકો વહી ગયા પણ તે દાહડે કાગજ આવ્યું નહીં. બીજા દિવસની શરૂઆત થઇ પણ કાગજ મળ્યું નહીં. તેના ઓરડા આગલ કોઇના પગલાં આવતાં સંભળાયાં તેથી તેણે ધાર્યું કે કોઇ આવ્યું ખરૂં, પણ જોય તો તે કોઇ નહીં પણ જેની પોતે હતી.

તેનો આવકાર તેના મોં ઉપરથી પ્રગટ માલમ પડતો હતો.

"આવ, આવ, જેની વાહલી, જેની અંદર આવ. તું મારે ત્યાં ભલે પધારી. આવો, આવો. મારાં મોટાં પીકચરો તો મુંબઇ છે, પણ આ નાની સબી પાસે છે તે જો. એ પણ મારીજ પાડેલી છે. મુસાફરી કરતી વેળા એ સેહલાઇથી લાવ લઇ જાવ કરી શકાય છે."

"વાહ! કેવી મજાની! એ લુસીએ જોઇછ કે?"

"નહીં, લુસીને દેખાડવાની મને તક નથી મલી."

"લુસી પોતાની સબી જોઇને ઘણી ખુશી થઇ જશે!"

"એ સબીની નિચે મેં લખ્યું છે તે તો વાંચ."

"વાહ! 'ચીતારાનો સ્વપ્નો' વાહ! કેવું સરસ નામ!"

"પણ વાહલી જેની, મારી પાસે એક બીજી સબીછે, એક મોટી મારા 'સ્ટુડીઓ'માં છે અને નાની સાથે લઇ ફરૂં છું. તેને મેં 'ખરો પ્યાર' એવું નામ આપ્યું છે. વારૂં, તે કોની તે તું અટકળી શકશે?"

"તે વળી કોની, તમારી ધણીઆણી થનારની હશે."

આ પળે ડી સુઝાના દિલમાં જાણે એવું થયું કે તેણીને પોતાની છાતી સાથે દાબે, પણ વિચારવંત હોવાથી તેણે ફકત તેણીનો હાથ પોતાના હાથમાં લઇને દાબ્યો. બાકીની લાગણી તેના મોં ઉપરથી જણાઇ આવી.

"આહ! મારી દિલદાર. હું ઇચ્છું છું જે આપણે આ વખતે આપણાં પોતાનાં ઘરમાં હોત!"

"અહીં પણ કોઇ નથી. આપણે એકલાંજ છીએ. તમારે જે વાત કરવી હોય તે કરો, હું ધારૂં છું કે આપણને એક બીજાને ઘણું પૂછવાનું છે. વારૂં તમે એટલા દિવસ મારાથી દૂર શા માટે રહયા? કયાં ગયાં હતાં?"

આ સવાલથી તેના મોં ઉપરથી ખુશાલીનો રંગ ઉડી ગયો અને તે બોલ્યો,

એ સવાલનો જવાબ આપવોજ જોઇએ, કે નહીં આપું તો ચાલશે?"

"હા ખચિત! ત્યારે શું તમે એમ ધારોછો કે તમારી ગેરહાજરી તરફ હું બેદરકારપણું બતલાવીશ?"

આથી ચીતારાએ જવાબ આપ્યો,

"જેની, મારી ઉપર હાલ ઘણું પડયું છે! મારો એક દોસ્ત છે તેની સલ્લાહ ઉપર હું ઘણું ધ્યાન પુગાડું છું. અને એ મારો દોસ્ત, કાંઇ હું નથી જાણતો તેનાં કારણથી, તારી તરફ અવિશ્વાસની નજરથી જોયછે."

"અને તે કોણ?" એટલુંજ તેણી પૂછી શકી તેણીના સુખના ઉપર કોઇએ એક શમશેરનો જરબ મારી બે કડકા કીધા હોય તેમ તેણીને લાગ્યું.

"તે મારો દોસ્ત એક ગ્રહસ્થ છે. તે ગ્રહસ્થનું નામ મારે તને જણાવવું ઘટારત છે તેથી હું તને જણાવું છું—તે ગ્રહસ્થ બહુ મોટા મનનો અને દૂર અંદેશ છે—તે ગ્રહસ્થ બીજો કોઇ નહીં પણ આપણો જાણીતો ડિટેકટિવ મી૦ રોડરીગીસ છે."

"મી૦ રોડરીગીસ!" આટલું બોલી તેણી કેવી દેખાઇ! તેણીના ડોળા કેવા થઇ ગયા! તેણીનો સાદ કેટલો બદલાઇ ગયો!

"નહી નહી! મારે જાણવું જોઇએ કે મી૦ રોડરીગીસને મારી તરફ અવિશ્વાસની નજરથી જોવાનું કારણ શું. તે મારી તરફ એવી રીતે વર્તે છે કે તે ઉપરથી હું કહી શકુછું જે તમો કહો છો તેમ તે મારી તરફ અવિશ્વાસની નજરથી જોતો નથી."

"પણ વાહલી! મારા જાન! હું પોતે તેનું કારણ જાણુતો નથી. લુસીને ત્યાંના મેલાવડા પછી હું તને એકદમ મલ્યો નહીં તેનું કારણ હું કહું છું કે તેણે મને રોકયો અને આવવા દીધો નહીં."

"અને તેણે તમને કહયું તેમ કીધું! વાહ!"

"પણ કરૂં શું! તેણે મને ઘણો આગ્રહ કર્યો ને થોડીવાર થોભવા કહયું. મને તો તે કહેતો હતો કે એક અઠવાડિયું તને મલવું નહી—પણ મેં જ્યારે કહયું કે, હું તને મલું નહીં તો મારાથી જીવી શકાય નહીં, ત્યારે તેણે મને કહયું કે જ્યાંસુધી મારો શક છે તેનો ખુલાસો મલે ત્યાંસુધી તારે તેને મલવું નહીં. હું એક આદમજાત છું તેથી મારા દિલમાં પણ શક ઉત્તપન્ન થયો. હું ખરૂં કહું છું, પણ હું જાણું છું કે તું મને માફ કરશે—અલબતાં મારે તારી ઉપર આંખ મીચીને વિશ્વાસ મેલવો જોઇતો હતો, પણ રોડરીગીસ મારા કરતાં બાહોશ હોવાથી મને સમજાવવામાં ફાવી શકયો. મારાથી જ્યારે થોભી શકાયું નહીં ત્યારે હું રોડરીગીસને મલ્યો, કે બા મારો જીવ ગભરાય છે ને મને તને મલવા વગર જીવ યાકુળ વ્યાકુળ થાય છે. મેં તેને કહયું કે જ્યારે એ છોકરી મારા વાસ્તે આવી ગંજાવર દોલતનો ત્યાગ કરવા નિકળી છે અને મારી ઉપર વિશ્વાસ રાખી મને ચાહે છે તો ગમે તે હોય તે છતાં મારે તો એની ઉપર

વિશ્વાસ મેલવોજ જોઇએ. આ તારાં મોટા મનની વાત સાંભલીને રોડરીગીસ ખચ્ચિત દંગ થઇ ગયો. તેણે મારી પાસે માફ માંગી અને મને કહયું કે મેં તને રોકયો વાસ્તે માફ કરજે."

"ભૂલ થઇ કે—" જેની આ અધૂરો વાકય બોલીને ભોંય તરફ જોતી છાતી ઉપર માથું નાખી દઇને બોલી, "હું—" એટલું કહીને વળી તેણી અટકી. તેણી આગલ બોલી શકી નહીં. તેણીથી બોલાય પણ કેમ ? તેણીના જ્ઞાનતંતુઓ ઢીલા થઇ ગયા. ચીતારાની આ વાતથી તેણીને ઝાઝું દુઃખ થયું, અને તે દુઃખ ખમવાની શકિત પણ તેણીને રહી નહીં.

"હું ત્યારે ત્યાં આવ્યો, પણ તું રોકાયલી હોવાથી પાછો ફર્યો અને ચીઠી લખી–અને મને ખબર નથી કે કાગજમા શું લખ્યું, કારણ કે તે વેળા હું ઉસ્કેરાયલી હાલતમાં હતો. જવાબ લખવાને બદલે તું પોતે આવી તો ઠીક થયું. હું ધારૂં છું કે તું મારો દિલદાર મને માફ કરશે. હું સમજુ છું કે એક આશક પોતાના ગમે એવા સમજુ દોસ્તની શિખામણ માની પોતાની માશુક તરફ અવિશ્વાસનું બી પોતાના દિલમાં રોપાવા દએ તો તે આશકની વર્તણુક માફીને પાત્ર નથી–પણ તે છતાં મારી વાહલી જેની તું તો મને ખચ્ચિત માફ કરશે."

જેનીએ આ સાંભળ્યું પણ તેણી કાંઇ બોલી નહીં ત્યારે ચીતારો આગલ બોલ્યો,

"હું તને ચાહું છું ! ખચ્ચિત ચાહું છું ! હવે ફરિથી હું તારી તરફ અવિશ્વાસની નજરે કદી જોવું નહીં, તેમજ હવે કોઇ પણ તારી વીરૂધ બોલે તો તે ઉપર લક્ષ પણ આપું નહીં. જેની, જેની, મારાં જીગર, ઉંચું જો. મને તારો હાથ આપ. મને માફ કરેછે એમ બોલ."

આટલું બોલે તેટલામાં લુસી પીન્ટો ત્યાં આવી લાગી, જેથી તેઓ બન્ને ચોંકયાં, પણ લુસી પીન્ટોનું તેમનાં ચોંકવા તરફ ધ્યાન ખેંચાયું નહીં.

"મી૦ ડી સુઝા અને જેની, તમને બન્નેને સાથે મલવાની મને આશા નહીં હતી."

જેની ચીતારાના ઓરડા માહેલા પલંગને અઢેલીને ઉભી ન હોત તો પડી જાત, કારણ કે તેણીનો જીવ ફરતો હતો.

"જેની, મને સહવારે પેલો કરાંચીવાલો ડી સુઝા મલ્યો હતો તે મને કહેવા લાગ્યો કે કાલે તું તેની સાથે અદરાઇ ચુકીછે" લુસીએ ડી સુઝા ચીતારો સાંભળે તેમ મોટેથી કહ્યું.

આથી જેની અને ચીતારો બન્ને એક બીજાં તરફ ટીકતાં ઉભાં રહયાં.

"શું! મિસ રોજર્સ! તું મારા હરિફને કબુલ રાખી ચુકીછે તે છતાં તું મારી તરફ—" ચીતારો જેમ તેમ બોલ્યો, પણ બોલ્યો ત્યારે દ્રઢતાથી બોલ્યો.

"હું તેનો ખુલાસો કરી શકું એમ છે. મેં તેને 'હા' કહી તે વખતે હું એમ ધારતી હતી કે તમે મને તજી ગયા, અને મારી ગમગીનીની પળે જ્યારે તેણે કાંઇપણ વાંધો ઉઠાવ્યા વગર મારા હાથની માંગણી કીધી ત્યારે મેં હા કહી," જેની બોલી.

"ત્યારે તું તેને તારો પવિત્ર કોલ આપી ચુકીછે?" ચીતારો મક્કમ અવાજે પૂછવા લાગ્યો.

"અત્યાર અગાઉ તો હું તેને પાછી ના કહી ચુકીછું. જ્યારે મેં મારી ભૂલ જોઇ કે તમે મને તજી ગયા નથી, ત્યારે મેં આજે

સહવારે તેને પાછું લખ્યું કે દિલગીરછું જે હું તમને મારો હાથ આપી શકતીનથી, અને મારો કોલ પાછો ખેંચી લેવું છું."

"શું!" ચીતારો ગુસ્સે થઇ બોલ્યો.

"આહ!" જેનો જખમી જીગરે બોલી, "લુસી મને તારા–" ઘર લઇ જા. સહવારે કાગજ લખ્યું તેમાં લખત મેં ડી સુઝાને પાછું મોકલાવી દીધું છે. હવે હું આગલની માફક પાછી નિરાધાર થઇ ગઇ છું." એમ કહી તેણી પલંગ ઉપરે જીવ ફરી આવ્યો તેથી સુઇ ગઇ.

લુસી અને ડી સુઝા બન્ને તેણીની માવજત કરવા લાગ્યા.

"એ હજી નાદાન છે! આપણા જેટલી એનામાં અક્કલ નથી, વાસ્તે એના કામોથી તમારે કાંઇ માઠું લેવું નહીં," લુસીએ ડી સુઝાને સમજાવ્યો.

"અરે! વાંક બધો મારો છે! જે પળે એને મારી ગરજ હતી, જે પળે એ મને મલવાને સૌથી વધારે ઇનતેઝાર હતી, તેવી અગત્યની પળે હું એને છોડી ગયો. જો હું તેમ નહીં કરત તો એ એવું પગલું ભરત નહીં."

ચીતારાએ એટલું લુસીને કહયું. હજી સુધી તે જેનીને પોતાના હરિફ સાથ અદરાયલી ગણીને તેણીના શરિરથી અદબથી દૂર રહેતો હતો.

"વારૂં મિસ રૉજર્સ, તમે તેની ઉપર લખત પાછું મોકલી આપી કાગજ લખ્યું તેનો તેણે જવાબ શો આપ્યો?"

"જવાબ કાંઇ આપ્યો નથી. હું જાણું છું કે તે એવો માણસ છે જે મારી મરજી વીરૂધ કદી બોહોશ કરશે નહીં."

"ત્યારે મિસ રૉજર્સ સાંભળ; જો તેણે તને ચીઠીનો જવાબ વાળ્યો હોત તો હું તને આ પળે મારા ગળે લગાંડવાને બાખુશી તૈયાર

થાત, પણ હજી સુધી તેણે તારી ઉપર જવાબ મોકલ્યો નથી, એટલે એ ઉપરથી એમ સમજવું જોઇએ કે તે પોતાનો હક રાજીથી છોડવા ખુશી નથી. હું તને આજને આજ મારા ઘરે લઇ જાત, પણ જ્યાં સુધી કારજ તોડવાને તે ખુશી જણાવે નહીં ત્યાંસુધી તેનો તારી ઉપર હક રહે છે. ધિરજ પકડ. હું કાયદાની વીરૂધ જવા માંગતો નથી. પણ જ્યારે તું તદન છૂટી થશે ત્યારે—"

"બસ કરો !" જેનીને કાંઇ નવો વિચાર આવી ગયો તેથી તેણી બોલી ઉઠી. તમે કહો છો કે હજી હું તેને બંધાયલી છું, ત્યારે તો હું પોતે તેને મલવા માગુ છું. ચોઠી તેને ઘર મોકલાવી છે પણ બીજા કાગળીયાં મારી આયાને આપ્યાં હતાં કે જો ડી સુઝા આવે તો આપે, નહીંતો વખતવારે જઇને આપી આવે. તેમ થયું ન હોય તો સારૂં !

એમ કહી તેણીએ ઉતરીને ગાડીવાલાને પોતાના બંગલા તરફ જોશમાં હંકારવા કહયું.

પોતાના બંગલાની થોડેક છેટેથી તેણી જોઇ શકી કે પોતાના બંગલા આગલ એક ગાડી ઉભી છે. તૂરતજ એક શખ્સને ગાડીમાં બેસીને હંકારી જતાં દીઠો. આથી તેણીને ઘણો ગભરાટ થયો કે રખેને તે ડી સુઝા હોય.

પોતાની ગાડી બંગલા આગલ આવીને ઉભી તેવીજ જેનીએ પોતાની દાસીને બોલાવી પૂછ્યુ, "ડી સુઝા આવ્યો હતો કે ?"

"હા બાઇ, ગયો તને બે મિનિટ થઇ નહીં હશે, હજી ગાડી આટલામાંજ ચાલતી હશે."

પ્રકરણ ૩૮.

ચક્કર તળે કચડાઇ.

જેનીએ તૂરતજ પોતાની આયાને સાથે ગાડીમાં બેસવા કહીને કરાંચીવાળો ડી સુઝો જ્યાં ઉતર્યો હતો ત્યાં ગાડીવાળાને હંકારવા કહ્યું. જ્યારે ગાડી તેના મકાન આગળ જઇ ઉભી ત્યારે જેનીએ પોતાની આયાને ઉપર જવા કહ્યું, અને ડી સુઝાને મલીને કેહેવા કહ્યું કે જઇને કહે કે જેની રૉજર્સ તમને મલવા માગે છે, માટે જો તમારી ખુશી હોય તો ઉપર આવે.

આયાને ઉપર જતાં અને પાછી નિચે આવતાં થોડી મિનિટ થઇ, પણ થોડી મિનિટ ફિકર ચીંતામાં પડેલાં માણસને કેટલી કંટાલા ભરેલી હોય છે તેનો ખ્યાલ જેની ઉપર લીલી સુકી પડી હોય તેને આવે, પણ ફરેસ્તાઇરૂપી લખાણો કરવામાં આવે, માહાન કવિઓ પોતાના ઉમદા વિચારમાં વર્ણન કરે, જો ફિલસુફો પોતાની ફીલસુફી ખાલી કરી નાખે, તોપણ જે નાફકરો હોય તેની ઉપર અસર નહીં થાય–જે બાગે બેહસ્તમાં સદા મગનહ મારતો હોય તેની આગલ દોજખના અંધારા ગારનું વર્ણન અસર કરી શકે એ બનવું માહાલ છે.

" બાઇ સાહેબ, સાહેબ મલ્યા. કહ્યું કે હું મલવા રાજી નથી. "

" ગુસ્સામાં હતો કે ? " જેનીએ નાસીપાસ થઇને પૂછ્યું.

" એવો લાગ્યો. હું તો બીહધી તેથી એકદમ ઉતરી પડી. "

જેની ગાડીના એક ખૂણામાં માથું નાખી પડી ને ગાડી ચલાવવા કહ્યું.

ગાડી પોતાના બંગલા આગલ આવીને ઉભી. તેણી ઉતરીને અંદર ચાલી. નોકરે કહ્યું કે કોઇ સાહેબ આવીને વાટ જોય છે. તે કોણ

હતો ? જેને તે જોવા ઇચ્છતી હતી તે હતો. કરાંચીવાલો ડી સુઝા બીજે ટુંકે રસ્તે થોડી મિનિટ અગાઉનો આવીને બેઠો હતો.

આ ન ધારેલા બનાવથી જેનીનો જીવ ફરતો હતો. જો ડી સુઝાએ તેણીનો હાથ ઝાલી લીધો ન હોત તો: તેણીને ફેર આવ્યાથી પડી જાત.

જેની તેની સામે ટગર ટગર જોતી બેઠી. બોલવાની છાતી ચાલતી હતી નહીં. ડી સુઝા (કરાંચીવાલો) પણ મુગો બેઠો. તે દિલગીર હતો. જેની ગમગીન હતી. ઘણીવાર પસાર થઇ ગઇ. આખરે જેની બોલી,

"માફ કરજો મેહરબાન. કહો તો તમને પગે પડું. મેં તમને ગેરઇનસાફ કીધો તે માટે હું કેવી રીતે મારો પસતાવો દેખાડી શકું !"

ડી સુઝા ઉઠીને પાસે બેઠો અને બોલ્યો,

"ફિકર નહીં. હું તને ચાહું છું તેથી તને ઠપકાના શબ્દો કહેવાની હિમ્મત કરતો નથી. એમજ સમજ કે જે થઇ ગયું તે એક સ્વપ્નો છે."

"આહ ! તમે કેવા ઉમદા મનના છો ! તમે મારી ઉપર ઘણા ઉપકાર કર્યા છે !" જેની બોલી.

આ મેલાપથી ડી સુઝાનું હૈયું ફાટી જતું હતું.

"વારૂ, મારૂં પેલું કાગજ ?" જેનીએ પૂછ્યું.

"એ કાગજ તો હું મારી તીજોરીમાં એક પવીત્ર ચીજ તરીકે રાખીશ, તારે કાંઇ ફિકર કરવી નહીં. તારી વાત મારા હોઠમાંથી બાહાર જશે નહીં. વાહ ! તારામાં કેટલી હિમ્મત છે ! ઠીક કર્યું. છેક પછવાડેથી મને તું એ વાત જણાવત તો હું દુ:ખી થાત."

"પણ એ કાગજથી મારો નાશ થશે, વાસ્તે એ મને આપો તો તમારા ઉપકારમાં ડબલ ઉમેરો થશે," જેની બોલી.

“ દિલગીર છું, પણ એ કાગજ મને ઘણું ઉપ્યોગનું છે. મને કોઇ પૂછે કે ત્રણ મહિના તેં દોલત રાખીને પાછી આપી દીધી તો હું તેને શું કહું. વળી તારે જાણવું જોઇએ કે મારે તે મરનારની છેલ્લી ફરજ બજાવવી છે.

“ તમે દોલત પેલી માસ્ટરણને આપો તે એને લાયકની છે ”

‘ પણ તે મને પૂછે કે તને દોલત પાછી આપી દેવાનું કારણ શું તો શું કહું ? ”

“ હું તેને મલી આવીશું. મે તેને કહયું છે કે જે ધણી સાથે હું પરણુનારછું તે ધણી બીજાની દોલત હું લઉં તેથી ખુશી નથી. ”

“ વાત બધી ખરી છે, પણ હું એક આબરૂદાર ગ્રહસ્થછું. મને કોઇ બદનામ કરે નહી, માટે વખત આવે તો એ કાગજનો ઉપ્યોગ કરવો પડે, ત્યારેજ ઉપ્યોગ કરીશ. નહીં તો ાને ગ્રહસ્થ ગણીને વિશ્વાસ રાખો કે હું એ તમારા કાગજમાં લખેલી બીના કોઇને કહું નહી. ”

“ કહો તો હું બીજું કાગજ બીજી રીતે લખી આપુ જે તમે ગમે તેને દેખાડજો. ”

અતરે કરાંચાવાલો ડી સુઝા દયા અને મોહબતના ભેળેલા અવાજે બોલ્યો, “ મિસ રૉજસ, ત્યારે ગમે તે થાય તોપણ તમે ચીતારા સાથે પરણવાનો ઠરાવ કર્યો છે ? ”

તેણી ઉઠી ઉભી થઇ, તેણી હાંફવા લાગી, અને બીજી પળે વળી ખુરસી ઉપર બેસી ગઇ, અને બોલી:—

“ હા હા. હું તેને મારા જાન કરતાં વધારે ચાહુંછું, નહીં તો હું આવી અથાગ દોલત છોડી ન દેત અને જો એટલું કરવા છતાં તે મારો તરફ સખ્ત રહે તો આ દુન્યામાં પ્યારનો કદર બુજાતી નથી એમ નક્કી થશે. ”

"ખરૂં છે, પણ જો તેને તમારા કાગજમાં લખેલી વાત માલમ પડી તો—"

"પણ તેને માલમ કયાંથી પડે. તમે જો કાગજ મને પાછુ આપી દો તો તે પછી કેમ જાણે. જો તેને એ વાતનો ઇસારો માલમ પડશે તો તે પોતાની જીંદગી બરબાદ કરશે, માટે તેને એ વાત માલમ ન પડે એમ કરજો તો મારી ઉપર મેહરબાની થશે. મેં તમને લખ્યું તે ઉપરથી તમે એટલું તો જાણો છો કે હું કાંઇ ખરાબ ઓરત નથી. જો હું જેને ચાહું છું તેની સાથે પરણું તો બેશક એક ભલી સ્ત્રી થાવું. મેં તમને ગેરઇનસાફ કર્યો છે, મારા લખવાથી તમને ઓરતજાત ઉપરથી વિશ્વાસ ઉઠી જશે તો ખરો, તોપણ ગમે તે થાય તોએ આ કાગજ રાખીને તમે મારી ઉપર વેર લેશો એમ હું માનતી નથી, કારણ કે તમે ઘણા મોટા મનના છો. એ કાગજ તમને શો ફાયદો કરશે ? કોઇ તમને બદનામ કરશે નહીં, કોઇ તમારી તરફ આંગલી કરશે નહીં, કારણ કે દરેક જણુ જાણે છે કે તમે એક સંપૂર્ણ ગ્રહસ્થ છો—"

જેનો હજી કરગરીને ડી સુઝાને સમજાવત, પણ તેનો દેખાવ જોઇ તેણી અટકી. આર્થા તેણીનાં આંખમાંથી આસું પડવા લાગ્યાં, અને તેણી બોલી, "અફસોસ ! મારા બોલથી તમે નારાજ ના થાઓ. હું તમારી તરફ ઘણું માન ધરાવું છું."

તેણીની આવી હાલતથી તેનું પણ દિલ પીગળ્યું અને તે બોલ્યો,

"જે આદમી પોતાનાં પાપનો પસ્તાવો કરતું હોય તેને તેના પાપની સજા કરવી સજાવાર નથી. વેર અને કીનો હું લેવા માંગતો નથી. બેશક હું તમને ચાહતો હતો, તે છતાં તમે મારી તરફ ઘણી બેઅદબીથી વર્તયાં છો, તોયે હું જોવુંછું કે તમે તમારાં ગુનાહ માટે દિલગીર છો. હું પોતે પણ એક ખામીવાળું આદમ છું

અને તેથી બીજાંનાં વાંક તરફ દયાની નજરથી જોતું છું, અને તે-ટલા માટે હું તમને તમારૂં કાગળ પાછું આપવા ખુશી છું. પણ સાંભળો, જ્યાંસુધી આ વાત ચીતૌરાને તમો કહેશો નહીં ત્યાંસુધી ચ્યાંદ રાખજો કે તમારી પરણેલી જીંદગીમાં એક પણ સુખનો કલાક વહેશે નહીં."

"નહીં નહીં એમ કદી મારાથી થાય નહીં."

"તમારે ગમે તે કરો. તમે મને બીજી દફે બીજું કાગળ લખવા કહયું તેમ ચાલો લખી આપો. તે લઇને હું જાતું અને તમારૂં પેલું કાગળ તમારા માટે ઘરથી લેતો આવીશ."

"આહ ! તમે કેવા ભલા છો ! મારા દિલમાં કેવી આશા ફૂલી રહી છે ! અરે, હું તમારો બદલો કેમ વાળીશ !" એમ કહી તેણી તૂરત ટેબલ આગળ લખવા બેઠી.

જેની કાગળ પૂરૂં કરી ઉઠી, તે ડી સુઝાએ વાંચ્યું અને બોલ્યો, "ઠીક છે એટલું બસ છે. હું આ કાગળ લઇને જાવું છું, તૂરત હમણા ને હમણા તમારૂં પેલું કાગળ લાવીને આપી જઇશ."

એમ કહી ડી સુઝા ત્યાંથી સલામ કરી ચાલતો થયો.

કલાક થયો, બે કલાક વહી ગયા, પાંચ કલાક થઇ ગયા—પણ ડી સુઝા પાછો ફર્યો નહીં, જેની સમજવા લાગી કે તેણે ઠગાઇ કીધી, પણ તેટલામાં ડી સુઝા ત્યાં આવી ગાડીમાંથી ઉતર્યો. તેનું ફિકકુફ્ચ મોં જોઇ જેની માહા સમાચાર સમજી ગઈ અને પૂછ્યુ "શું છે, શું છે?"

"કાગળ મલે નહીં. કાગળ ચોરાઇ ગયું છે! તમે મને જે કાગળીઆં મોકલ્યાં તેમાં તે નથી જડતું. એપરથી માલમ પડે છે કે તમારો કોઇ દુશમન હોવો જોઇએ, અને હવે તે દુશમનના હાથમાં તમારી આબરૂ છે."

પ્રકરણ ૩૯.

છુપા શત્રુઓ.

"નહીં, નહીં, હું નહીં માનતી! કાગજ કોણ ચોરી જાય! મારો કોઇ દુશમન રહયો નથી. કદાચ—" અતરે તેણીને મી૦ રોડરીગીસ ડિટેકટિવ વિષે શક ગયો, પણ તે શક તેણીએ તૂરત મનમાંથી કાહાડી નાખ્યો, "તમે શું ધારો છો મી૦ ડી સુઝા?"

"હું કાંઇ કહી શકતો નથી. હું તમારૂં કાગજ બીજાં કાગજીઆં સાથે મારી ત્રનકમાં મેલી આવ્યો હતો. દેખઇતું છે કે બીજાં બધાં કાગજો જેમના તેમ છે અને તમારૂં કાગજ ત્યાં મલે નહીં, તેથી ચોરનારની મતલબ ફકત તમારૂં કાગજ ચોરવાની હોવી જોઇએ."

"મારા મનથી તે મોટા ભેદ જેવું લાગે છે," જેની બોલી. આ જેનીને દુન્યાના તહરેવાર ઢોંગ સોંગ અને રંગની કાંઇ ખબર ન હતી.

"તમે કોઇને કહયું કે તમારૂં કાગજ જતું રહયું?"

"હા, મને વખત લાગ્યો તેનું કારણ એ કે મેં હોટેલમાં પૂછપરછ કીધી કે મારૂં કાગજ ગયું તેથી મારા ઓરડામાં કોણ આવ્યું હતું?"

"પછી?"

"પણ મને કાંઇ પત્તો મલ્યો નહીં. મારા ઓરડામાં ફકત ધોબીની બૈરી મારાં કપડાં મુકીને ચાલી ગઇ તે સિવાય બીજું કોઇ મારા ઓરડામાં આવ્યું ન હતું, પણ ચોરનારને તમારાં કાગજની શી જરૂર પડી?"

"હું નહી કહી શકતી, હું નહીં સમજી શકતી. પરમેશ્વર કદાચ મને મારા ગુનાહની છુપી શિક્ષા કરતો હશે. બીજું કારણ શું હોય ?"

"કહો તો એ કાગજ ચોરાયું તે માટે પોલીસને ખબર કરયે ?"

' નહીં નહીં. પોલીસે પોતે ચોર્યું હશે તેમાં કાંઇ શક નથી ! " એમ તેણીને ફરીથી શક ગયો.

"એટલે એટલે ? હું તમારૂં બોલવું સમજી શકતો નથી !" ડી સુઝા અજબ થઇ બોલ્યો,

"મને કહેવામાં આવ્યું છે જે રોડરીગીસ ડિટેક્ટિવ મારી તરફ શકની નજરથી જોય છે, અને તેથી આ કારસ્થાન તેનું હોય એમ મને લાગે છે. પોલીસના છુપા અમલદારો બહુજ પક્કા અને મીંઢા રહે છે, પણ એને કેમ માલમ પડયું કે મેં તમારી ઉપર કાગજ લખ્યું છે, અને તેમાં મારી છુપી વાત મેં તમને જણાવી છે ?"

"નહીં હોય, રોડરીગીસે તો તમારો જીવ બચાવ્યો. હું નહ ધારતો કે તે એવાં કામમાં વખત રોકે"

"શા માટે નહીં. ચોતારો તેનો અસલ દોસ્ત થાય છે તેની તરફ ફરજનો માર્યો કાંય નહીં કરે ?"

"નહીં, નહીં, મારા ધ્યાનમાં નહીં ઉતરતું. રોડરીગીસને લોકોની ખાનગી મતા સાથે શી ગરજ છે ? મારી ધોબણે કાગજ ચોર્યા હોય એમ મને શક જાય છે પણ તે શા માટે ચોરે તે એક સવાલ થઇ પડે છે !"

"ધોબણને મારા કાગજ સાથે શું કામ ?"

"કહેછ કે ધોબણ ઓરડામાં ઘણીવાર રહી હતી પણ પૈસાની વાત હોત તો એમ બી સમજત કે પૈસા તેણીએ ચોર્યા, પણ કાગજનું શું તેને કામ !"

"હા, તેને શું કામ, પણ કદાચ ડિટેકટિવોએ તેણીને લાંચ આપી એ કામ કરાવ્યું હોય તો ?"

આથી ડી સુઝા (કરાંચીવાળો) ચોંકયો, કારણ કે આ વાત બની શકે તેમ છે.

"બસ કરો, મી૦ ડી સુઝા મારી તો પળ જાય છે તેમ ખાતરી થતી જાય છે કે ડિટેકટિવને વાસ્તે ધોબણે કાગજ ચોર્યું છે. અફસોસ ! જો ચીતારો એ કાગજ વાંચશે તો જરૂર મને છોડી દેશે !" આમ બોલી તેણી રડવા જેવી થઇ ગઇ. તેણીની ઉપર એટલી જફા પડી ચુકી હતી કે તેણી બીલકુલ ઘેલી ગાંડી જેવી બની ગઇ હતી.

"જુવો બાનું, આવી મુશકેલીના વખતે હું તમને દિલાસો આપી શકતો નથી, પણ એટલી સલ્લાહ આપું છું. જે તમારે જેમ બને તેમ—ચીતારાને મળીને એ વાત તમારા પોતાના મોંઢે કહી સંભળાવીને તેની પાસે દયા ચાહો. જે ધણીએ કાગજ ચોર્યું હશે તે બેશક ચીતારાનાં સાથે થનાર લગન અટકાવાની મતલબ ધરાવતો હશે."

આથી તેણીને શક આવવા લાગ્યો કે આ તાગડો કરાંચીવાલા ડી સુઝાએ ઘડયો તો ન હોય ? પણ એ શક ઝાઝો ધ્યાનમાં ઉતર્યો નહીં; કારણ કે તે નિચે પ્રમાણે આગલ બોલ્યો,

"કહો તો હું તમારી સાથે આવું. હું તમને ખુશીથી તમારાં વચનમાંથી મુકત કરૂં છું, તે જાણી તે તમારો ગુનાહ તમને વધારે સેહલાઇથી માફ કરશે–તે છતાં તે જો તમારી તરફ સખ્તાઇ વાપરશે તો હું તમને મારી એક બેહન ગણી, સંકટ અને આપદામાંથી બચાવી લઇશ–કારણ કે તમારી આવી કઢંગી હાલત જોઇ મને દયા છૂટે છે !"

"અરે ! કેવા ભલા છો ! પણ હું તમારી મેહરબાની કયા નાકે કબુલ રાખું ! નહીં, નહીં, તે મને ધિક્કારે તો હું ભૂખે મરૂં, ભીખ

માગું, પણ તમારા ઉપકાર તળે નહીં આવી શકું! એકવાર ભૂખમરે મેં વેઠયો છે અને ફરીથી વેઠીશ. આહા! મને ભૂખમરાની વાસ્તે નથી, મને તે ધિક્કારશે તો હું જીવી કેમ શકીશ તેનો મને વિચારછે!'

"ઠીક છે. મારી સલ્લાહ ઉપર ધ્યાન પુગાડો. હું મારા હોટેલમાં છું ત્યાં ચીઠી લખી મારૂં કામ પડે તો તેડાવજો. હું તમારે માટે કાંઇપણ કરવા ખુશી થઇશ."

"મને તમારૂં કાંઇ કામ નથી—તમારી આગલી મેહરબાની માટે હું તમારો ઘણો ઉપકાર માનું છું. હાલ જો તે મારો હાથ કબુલ રાખશે તો હું તેના આશરા હેઠળ રહીશ—અને જો તે મને આશરે નહીં આપશે તો મને બીજા કોઇનો આશરો જોઇતો નથી"

"વારૂં મિસ રૉજર્સ, હાલ તૂરત તો આ બંગલામાંજ તમે રહેજો. તમે એ બંગલો મુદતે ભાડે લીધો છે અને આખી મુદતનું ભાડું અગાઉથી આપી ચુક્યાં છો, વાસ્તે હાલ તો મુદત પુરી થાય ત્યાંસુધી અહીંજ રહેજો, તેમજ તમારી ઉપર બાજાં કાંઇ બીલો થાય તે મને મોકલાવજો, હું તે બધાં ચુકવી આપીશ."

"મેહરબાન શેઠ, એકવાર તમને ગેરઇનસાફ કર્યા પછી હું તમારી તરફથી કાંઇપણ કબુલ રાખી શકતી નથી. કાલથી તમે આ બંગલો તમારા હસ્તકમાં સોંપુ છું. હજી મારી નીરાશીની છેલ્લી ઘડી આવી નથી કારણકે ચીતારાએ હજી કાગજ વાંચ્યું ન હોય—અને તેવું જો કાંઇ બન્યું તો હું નોકરી કરી મારૂં ગુજરાન કરીશ"

આટલી વાત પછી કરાંચીવાલો ડી સુઝા ત્યાંથી ચાલ્યો.

પ્રકરણ ૪૦.

છેલ્લો આશા.

લુસી પીન્ટોને ઘણા જન મલવા આવ્યાં, પણ તેમને જવાબ આપવામાં આવ્યો કે આજે સાંજે મિસ પીન્ટો કોઇને મલી શકશે નહીં. તેનુ કારણ એ કે લુસી અને ચીતારો ઓરડામાં સાથે બેસીને એક કાગજ વાંચીને તેનો વિચાર કરતાં હતાં.

બોલો હવે મિસ પીન્ટો શું કરૂં. એ છોકરી બહુ નબળા હૈયાંની છે, અને તે તમે જાણોછો, વાસ્તે બોલો કેમ જવાબ આપું.

લુસીએ તેના હાથમાંથી કાગજ લઇને ફરીથી વાંચ્યું જે કાગજ જેની તરફથી ચીતારા ઉપર આવ્યું હતુઃ—

"હું હવે તદન છુટી છું. તમારા હરિફે મારા વચનમાંથી મને છુટી કીધી છે. હવે બસ? આજે રાત્રે આપણે દેવલમાં જઇને પરણીએ. ઉતાવળ કરયા સિવાય છુટક નથી, કારણ કે કાલથી મેં બંગલો તમારા હરિફને સોંપ્યો છે. કાલે ખાવું અને સુવું કયાં તેનો મને વિચાર છે, વાસ્તે આજ રાત્રે તમે મને પોતાની બનાવી તમારી સાથે રાખો."

લા૦ જેની રૉજસ."

"આજે રાત્રે દેવલમાં જવાનો વિચાર છે?" લુસીએ પૂછ્યુ.

"નહીં, બને કેમ?"

"હું બી એમજ ધારૂં છું." લુસી બોલી—

"એમ નથી કે હું પરણવા ના કહુ છું, પણ એટલી ઉતાવલથી કરવાની જરૂર શી? હું કોઇ દોસ્ત આશનાવને તેડવા માંગતો

નથી, પણ મારી મા બેહનને તો તે વેળા હાજર જોવા ઇચ્છું છું. હું જેનીને એટલું કહેવા માગું છું કે ફક્ત મને ત્રણ દિવસ આપે, તો હું મુંબઇ જઇ પાછો આવું. મારી મા મારી બેહન સાથે વાંદરે રહેછે તેણીને લેતો આવું, વાસ્તે એટલું તમે એને બરાબર સમજાવો. તો સારૂં."

"મી૦ ડીસુઝા, આપણે સાથે એના બંગલે જઇએ. એ જોશે કે તમે હજી એને ચાહો છો, અને તમારો વિચાર એણીનો હાથ કબુલ રાખવાનો છે તો ધિરજ પકડશે. હું તમને હમેશાં કહેતી આવીછું જે એ બહુ નાદાન છે અને કોઇ માથેવાસે ન હોવાથી, અને આવી કઢંગી હાલતમાં, મેલાયલી હોવાથી શું કરવું તેની એને સુઝ પડતી નથી—" લુસીએ ચીતારાને સમજાવ્યું.

"હું પણ એમજ ધારૂં છું" ચીતારો બોલ્યો.

"હું ગાડીમાં બેસી રહીશ, તમે પોતે અંદર જઇને વાત કરજો અને કહેજો કે હું બાહાર ગાડીમાં તેડવા આવીછું. વળી કહેજો કે લોકોમાં ચરચા ચાલી રહીછે કે જેની કરાંચીવાલા ડી સુઝા સાથે થોડુંકમાં પરણનાર છે, અને જો તેઓ જાણે કે તૂરત ઉતાવળેથી બીજા સાથે લગન કરવામાં આવ્યાં, તો લોકોને તહરેવાર વેહમ જશે."

લુસી પીન્ટોનું બોલવું બોલે બોલ અને અક્ષરે અક્ષર ચીતારાને ખરૂં લાગ્યું. સાંજ પડી ગઇ હતી તે છતાં તેઓ બન્નેજણ ગાડીમાં બેસી જેનીના બંગલે ગયાં.

જતાં જતાં લુસી જેનીને વાસ્તે પલંગ તૈયાર કરવાનો હુકમ આપતી ગઇ.

લુસી ગાડીમાં બાહાર બેસી રહી. ચીતારે ઉતરીને અંદર ગયો ત્યારે લુસીએ કહ્યું, "હું અહીં બેઠીછું, ઉતાવલ કરતા ના. આસ્તે ધિરજે સમજાવજો અને લાવજો."

આ વેળા જો ચીતારો મનના વિચાર વાંચી શકયો હોત તો લુસી પીન્ટો ચીતારા તરફ કેવા પ્રકારનું દિલ દેખાડતી હતી તે તેને માલુમ પડત.

ચીતારાને જોઇ જેની બોલી,

"તમે આવ્યા ખરા કે?"

અને તેણીના મોં ઉપર ખુશાલી પથરાઇ. આહ! ચીતારાને આ પળે તૂરત લગન કરવાનુ, ઘચુપચુ મન થયું, કારણકે જેનીને જોઇ તેના દિલમાં ઘડિયાલ માફક ટકોરા વાગવા લાગ્યા અને તે ટકોરા મોહબતના જુસ્સાથી થયા હતા.

"મારી વાહલી! તું મારી છે! હું તને કબુલ રાખું છું! હવે મારો કોઇ હરિફ રહયો નથી! હવે મને કાંઇ શરત કરવી નથી! હવે થોડા દિવસમાં તને મારી ગોદમાં લેવાને ખુશી થઇશ."

થોડા દિવસ એ શબ્દોથી જેનીના મોં ઉપરની ખુશાલીનો રનાશ ઉડી ગયો. જેનીના દિલમાં જુદીજ જાતની લાગણી પેદા થઇ, અને તેણી બોલી,

"હજી થોડા દાહડા! ત્યારે હુ તમારા હરિફના બંગલામાં હજી રહુ! તેના નોકર ચાકર હજી વાપરૂં! તેનું અન્ન પાણી ખાવું! એ મારાથી કેમ બની શકે!"

"હું એમ કરવા કયારે કહું છું. મારી સાથે લુસી પીન્ટો ગાડીમાં આવીને બાહાર બેઠી છે. તેણી તને પોતાના ઘરમાં થોડા દાહડા રાખવા ઇનતેજાર છે. વળી હજીતો કાંઇ અગાઉથી ગોઠવણુ કીધી નથી, પાદરીને ચેતવ્યું નથી—"

"લુસી પીન્ટો, લુસી પીન્ટોના ઘરમાંથી હું તમારી સાથે પરણુવા ખુશી નથી"

"શા માટે વાહલી! લુસીએ તારી મા બેહનની જગ્યા રાખી છે. તેણીએ જોઇતી વખતે તને આશરો આપ્યો છે. તેણીનો ઉપકાર તું શું આટલીવારમાં ભૂલી ગઇ?"

"નહી નહી. મારી મતલબ તમે સમજતા નથી. હું લુસી પીન્ટોની આભારી છું–પણ" આ વખતે તેણીને પોતાનાં પેલાં કાગજનો અને તે માહેલા છુપા ભેદનો વિચાર આવ્યો. તેણીને જો વખત મલ્યો હોત તો આ વખતે બધો ભરમ ફોડી દઇને છાતી મોકલી કરી નાખત, પણ તેણી જરા અચકીને, કહું કે નહીં કહું, તેના વિચારમાં પડી. તેનો જૂદો અર્થ ઉઠાવીને ચીતારો તેણીનો હાથ પોતાના હાથમાં દાબીને બોલ્યો,

"જેની હું માથાથી પગ સુધી તારો છું, મારૂં દિલ તારૂં છે, તે તું મારા ચેહરાપરથી જોઇ શકતી હશે. હું તને ચાહુંછું અને ઢોંગ નથી કરતો, તેની તને ખાતરી છે. પણ લગન કરવાં તે આમ ઉતાવળેથી કરવાં ન જોઇએ—વળી મારે બીજી ફરજ બજાવવી છે. હું દોસ્ત આશનાવોની ગરજ રાખતો નથી–પણ મારી મા બેહનને બોલાવા માગુંછું. જો તેણીને જણાવ્યા વગર અચબુચો પરણું ને તેણીને ન બોલાવું તો તેણી મારી ચાલથી દિલગીર થઇ દુઃખી થશે."

"અફસોસ!" એમ બોલી જેનીએ તેની છાતી ઉપર માથું નાખી દીધું, કારણકે છેલ્લી આશા ભંગ થઇ ગઇ છે એમ તેણી સમજવા લાગી.

"તું સમજુ છે, જેની, તેથી આટલું મારૂં કહેલું માન. જે દીકરા તરીકેની ફરજમાં પછાત પડે તે ભરથાર તરીકેની ફરજ બજાવે એમ કદી ના માનતી—વળી મારી માનો મારી ઉપર એટલો બધો પ્યાર છે કે બોલવાની વાત નહીં. જ્યારે મારી માનો મારી તરફ મેહરબાનીનો

અને તેણીના પ્યારનો મને વિચાર આવે છે ત્યારે મારૂં દિલ તેણીની તરફ આભારની લાગણીથી દોરવાયા વિના રહેતું નથી. જો મારામાં તું કાંઇપણ સાચા ગુણો જોતી હોય તો તે મારા ગુણો માટે હું મારી માતાનો આભારી છું. બોલ જેની હું કહુંછું તેમાં સચ્ચાઇ છે કે નહીં ?"

જેનીએ ચીતારાનો હાથ પ્યારથી દાબ્યો, અને તેને કોટી કરી. જેમ બને તેમ જલદી લગનથી જોડાવાનો તેણીનો વિચાર હોવા છતાં, માતા તરફની ફરજ વિષે ચીતારાને તે ખોટો પાડી શકી નહીં.

"વાહલી જેની, મારી મા તને ઘણી ચાહશે–તને પોતાની દીકરી માફક ચાહશે. મારી માતામાં બીલકુલ સ્વાર્થીપણું નથી. વળી મારી મા પુનેસુધી આવે એમ મને લાગતું નથી, કારણ કે ઘરના ઊંબરાની બાહાર તેણી જવા રાજી નથી–પણ મને તો જઇને કહેવાની ફરજ છે. નહીં આવશે તોપણ સારી દુઆ દઇને તો મોકલશે. માતાની દુઆથી મારા મનને ઘણો કરાર વળશે."

"અફસોસ ! માતાની મને કેટલી ગરજ છે ! માતા હોત તો હું આવી અને આટલી હેરાન થાત નહીં, અરે ! જેની માતા હૈયાત હોય તેને દુઃખ શું તેની ખબર નથી રહેતી, કારણકે દુઃખની વેળા ધિરજ આપનાર માતા સમાન બીજું કોઇ નથી. દુઃખમાં મોટો ભાગ લેનાર માતા જેટલું કોઇ બાહાર નથી પડતું. તમારી માતા મને વખતે ચાહશે અને મને દીકરી તરીકે ગણશે, તે છતાં એટલુંતો ખરૂં કે પોતાની માતા જેટલી ચાહે તેટલી બીજી કોઇ પારકી ઓરત ચાહે નહીં. જાઓ તમે બેલાશક જાઓ, તમારી માને લીધે હું તમને મારી અરજ ઉપર ધ્યાન પુગાડવા કહી શકતી નથી !"

"વાહલી જેની, હું તારા બાલે બાલને ચાહુંછું. હું તારી દરેક નજરને ચાહુંછું. તારા વગર મારૂં જીવતર અકારત છે. તે છતાં

જેમ જેમ હું તારો વિચાર કરૂં છું, તેમ તેમ મને મારી માતા યાદ આવે છે. મારી મા અને તું સિવાય મારો બીજાં કોઇ ઉપર ચાહ નથી."

આવી વાજબી તકરારથી તેણીથી કાંઇ જવાબ આપી શકાયો નહીં. તેણી તો તેજ રાત્રે પરણવા તૈયાર હતી, કારણ કે પેલું કાગળ ચીતારાના હાથમાં જાય તો નખોદ વળી જશે એવી તેણીને ફિકર હતી, અને તેણી કોઇ રીતે તકરાર કરી શકી નહીં, ત્યારે તેણીનું હૈયું ભરાઇ આવ્યું અને તેથી તેણી રડવા લાગી.

"જેની, વાહલી, રડ ના. હું જલદી પાછો આવીશ. ત્રણ દાહડા સબુરી નહીં પકડી શકતી?"

"તમે મુંબઇ જાઓ તે માટે મારા દિલમાં મોટી ફિકર છે. હું તમને અતરેથી બીજા મોહલ્લામાં ગયલા જોવાને ખુશી નથી."

"એમ ગાંડી ના થા. તુ અધીરી પડી ગઇ છે અલબતાં હું સમજી શકું છું કે તું બહુ હેરાન થઇ છે."

"વળી તમે જશો, દુકાન ઉઘાડશો, કે તમારા ઘરમાં જશો, કે વાંદરે મા બેહનને તેડવા જશો. નહીં, નહીં, તમે ઘણો વખત લગાડશો," એમ જેની તેને નહીં જવા પતાવવા લાગી.

"જો જેની, વાહલી, જરા ધિરજ પકડી બેસ."

"ત્યારે જાઓ, પણ બાહારો બાહારથી વાંદરે જાઓ ને ત્યાંથી પાછા લાગલા બોરીબંદર જઇ પુનેની ગાડી પકડો."

જેનીએ એમ કહયું તેનું કારણ એ કે તેણીને શક હતો કે રોડરીગીસ ડિટેકટિવ મુંબઇમાં ડી સુઝાની પાછા ફરવાની વાટ જોતો હો, પણ જો ડી સુઝા સ્ટેશન ઉપરથી ઉતરી વાંદરે જાય અને વાંદરેથી આવી પાછો બોરીબંદરથી પુને ઉપડે તો રોડરીગીસ સાથે મેલાપ નહીં થાય.

"ઠીક છે. હું તને વચન આપું છું કે હું મારા ઘરે કે દુકાને નહીં જાવું. જેમ બને તેમ પેહલી તકે પાછી ગાડી પકડીશ."

"નહીં તમે મને ડોળા તણાવશો. લાવો ત્યારે દુકાનની ને ઘેરની કુંચી મને આપો"

ચીતારાએ કુંચી પણ આપી. તે એમ સમજ્યો કે જેની હાડમાર થયલી હોવાથી અધીરી બની ગઇ છે, અને નાદાન હોવાથી જેમ ગમે તેમ ફાંટો ધરાવે છે અને તેથી પોતાની વાહલીની આ માંગણીને એક ફાંટો સમજી તેણે કુચી આપી.

કુંચો હાથમાં આવ્યાથી તેણીને કેટલી ધિરજ આવી, આથી તેણી કેટલી ખુશી થઇ ગઇ, અને હરખમાં આવી ગઇ, તેનું છુપુ કારણ ચીતારો સમજી શકયો નહીં.

પ્રકરણ ૪૧.

સીગ્રામાં બનવાનું.

આ પ્રમાણે ચીતારા અને જેની વચ્ચે એવું નક્કી થયું કે ચીતારાએ મુંબઇ જઇ પોતાની માને કહીને તેણી જો સારી પેડે હોય તો તુરત પાછું નિકળી પડવું. વચમાં બે દાહડા નિકળી જાય તેમાં વગર ધામધુમથી લગન કરવાં હતાં તેથી જે થોડી ઘણી તૈયારી થાય તે કરી રાખવી.

કરાંચીવાલા ડીસુઝાને પડતો મેલી, જેની જો ચીતારા સાથે થોડીવારમાં ગુપચુપ પરણી જાય તો મિત્રમંડલોમાં આવાં અચબુચાં પગલાંથી લોકોને તહરેવાર વિચાર આવે અને ગપાટા ઉડે તેથી

લુસી પીન્ટોએ વાત ફેલાવી કે જોન ડી સુઝા સાથે જેની પૈરણનાર છે તે કરાંચીવાળો નહી, પણ ચીતારો સમજવો. નામ એક સરખા મલતાં આવવાથી ભૂલ થઇ શકે એમ કેટલાકોએ માની એ વાત મનમાંથી ખસાડી મેલી પણ બીજાં કેટલાંકોને એ ઠીક લાગ્યું. નહીં, અને ડોકાં ઉપર ડોકાં ધુણવી મનમાં વેહમ અને વિચાર લઇ જવા લાગ્યાં. એકદમ કારજ તોડીને વળી એક બે દીવસમાં જેનો ચીતારા સાથે વગર ધામધુમે પરણી જવાની છે તેનું કારણ શું હશે, તેનો વિચાર, લોકોની તારી મારી કરનારાઓને બૂરો આવ્યા વિના રહે નહીં. એવાં ઘણાંઓ હોય છે જેમને લોકોની કનવાર કરવાની માઠી ટેવ પડેલી હોય છે.

લુસી લગનને માટે બની શકતી ગોહવણ કરતી હતી જેનીને ઘણું કામ હતું પણ તેણીનું ધ્યાન કોઇ ચીજમાં લાગતું નહીં. જે હશે તે છેલ્લી ઘડીએ કરીશું એવો વિચાર કરી તેણી પોતાના બીજા વિચાર અને અંદેશામાં બેસીને વખત એકાંતપણે ગુજારતી હતી. તેણી કોઇને મલતી ભેટતી હતી નહીં. બસ એક ઓરડામાં ભરાઇ રહેતી હતી. ઘણું થતું તો કરાંચીવાલા ડી સુઝાનો વકીલ આવતો તેની આગલ ઓરડામાંથી બાહાર આવતી, કારણકે તે ડી સુઝાનાં નામ ઉપર દોલત પાછી ચલડાવી આપવા માટે સહી કરવાની જરૂર હતી. વકીલને મલવા સિવાય તેણી બીજાં કોઇ સાથે ઝાઝી વાત કરતી હતી નહીં, કારણકે ફિકર ચિત્તાથી તેણીનાં અંગમાં ઝીણી બાખારથી તેણી સુસ્ત અને બેચેન બની હતી.

પણ એ સર્વે ફિકર ચિત્તા બે દીવસ પછી મટી ગઇ તેનું કારણ કે તેણીને પોતાના વાહલા ચીતારા તરફથી તાર મલ્યો કે હું આજે આવીશ. તાર આવ્યો ત્યારે લુસી કાંઇ ખરીદવા બાહાર ગઇ હતી. હવે જેનીને પોતાનું કામ કરવું હોય તે કરી લેવું એવો

વિચાર આવ્યો, અને તેથી તાર લુસીની ચાકરડીને આપી કપડાં પેહરીને બાહાર ગઈ અને કહેતી ગઇ કે હું બાહાર કાંઇ ખરીદવા જાંવુ છું ત્યાંથી થોડી વારમાં પાછી ફરીશ.

પણ રસ્તે ચાલતાં વિચાર આવ્યો કે ચીતારો આવશે તેવો પોતે રાખેલા હોટેલના રૂમમાં જશે. ચીતારો પોતાનો સર સામાન હોટેલમાંજ મેલી ગયો હતો અને જેવો આવશે તેવો થાકેલો ડરેસ કરવા હોટેલમાંજ જશે. વાસ્તે હવે તેને છેલ્લી ઘડીએ મલીને દિલની વાત કહીં દેવી જેથી ભવિષ્યમાં વર બૈરી તરીકે તેઓ સુખી રહી શકે. જેની મનમાં વિચાર કરવા લાગી કે જો હું મારા દિલની એ વાત મારા ચીતારાથી છુપાવી અને પરણીશ, અને પછી એ વાત કહીશ, અને જો તેથી ચીતારો પસ્તાયો તો આખી જીંદગી દુઃખ ભોગવવું પડશે, માટે અગાઉથી કહી દેવું તેમાંજ પાછળથી સુખ થશે.

પોતે એ દિવસમાં પાછો ફરનાર હતો તેથી ચીતારો પોતાના નોકરને પુનામાં રહેવા દઇ ગયો હતો એ વાત જેની પણ જનણતી હતી.

જેની હોટેલમાં ગઇ અને ડી સુઝાના ઓરડામાં ગઇ ત્યાં તેનો નોકર બીજા ઉતારૂઓના નોકરો સાથે વાત કરતો હતો, તે જેનીને ઓળખતો હતો તેથી જેની જેવી ઓરડામાં દાખલ થઇ તેવો તે બાહાર નિકળી બેઠો. જેનીએ ઘડિયાલમાં જોયું તો મુંબઇથી ગાડી આવવાનો વખત થવા આવ્યો હતો; અને તેથી થોડી મિનિટમાં ચીતારો આવી પુગશે એવી આશામાં ત્યાં બેઠી.

ઓરડામાં એમથી તેમ નજર કરતાં જેનીની નજર ટેબલ ઉપર પડેલાં પોસ્ટના કાગજો ઉપર પડી. બધાં મળીને ત્રણ કાગજ હતાં, અને તે પુનેથીજ કોઇએ લખ્યાં હોય એમ પોસ્ટના છાપ

ઉપરથી જણાતું હતું. તેમાં એક પોસ્ટકાર્ડ હતો, જે અલબતાં કુદરતી રીતે જેનીને વાંચવાનું મન થયું. આં પોસ્ટ કાર્ડ સાથે તેણીને લાગતું વળગતું હતું અને તે કેવી રીતે તે નિચે પ્રમાણે માહેલી બીના ઉપરથી જણાશે:—

નાં૦ ( ) ઇસ્ટ સ્ત્રીટ પુના.

મી૦ જોન ડી સુઝા,

સાહેબ,

આજે સહવારે મારા મોહલ્લાના નાકા ઉપર એક ઉખડેલું કાગજ રસ્તે પડેલું હતું અને તેની ઉપર સરનામું ફકત મી૦ જોન ડી સુઝા કરીને જોયું. કાગજ લખનાર છોડીનું નામ જેની રોજસ છે. મને ખબર હતી કે તમે ઘણા ખરા પુનામાં રહો છો તેથી મેં ધાર્યું કે એ તમારૂંજ હશે; એમ ધારીને તમારી ઉપર મોકલાવતો હતો તેટલામાં એક મિત્રે સુચવ્યું કે પેહલાં લખીને પૂછાવો કે તમારૂં કાંઈ કાગજ ખોવાયું છે. જો તમારૂં કાગજ ખોવાયું હોય તો મારા ઘરે પધારજો ને લઇ જજો.

લા૦ પીટર જોન્સ.

આહ! કેવો સટોસટનો વખત! જો પીટર જોન્સે કાગજ મોકલી આપ્યું હોત અને જો જેની હોટેલમાં આવી ન હોત, અને ચીતારાએ તે કાગજ વાંચ્યું હોત, તો તે દિવશે ચીતારા અને જેની વચ્ચે ફાટફુટ થાત. ઠીક થયું કે જેનીએ આ કાર્ડ વાંચ્યો. એ પણ અજાયબીની વાત છે કે ચીતારાના એક ઓળખીતાને કાગજ રસ્તેથી જડયું! કોની પાસેથી પડી ગયું હશે, અને તે કેમ તેની અટકળ કરતી જેની હોટેલમાંથી તૂરત ઉતરી.

પોતાના વિચારમાં ને વિચારમાં તેણી ત્રણુંકે કાગજ પોતાની સાથે લઇને ઉતરી પડી, અને તૂરત કાર્ડમાં લખેલા ઠેકાણે ગાડી ચલાવવા કહી.

ઘરમાં મિસિસ જોન્સ હતી. તેણીએ જેનીને આવકાર દીધો અને નામ નિશાન પૂછી આવવાનું કારણ પૂછ્યું.

"જે કાગજ તમારા ધણીને રસ્તેથી જડયું તે હું લેવા આવી છું. મી૰ જોન ડી સુઝા સાથે હું અદ્દર યત્રી છું. મારું નામ જેની રૉજસ છે અને મેંજ તે કાગજ લખ્યું હતું.' એમ જેનીએ મિસિસ જોન્સને કહયું.

"દિલગીર છું કે મી૰ જોન ડી સુઝા પોતે કાગજ લઇ ગયા તેઓ ગયા તેને દસ મિનિટ થઇ હશે."

"મી૰ ડી સુઝા પોતે!"

"હા, મી૰ ડી સુઝા સ્ટેશન ઉપર મી૰ જોન્સને મલ્યા હશે અને તેમના વચ્ચે કાગજની વાત થઈ હશે તેથી બાહારો બાહર થી આવીને કાગજ લઇને હમણાજ પાછા ગયા."

આ સાંભળી જેનીનો દેખાવ કેવો થઇ ગયો તે મિસિસ જોન્સે દીઠો અને તુરત તેણી પામી ગઇ કે કાંઇબી છે ખરું.

તુરત જેની પાછી ફરી અને લુસી પીન્ટોનાં બંગલા તરફ હંકાર્યું. તેણીના દિલમાં હવે લેશ ભાર આશા રહી નહીં. જ્યાં નસીબ વીરૂધ હતું ત્યાં તેણી શું કરી શકે. હવે તો જે થાય તે ખરું એમ ધારીને તેણી પાછી ફરી.

મી૰ જોન્સે ચીતારાને કહયું હશે કે મેં તમારી ઉપર કાગળ લખ્યો હતો. તે કાઈ હોટેલમાં ચીતારાને મલશે નહીં, ને નોકરને પૂછશે, ત્યારે નોકર કહેશે કે, હા સાહેબ ત્રણ કાગજ ટેબલ ઉપર હતાં. પૂછપરછ કરતાં કાગજ જેની લઇ ગઇ એમ ચીતારાને સમજ આવશે. એવા વિચારથી તેણી ઘણી બેચેન થઇ ગભરાવા લાગી.

જો ધરતી મારગ આપી પોતાના પેટમાં સમાવી દએ, કે કોઇ ફરેસ્તો આવીં મને એજગેબી ઉપાડી લઇ જાય, જો તુર

મારૂં હૃદય ચાલતું અટકી જાય. જો કુદરતની ઇચ્છા થાય કે મારૂં શરિર પથ્થરના આકારમાં બદલાઇ જાય, તો કેવું સારૂં, તો હું કેવા જઞ્જાલમાંથી છૂટી જાવું, તો હું કેવી સુખી થાવું, એમ જેની વિચાર કરતી લુસીના બંગલે ગઇ.

પણ હજી તો બંગલામાં દાખલ થાય નહીં તેટલામાં તેણીનો આશક સામેથી તેણીને આવતાં જોઇ ભેટવા દોડયો અને બોલ્યો.

"જો વાહલી જેની, હું તુરત પાછો ફરયો કે નહીં? મારાં માયજીને મળ્યો, તેઓણ કાંઇ આવે નહીં એમ હું આગળથી ધારતો હતો, પણ રાજી થયાં એટલે બસ મને કહ્યું કે તારી બૈરીને મારી આગલ જલદી લઇને આવજે. માયને મલી આવ્યો એટલે માય ખુશી થયાં ને હું પણ રાજી થયો. બે દાહડામાં કાંઇ ખાટું મોરૂં થઇ ગયું વારૂ."

જેની કાંઇ બોલી શકી નહીં, ફકત ડોકું હીલવીને અને જેમ તેમ મુછમાં હસીને જવાબ આપ્યો. તેણીના દિલમાં જે વિચાર હતો તે એ કે ચીતારાએ મારૂં કાગજ વાંચ્યું હશે કે નહીં.

ચીતારો એકદમ તદન ખુલ્લા દિલથી વાત કરતો હોય એમ જેનીને લાગ્યું નહીં, અને તેથી જેની એમ વધારે માનવા લાગી કે ચીતારાએ કાગજ વાંચ્યું હશે.

પણ ચીતારાએ આગલ વાત ચલાવી તે ઉપરથી એ ભરમનો ખુલાસો થઇ ગયો.

ચીતારો બોલ્યો, "વાહલી જેની, મારા મગજ ઉપર એક વિચારનો ભાર છે અને તે હું દૂર કરવા માગુ છુ, કે જેથી ખુલ્લાં મને આપણે લગનનો વિચાર કરયે. મને એક કાગજ મલ્યું છે."

"કાગજ, કયુ કાગજ!" જેની હરૂસે બોલી.

"તે કાગજ તેં લખ્યું છે. રસ્તેથી એક મારા ઓળખીતાને જડ્યું. તેની ઉપર જોન ડી સુઝા સરનામું છે. આ રહ્યું કાગજ. મેં એ વાંચ્યું પણ નથી." ચીતારાએ એટલું કહી કાગજ જેનીના હાથમાં આપ્યું.

"તમે વાંચ્યું નથી!" જેનીએ ભાર મુકીને પૂછ્યું, અને 'વાંચ્યું નથી' એ બોલ સાંભલીને તેણીને એટલો બધો કરાર થયો, અને તેણીનો દેખાવ એટલો બધો ફેરવઇ ગયો કે ચંચલ ચીતારાને એ કાગજમાં શું હશે એમ શક આવવા લાગ્યો.

"નહીં, મેં નથી વાંચ્યું કારણ કે મને લાગ્યું કે એ પેલા મારા નામરાસીઆ ઉપર તેં લખ્યું હશે."

"હા, તેની ઉપર લખ્યું હતું" જેની બોલી, ચીતારાને એવુ સમજાવા કે તમે નહીં વાચ્યું તો સારૂં.

"વાહલી, એ કાગજ તુંજ રાખ મને જોઇતું નથી, પણ જો તું મને કહે કે એમાં શું લખેલું છે તો હું ઘણો ખુશી થઇશ. જાણે છે તો ખરી કે મારા અને તારા વચ્ચે કોઇપણ વાત છુપી રહેલી જોવા હું ખુશી નથી. એ કાગજમાં શું લખ્યું છે તે જાણવાનો મને હક છે. વળી કોઇ બીજા ઉપર એ કાગજ લખ્યું હોત તો હું જાણવાની દરકાર નહીં કરત, પણ મારા હરિફ ઉપર શું લખ્યું હતું તે જાણવાની મારી જીજ્ઞાસા ઉસ્કેરાઇ છે. જો તું મને કહે કે વાહલા લઓ, વાંચો, તો હું તને કેવી ભલી દિલદાર સમજું!"

"હ–નાં–આં–આ–ઓ." આ જવાબ જેનીના મોંમાંથી નિકળતાં ઘણો વખત લાગ્યો. "હા તમે વાંચજો. પણ હમણા નહીં પછી આપીશ. હમણા તો હું કપડાં બદલવા જાવું છું, ત્યાંસુધી થોભી શકશો કે નહીં?"

"હું કાંઇ હમણા ને હમણા માંગતો નથી, પછી, તમે જ્યારે ગમે ત્યારે. બસ, હા કહયું એટલે બસ. એક ધણીઆણી ધણીના મનથી પવીત્ર છે, અને જો ધણીનાં મનમાં એમ આવ્યા કરે કે મારી બૈરી મારાથી કાંઇ વાત છુપાવે છે, તો તેમના વચ્ચે અંતર પડી જાય છે. સમજી વાહલી?"

હા, જેની સમજી તે તેણીના ડોળા ઉપરથી જણાઇ આવતું હતું.

"વાહલા, આપણે દેવલમાં કાલે પરણવા જઇએ તે અગાઉ તમને વંચાવીશ."

"પણ, વાહલા જોન, કાલે દેવલમાં બપોરે ચાર વાગે જઇશું. લુસી થોડાંક જણાને તેડું કરવા ઇચ્છે છે, તેઓ સઘળાં બાહારો બાહરથી દેવલમાં આવશે અને હું અરધો કલાક અગાઉથી તમારા હોટેલમાં આવીશ ત્યાંથી આપણે બન્ને સાથે દેવલમાં જઇશું.

આ પ્રમાણેની ગોઠવણ કરી થોડીવાર હસી બોલી ચીતારો લુસીના બંગલાની બાહેર પડયો, કારણ કે તેને હજી ઘણું કામ હતું.

પ્રકરણ ૪૨.

જેનીના લગનનો દિવસ.

લુસી સહવારના પોહોરમાં ઉઠી, દેવલમાં જવાની તૈયારી કરવા લાગી, જેનીએ પણ બીછાનું જલદીથી છોડયું કારણ કે તેણી આખી રાત જાગૃત હતી.

જો કે માણસ પોતાની છુપી વાત કોઇને કહેવા રાજી ન હોય, અને ચોક્કસ વખતે તે વાત કહીશ એમ તેનાથી કહેવાઇ ગયું હોય તો તે વખત નહી આવે, અથવા જેમ બને તેમ તે વખત લંબાયા કરે, એવું તે છુપી વાત ધરાવનાર શખ્સ ઇચ્છે છે, તેમજ જેની ચોતારાને પોતાની છુપી વાત કહેવા રાજી ન હતી. એક ધણી થનારને ના કહી ન શકી, તેથી તેણીએ ફક્ત મોઢેથી હા કહયું, પણ તેણી ખરા અંતઃકરણથી તે વાત કહેવા નારાજ હતી.

"હવે એ વાત પરણુવા અગાઉ કહું તો સારૂં. પાછલથી કહીશ તો અમારા લગન અસુખી નીવડશે. પેહલાંજ કહેવું જોઇએ. પણ અફસોસ! હું કેમ કહી શકું! મારાથી એ વાત કહેવાય કેમ! અને કહું તો એનો મારી ઉપરથી પ્યાર ઉતરી જશે"

એવા એવા વિચારથી તેણીને આખી રાત ઉંઘ આવી ન હતી.

સહવારના સફારે ફરીને નવો સફેદ પોશાક સજ્યો. મઘમઘતાં ફુલો છાતીમાં ખોસ્યાં, ને ફરવા ફીરી, પણ જેમ કેડવેલો વખત આગલ આવતો જતો હતો તેમ તેણી વધારે ને વધારે બેચેન થઇ ગભરાટમાં પડતી હતી. પોતાની છુપી વાત કહેવી તો જોઇએ, પણ કહયા પછી ચીનારો પોતાનો પ્યાર કાયમ રાખશે નહીં, એમ જેની મક્કમપણે માનતી હતી, કારણ કે તેણી ચોતારાના સ્વભાવની અચ્છી પરિક્ષા લઇ ચુકી હતી તે ઉપરથી તેણી ખાતરીથી માનતી હતી કે આ વાત જાણીને ચીનારો હેવલમાં લગનનાં પવીત્ર ગાંઠથી જોડાવા આવે એમ બનવું માલાલ છે.

નજદીક સાત વાગ્યા. જેનીના ગભરાટનો પાર ન રહયો. તેણી પોતાના ઓરડાનાં બારણા બંધ કરીને ભરાઇને રડવા લાગી કે હવે કરૂં શું.

આઠ થયા, લુસી બારણા ઠોકી ઠોકીને પાછી ફરી પણ જેનીએ જવાબ આપ્યો નહીં જેનીએ આઠ વાગતે મલવા કહયું હતું. અને આવી નહીં તેથી ચીતારો મારતી ગાડીએ લુસીના બંગલે આવ્યો.

જેનીનું બારણું ઠોકી ઠોકીને થાકયા પછી તેને બાંગવાની ફરજ પડી.

જોય શું કે જેની બીછાના ઉપર પોતાના નવા લગનના ડ-રેસમાં લાંબી ચટીપાટ પડેલી હતી. તેણી આ ફાની જેહાનની હાડમારી ભોગવી તે સુખવાસી સધામ પોંહોચી ગઇ હતી! જેની મરણ પામી હતી!

પ્રકરણ ૪૩.

એ શું વાંચ્યું ?

ચીતારો પોતાની વાહલી જેનીની છાતી ઉપર માથું નાખી વીલાપ કરતો હતો, તેવારે તેણીએ પોતાના હાથે પોતાનો જાન શા માટે કબજ કીધો તેનું કારણ સમજી શકયો નહીં. તે ફકત એટલોજ વિચાર કરતો હતો કે મારાં સુખની આશા ભંગ થઇ. બાહારથી જેની માન અને મરતબાને લાયકની દીસ્તી હતી, અને બાતેનમાં તેણીની જીંદગી શરમાવા જોગ હોય તો ? તો તેની પ-રવા ચીતારાને ન હતી. તેણીના પવિત્ર જાનને તે ચાહતો હતો, તે જાન ઉડી ગયો હતો, અને તે જાનને માટે તે વીલાપ કરતો હતો.

તે વીલાપ કરતો હતો. તે માથું કુટતો હતો. તે પોતાના સુખની આશા ભંગ થઇ તેનો અંદેશો કરતો હતો. પણ તેની આંખો બેહદ ગમથી સુકાઇ ગઇ હતી. એકે આંસુ આંખમાંથી પડી શકયું નહીં.

"અરે જેની, જેની, આપઘાત કાંય કીધો! ખોદા તને માફ કરે!"

એ પ્રમાણે એક કલાક વહી ગયો. એક કલાક જેનીના ઓરડાંમાં ગમગીન તેણીનાં મોં સામે ટીકતો બેફામ બનેલો તે બેસી રહ્યો હતો. ઓરડામાં સઘળું શાંત હતું અને તેથી જેનીના ઓરડામાં પગલાંના અવાજથી તેણે બારણા તરફ જોયું. જોયું તો વાંચનારને જાણીતી અને જેનીની માનીતી લુસી ઓરડામાં દાખલ થઇ.

"અરે લુસી લુસી, આનું કારણ શું?" એમ કહી તેણે રડવાની કોશેશ કીધી પણ તે રડી શકયો નહીં.

"હું શું જાણું! અફસોસ! હાય! અરે ખોદા!" કહીને લુસી વીલાપ કરવા લાગી.

હજી સુધી, જેનીએ લખીને ઓરડામાં પોતાની ટેબલ ઉપર ચીઠી રાખી હતી, તે ઉપર ચીતારાની નજર પડી ન હતી, કે ન લુસીની, પણ જ્યારે લુસી બીજા અરધા કલાક પછી ટેબલ આગલ ગઇ, ત્યારે તેણીએ કાગજ જોયું. આ કાગજ લુસાનાં નામનું હતું:—

"વાહલી લુસી,

હું ચીતારાને ખરાં દિલથી ચાહુ છું, તેથી તેની સાથે પરણી શકતી નથી, અને તેથી જ્યારે તે મારી શોધમાં અહીં આવશે ત્યારે મને મુવેલી જોશે. પ્યારી લુસી, જેમ મુંબઇમાં તેં મને મુવેલી જાણીને મારા શરિર ઉપર ફુલ પાંથરયાં હતાં, તેમ ફુલ પાંથરજે. જે ફુલ મારા લગનને માટે મંગાવ્યાં હોય તે મારા મુવેલાં શરિર ઉપર પાંથરજે. મારા જૉનને ધિરજ આપજે.

લા૦ તારી વાહલી જેની."

જે હાલતમાં ચીતારાએ જેનીને મુંબઇમાં ગાયવાડીમાં સફેદ પોશાકમાં સજેલી મરણ પામેલી દીઠી હતી, જેવી હએ તેણીના શરિર ઉપર ફુલો પાંથરેલા હતાં, અને આજુ બાજુ મીનબતીઓ બળતી હતી અને તેથી જેવો દેખાવ ચીતારાની નજરે તે વેળા પડયો હતો તેવોજ આબેહુબ દેખાવ આ વેળા ચીતારાની નજરે પડયો.

કેટલીકવારે જેનીના ટકીઆ હેઠલથી બીજું કાગજ મલ્યું જે જૉન ડો સુઝાના નામનું હતું.

આ કાગજ તેણે ધ્રુજતા હાથે ઉખેડયું ને ફક્ત નજર કરતાં માલમ પડયું કે તે બહુ લાંબુ હતું. આ કાગજ નિચે પ્રમાણે જૉન ડો સુઝા વાંચી ગયો:—

"વાહાલા જૉન,

તમે મને શોધતા આવશો એમ હું જાણું છું. જે કાગજ તમે વાંચતા માગ્યું હતું તેને બદલે આ કાગજ વાંચવાથી તે કાગજનો ખુલાસો મલશે. ફક્ત એટલુંજ કે આ કાગજ મેં તમને ખાસ લખ્યું છે.

"હું તમને ખરા અંતઃકરણથી ચાહું છું. મારો પ્યાર સાચો છે અને તેથીજ, અરે તેથીજ, હું તમારી સાથે લગનના પવીત્ર ગાંઠથી જોડાઇ શકતી નથી, અને તે પ્યાર મેં મારો જાન આપી પૂરવાર કરયો છે.

"તેનું કારણ કે મેં તમારી સાથે ઠગબાજી ચલાવી છે. હું મેરી ફરગાટી તેમજ હું જેન' રૉજર્સ ખરી, પણ જે નિરદોષપણું હું બાહારથી ધારણ કરી ફરતી હતી તેવી નિરદોષ જેની હું નથી. લખો રૂપીઆ મને મલ્યા, પણ તે લખો રૂપીઆ મને અચાનક

નલ્યા નથી. મેં તે મેલવવાની કોશેશ કીધી અને મેં તે કોશેશથી મેલવ્યા. એ ત્રીસ લાખ રૂપીઆ મને મારી લાયકાતથી મલ્યા નથી. જે શખસોને તમે મારા દુશમન સમજતા હતા, અને જે શખ્સોથી મુને તમે ચેતેલી રેહવા કહેતા હતા, તેજ આસામીઓ મારાં મદદગાર અને મારાં મિત્રો તરીકે કામ બજાવતા હતા.

"આ ખુલાસો વાંચી તમે મને ધિક્કારશો ના. તમારા દિલમાં મારે વાસ્તે કાંઇ પણ ધિક્કાર ભરેલો વિચાર દાખલ કરશો તો મારૂં રૂહ દુઃખી થશે. હું તમને ચાહુ છું, અને મારા જેવી એક ઇગારી નાર તમારા જેવા લાયક નરને છાજે નહીં, તેથી મેં આપઘાત કીધો છે.

"ડી. પરેરા તેજ મીરાનડા હતો. તે અને એનેટા મારા મલતીઆં હતાં, પણ હું સોગંદ લઇને જણાવુ છુ, કે જે બુરાં કામો તેઓએ કીધાં તેથી હું તદન અજાણી હતી. હું તો ફકત મરનાર આલબુકર્કની દોલત લેવાની કોશેશ કરતી હતી. મારી નેમ કોઇને ઇજા કરવાની ન હતી.

"એનેટા બીજી કોઇ નહીં પણ ત્રીસ લાખ રૂપીયા આપી જનાર મરનાર આલબુકર્કની આયા હતી. પેલી સ્ત્રી જેણે મરનાર આલબુકર્કને ભુખે મારયો હતો તે બીજી કોઇ નહીં પણ એનેટા હતી. કરાંચીવાલા ડી સુઝા સાથે વકીલ આલબુકર્કને મરણની છેલ્લી ઘડી કજીઆ જીતવાની ખુશ ખબર કહેવા ગયો, તે વકીલે તે વખતે એનેટાને થોડા પૈસા આપી દમ ભરાવાને કાઢી મેલી હતી, પણ તે વેળા તેણીએ ભરાઇને મરનાર આલબુકર્કની છેલ્લી ખાહેશ સાંભળી હતી.

"થોડા દિવસની વાત ઉપર તમે મારા બંગલામાંથી નિ-

ફળતાં જે ઓરતને એનેટા સમજ્યા હતા તે એનેટા નહીં હતી પણ તે એનેટાની નાની બેહન હતી.

"એનેટા અને મીરાનડાને ક્યાંથી ઓળખાણ થઇ અને તેમના વચ્ચે શો સંબંધ હતો તે હું જાણતી નથી. પણ એટલું કહી શકું છું કે એનેટાએ મરનાર અબ્દુલમુકર્રની છેલ્લી મરજી છુપી રીતે સાંભલી લઇને મુંબઇ આવી એ વાત મીરાનડાને કહી હશે, અને તેથી તેઓ તે દોલત પોતે મેહનત કરી, કોઇ જેની રૉજસને અપાવવા માગતા હતા, અને તેમાં ફકત દોલતનો ભાગ મેલવવાની તેઓ મતલબ રાખતાં હતાં.

"તેઓએ કરાંચીવાલા ડી સુઝાની પુઠ પકડી રાખી હતી, અને જેમ બને તેમ જેની રૉજશ નામની છોડીઓ ક્યાં ક્યાં છે તે શોધી કાહાડીને ડી સુઝાનુ કામ તે ન જાણે તેમ સેહેલું કરી આપતાં હતાં.

"તેઓએ પેહલાં એક હલકી ઓરત જેનું નામ જેની રોજસ હતું તેને ડી સુઝા પાસની દોલત અપાવવાનું કામ ચાલુ કરયું. પણ જ્યારે તેઓએ જોયું કે આ ઓરત તરફ ડી સુઝાએ ઝાંખીને જોયું નહીં ત્યારે તેને પડતી મેલી, પણ તે સ્ત્રી પણ એનેટાને પૈસાની લાલચે મદદ કરતી હતી. હાલ મેં સાંભળ્યું છે કે તેણી મરણ પામી છે.

"તે વેળા મા બાપ વગરની, અને બીજુ કોઇ સગું વાહલું મુંબઇમાં ન હોવાથી, મને ગમે તેમ હું રહેતી અને ફરતી હતી. ઉછાછલાપણું અને ઉડાઉપણાંની ખોડ મને લાગુ પડી હતી. હું મ્યુઝીકના ખાનગી ટ્યુશનથી થોડું ઘણું મેલવતી હતી, તે ઉપર હું અસંતોષ હતી, અને તેવા વખતે મારી આગલ એનેટા આવી,

અને ત્રીસ લાખ રૂપીઆની વાત કહી અને કહેવા લાગી કે જો તું અમને અકેકો લાખ આપે તો તે દોલત અપાવવાની મેહેનત કરૂં.

"અલબતાં એટલું કબુલ કરશો કે મારી હાલતમાં જેઓ હોય તેમાંથી રૂપીએ પોણા સોળ આના આવી લાલચથી લલચાયા વિના રહે નહી, અને મેં હા પાડી. મને ખબર નહી હતી કે તેઓ લોકોના જીવને હાણી પુગાડશે. મને નહીં ખબર કે તેઓ કાળાં ધોળાં ચલાવશે. હું તો ફકત એમ સમજી કે તેઓ કોઇ સારી કુનેહથી દોલત મારા મારગમાં મેલશે.

"તે લોકો કરાંચીવાળા ડી સુઝાને અને મને સાંથે કેમ મેલવવાં, તેની તદબીર કરવા લાગ્યાં તેટલામાં એનેટાનો મળતીઓ તમારા ચીતાર કાંમની દુકાન આગલથી પસાર થયો, અને તમારૂં પાટીયાં ઉપર નામ વાંચ્યું, તે ઉપરથી તેમજ તમારા બન્નેના દેખાવો ઘણા મળતા આવતા હોવાથી તેણે ઘડીભર થાપ ખાધી કે કરાચીવાળા ડી સુઝા તે તમેજ હશો. તેણે મારે ત્યાં આવીને મને કહયું કે આવતી કાલે હું એક ચોકસ દવા તને પીવાડીશ, જેથી તુ બે સુધ્ધ હાલતમાં પડશે. તેવારે વખત સાંધીને ડી સુઝાને ચીતાર પાડવાના બાહાણે બોલાવીશું, અને મુવેલી સમજી તે તારી દવા ખાશે અને તેટલામાં તું જાગૃત થશે, એટલે તે તારી સાથે વાતચીત કરશે, અને વાતચીત કરતાં તું તેની સાથે દોસ્તી પાડી લેજે. એ પ્રમાણે તેણે બાજી રચીને બીજે દિવશે મને બેસુધ્ધ હાલતમાં નાખી તમને બોલાવ્યા. ડી. પરેરાની સહી કરનાર મીરાનડા પોતે હતો.

"તેઓએ જેમ કહયું તેમ મેં કર્યું પણ તેમાં અજાયબી કાંઇ નથી. મા વનાની, મિત્ર વનાની, અને કુટીઆં વનાની નાદાન છો-

કરીની આગલ મોટી દોલત મલવાની ઉમેદ મેલવામાં આવે તો એકે એક છોડી એવી લાલચને વશ થશે.

"મીરાનડા મારી તરફ માનથી વરતતો હતો. એનેટા મારે ત્યાંજ રહેવા લાગી હતી. મેં બેસુધ્ધ થવાની દવા પીધી અને તમે વખતસર શામી પાડવા આવ્યા. હું વખતસર જાગી, અને તેટલી વાર આગલથી રચી રાખેલી બાજી ઠીક ચાલી. તમે મારી તરફ દયા અને મોહબત બતાવવા લાગ્યા, અને મને તો તેવુંજ જોઇતું હતું, કે જેથી ધારવા પ્રમાણે ૩૦ લાખ રૂપીઆ તમે મને આપો.

"બધું કામ ઠીક ચાલ્યું પણ તેટલામાં મીરાનડા ઉરફે ડી. પરેરા ત્યાં આવ્યો ને એનેટાને કહી ગયો કે તમને બોલાવવામાં ભૂલ થઇ હતી, અને એમ સાંભલીને મેં તમને ત્યાંથી ખેરવવાની કોશેશ કીધી, જો કે તે અગાઉ તમારી તરફ મને મોહબત લાગી ચુકી હતી. મેં તમને કાલે આવજો કહીને જેમ તેમ ત્યાંથી કાઢયા, કારણ કે મારૂં અંગ કાંપતું હતું. હું તે વેળા બેકરાર થઇ ગઇ હતી. પણ તમે ગયા પછી મેં મારી ભૂલ જોઇ, અને તમે ગયા તેની સાથે મારૂં નાદાનયતપણું પણ ગયું. તે પળથી એક સ્ત્રીને છાજે તેવો પ્યાર હું તમારે માટે પોષવા લાગી.

"આહ! આ બધો ખુલાસો હું તમને કરૂં છું, અને જો હું નહીં કરૂં તો તમારો મિત્ર રોડરીગીસ ડિટેકટિવ એ ખુલાસો કરયા વિના રહેશે નહીં, કારણ કે એને મારા માટે શક લાગુ પડી ચુકયો છે. મને મારી વાત કહેતાં શરમાવું જોઇએ, પણ મેં શા માટે આપઘાત કરયો તે માટે, અને તમે સમજો કે હું તમને મરણની છેલ્લી ઘડી સુધી ખરા પ્યારથી ચાહતી હતી તે જણાવા માટે, સઘળો ખુલાસો મારા હાથે કરવો વાજબી ધારૂં છું. ફકત

મારા પ્યારની શરૂઆત નિચપણે થઇ, અને તેથી તમારા
નેક માણસને હું લાયક નથી તેથીજ જીવ આપી દૂર થાવું છું

"બીજે દિવસે મને તમને મલવાની ઘણી ખાહેશ છતાં
નેટ અને ડી. પરેરાની ઓંહોસથી ત્યાંથી ચાલી જવું પડ્યું,
તેથી તમારો મેલાપ નહીં થયો. ડી. પરેરાને ખબર મળ્યા મુ
કરાંચીવાળો ડી સુઝા ઘણા દિવસ સુધી હવા ફેરફાર કરવાના
રાદાથી પુને ગયો છે એમ સાંભળી મેં વિચાર કરયો કે અ
મા બાપના જાની મિત્રની છોકરી લુસી, જે પેહલે દિવસે મને
વેલી સમજી મારા શરિર ઉપર ફુલ પાંથરી ગઇ હતી, તે પુને
છે ત્યાં જઇને હું ઉતરૂં, જેથી કરાંચીવાળા ડી સુઝા મને મે
વાલી સમજી દોસ્તી સેહેલાઇથી પાડે. તેટલા માટે અમે પુને
અને થોડો વખત હોટેલમાં ઉતારો લીધો, અને લુસીના ફર
જગ્યે અચાનક મેલાપ થઇ જાય, તેવી તક શોધી અને બા
કરવું એવું થયું કે તે તક જલદી મલી.

"ડી. પરેરા (ઉરફે મીરાનડા) પાછલથી કરાંચીવાલા ડી સુ
ત્યાં નોકરી રહયો, અને એજ શખસે, પુનામાં ફલાણે ઠેકાણે જેની
જસ નામની છોકરી છે એવી વાત ડી સુઝાના કાને પાડી. મીરાન
બે લુચ્ચાઓને ગ્રહસ્થનો વેશ આપી હોટેલમાં ઉતારો લેવા કર
અને ત્યાં કરાંચીવાલા ડી સુઝા સાથ ઓળખાણ પાડવા ક
અને બનતી તકે જેની રૉજસ નામની લાયક છોડી ફલાણે ઠે
રહે છે એમ તેના કાનપર લાવવાની બાજી રચી. કરાંચીવાલા
સુઝાને હું પુને રહેવું છું એમ આવી રીતે ખબર પડયું હતું, અને
તે અમારા ફરવાની જગ્યે આવીને મારી તપાસ લેતો હતો
તેને ઓળખતી હતી કારણકે મીરાનડાએ છુપી રીતે તેને એ
ખાવ્યો હતો.

"“લુસી મને અચાનક મલી ગઇ એમ સમજી મને પોતાના ઘર લઇ જવા ઓહોંસ કરવા લાગી. મને પણ તેવુંજ જોઇતું હતું. લુસીનાં ઘર જઇને હું ઘણી મોજ મજાહમાં રહેવા લાગી.

“મને પાછલથી ખબર પડી ખરી કે જેની રૉજસ નામની છોકરીઓના જાન જોખમમાં છે, તે છતાં હું મારા નિરદોષપણામાં મુગી બેસી રહી ગુનેહગારનો ગુનાહ જાણવા છતાં તેની તરફ આંખ મીચામણી કરવી એ તે ગુનાહગારને આડકતરી રીતે મદદ કરવા બરાબર છે, અને તેમાં પાપ છે, એમ જો હું તે વખતે સમજતી"હોત, તો કદી હું મુગી બેસી રહેત નહીં.

“ત્યાં તમે આવ્યા ત્યારે હું પેહલાં ચોંકી હતી પણ તે વખતથી મેં તમને મારૂં સઘળું દિલ તે વખતે આપી દીધું. પૈસાનો વિચાર મારા મનમાંથી નિકળી ગયો અને મેં તમને ખરા જીગરથી મારૂં દિલ આપ્યું. ત્યારપછી હરપળે હું ફકત તમારો વિચાર કરતી હતી.

“થોડા દિવસ પછી કરાંચીવાળો ડી સુઝા આવ્યો અને તેને મેં તૂરતજ ઓળખ્યો. તેપણ તે દાહડાની અગાઉનો મને ઓળખતો હતો. તેણે મને વારંવાર બન્ડ ગાર્ડન્સમાં ફરતી દીઠી હતી. તેમજ મે તેને બરાબર ધ્યાનમાં રાખ્યો હતો, અને તે મને ઓળખતો હતો તેથીજ લુસીને ત્યાં આવતાંને વાર મારી તરફ ધ્યાનથી જોતો હતો.”

“જો કે મેં તમને મારૂં ખરૂં દિલ આપ્યું હતું, તે છતાં જો મને આઇતી દોલત મલે, અને જો મારી તરફથી કોઇપણ જાતનાં આડાં પગલાં ભરવા વિના મને દોલત મળે, તો તે કાંય નહીં, લેવી તેનું કારણ મને સુઝયું નહીં, અને તેથી મેં તે કરાંચીવાળા ડી સુઝા તરફ દોસ્તીની નજર રાખી તેની સાથે વાતચીત કીધી,

અને તેની સાથે હસ્તી બોલતી હતી, તે તમે પોતે પણ જોયું હશે કે તે મારા ખરા દિલનું તો બીલકુલ હતુંજ નહીં.

"આ સઘલો વખત મીરાનડા ઉર્ફે ડી. પરેરા મને અવારનવાર મલતો હતો, તેમજ એનેટા પણ તમે નહીં હોવો ત્યારે મારી આગલ વારંવાર આવતી હતી.

"વાહલા, હું લખું તે ઉપર બીલકુલ શકની નજરથી જોશો ના. હું મારાં ખરાં અંતઃકરણથી અને મારા સાચા પ્યારના કસમ લઇ કહું છું કે મારા મનમાં એવોજ વિચાર હતો કે દોલત મલે તો તે તમને સોંપવી, અને તમારા તાબામાં રહી તમારી સાથ સુખમાં રહેવું. મને દોલત મેલવવાની આશા વધતી ગઇ, કારણ કે કરાંચીવાલો ડી સુઝા મારી તરફ માયા અને મેહરબાની દેખાડતો હતો, તેથી મને દોલત આપશે એવી મારી ઉમેદમાં દીનપર દીન વધારો થતો ગયો.

"પણ અફસોસ! મને ખબર નહીં કે જુદાં જુદાં માણસોમાં જુદા જુદા મનના વિકારો રહે છે. અફસોસ! મને ખબર નહીં કે મીરાનડા જેવા શખ્સો મતલબને ખાતર ખુન કરવા પણ ડરતા નથી. મીરાનડા પેલા ડી સુઝાને ત્યાં નોકરી રહેલો હતો તે મને કહી ગયો કે મારો શેઠ તારી ઉપર ફીદા છે, અને જો તું દોલત મેલવવા ચાહતી હોય તો ચીનારાને દૂર કર, નહીં તો હું તેને પેલી જેહાન પોંહોંચાડી દઇશ. મને લાગ્યું કે મીરાનડા ખાલી દમ કરતો ન હતો પણ ખરેખર બોલતો હતો, તેથી મેં તમને વીનંતી કરીને અતરેથી જતાં રહેવા કહયું. વળી મીરાનડાએ મને એમ કહીને તમને પણ ઉંધું ચતું સમજાવીને સમજાવ્યા. તેણે ડિટેકટિવ છું એવો ઢોંગ કરીને તમને બનાવ્યા, અને તમને દૂર રાખવાની કોશેશ કીધી.

"વાહલા, એટલું છતાં તમે એક શરા આશકની માફક મારી આગલથી ખસ્યા નહીં ત્યારે હું મારા મનમાં તમારી હજારો તારીફ કરતી હતી, પણ રખેને લુચ્ચો મીરાનડો તમને નુકશાન કરે તેથી તેને રાજી રાખવા હું કરાંચીવાલા ડી સુઝા સાથે વધુ હસ્તા બોલવા લાગી, અને મીરાનડાને એવું દેખાડયું કે હું ચીતાંરા કરતા તારા શેઠને વધારે ચાહું છું. વાહલા, મેં તમને નામ વગરની ચીઠી મોકલીને ચેતવ્યા મેં એટલું બધું કીધું તે ફક્ત તમારા જાનને ખાતર, કે રખેને પેલો મુજી મારા વાહલાના જાનને હાણી પુગાડે.

"કરાંચીવાળા ડી સુઝાએ ચોક્કસ દાહડે મારી સાથે મલવાનો વખત ઠેરવ્યો, તેની ખબર મીરાનડાને પડી, ત્યારે તેણે તે સમે તમારો જીવ લેવાનો ઠરાવ કીધો, પણ તેમ કરવા અગાઉ તે મારી સાથ વાત કરવા માંગતો હતો, એમ મને તેણે તે રાત્રે બાગમાંથી ચોક્કસ દમની સીસોટી ફોડીને બોલાવી, તે ઉપરથી મેં જાણ્યું. તે શું કહેવા માંગતો હતો તે જાનવા ખાતર હું મારો ઓરડો છોડીને બાગમાં જવા નિકળી, ત્યારે મેં તમને ત્યાં જાગૃત અને કાંઇ ગડબડમાં જોયાં, ત્યારે મેં ઉંઘમાં ચાલવાના ઢોંગ કીધા અને મેં તમારા હાથમાં છરી આપી કે તમે સમજી જાવો કે તમારો જીવ જોખમમાં છે.

"હું મારા ઓરડામાં પાછી ફરી ત્યારે તે બદમાસ ખુનીને મારા ઓરડાની બારીએ દીઠો, પણ હું જાણતી હતી કે તમે લોકો બધાં મારી ચોકી કરતાં હતાં, તેથી એકદમ તેની સાથે હું વાત કરી શકી નહીં–તે છતાં બીજી પળે મેં તે ચંડાળને મારૂં ખુન કરવાની મકસદથી આવેલો જોયો ત્યારે શું કરવું તેના ગભરાટમાં પડી બેસી રહી. તેટલામાં રોડરીગીસ જે મારા ઓરડામાં કોણ જાણે કયારે

ભરાયો હતો તે નિકળી પડયો. ને તે ચંડાલને પકડી પાડયો, ને પાછલથી ફવોડરૂશ ચઢી આવ્યા.

"અફસોસ! મેં લુસીને ઠગી! મેં તમને ઠગ્યા! પણ જ્યારથી તમે મારી આગલ આવવા લાગ્યા ત્યારથી મેં ફકત તમારી ઉપર સુખની આશા બાંધી હતી તે તમારે નકકી માનવું.

"અહ! પેલી ફરંગણ મારી મીલીનર (ડ્રેસ સીવનારી) તરીકે મારી આગલ આવ્યા કરતી હતી, અને મને દોલત મલી ત્યારથી તેણી પોતાનો દાવો રજુ કરીને થોડા ઘણા પૈસા કઢાવી જતી હતી. વાહલા! હું લખો રૂપીઆની માલેક થઇ તોપણ સાદાઇ સજતી હતી તેનું કારણ કે મને દરરોજ નહી તો આંતરે આંતરે, થોડું ઘણું પેલી ફરગણને આપવું પડતું હતું. તે પોતાનો હક રજુ કરતી હતી એટલુંજ નહી, પણ મીરાનડાનો ફાલો પણ માગતી હતી. અફસોસ! હું ખરું કહું છું કે હું એ બલાથી દૂર રહેવા ઘણું ઇચ્છતી હતી પણ હું બીહતી હતી કે રખેને તે મારી આગલી વાત બાહાર પાડીને અથવા તમને કહીને મને ઉઘાડી પાડે.

"વાહલા, જો તમે કાંઇ પણ વાંધો ઉઠાવ્યા વિના મારી સાથે એકદમ પરણી ગયા હોત તો, આજે હું તમારી સાથે ચેનમાં રહેલી હોત, પણ તેમ નથી થયું એવા વિચારથી મારા દુઃખમાં અતી ઘણો ઉમેરો થયો છે. એક ભલા નરની માનીતી અને ફરમાન બરદાર ઓરત થવાને હું ઘણી ઈંનતેજાર હતી એ મારા દિલની વાત તો ખુદાજ જાણે છે, પણ વાહલા જૉન, જે હાથે મેં દુઃખના કાંટા વાવ્યા તે હાથે સુખના ફળો ચાખવાની આશા કયાંથી રખાય, માટે એ દુઃખ સદાનું ચાલું ન રહે તેટલા માટે મોહતથી હું તમારાથી દૂર થાવું છું. વાહલી, તમારો પ્યાર તો સાચ્ચો છે, તમારો પ્યાર તો નિર્મળ છે, તમારો પ્યાર તો તદન નેક છે.

"રોડરીગીસ મારી ઉપર શક લઇ ગયો તે શક હેન મારા મળતીઆમાંના એમાંથી એકના કૃત્ય ઉપરથી ઉત્તપન્ન થયો હશે. મીરાનડા અને એનેટા મરી ગઇ, પણ તેની બેહન હજી જીવતી છે, તેમજ એક જેની રૉજસ જેને કરાંચીવાલા ડી સુઝાએ પેહલ વેહ્લી જોઇતી હતી તે પણ હજી જીવતી છે અને જો કે મે તે સ્ત્રીને કદી દીઠી નથી તો પણ હુ ધારૂં છું કે તે એનેટા સાથે મલેલી હતી. મને લાગે છે કે એ લોકે મારૂં નામ ડિટેકટિવને આપ્યું હશે. હજી પણ મારૂં માનજો હું તેમનાં કામો કેવાં હતાં તે જાણતી ન હતી ને તેમાં સામેલ ન હતી. મનેતો તેઓએ મેહનત કરીને દોલત અપાવા કહી હતી અને મેં તેમને તેમાંથી ભાગ આપવા કહયો હતો તે સિવાય હું કાંઇ બીજું જાણતી ન હતી.

"છેવટે, હુ દોલત આપી દેવું તો તમે પરણો એવું તમે કહયું ત્યારે પ્યારને ખાતર તેમ કરવા હું મનમાં ખુશી હતી, પણ રખેને મારા મળતીઆં પોતાને જતાં નુકસાનને લીધે મારી વિરૂધ્ધ વાત ઉડાવે તેથી હુ બીહધી, અને તેથી લુંસીને ત્યાં મખમલનો ગાઉન પેહરીને ગઇ હતી, પણ આખરે મારો પ્યાર ઉપરવારો થયો, ને મેં તૂરત જઇને લુસીનો ગાઉન પેહરીને મખમલનો કાહાડી નાખ્યો. તેટલામાં ખોદાને ખબર કે મારા હાથમાં કોણ એક ચીઠી મેલી ગયું. તે ચીઠી ખુની મીરાનડાના હાથની લખેલી હતી તે ચીઠી નિચે પ્રમાણે હતી:—

'જોકે હું તો ફસ્યો છું પણ ખબરદાર જો તું ચીતારાને દિલ આપશે તો ખ્વાર થઇ જશે. પ્યાર અને પૈસા બન્ને મલશે નહીં, પોલીસ મારી પછવાડે લાગેલી છે અને હું ફસી જાવું તો મારો ફાલો એનેટાને આપજે. અમે મેહનત કીધી તે ફોકટ નહીં જાય'

"જે વારે હું તમારા ખ્યાલમાં હતી, જે વારે હું દોલત તદન

ત્યાગ કરવા તૈયાર થઇ, તે વારે આવી ચીઠી કોઇ મારા હાથમાં મેલી ચાલી ગયું. થોડી પળમાં મને જેવો કાલો ગાઉન પેહરવો જોઇતો હતો તેવોજ એનેટાની નોકર લેતી આવી–તે મેં તૂરત પેહરયો ને હૉલમાં આવી.

"તમે મારા મનનું ડામાડોળપણું ધ્યાનથી તપાસ્યું હશે. વાહલા, મેં તમને પૂછવાની હિમ્મત કીધી નહીં, પણ વાહલા, મને મખમલના પોશાકમાં જોઇ પેહલાં તમે નાશીપાસ તો થયા હશો, અને તેથી કદાચ તમે રોડરીગીસની વાત ઉપર વધારે ધ્યાન આપ્યું હશે.

"તેટલામાં રોડરીગીસે આવીને મને મીરાનડા વિષે કહયું કે મીરાનડા મરણ પામ્યો ત્યારે હું ખુશી થઇ કે મારા મારગમાંથી, ચાલ એક પાપ ટળ્યું, અને તેથી હું મારા દિલમાં બેહદ ખુશી થઇ અને મનસે બોલી કે ચાલરે જેની, હવે તું તારા મનને ગમે તેમ કરી શકશે.

"ત્યાર પછી તમે વાતમાં ગુંટાયલા હતા અને મારી તરફ બેદરકાર બની બેસી રહયા હતા, તેથી તમારૂં ધ્યાન ખેંચવા મેં ગાયણ શરૂ કીધું.

"ત્યાર પછી તમે ગયા તે આવ્યાજ નહીં, અને જ્યારે કરાંચીવાળા ડી સુઝાએ કાંઇપણ સરત કરયા વિના અને કાંઇપણ વાંધો ઉઠાવ્યા વિના મારા હાથની માગણી કીધી ત્યારે તે ઘડીએ નાશીપાશીમાં પડેલી નાચાર, નબલા મનની ઓરત તરીકે મારા મોંથી હા નિકળી ગઈ, પણ બીજી ઘડીએ તમો આવી ગયા એવું મેં જાણ્યું કે તુરત મારી સુધ્ધ ઠેકાણે આવી, અને ગમે તે જોખમે તમારી સાથેજ પરણવાંનો વિચાર રાખીને, મેં કરાંચીવાલા ડી સુઝા

ઉપરે મને મારા વચનમાંથી છૂટી કરવા વિષે કાગલ લખ્યો, અને મે જોયું કે જો ફક્ત હું તમારૂં નામ દઇશ તો તેથી તે મને મારા વચનમાંથી એકદમ મોકલી કરશે નહીં, તેથી મેં તેની ઉપરે લખ્યું કે હું તમારી ધણીઆણી થવાને લાયક નથી, કારણ કે તમારી પાસેથી દોલત મેલવવાને ફલાણા ફલાણા સાથે હું સામેલ હતી. મે એમ ધાર્યું કે જો હું એમ ખરેખર લખીશ તો તે મારા જેવી ઓરતને પોતાની ધણીઆણી કરવાને શરમાશે, ને ખુશીથી દોલત પાછી લેશે, ને મને મારા વચનમાંથી છૂટી કરશે, અને મેં ધારયું હતું તેમજ થયું.

"પણ આવા અઘટિત પગલાંથી મારૂં સત્યાનાશ થઇ ગયું. તમારા હોટેલમાં હું આવી ત્યારે તમારી વાત ઉપરથી મને માલમ પડયું કે આ બીના કાગજ ઉપર લખવામાં મેં કેટલી મોટી ભૂલ કીધી હતી. પોલીસ જે છૂપી રીતે મારી તપાસ રાખતી હતી તેને આથી જોઇતો ખોરાક મલ્યો.

"તમે જાણો છો કે તમારા હોટેલમાંથી હું એકદમ ચાલી ગઇ. તેની મતલબ અતરે તમને જણાવું છું, 'હું તૂરત ગઇ તેનું કારણ કે જો બને તો ડી સુઝાના હાથમાં મારી ચીઠી ગઇ ન હોય તો અટકાવું ને ફાડી નાખું.'

"પણ ડી સુઝાના હાથમાં તે ચીઠી ગઇ હતી, અને તેણે તે વાંચી પણ હતી. તે ઘણો ઉમદા ગ્રહસ્થ હતો, તેથી તેણે મને તે ચીઠી છેવટે પાછી આપવા હા પાડી, અને તે પોતાને ત્યાંથી ચીઠી પાછી લાવવા ગયો પણ તેણે આવીને કહયું કે ચીઠી કોઇ ચોરી ગયું.

"તમે મુંબઇ ગયા ત્યાંથી તમે પાછા ફરો તે અગાઉ હું તમારા હોટેલમાં ગઇ, ત્યારે તમારા એક ઓળખીતાને તે કાગજ મલ્યું

એમ તેણે તમારી ઉપર લખેલું મારા વાંચવામાં આવ્યું. હું તૂરત તે ધણીને ત્યાં કાગળ લેવા ગઇ, પણ મારી મોટી દિલગીરી વચ્ચે મને ત્યાંથી કહેયું કે તમે પોતે ત્યાં જઇને તે કાગળ લાવ્યા હતા.

"મુંબઇથી તમે આવ્યા અને બીજે દિવસે સહવારના પોહોરમાં દેવલમાં જઇને પરણવાની મેં મરજી બતાવી તેનું કારણ કે હું તમારી સાથે જેમ બને તેમ જલદી પરણવા ઇનતેજાર હતી, પણ જ્યારે તમે કાગળ વાંચવા માગ્યું, ત્યારે જોકે હું તે વંચાવા ઘણીજ નાખુશ હતી, તે છતાં તમને રાજી રાખવા મેં હા કહયું— પણ પરણવા અગાઉ તે કાગળ તમને દેખાડવાની મારી હિમ્મત થઇ શકી નહીં, તેમજ તે પરણ્યા પછી દેખાડવું તેમાં મેં બીલકુલ ડાહાપણ જોયું નહીં. માટે વાહલા જોન, હું સુળી વચ્ચે આવી ગઇ તેથી આ કાગળ લખીને મારો જીવ કબજ થાય એવી દવા પીને મરણ પામીશ કે જેથી મારા મનનો ગભરાટ એકદમ નરમ પડી જાય.

"વાહલા, તમે મારા કામને ધિક્કારતા ના. મને ચાહજો. હું તમને સદા ચાહતી હતી. મગર મારાથી થયલી નાદાની તમારી આગલ કહેવાથી તમે મારા માટે હલ્કુ ધારો તે વિચારથી સાચી વાત તમને કહેવાની હું હિમ્મત ધરાવી શકી નહીં.

"તમારા ખાતર ૩૦ લાખ રૂપીઆની દોલત મેં છોડી દીધી એજ પૂરાવો બસ છે કે હું પૈસા કરતાં પ્યારને વધારે ગણતી હતી."

લા૦ તમારી વાહલી

જેની.

પ્રકરણ ૪૪.

થઈ ચુક્યું.

ચેડાં જાણીતાં અને માનીતાં મિત્રોને તેડું હતું તેઓ આવી ભેગાં થયાં હતાં, પણ તેઓ આ છાતીફાડક બનાવ જોઇ ગમગીન થઇ રહયાં હતાં, તેટલામા મારતી ગાડીએ એક શખ્સ આવી પુગ્યો અને બંગલામાં ઉતાવલેથી ધુસ્યો. દેખાતુ હતુ કે આ શખ્સ કાંઇ કામે આવ્યો હતો.

આ શખ્સ બીજો કોઇ નહીં પણ આપણો જાણીતો ડિટેક્ટિવ રોડરીગીસ હતો. નોકરને જોઇ તેણે કહ્યું, "હું જેની રૉજર્સ ને મળવા માગુ છું."

"જેની તો બીચારી મરણ પામી!" એમ નોકરે રડમસ ચેહરે જવાબ દીધો.

આથી તે બંગલામાં વગર બોલાવે દાખલ થયો.

તેણે ચીતારાને પરણવાના પોશાકમાં જોયો. જેનીએ પણ તેવોજ ડ્રેસ ધારણ કીધેલો હતો. આ જોઈ તે મનમાં વિચાર કરવા લાગ્યો કે આ બનાવ કેવી રીતે બન્યો. કેટલીકવાર વિચાર કરીને અંતે તેણે પૂછ્યું,

"કેમ મી૦ ડી સુઝા તમારાં લગન થઇ ચુકયાં કે?"

"લગન!" બસ એટલોજ બોલ ચીતારાના ગળામાંથી નિકળ્યો, અને બીજા શબ્દો તેના ગળામાંથી નિકળ્યા નહીં. જાણે તેના ગળામાં કાંઇ ખુટતુ હોય તેમ તેને લાગ્યું.

"તમારાં લગન નહીં થયાં હોય તો મારે તમને કાંઇ કહેવું છે જેમાં તમને કાંઇ લાગતું વળગતું છે."

"બસ કરો! બસ કરો! હું બધું જાણું છું. તમે મને નવું કાંઇ કહી શકશો નહીં. બસ થઇ ચુક્યું!"

પ્રકરણ ૪૫.

છેવટ.

જેનીના મરણ પછી ઘણા મહિના થઇ ગયા ત્યારે જેનીના વિષે રોડરીગીસને કેવી રીતે શક ઉત્તપન્ન થયો હતો તે તેણે ચીતારાને કહયું.

જ્યારે રોડરીગીસે મીરાનડાના મરણની ખબર જેનીને કહી ત્યારે જેનીના મોં ઉપર જે ખુશાલી પ્રગટી નિકળી તે પળથી રોડરીગીસને શક ગયો કે આ શખ્સ સાથે જેનીને કાંઇ વધુ સંબંધ હોવો જોઇએ.

પણ જ્યારે મીરાનડા કારી હથિયાર લઇ જેનીના ઓરડામાં દાખલ થયો હતો કે હથિઆર રોડરીગીસે તપાસ્યું ત્યારે તેમાંથી એક ચીઠી મલી. અલબતતાં તે ચીઠી મીરાનડાએ જેનીને માટેજ લખી હશે. જેની લુસીને ત્યાં મેલાવડામાં ગાઉન બદલવા જતી હતી તે વારે તેણીના હાથમાં જે ચીઠી કોઇ મુકી ચાલી ગયું હતું તે ચીઠી રોડરીગીસના હાથમાં પેહલાં આવી હતી, અને તે ચીઠી રોડરીગીસે જેનીના હાથમાં જવા દીધી તેનું કારણકે ચીઠી વાંચીને જેની કેવી લાગણી બતાવે છે અને કેવો દેખાવ કરે છે તે ઉપરથી અનુમાન કરવા કામ લાગે કે એ ચીઠીના લખનાર સાથે જેનીને કાંઇ સંબંધ છે કે નહીં, અને ધારવા મેલે જેની સાથે મીરાનડાને સંબંધ હતો એમ ધારવાના શકમાં ઉમેરો થયો.

તે છતાં જેનીની સ્થિતી, જેનીની બાહારથી આબરૂ અને માન વગેરે એવાં ચઢતાં પ્રકારનાં હતાં કે ઉપર પ્રમાણે અનુમાન

કીધેલા શક ઉપરથી તેણીને માટે એકદમ મત બાંધી શકયું રોડ-રીગીસે વાજબી ધાર્યું નહીં, અને તેથી તે વધારે સાબેતીની તપાસમાં ફરયો.

રોડરીગીસ પોતાની તપાસમાં ફાવ્યો ન હોત, કારણકે મૂખ્યં શખ્સ મીરાનડા મરણ પામ્યો હતો. પણ જ્યારે ચીતારાએ બંગ-લામાંથી નિકળતાં એક ફરંગણને બંગલામાં જતાં જોઇ અને તેજ પેલી ફરંગણ એમ તેને શક આવ્યો, અને તે શક વિષે રોડરીગી-સને વાત કહી, ત્યારે રોડરીગીસને તપાસ કરવાનું સવળ પડયું.

પણ તે ફરંગણ જેણે કપડાં સીવવાનું ખાતું કાઢયું હતું તેને મલવા ગયો ત્યારે તેણી બીછાના ઉપર મરણતોલ પડેલી હતી અને કાંઇપણ જવાબ આપવાને અશક્ત હતી. તેણીએ રોડરીગીસની હ-જુરમાંજ પ્રાણ મુકયો.

આથી કાંઇક ખુલાસાની આશા તેને હતી તે જતી રહી, પણ આ મુલાકાતથી રોડરીગીસની ખાતરી થઇ હતી કે જેનીને આ ફરંગણ સાથે કાંઇક છુપો સંબંધ છે ખરો.

આ ઉપરથી તેણે એક ડિટેકટિવને સ્ત્રીનો વેશ આપ્યો, અને જે દહાડે લુસીને ત્યાં મેલાવડો હતો તે દાહાડે જેનીના બંગલે તાલ કરીને મોકલી. વળી જ્યારે જેની મેલાવડામાં ગઇ ત્યારે ત્યાં જઇ તેણીને છુપી રીતે ચીઠી આપી ત્યાંથી ચાલી જવાનો હૂકમ કીધો. જો આ ચીઠીથી જેનીનું મોં ઉતરી જાય તો પોતે થોડી મિનિટમાં હાજર થઇને તેણીને મલીને ધિ-રજ આપવા માટે મીરાનડાના મરણના સમાચાર કહેવા. એ પ્રમાણે ગોઠવણ કરીને જોયું તો રોડરીગીસની ખાતરી થઇ કે ચીઠી વાંચી

તેણી ગભરાઇ, તેથી જેની અને મીરાનડા વચ્ચે છુપો સબંધ હતો એ-વો શક વધ્યો, પણ તૂરત તેના મરણના સમાચાર સાંભળીને તેણીની છાતી ઉપરથી કેવો એક ભાર ઓછો થયો હોય તેમ તેણીએ દેખાવ કીધો, ત્યારે તે સઘલાં ઉપરથી બાહોશ રોડરીગીસે નક્કી માન્યું કે જેની રૉજસ મીરાનડા સાથે લાંબો વખત સુધી છુપા વેહવારમાં હતી.

આથી રોડરીગીસે કાંઇક શક ઉત્તપન્ન કરનારા શબ્દોથી ચીતારાને થોડા દાહડા જેનીને મલતાં અટકાવ્યો, તે વાંચનારને યાદ હશે.

પણ જ્યારે ચીતારાએ રોડરીગીસને કહ્યું કે જેની રૉજસ મારા ખાતર ૩૦ લાખ રૂપીઆ મલેલા પાછા આપવા તૈયાર છે, ત્યારે રૉ-ડ્રીગીસને પાછો વિચાર આવ્યો કે જો મીરાનડા સાથે દોલત મેલવવા માટે છુપો વેહવાર જેનીએ રાખ્યો હોય, તો મલેલી દોલત પાછી આપી દેવા તેણી તૈયાર કેમ થાય? આ ઉપરથી રોડરીગીસે પોતાનો શક ફરીથી ખોટો માની ચીતારાને જેનીને મલવા દીધો.

બીજે દાહાડે, એક ફરંગણને ચોકી ઉપર લઇ જવામાં આ-વી. કરાંચીવાલા ડીસુઝાએ તેણીને પકડાવી હતી. ધોબણને લાંચ આપી તેણીએ કાગજ ચોરાવ્યું હતું એમ તેણે તેણીની ઉપર વાંક મેલ્યો. આ ફરંગણ મરનાર ફરંગણ એનેટાની બેહન હતી એમ પૂછપરછ કરતા નક્કી માલમ પડયું. જે ફરંગણને ચીતારાએ બંગ-લામાં જતાં જોઇ હતી, અને જેને તે એનેટા સમજ્યો હતો, તે એનેટા નહીં પણ એનેટાના ચેહરાને મળતી એનેટાની બેહન હતી.

જેનીએ કરાંચીવાલા ડીસુઝા ઉપર લખેલું કાગજ એનેટાની બેહન ધોબણને લાંચ આપીને ચોરાવે તો એનેટાને આ કાગજ સાથે

કોઇ લાગતું વળગતું હોતું જોઇએ એમ રોડરીગીસની પાકી ખાતરી થઇ. તે કાગળ ફરંગણના ઝાડા લીધા તોપણ મલ્યું નહીં, કારણ કે પોલીસને ઉડાવીને તેણીએ તે કાગળ રસ્તે નાખી દીધું હતું, અને તે કાગળ રસ્તે પડેલું હતું ત્યારે ચીતારાના ઓળખીતાને મલ્યું હતું, અને તે ચીતારાના હાથમાંથી જેનીને મલ્યું હતુ તે વાંચનારને યાદ હશે.

પણ પોલીસે ખુબ દમ ભરાવીને તે ફરંગણ પાસે દરેક વાત કબુલ કરાવી. આવીરીતે ખબર મલવાથી રોડરીગીસ ચીતારાને શોધવા આવ્યો હતો, મતલબ કે આ વાત કહી, ચીતારો જો ન પરણ્યો હોય તો પરણતો અટકાવવો, પણ આવીને જોય તો મોહત પોતાનું કામ કરી ચુક્યું હતું.

પોલીસને થાપ આપીને બીજે દરવાજે જે સ્ત્રી નાહસી ગઇ હતી તે કોણ? તે બીજી કોઇ નહીં પણ એનેટાની બેહન હતી, અને તેણીએ એનેટાના કામમાં તેણીને મદદ કરી હતી. ડિટેકટિવો પેહલાં ખોટે રસ્તે દોરવાયલા હતાં, અને તેથી તેઓએ તેણીનું ખોટું નામ દેવામાં કાચું કાપ્યું હતું. આથી તેણી તૂરત પામી ગઇ હતી કે આવનાર કોઇ છુપી પોલીસનું માણસ છે, અને તેથી સ્ત્રી ચરોત્ર કરી બારણા બંધ કરી પાછલા દરવાજેથી પકડાય નહીં તેમ નાહસી ગઇ હતી. એ વાત તેણીએ પોતાનાં મળતીયાઓને કહેલી હોવાથી, તેઓ પોલીસથી ખબરદાર રહયાં હતાં, અને પોલીસ કાંઇપણ કરવાને અશક્ત બની હતી તેનું કારણ એ હતું.

કરાંચીવાલો ડી સુઝા જેની રૉજસ નામની માસ્ટરણ સાથે

પરણ્યો અને ત્રીસ લાખ રૂપીઆની દોલત તેઓ બન્ને ભાગમાં વાપરવા લાગ્યાં અને અમન ચમનમાં રહેવા લાગ્યાં.

વાંચનારને યાદ હશે કે જેનીને મલવા અગાઉ ચીતારો એક સબી પાડવામાં ગુંટાયલો હતો. વાંચનારને યાદ હશે કે તે સબી લુસીની હતી.

ચીતારાએ લુસીને મેલાવડામાં જોઇ હતી. ત્યાંથી તે તેણીની ખુબસુરતી વખાણવા લાગ્યો હતો, અને તેથી આપણી વારતાની શરૂઆતમાં પોતાના સ્ટુડિયોમાં તેણીની સબી પાડતો તે વિચારમાં બેઠો હતો, કારણ કે કેટલુંક થયું લુસીને તેણે પાછી દીઠી હતી નહીં. તે વેળા તેની લાગણીએ મજબુત પ્યારનું રૂપ પકડયું હતું નહીં, પણ તે વેળાથી લુસીના દિલમાં તો ચીતારા તરફ પ્યારનો પસરાટ શરૂ થઇ ચુકયો હતો. અલબતાં, તે વધીને તેમાંથી હવે લુસીના દિલમાં પ્યારનો ઝરો ચાલુ થયો હતો, પણ જેની અને ચીતારાને બન્નેને એકમેક તરફ ઢલેલાં જોઇ તેણી કશુંએ બોલી શકી હતી નહીં, પણ પ્યારનું દુઃખ મુગે મોંઢે ખમ્યાં કર્યું હતું.

ચીતારો પેહલાં બીજી કોઇ સાથે પરણવા ખુશી ન હતો. તેણે શોક પકડયો હતો. તેણે મુંબઇ છોડી દીધું. પુને ઘર માંડી રહયો. કોઇની તે મુલાકાતે જતો ન હતો. કોઇની મુલાકાત લેવા તે ખુશી ન હતો. ફકત તેની આગલ લુસી આવતી જતી હતી, અને તે પણ કોઇ વાર તેણીના ઘરે જતો હતો.

વખત પોતાનું કામ કરયો જાય છે. પાછલી વાત વખત જતાં ભુલાતી જાય છે. માણુસની મનની હાલત બદલાતી જાય છે. વખત જતાં માણુસ પોતે બદલાતો જાય છે, તો વખત જતાં પ્યારનો જખમ

રૂઝાય નહીં એમ માનવું નહીં. એટલું ખરૂં કે તે જખમનો દાઘ રહી જાય છે, અને યાદદાસ્ત શકિત ઉપર તેની કાંઇ થોડી ઘણી છાપ રહેછે.

જેનીને પોતાનાં મારગમાંથી કુદરતે દૂર કીધી તેથી લુસી ખુશી હતી તેમજ દિલગીર હતી. ખુશી હતી તેનું કારણ કે હવે પોતાના પ્યારને જાહેર રૂપ આપવાને તેણીથી બની શકે એમ હતું. દિલગીર હતી તેનું કારણ સેહલાંઇથી સમજાય એવું છે. જે છોડીને તે પોતાના બીજા જાન પેઠે ચાહતી હતી તેની જુદાઇથી તે દિલગીર હતી.

ચાર વર્ષ વહી ગયાં પછી ચીતારે પોતાનો ગમ આસ્તે આસ્તે ભુલતો ગયો. લુસીનો પ્યાર તે તપાસતો હતો. લુસી મને ચાહે છે એમ તેની ખાતરી થવા લાગી. તે પણ લુસી તરફ પ્યારથી વર્તવા લાગ્યો અને અંતે પરિણામ એ આવ્યું કે તેઓ પરણી સુખી જીંદગી ગુજારવા લાગ્યાં.

સમાપ્ત.